॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

ઇતિહાસની અટારીએથી

વચનામૃત

વિવિધ વચનામૃતો સાથે સંકળાયેલ રસપ્રદ
ઐતિહાસિક પ્રસંગોની પ્રમાણ સાથે રજૂઆત

લેખક
સાધુ આદર્શજીવનદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

ITIHASNI ATARIYETHI
VACHANAMRUT (Gujarati Edition)

By Sadhu Aadarshjivandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-943-9

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂ. ૪૫-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના અનુદાનથી
મૂળ કિંમત **રૂ. ૫૫-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પ[illegible]ના સર્જન

પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે. સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

પ્રસ્તુત પુસ્તિકામાં જુદાં જુદાં વચનામૃતો સાથે સંકળાયેલા ઈતિહાસ-મર્મને ભગવાન સ્વામિનારાયણથી લઈને તેમના અનુગામી ગુણાતીત ગુરુવર્યોના પ્રસંગો સાથે સુંદરતાથી ગુંથવામાં આવ્યો છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

'વચનામૃત'નાં ઘરમાં મંગલ પ્રવેશ

'વચનામૃત જેટલું વધારે વાંચવામાં આવે છે એટલી આપણને વધારે સમજ પડતી જાય છે કે આપણે વચનામૃત વિશે કેટલું ઓછું જાણીએ છીએ !!' – 'વચનામૃત' વિશે આ અનુભવ દરેકનો છે અને કાયમનો છે.

જેમ પહાડ પર ચઢનારાને પ્રત્યેક પગલે અભિનવ સૃષ્ટિદર્શન લાધે છે, તેમ 'વચનામૃત' વાંચતાં પ્રત્યેક વાક્યે નવો અર્થબોધ સાંપડતો રહે છે. તેથી જ 'વચનામૃત' વિશે ઘણું બોલાયું છે, છતાં ઘણું બોલાઈ રહ્યું છે અને ઘણું બોલાતું રહેશે; 'વચનામૃત' વિશે ઘણું લખાયું છે છતાં ઘણું લખાઈ રહ્યું છે અને ઘણું લખાતું રહેશે. અહીં પણ 'વચનામૃત' વિશે નવું લખાણ છે, નવું ખેડાણ છે. આ લખાણમાં અલગ અને આગવો અંદાજ ઐતિહાસિક તવારિખોનો છે. કહી શકાય એવું છે કે આ પુસ્તકમાં 'વચનામૃત'ના ઉપદેશોનું ઘર શોધવાનો પ્રયત્ન થયો છે. તે ઘરનો વૈભવ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવેલો છે.

શા માટે આ ઉપક્રમ ? ત્રણ કારણ જડે છે :

એક તો ઇતિહાસની અટારીએ ચઢી 'વચનામૃત' જોતાં એક રોમાંચકારી સૃષ્ટિ ખડી થઈ જાય છે અને આવાં ઉદ્‌ગારો અનાયાસે સરી પડે છે :

"હંઅઅઅ..... હવે ઘેડ બેઠી......" ; "ઓહ ! આમ વાત છે. !"; "અરે ! આવી તો ખબર જ નહોતી..." વગેરે.... હૈયાંની કબૂલાત વ્યક્ત કરતાં આ અનુભવોથી 'વચનામૃત'નો ઉપદેશ વધુ ધારદાર થઈ સાક્ષી ભેદે છે.

કારણ બીજું, મૂળ (root) સમો ઇતિહાસ હાથમાં આવતાં, ફળ (fruit) સમા વર્તમાનનો આસ્વાદ વિશેષ અનુભવાય છે.

અને ત્રીજું કારણ, ઇતિહાસની પિછવાઈ જાણીતી ઘટનાઓને પણ નવો ઉઘાડ આપે છે. કેવળ બે દૃષ્ટાંતો દ્વારા આ સમજીએ. એક દૃષ્ટાંત રાષ્ટ્રીય ઇતિહાસ સાથે સંલગ્ન છે અને બીજું, 'વચનામૃત' સાથે.

આપણે સૌ જાણીએ છીએ કે ૧૩ એપ્રિલ, સન ૧૯૧૯, રવિવારના રોજ બૈશાખીનો તહેવાર ઊજવવા અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં ૨૦,૦૦૦ માણસો એકત્ર થયા હતા. તે સમયે જલંધરથી આવેલા બ્રિગેડ કમાન્ડર જનરલ રેજિનલ્ડ એડવર્ડ હેરી ડાયરે સાંજે પાંચ વાગ્યે ત્રીસ જ સેકન્ડમાં એક નિર્ણય લીધો અને દસ જ મિનિટમાં ૧૬૫૦થી વધુ ગોળીઓ વછૂટી ગઈ. અંતે ગોળીઓ ખૂટી એટલે ગોળીબાર અટકાવવો પડ્યો. ઘેરથી નીકળતાં પહેલાં જનરલ ડાયરે પોતાના પુત્રને કહ્યું હતું કે 'આજે જબરો તમાશો થવાનો છે.' તે આ રીતે થઈને રહ્યો.

ઈતિહાસની અટારીએ ચઢી ભારતની આ જાણીતી ઘટનાનું ઘર શોધવા ઈતિહાસકારો ઊંડા ઊતર્યા કે 'જનરલ ડાયરે આટલો ભીષણ સંહાર કોઈપણ પ્રકારની ચેતવણી આપ્યા વિના શા માટે કર્યો ?'

ઈતિહાસને નવી રીતે જોવાની આધુનિક પદ્ધતિને 'સાયકો હિસ્ટરી' (psycho history) – મનોવૈજ્ઞાનિક ઈતિહાસ – કહેવામાં આવે છે. ઈતિહાસની આ શાખા પર ચઢીને જલિયાંવાલા બાગના નૃશંસ હત્યાકાંડને ચકાસતાં શું વિગત બહાર આવી ?

વિશ્લેષણ કંઈક આવું આવ્યું –

જનરલ ડાયર બ્રિટીશ સામ્રાજ્યનો માનીતો હાકેમ હતો. પ્રથમ વિશ્વયુદ્ધમાં પહેલાં બે વર્ષોમાં એણે ૧,૧૦,૦૦૦ સૈનિકો પંજાબમાંથી બ્રિટીશરાજને પૂરા પાડ્યા હતા. એપ્રિલ-૧૯૧૭ થી માર્ચ-૧૯૧૮ની વચ્ચે એણે બીજા ૧,૧૪,૦૦૦ સૈનિકો ભરતી કરાવી આપેલા. સંધિ થઈ ત્યાં સુધી પાંચ લાખ સૈનિકો અંગ્રેજ હકૂમતને મદદ કરી રહ્યા હતા; જેમાંથી ૧,૬૬,૦૦૦ પંજાબી મુસ્લિમ અને ૮૮,૦૦૦ શીખ હતા.

સન ૧૯૧૭માં રશિયામાં થયેલ બોલ્શેવિક જનક્રાંતિ[1] પહેલાં ડાયરે

---

૧. સન ૧૯૧૭ના નવેમ્બરમાં રશિયાની પ્રોવિઝનલ સરકાર સામે લેનિનના નેતૃત્વમાં થયેલી જનક્રાંતિ. આ જનક્રાંતિની આગેવાની બોલ્શેવિક (Bolshevik) પાર્ટીએ લીધેલી. તેથી તે બોલ્શેવિક ક્રાંતિ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. વકિલો, ઉદ્યોગપતિઓ, ધનવાનો દ્વારા સંચાલિત પ્રોવિઝનલ સરકારની વિરુદ્ધમાં 'Peace, Bread, Land' (શાંતિ, ભોજન, જમીન) તથા 'All power to the Soviets' (સર્વાધિકાર પ્રજાજનોના હાથમાં) જેવાં સૂત્રો દ્વારા લાલ સૈન્ય(Red Army)ની મદદથી અને જર્મનીની આર્થિક સહાયથી થયેલી આ ક્રાંતિએ રશિયામાં સામ્રાજ્યવાદ, મૂડીવાદ સામે સામ્યવાદની સ્થાપના કરી હતી.

રશિયાની મુલાકાત લીધી હતી. હંટર કમિટિને[2] ડાયરે કહેલું : 'હું રશિયામાં હતો ત્યારે ટોલ્સ્ટોયનો[3] સિદ્ધાંત આગળ વધી રહ્યો હતો.' ડાયરના માનવા મુજબ લિયો ટોલ્સ્ટોય બોલ્શેવિઝમના ક્રાંતિકારી વિચારોના પુરોગામી હતા. એ પણ જાણીતી વાત હતી કે ગાંધીજી અને ટોલ્સ્ટોય વચ્ચે પત્રવ્યવહારનો સંબંધ હતો અને ટોલ્સ્ટોયની ગાંધીજી પર ગાઢ અસર હતી. તેથી જનરલ ડાયરને મનમાં ધાસ્તી બેઠેલી કે ટોલ્સ્ટોયના વિચારોએ રશિયા ઘમરોળ્યું છે, તેમ રખે ને તેમનાં પદચિહ્ન પર ચાલતાં ગાંધીજીના ઈશારે હિન્દુસ્તાનમાં અંગ્રેજો વિરુદ્ધ ક્રાંતિના તણખા ઊઠે ?! અધૂરામાં પૂરું તે વખતે દોઢેક લાખ પંજાબી સૈનિકો અંગ્રેજ સૈન્યમાંથી છૂટા થઈ ચૂકયા હતાં.[4] આ છૂટાં થયેલાં પંજાબી સૈનિકો હિંદુસ્તાનમાં ભડકી રહેલાં ક્રાંતિના તણખામાં દારૂગોળો પૂરો પાડનારા બની જાય તો ?

ઉપરોક્ત કારણોથી જનરલ ડાયરને જલિયાંવાલા બાગમાં એકત્ર થયેલી પંજાબી મનુષ્યોની ભીડમાં બોલ્શેવિક ક્રાંતિની જ્વાળા લપકારા મારતી દેખાઈ હતી. તેને ડામવા ડાયર આવા ભીષણ રક્તપાત સુધી ઢસડાઈ ગયો તેવું ઈતિહાસ-વિદોનું મંતવ્ય છે.'' ('ચંદ્રકાંત બક્ષીના ઉત્કૃષ્ટ નિબંધો', પ્રકા. નવભારત સાહિત્ય મંદિર).

અહીં જોઈ શકાય છે કે એક જાણીતી વિગત પાછળ ઈતિહાસ કેવો વળ ખાઈને બેઠો છે ! એ વળ-સળ ખૂલતાં જાણીતી ઘટના પણ કેવાં નવીન રૂપ-રંગ સજી-ધજી આપણી સામે ખડી થયેલી જણાય છે ! ઈતિહાસની અટારીએથી કોઈ પણ વિગતને મૂલવતાં આ અનુભૂતિ થાય છે – જાણીતું પણ નવું લાગે છે.

હવે 'વચનામૃત'ના સંદર્ભમાં આ વિગત તપાસીએ. 'વચનામૃત' વાંચતાં કોઈ પણ વાચક આ ગ્રંથની ઐતિહાસિક સૂઝ પર વારી જાય તેમ છે. પ્રત્યેક 'વચનામૃત'માં સમય, સ્થળ, દિવસ, વ્યક્તિ, પહેરવેશ વગેરેનું ઘણું બારીકાઈથી વર્ણન થયેલું છે. તેથી જ હાર્વર્ડ યુનિવર્સિટી, અમેરિકાના પ્રાધ્યાપક જહોન કાર્મેન કહે છે : 'I should also like to comment on a few things that struck me in the book (Vachanamrut) itself. One is so familiar to you that you may be surprised I mention it. Yet students of

---

૨. અરાજકતાનાં કારણોનું વિશ્લેષણ કરવા માટે નિમાયેલી એક તત્કાલીન સમિતિ.

૩. રશિયાના એક વિખ્યાત ચિંતક.

૪. આ વખતે જનરલ ડાયર રશિયામાં બુદ્ધિજીવીઓને ચેતવણી આપતાં કહી ચૂકેલા : 'તમે કયાં પરિબળોને છૂટાં કરી રહ્યાં છો તે તમને ખબર નથી.'

Indian religious history are constantly faced with the difficulty of the lack of firm and definite dates in this history. In this book, however, every discourse is precisely dated. This is a chapter of religious history which one might say is in the full light of day as far as our knowledge of history is concerned. It is a common Western misunderstanding of India that there is no sense of history in India. I think that in what you hold dear as a community and what is called the guru parampara, the succession of the gurus, one sees that special sense of history which is important for the religious people in India.'[૫]

– ''એક વાત મને ખાસ સ્પર્શી હોય તો એ છે કે દરેક 'વચનામૃત'માં ચોક્કસ તારીખ આપવામાં આવી છે. ભારતમાં ધાર્મિક ઈતિહાસના વિદ્યાર્થીઓને આ ભારતીય ઈતિહાસમાં ચોક્કસ તારીખનો અભાવ સતત સતાવે છે, પરંતુ 'વચનામૃત'માં પ્રત્યેક ઉપદેશની તારીખ ચોકસાઈપૂર્વક નોંધવામાં આવી છે. ઈતિહાસના જ્ઞાનની બાબતે ધાર્મિક ઈતિહાસમાં આ પ્રકરણ મધ્યાહ્‌ને તપતા સૂર્ય સમાન છે કે જેમાં ઈતિહાસના જ્ઞાન વિશે કોઈ પ્રકારનો અંધકાર નથી, એટલે કે કશું જ અજાણ્યું નથી. ભારત વિશે પશ્ચિમના લોકોમાં એવી એક ગેર-સમજણ છે કે 'ભારતમાં કોઈને ઈતિહાસની સૂઝ જ નથી.' પણ આપણી ગુરુ-પરંપરામાં ઈતિહાસની એક વિશિષ્ટ પ્રકારની સૂઝ છે કે જે ભારતના આસ્તિક, ધાર્મિક લોકો માટે ખૂબ જ મહત્ત્વની બાબત છે.''

ટૂંકમાં, 'વચનામૃત'માં જોવા મળતાં તિથિ, સમય, સ્થળ, વ્યક્તિ વગેરેના વર્ણનથી આ ગ્રંથનું ઐતિહાસિક મૂલ્ય અમૂલ્ય બની ગયું છે. દુનિયાના વિવિધ ધર્મોના અનેક ગ્રંથોમાં ઈતિહાસ-વિષયક આટલી સૂક્ષ્મતા દેખાતી નથી. 'વચનામૃત'ની આ વિશેષતાથી સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રત્યેક અનુયાયી વાકેફ હશે; એટલું જ નહીં, 'વચનામૃત'ની આ અદ્વિતીયતાથી તે ગૌરવાન્વિત પણ હશે. પરંતુ શું આપણને ખબર છે કે 'વચનામૃત'ની આ અજોડતા ભગવાન સ્વામિનારાયણના એક સૂચનનો પરિપાક છે ?!

જી હા. જુઓ, આ રહ્યો તેનો ઈતિહાસ –

---

૫. *New Dimensions in Vedanta Philosopy*, Part 1, p. 207; Publisher: Swaminarayan Aksharpith.

"એક વાર ભગવાન સ્વામિનારાયણ ગઢડામાં બિરાજમાન હતા. તે વખતે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'નરનારાયણ, સ્વામિનારાયણ નામવાળો રેંટો અને સુરવાળ કરાવ્યાં છે.'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા : 'છાપના અક્ષર ઝાઝા દિવસ રહેતા નથી.'

તે સમયે મુક્તાનંદ સ્વામીએ 'વચનામૃત'નું પુસ્તક લાવી આપીને શ્રીજીમહારાજને પૂછ્યું : 'આમાં કંઈ નાંખવું છે ?'

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : 'પ્રશ્ન પૂછ્યું હોય તેનું નામ, સંવત, વર્ષ, પક્ષ, તિથિ અને સમય તેમાં નાંખવાં.'

પછી શ્રીજીમહારાજ જમવા બેઠા."[૬]

કેવી ભગવાન સ્વામિનારાયણની ઈતિહાસ-સૂઝ !!

'વચનામૃત'ની બહુમૂલ્ય ઐતિહાસિકતા પાછળ છુપાયેલા આ ઈતિહાસનું વિમોચન થતાં જ હવે કેવો રોમાંચ અનુભવાય છે. અત્યાર સુધી 'વચનામૃત'ની નમૂનેદાર ઐતિહાસિકતાનું શ્રેય તેના લખનારા, શોધનારા પરમહંસોને કંઈ કેટલાય આપી ચૂકયા હશે, પરંતુ આ યશના ખરા હકદાર સ્વયં શ્રીજીમહારાજ છે. આ જાણ્યા પછી 'વચનામૃત'ના ઉદ્‌ગાતા શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ હવે નવીન લાગશે તેમાં શંકાને સ્થાન નથી. પરિચિત પણ નિત્ય-નૂતન બની ગયું ને ! ઈતિહાસની અટારીએથી કોઈ પણ વિગતને નાણવા-માણવાની આ જ મજા છે, લાભ છે.

હજી આગળ શ્રીહરિની કમાલ જુઓ. સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી લખે છે : 'શ્રીહરિએ મુક્તમુનિને આજ્ઞા કરી કે અમે જે વાત કહીએ તે સંભાળપૂર્વક લખી લેવી. શ્રીહરિ જેમ જેમ વાત કરતા તે મુક્તમુનિ બરાબર યાદ રાખતા. શ્રીહરિ તેમને પૂછતા. પછી શુકમુનિ, આધારાનંદમુનિ, શાંતમુનિ તથા દહરમુનિ – આ ચાર મુક્તમુનિ કહે તે પ્રમાણે શ્રદ્ધાપૂર્વક લખી લેતા.'[૭]

અહીં 'વચનામૃત'ના ઉપદેશની નોંધ કરી લેવાની વાત ભગવાન સ્વામિનારાયણ જણાવી રહ્યા છે. આ વાત સં. ૧૮૭૬ના માગશર માસના સુદ પક્ષમાં શ્રીજીમહારાજે કહી છે. 'વચનામૃત'ના ગ્રંથમાં જે ઉપદેશ-વચનો છે

---

૬. 'સદ્. પ્રસાદાનંદ સ્વામીની વાતો', પ્રકા. – શ્રીસ્વામિનારાયણ મંદિર, કાળુપુર.

૭. 'શ્રીહરિચરિત્રામૃતસાગર', પૂર-૨૧, તરંગ-૧૪, લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રી સ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.

તેની શરૂઆત પણ આ જ વર્ષ, આ જ માસ અને આ જ પક્ષમાં થયેલી છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે વચનામૃતો નોંધવાં અને તેમાં તિથિ, માસ, પક્ષ, સમય વગેરે સૂક્ષ્મ વિગતો પણ ટપકાવવી – આ બંને સૂચનો શ્રીજીમહારાજનાં જ છે. તેને કારણે આજે આપણી પાસે 'વચનામૃત'નો ગ્રંથ ઉપલબ્ધ છે.

ઈતિહાસમાં ડૂબકી મારતાં હકીકતનું આ કેવું મૂલ્યવાન મોતી હાથમાં આવ્યું !

બસ, આવાં કારણોને લીધે ઈતિહાસના અભ્યાસનો ફલક અસાધારણ રીતે વિકસી રહ્યો છે. ઈતિહાસના માપદંડથી મનુષ્યના કાલખંડને સમજવાના પ્રયોગો અને પ્રયત્નો થઈ રહ્યા છે. ગ્રીક ધાતુ 'હિસ્ટોર'નો અર્થ થાય છે – જાણવું. સંસ્કૃતભાષાની રીતે જોઈએ તો 'इति ह आस' એટલે 'આમ (બન્યું) હતું.' ટૂંકમાં, જે બન્યું છે તેને જાણવું તે ઈતિહાસ.

હાર્વર્ડ મેડીકલ સ્કૂલના એમ.ડી. માઈકલ ક્રિચટન (Michael Crichton) કહે છે : 'If you don't know history, then you don't know anything. You are a leaf that doesn't know it is part of a tree.' – જો તમે ઈતિહાસને નથી જાણતા તો તમે કશું જ નથી જાણતા. (ઈતિહાસના જ્ઞાન વિના) તમે એક એવું પાંદડું બની રહેશો કે જેને ખબર નથી કે તે વૃક્ષનો એક ભાગ છે.

જ્યોર્જ ઓરવેલ(George Orwell)ના ઉપનામથી જાણીતા થયેલ ખ્યાતનામ બુદ્ધિશાળી લેખક એરિક આર્થર બ્લૅર(Eric Arthur Blair)ના મતે – 'The most effective way to destroy people is to deny and obliterate their own understanding of their history.' – વ્યક્તિઓનો વિનાશ વેરવાનો સૌથી અસરકારક માર્ગ વ્યક્તિને તેના ઈતિહાસથી અલગ કરી દેવામાં છે.

ઈતિહાસની માહિતી હોવી એ વ્યક્તિ માટે કેટલી મહત્ત્વપૂર્ણ છે તે આ વિધાન પરથી સમજાય છે.

વિખ્યાત ચીની ચિંતક કન્ફ્યુશિયસ તો ત્યાં સુધી જણાવી દે છે કે – 'Study the past if you would define the future.' – જો ભવિષ્ય સુનિશ્ચિત કરવા માંગતા હો તો ઈતિહાસનો અભ્યાસ કરો.

વીસમી સદીના મહાન રાજનીતિજ્ઞ વિન્સ્ટન એસ. ચર્ચિલ પણ આ જ સૂરમાં કહે છે : 'The farther backward you can look, the farther

forward you are likely to see.' – તમે ભૂતકાળમાં (ઈતિહાસમાં) જેટલું દૂરનું જોઈ શકશો એટલું જ દૂરનું ભવિષ્ય પણ જોઈ શકશો.

ઈતિહાસના જ્ઞાન વિના મનુષ્ય બાળક જેવો બની રહે તે જણાવતાં રોમન બંધારણના ઘડવૈયા સિસેરો (Marcus Tullius Cicero) કહે છે : 'To be ignorant of what occurred before you were born is to remain always a child.'

ટૂંકમાં, ઈતિહાસ આપણને પીઢ બનાવે છે. ઉજ્જવળ ભવિષ્ય ભણી અગ્રસર કરે છે. વર્તમાનને સુદઢતા આપે છે. પુરાતનને નૂતન કરી મૂકે છે. તેથી જ અહીં વિવિધ 'વચનામૃત' સાથે સંકળાયેલા ઈતિહાસના અંકોડા ખોલવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ઈતિહાસની અટારીએથી 'વચનામૃત' જોતાં ક્યારેક 'વચનામૃત'માં પૂછાયેલા પ્રશ્નો પાછળ સંતાઈને બેઠેલો ઈતિહાસ દષ્ટિગોચર થાય છે, તો ક્યારેક ભગવાન સ્વામિનારાયણનાં કૃપાવચનના પાલવ તળે લપાયેલા ઈતિહાસ પરથી પડદો ઊંચકાતો જોવા મળે છે. તે વખતે ખ્યાલ આવે છે કે સંપ્રદાયમાં ઘટેલી ઘટનાઓથી 'વચનામૃત'નો ઉપદેશ કેવો અને કેટલો પ્રભાવિત થયો છે !

સિદ્ધાંતો ત્રિકાલાબાધિત હોય છે. ઘટનાઓ બને કે ન બને પણ તે જે હોય છે તે જ રહે છે, પરંતુ આવા સર્વકાલીન સિદ્ધાંતોને સમજાવવા તત્કાલીન તવારિખોનો સહારો લેવાય છે ત્યારે તે સિદ્ધાંતોની ચોટ ગહેરી અનુભવાય છે. ઈતિહાસના આ ગૂંથાયેલા તાણાવાણા ખૂલતાં 'વચનામૃત'ના ઉપદેશનું પોત વધુ ચમકીલું બની ઊઠે છે. 'વચનામૃત' કેવળ તત્ત્વજ્ઞાનનો ગ્રંથ ન રહેતાં એક રોચક ઈતિહાસગ્રંથ પણ બની રહે છે. આ રોચકતાને ખલેલ ન પહોંચે તે હેતુસર, અહીં પ્રસ્તુત વિગતોને વાઘા પહેરાવ્યા નથી. કોઈ વિશેષ પ્રસ્તાવના કે ઉપસંહાર વિના પ્રાપ્ય ઈતિહાસને તેના મૂળ શબ્દોમાં મૂકીને વહેતો કરાયો છે.

વળી, અહીં ગુરુપરંપરાનાં વિવિધ વચનામૃત સાથે સંકળાયેલા પ્રસંગાત્મક (ઉપદેશાત્મક નહીં) ઉદ્ગારો અને વિશેષતાઓ પણ સમાવ્યાં છે. 'વચનામૃત' સાથે સંકળાયેલી આ વિગતો ધ્યાનમાં આવતાં વચનામૃતનું વાંચન અને નિરૂપણ પણ રસદાર-કસદાર બનશે તે નિર્વિવાદ વાત છે. અહીં આવી ઐતિહાસિક વિગતોનું રહસ્યોદ્ઘાટન છે.

જો કે ઈતિહાસની તળિયાનો તાગ કાઢવો દુષ્કર છે. તેથી આ પુસ્તકમાં હજુયે વધુ વિગતોના સમાવેશ અવકાશ રહેલો છે. અહીં તો જેટલું ઉલેચાયું

તેટલું ઠલવાયું છે.

તો ચાલો, સાંપ્રદાયિક ગ્રંથોની આંગળી પકડીને, ઈતિહાસની અટારીએ ચઢી આ ઉદ્‌ઘાટન સમારંભને માણીએ, 'વચનામૃત'ના ઘરમાં મંગલ પ્રવેશ કરીએ.

આ પુસ્તક-લેખનમાં પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામીનાં પ્રેરણા-પ્રોત્સાહનનો ફાળો અનન્ય છે. તેઓનો પણ હાર્દિક આભાર.

– સાધુ આદર્શજીવનદાસ

અનુક્રમણિકા

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૧

ઈતિહાસની અટારીએ ચઢી વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧ને નીરખતાં આ વચનામૃતનું ઘર કંઈક આ મુજબ પ્રાપ્ત થાય છે:

“સં. ૧૮૭૬ના માગશર સુદિ ચતુર્થીને દિવસ શ્રીહરિ ગઢડામાં પોતાના ભવનના ચોકમાં પલંગ ઉપર બિરાજમાન હતા. રાત્રિ દોઢ પહોર ગઈ ત્યારે મુક્તમુનિ સરોદો લઈને બિહાગ રાગનાં કીર્તન ગાવા લાગ્યા. શ્રીહરિની આજુબાજુ દસ-બાર પાર્ષદો સૂતેલા હતા. તેઓ બોલ્યા કે ‘બ્રહ્માનંદ સ્વામી ગાય છે. મુક્તમુનિનો સ્વર ધીમો છે. બ્રહ્માનંદ સ્વામીનો અવાજ મોટો છે.’

પછી પચ્છમ ગામના દેવજી ભક્ત જે શ્રીજી સમીપ હતા તેમને શ્રીહરિએ કહ્યું : ‘જુઓ, કોણ ગાય છે?’ ત્યારે તેણે સંતની જગ્યામાં દ્વાર પાસે જઈ, પૂછીને ‘બ્રહ્માનંદ ગાન કરે છે’ તેમ કહ્યું.

ત્યારે શ્રીહરિ કહે : ‘ચાલો, બ્રહ્મમુનિ ગાય છે કે નહીં ? તે સત્ય કરીએ.’

ગાનનું નિમિત્ત લઈ શ્રીહરિ મુક્તમુનિને દર્શન દેવા પધાર્યા. અન્ય મુનિઓ સૂતેલા હતા. એક મુક્તમુનિ પ્રેમમગ્ન થઈ ગાતા હતા. ત્યારે હું (સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી) પણ તેમની સાથે ગાતો હતો.

શ્રીહરિ આવ્યા જાણી અમે તત્કાળ ઊઠ્યા. ચોક વચ્ચે ચોતરા ઉપર ગાદી-તકિયો નાંખી દીધો. તે ઉપર વિરાજમાન થયા.

શ્રીહરિ કહે : ‘કોણ ગાન કરે છે તે જોવા અમે આવ્યા છીએ.’

બધા સંતો કહેવા લાગ્યા કે ‘મુક્તમુનિ હંમેશના નિયમ મુજબ ગાઈ રહ્યા હતા.’

શ્રીહરિ કહે : ‘કીર્તન ઉપર અમને બહુ ભાવ છે. સાંભળતાં તૃપ્તિ થતી નથી. એવો જ કથામાં અમને ભાવ છે.’

તે પછી ગઢડા પ્રથમ પ્રકરણના પ્રથમ વચનામૃત પ્રમાણે વિસ્તારથી વાત કહી.''[૧]

અહીં પ્રથમ વચનામૃતની પાર્શ્વભૂ પરનો પડદો ખસતાં હવે આ જ વચનામૃત વધુ હૃદયંગમ લાગ્યા વગર રહેતું નથી. હજી વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના આ પહેલા વચનામૃતના ઘરમાં વિશેષ ઊંડા ઊતરીએ.

❀

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧માં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે કે 'ભગવાનનો ભક્ત જ્યારે પંચભૂતના દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે તે કેવા દેહને પામે છે ?'

આ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રીજીમહારાજ જણાવે છે : '....ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઇચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે... એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં જાય છે.'

અહીં આ પ્રશ્નોત્તર વાંચતાં આપણને વિચાર થાય છે કે શ્રીજીમહારાજ મધ્યરાત્રિએ સામે ચાલીને દર્શનલાભ આપવા પધાર્યા છે, ત્યારે મુક્તાનંદ સ્વામી ધામગમન સંબંધી પ્રશ્ન શા માટે પૂછી રહ્યા છે? વળી, આ પ્રશ્ન આગળથી ચાલી આવતી વાતના અનુસંધાનમાં પૂછાયો હોય તેવું પણ નથી, કારણ કે મુક્તાનંદ સ્વામીએ પૂછેલા આ પ્રશ્નની પૂર્વે ભગવાનમાં અખંડ વૃત્તિ અને માયા સંબંધી વિષયો છેડાયા છે. તો મુક્તાનંદ સ્વામી જેવા શાણા સંતે આગળથી ચાલી આવતી વાતનો તંતુ પકડ્યા સિવાય આવો પ્રશ્ન શા માટે પૂછ્યો હશે?

મુક્તાનંદ સ્વામી તો એક એવા સંત હતા કે વાર્તાલાપ કદાચ વિષયાંતર પામતો હોય તો પણ મૂળ વાતનો છેડો ન આવે ત્યાં સુધી તે વાતને છોડે નહીં. વિષયાંતર બાદ પણ પાછા મૂળ વાત પર આવી અટકે. વચનામૃત લોયા પ્રકરણ ૧૦ તેનું એક ઉદાહરણ છે.

આ વચનામૃતમાં નિત્યાનંદ સ્વામી આવા ભાવાર્થનો પ્રશ્ન પૂછે છે કે

---

૧. 'શ્રીહરિચરિત્રામૃતસાગર': પૂર-૨૧, તરંગ-૧,૨; લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકાશક – શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપાદક – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.

– 'કેટલાકને જગતના પદાર્થમાં કે ભગવાનમાં સાધારણપણે હેત થાય છે ને કેટલાકને એવું હેત થાય છે કે તે તે પદાર્થના વિયોગમાં પ્રાણનો ત્યાગ થઈ જાય. આ ભેદનું કારણ શું ?'

આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજ જીવની વૃત્તિના મંદ, મધ્યમ અને તીવ્ર વેગની વાત કરે છે. તે ઉત્તર પર પ્રતિપ્રશ્ન પૂછતાં નિત્યાનંદ સ્વામી કહે છે કે 'વૃત્તિના વેગમાં આ ત્રણ પ્રકાર થવાનું કારણ શું ?''

તેનો જે ઉત્તર શ્રીજીમહારાજ આપે છે તેમાં વળી નિત્યાનંદ સ્વામી પુનઃ પ્રતિપ્રશ્ન કરે છે. આમ, વૃત્તિના વેગ સંબંધી ચર્ચા ઊંડાણથી છેડાઈ ગઈ છે. તેમાં ચૈતન્યાનંદ સ્વામી અચાનક સાવ અસંબદ્ધ પ્રશ્ન પૂછતાં હોય તેમ કહે છે : 'કાળ વિષમ હોય ત્યારે કેમ કરવું ?'

શ્રીજીમહારાજ તેનો યથાર્થ ઉત્તર આપે છે. ત્યારબાદ તરત જ મુક્તાનંદ સ્વામી આગળ શરૂ થયેલી વૃત્તિના વેગની વાતનો તાર સાધતાં શ્રીજીમહારાજને પૂછે છે : 'જેના હૃદયમાં મંદ વેગ, મધ્યમ વેગ અને તીવ્ર વેગ વર્તતો હોય તે કેમ જાણવો ?' આમ પૂછી મુક્તાનંદ સ્વામીએ મૂળ વાતને પુનઃ પાટે ચડાવી દીધી અને વૃત્તિના વેગની વાતના તંતનો અંત લાવ્યે રહ્યા.

આવા મુક્તાનંદ સ્વામી અહીં વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧માં આગળ ચાલી આવતી વાત સાથે સાવ અસંગત લાગતો પ્રશ્ન પૂછી રહ્યા છે, તેથી જરૂર આશ્ચર્ય થાય તેવું છે; પરંતુ અહીં મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન તત્કાલીન વાર્તાલાપમાં ભલે અસંગત લાગે પણ તે તત્કાલીન ઈતિહાસ સાથે અતિ સુસંગત છે.

જ્યારે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું આ પહેલું વચનામૃત શ્રીજી-મહારાજે ઉદ્‌બોધ્યું, તે કાળમાં ગઢડામાં જે ઘટના બની છે તેનું વર્ણન આ રીતે નોંધાયું છે :

''આ અરસામાં દાદાખાચરના બહેન પાંચુબાની નાની દીકરી હીરાબાને મંદવાડ આવ્યો. મંદવાડ ગંભીર હતો, એટલે સૌ શોકાતુર બની ગયાં હતાં. મહારાજને આ સમાચાર મળ્યા. એટલે મહારાજ પાંચુબાના દક્ષિણાદા બારના ઓરડામાં પધાર્યા. ત્યાં સૌને ધીરજ આપી.

મહારાજે કહ્યું : 'આ હીરાબા તેમના પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતાં. અમે

વનવિચરણ દરમ્યાન તેમને ઘેર ગયા હતા. તેમણે બહુ સેવા કરી હતી. તે પુણ્યના ફળરૂપે તેને આ સત્સંગમાં તમારે ત્યાં જન્મ થયો. અમારી મૂર્તિનું સુખ લેવાની તેમની ઈચ્છા હતી. તે સુખ લીધું અને હવે ધામમાં જશે. માટે કોઈ શોક કરશો નહીં.'

આટલું કહીને મહારાજ અક્ષર ઓરડીમાં પધાર્યા અને તરત જ હીરાબા ધામમાં પધાર્યાં. દરબારમાં સૌ રુદન કરવાં લાગ્યાં.

મહારાજે અક્ષર ઓરડીમાં બાઈઓનો રડવાનો અવાજ સાંભળ્યો એટલે બ્રહ્મચારીને પૂછ્યું : 'આ કોણ રુવે છે ?'

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : 'મહારાજ ! પાંચુબાનાં દીકરી હીરાબા ધામમાં ગયાં એટલે સૌ રડે છે.'

મહારાજે કહ્યું : 'એમને તો અમે અમારા અક્ષરધામમાં બેસાર્યા છે, તો આવા મંગળ પ્રસંગે રોવાનું હોય કે આનંદ માણવાનો હોય?' એટલું કહીને મહારાજ ઉદાસ થઈ ગયા.''[૨]

અહીં વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે હીરાબાના નાની વયમાં ધામ-ગમનથી દાદાખાચરના ઘરમાં શોકનાં વાદળો છવાયાં છે. શ્રીજીમહારાજે આપેલી મોક્ષની બાંહેધરી છતાં આ શોક ડોકિયાં કરી રહ્યો છે. દાદાખાચરનાં કુટુંબીઓ પર ફરી વળેલી વિષાદની આ ઝાંયથી મુક્તાનંદ સ્વામીને જરૂર દુઃખ થયું હશે; કારણ કે તેઓએ જ દાદાખાચરને આવેલા કષ્ટના અનુસંધાનમાં શ્રીજીમહારાજને એક વાર કહેલું કે 'ભગવાનના ભક્તનો પક્ષ તો હૈયામાં રહે છે ખરો.'[3] તેથી દાદાખાચરનાં કુટુંબીઓને કોઈ પણ રીતે આ દુઃખમાં સાંત્વન મળે તે હેતુસર તેઓએ સત્સંગીની મરણોત્તર ગતિ વિષે આ પ્રશ્ન પૂછ્યો હશે કે 'ભગવાનનો ભક્ત જ્યારે પંચભૂતના દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે તે કેવા દેહને પામે છે?' શ્રીજીમહારાજના મુખે પુનઃ હીરાબાની સદ્‌ગતિની વાત સાંભળી, રડતાં કુટુંબીઓને રાહત મળે તે હેતુ આ પ્રશ્ન પૂછવા પાછળ હશે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧માં મુક્તાનંદ સ્વામીના પ્રશ્ન પાછળ

---

૨. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૧૭૭; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિ-નારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

૩. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૪.

ઉપરોક્ત ઐતિહાસિક તવારીખ કારણભૂત છે તેમ માનવું યુક્તિયુક્ત લાગે છે.

❀

આથીયે વિશેષ આ જ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧માં મુક્તાનંદ સ્વામી દ્વારા પૂછાયેલ પ્રશ્ન બાદ તરત જ હરજી ઠક્કર શ્રીજીમહારાજને આમ પૂછે છે : 'કેટલાક તો ઘણા દિવસ સુધી સત્સંગ કરે છે તો પણ તેને જેવી પોતાના દેહ અને દેહનાં સંબંધીને વિષે ગાઢ પ્રીતિ છે તેવી સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થાતી તેનું શું કારણ છે ?'

હરજી ઠક્કરના આ પ્રશ્નની પાર્શ્વભૂ પણ સમજવા જેવી છે. અગાઉ જણાવ્યા મુજબ હીરાબાના ધામગમનથી દરબારમાં સૌ શોકાતુર છે. આ વખતે શ્રીજીમહારાજના સેવક મૂળજી બ્રહ્મચારી રાબેતા મુજબ મહારાજ માટે થાળ લેવા દરબારમાં જાય છે ત્યારે થાળમાં ભડકું આવ્યું. થાળ ઢાંકેલો હતો એટલે બ્રહ્મચારીને કાંઈ ખબર પડી નહીં. પરંતુ અક્ષર ઓરડીમાં આવી મહારાજ પાસે થાળ મૂકયો અને ઉપરનું વસ્ત્ર કાઢ્યું ત્યારે ખબર પડી કે થાળમાં ફક્ત ભડકું જ છે.

મહારાજે બ્રહ્મચારીને પૂછ્યું : 'બ્રહ્મચારી ! આ શું ?'

બ્રહ્મચારી પણ મૂંઝાયા. પછી તેમને યાદ આવી ગયું. તેમણે કહ્યું : 'મહારાજ ! હીરાબા ધામમાં ગયા છે એટલે દરબારમાં સૌ શોક પાળતા હશે. તેથી આ ભડકું થાળમાં આવ્યું હશે.'

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : 'આવું કેટલા દિવસ ચાલશે ?'

બ્રહ્મચારીએ કહ્યું : 'મહારાજ ! તેર-ચૌદ દિવસ તો ખરું !'

અહીં કૌટુંબિક શોકનો ધક્કો ભગવાનની સેવાને લાગેલો દેખાય છે. હરજી ઠક્કર આ વિગતથી વાકેફ હશે, કારણ કે તેઓ ત્યાં જ રહેતા હતા. આ જોઈ તેઓના મનમાં પ્રશ્ન ઉઠ્યો હશે કે 'ઘણા દિવસ સુધી'[૪] સત્સંગ કર્યા પછી પણ દેહનાં સંબંધી જેવી પ્રીતિ ભગવાનમાં કેમ થઈ નહીં ?' વચનામૃત

---

૪. શ્રીજીમહારાજ સં. ૧૮૬૦-'૬૧થી ગઢડા આવીને વસેલા અને આ પ્રશ્ન પૂછાયો તેની સાલ સં. ૧૮૭૬ છે. એટલે સોળ વર્ષ શ્રીજીમહારાજના સાંનિધ્યમાં વીતી ગયાં છે. તેથી 'ઘણા દિવસ સુધીના' સત્સંગ પછી એવો શબ્દપ્રયોગ હરજી ઠક્કર કરી રહ્યા છે.

ગઢડા પ્રથમ પ્રકરણ ૧માં તેઓએ પૂછેલા પ્રશ્ન પાછળ આ ઐતિહાસિક ઘટના કારણભૂત જણાય છે.

વળી, સદ્ગુરુઓ થકી પરંપરાગત એવી પણ વાત પ્રચલિત છે કે હીરાબા તેમના પૂર્વજન્મમાં હરજી ઠક્કરનાં માતુશ્રી જાનબાઈ હતાં. તેમને મહારાજને પોતાના હાથે રસોઈ કરી જમાડવાનો સંકલ્પ હતો, તેથી હીરાબા સ્વરૂપે જન્મ લીધો હતો.[૫]

આ હકીકતને પ્રમાણભૂત ગણીએ તો હરજી ઠક્કર આ વિગતથી માહિતગાર તો હશે જ. ખોવાયેલી વ્યક્તિ કે વસ્તુ મળતાં મનુષ્યને કેવો આનંદ થાય છે એ આપણા સૌના અનુભવની વાત છે. વિરહ પ્રેમને ધાર કાઢી આપતો હોય છે. વસ્તુ કે વ્યક્તિ એક વાર વિખૂટી પડી ગયા પછી મળે ત્યારે આપણું ચિત્ત તેમાં બમણા સ્નેહથી જોડાઈ જાય છે. તો હરજી ઠક્કરને તો વિખૂટી પડેલી માતા મળ્યાં જેવી વાત બની હતી.


દાદાખાચરનાં કુટુંબીઓને તો હીરાબાનો સંબંધ પાંચેક વર્ષનો હતો. હરજી ઠક્કરને તો જન્મજૂનો સંબંધ હીરાબા સાથે હતો. તેથી હીરાબાના ધામગમનથી વિશેષ વિષાદ તો તેઓને થવો જોઈતો હતો. તેઓ હીરાબાના અવસાનથી વ્યથિત નથી અને દરબારમાં સૌ કુટુંબીઓ આ ઘટનાથી એવા ઘવાયા કે ભગવાનની સેવામાં પણ શિથિલતા આવી ગઈ ! આથી, હરજી ઠક્કરના મનમાં પ્રશ્ન ઉદ્ભવ્યો હશે કે 'હીરાબાના ધામગમનથી ગમગીન બનું તો હું બનું. આ સૌ શા સારુ આટલા વિચલિત થઈ ગયા કે શ્રીજીમહારાજને ભડકું પીરસી બેઠા ?

'ઘણા દિવસ સુધી' સત્સંગ કર્યા પછી પણ તેઓને દેહનાં સંબંધી જેવી ભગવાનમાં પ્રીતિ કેમ ન થઈ ?' અને આ મનોમંથનમાંથી વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧માં તેઓએ પ્રશ્ન પૂછ્યો હશે.

અહીં આપણે જોઈ શકીએ છીએ કે વચનામૃતના ઉદ્બોધન અને તેમાં પૂછાયેલા પ્રશ્નો પાછળ કેવા કેવા ઈતિહાસ સમાયેલા છે ! તે વિગતથી અવગત થતાં વચનામૃત વિશેષ રસપ્રદ-બોધપ્રદ બની રહે છે.

---

૫. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૧૭૭; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૨

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨માં માણાવદરના મયારામ ભટ્ટ શ્રીજી-મહારાજને પ્રશ્ન પૂછે છે કે 'હે મહારાજ ! ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારનો જે વૈરાગ્ય તેનાં શાં લક્ષણ છે તે કહો.'

વચનામૃતમાં પૂછાયેલા આ પ્રશ્નનું ઘર ઈતિહાસની અટારીએ ચઢી જોતાં કંઈક આવું દીસે છે :

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨નો દિવસ જોતાં આ વચનામૃત આગળના વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧ના ઉદ્‌બોધન પછીના તરતના જ દિવસનું છે. આ અરસામાં ગઢડામાં કેવો પ્રસંગ બન્યો છે તેનું વર્ણન આ રીતે મળે છે :

"....ભડકું જમ્યા પછી મહારાજ દરબારમાં પધાર્યા. પૂર્વાભિમુખના ઓરડાની ઓસરીમાં બિરાજ્યા... એટલામાં એક બાઈ માથે ઘીનો ઘાડવો લઈને આવી... તેઓને જોઈ મહારાજે કહ્યું : 'ઓહો ! આ તો નેનપુરથી આવ્યાં લાગે છે. દેવજી ભગતનાં ઘરવાળાં ને ?' પછી પૂછ્યું : 'ભગત મઝામાં તો છે ને ?'

'મહારાજ ! ભગત તો આપની દયાથી સુખી હતા અને વળી વધુ સુખિયા થયા છે... દીકરો જુવાન હતો તેને આપની દયાથી નિરાવરણ દૃષ્ટિ હતી. એટલે આપનાં દર્શન નિત્યે થતાં. રોજ આપની લીલાની વાતો પણ કરતો. એટલે ભગતને થયું કે જો એ સંસારની બેડીમાં બંધાશે તો તે આપનું સુખ લેતો આળસી જશે. એટલે ભગતે સંકલ્પ કર્યો કે તે આપના ધામમાં અખંડ આપની મૂર્તિનું સુખ લ્યે. ભગતના સંકલ્પે આપે તેને ધામમાં બેસારી દીધો, એટલે હવે અમારેય વહેવારની ઉપાધિ મટી અને હવે સુખે ભજન થાશે... દીકરો ધામમાં ગયો એટલે તેની ક્રિયા કરી ભગત ખેતરે રહેવા

ગયા અને મને અહીં આપની પાસે આ ઘાડવો લઈને મોકલી, એટલે કોઈ કાણમોકાણ કરવા આવે નહીં.?' બાઈ બોલ્યાં.

નેનપુરના દેવજી ભગતની આ વાતમાં ટાપશી પૂરતાં નિષ્કુળાનંદ સ્વામી પણ બોલ્યા :

"મહારાજ! એક વાર અમે કૃપાનંદ સ્વામી સાથે નેનપુર ગયા હતા. ગુણાતીતાનંદ સ્વામીએ અર્ધી રાત સુધી કથા કરી એટલે અમારી આંખ ઘેરાવા લાગી. તેથી મેં દેવજી ભગતને કહ્યું : 'તમે હવે થાક્યા હશો માટે આરામ કરો.'

ત્યારે દેવજી ભગતે કહ્યું : 'સ્વામી ! હું તો અહીંથી ખેતરે જઈશ. ત્યાં જઈને ત્રણસો માળા ફેરવીશ. પછી નીંદર સામે આવીને ઊભી રહેશે અને પૂછશે – 'આવું ?' એટલે હું કહીશ કે 'ભલે, આવ હવે !' પછી સૂઈ જઈશ. પણ આપ લાંબો પંથ કરીને આવ્યો છો તે થાક્યા હશો. માટે પોઢી જાઓ."[૬]

આ રીતે દેવજી ભગતની વિદેહી સ્થિતિ જોઈ સભામાં બેઠેલા સૌને જરૂર આશ્ચર્ય થયું હશે! એકનો એક દૂધમલિયો દીકરો ધામમાં જાય એવી ઈચ્છા પિતા દ્વારા કરવામાં આવે એ તે કેવો વૈરાગ્ય! નિદ્રાજિત સ્થિતિમાં વર્તવું એ તે કેવી દેહાતીત દશા!

દેવજી ભગતનું વૃત્તાંત સાંભળ્યા પછી આવા વિચારો જરૂર સૌને આવ્યા હશે અને આવી વિચારમય સ્થિતિમાંથી જ મયારામ ભટ્ટે મહારાજને પ્રશ્ન પૂછ્યો હશે કે 'ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ વૈરાગ્યનાં લક્ષણ શાં?'


શ્રીજીમહારાજે પણ આ પ્રશ્નનો ઉત્તર એક ગૃહસ્થાશ્રમી જનક રાજાના દૃષ્ટાંતથી આપ્યો છે, કારણ કે પ્રશ્ન પૂછનાર મયારામ પણ ગૃહસ્થ છે અને જેની આધ્યાત્મિક સ્થિતિ જોઈ પ્રશ્ન પૂછાયો છે તે દેવજી ભગત અને તેઓનાં ધર્મપત્ની પણ ગૃહસ્થ છે.

અન્યથા મયારામ ભટ્ટ જેવો જ પ્રશ્ન ભજનાનંદ સ્વામીએ વચનામૃત લોયા પ્રકરણ ૧માં શ્રીજીમહારાજને પૂછ્યો છે કે 'હે મહારાજ! કનિષ્ઠ, મધ્યમ ને ઉત્તમ વૈરાગ્યનું શું રૂપ છે?' અહીં પ્રશ્ન એક ત્યાગીનો છે. તેથી શ્રીજીમહારાજે ત્યાગીઓને અનુલક્ષીને ઉત્તર આપ્યો છે.

---

૬. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૧૮૧; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

ટૂંકમાં, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨નું ઘર દેવજી ભગતના ઉપરોક્ત પ્રસંગમાં સ્પષ્ટપણે જણાય છે. દેવજી ભગતનો આ પ્રસંગ કે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨ – બંને આપણે ઘણી વાર વાંચ્યા-સાંભળ્યા હશે, પરંતુ એ બંને વચ્ચેનો આ નાળ-સંબંધ જાણમાં આવતાં 'ઓહ! આમ વાત છે?'ની અનુભૂતિથી મસ્તક ડોલી જાય તેમ છે!



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : 3

તા. ૧૦-૧૨-૧૯૬૭ના રોજ મુંબઈમાં સવારે ૮.૦૦ વાગ્યે આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩નું નિરૂપણ યોગીજી મહારાજ કરતા હતા. તે વખતે અર્જુન ભગત બ્યુગલ લઈને આવ્યા. તે જોઈ યોગીજી મહારાજ કહે: 'બિંગલ વગાડો.' એમ કહી બે વખત તે વગાવડાવ્યું. પછી યોગીજી મહારાજ બોલ્યા: 'આ બિંગલ વગડાવ્યું, તે લીલાચરિત્ર સંભારવું.'[૭]

❀

આ વચનામૃત સાથે એક અન્ય વિરલ સ્મૃતિ આપતો યોગીજી મહારાજનો આ પ્રસંગ પણ સ્મરણીય છે.

સન ૧૯૭૦માં યોગીજી મહારાજ આફ્રિકાના પ્રવાસે હતા. ત્યાં કેન્યા ડેરીની દૂધ-યોજનાનું દૂધ કાગળના જાડા પેકેટમાં આવતું. તા. ૧૩મીએ કથા પ્રસંગમાં દૂધની વાત નીકળી. તરત સ્વામીશ્રીએ પૂછ્યું : 'કાગળમાં દૂધ કેવી રીતે આવે ? અમને બતાવો.'

ભાસ્કરભાઈ દૂધનું એક પેકેટ લઈ આવ્યા. તે જોઈ યોગીજી મહારાજે બીજો પ્રશ્ન પૂછ્યો : 'દૂધ ગાળીને ભર્યું હશે ?'

---

૭. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૪/૫૮૪; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.


મહારાજની આજ્ઞા પ્રમાણે દૂધ-પાણી વગેરે ગાળવાની બાબત, તેઓને મન બહુ મહત્ત્વની.

'પેકેટમાંથી દૂધ કેવી રીતે નીકળે ?' તેઓએ પુનઃ આતુરતાથી પૂછ્યું. ભાસ્કરભાઈએ પેકેટનો ખૂણો કાપ્યો ને દૂધની ધાર થઈ.

'હા ભઈ !' તેઓ બાળકની જેમ આશ્ચર્યથી બોલી ઊઠ્યા : 'આ ન જોયું હોત તો આપણું શું થાત ? આફ્રિકા બે વખત આવેલા પણ આ જોયેલું નહીં.'

પછી કહે : 'કાઢો, પ્રથમનું ત્રીજું – લીલાચરિત્ર સંભારી રાખવાનું વચનામૃત.' પછી વાત કરી : 'પડીકાં લીધાં ને તોડ્યાં. આ બધી લીલા સંભારી રાખવી.'[૮]

આમ, આવનારાં વર્ષો માટે એક ઐતિહાસિક સ્મૃતિ યોગીજી મહારાજે આ વચનામૃત સાથે સાંકળી દીધી.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૧૬

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની ૭૪મી જન્મ જયંતી (તા. ૨૮-૫-૧૯૬૫) બોચાસણમાં ધામધૂમપૂર્વક ઊજવાઈ હતી. બીજે દિવસે સવારે યોગીજી મહારાજ સદ્‌ગુરુ પુરુષોત્તમદાસ સ્વામીની દેરીએ દર્શને પધાર્યા હતા. અહીં દંડવત્-પ્રદક્ષિણા કરીને તેઓએ પૂછ્યું : 'આ સભામંડપ કેમ છોડ્યો નથી ? છોડી નાંખો. ભાડું ચડી જાય.'

ગઈ કાલે ઊજવાયેલી જન્મ જયંતી નિમિત્તે કાપડનો જે સભામંડપ બાંધ્યો હતો તેના અનુસંધાનમાં યોગીજી મહારાજ આમ બોલ્યા.

ત્યારે કોઈએ કહ્યું : 'બાપા ! બાર વાગ્યા સુધી વાંધો નહીં.'


'એમ ?' યોગીજી મહારાજે હસતાં હસતાં કહ્યું. પછી બોલ્યાઃ 'તો

૮. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૪/૬૩; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

હાલો. આપણે કસ કાઢી લઈએ.' એમ કહેતાં ખુરશી સ્ટેજ તરફ લેવડાવી. સ્ટેજ પર પૂળા નાંખેલા હતા. તે પર ખુરશીમાં બિરાજમાન થયા અને કહ્યું : 'બે વચનામૃત વાંચી લઈએ. કાલે ક્યાં રહેવાનું છે ?'

પછી સંતો સ્ટેજ પર અને હરિભક્તો નીચે બેઠા. તે વખતે યોગીજી મહારાજે આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૧૬મું મોઢે બોલવાની શરૂઆત કરીને આમ વાત કરી કે 'આ એક વચનામૃત સિદ્ધ કરશે તેને સત્સંગમાં કોઈ દી' દેશકાળ લાગશે નહીં. થોડું જ્ઞાન કરવું પણ સારધાર નભે એવું કરવું. આ વચનામૃત જ સમજવાનું છે. બીજું ઝાઝું સમજવાનું નથી. દરેકે પોતા પર આ વચનામૃત લગાડવું. બીજા પર ઢોળી ન દેવું.'[૯]

આમ, યોગીજી મહારાજના મુખેથી અનાયાસે જ, ગઢડા પ્રથમ પ્રકરણના ૧૬મા વચનામૃતનો વૈભવ સરી પડ્યો હતો.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૧૮

સન ૧૯૬૪ના જાન્યુઆરી માસમાં યોગીજી મહારાજ મુંબઈના અક્ષર ભુવનમાં રોકાયા હતા. આ સમયમાં એક વખતના મંગળ પ્રવચનમાં આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮ સાથે સંકળાયેલ સ્મૃતિ વાગોળતાં યોગીજી મહારાજ બોલેલા :

'અક્ષરપુરુષ સ્વામી આ વચનામૃત બહુ કઢાવે. ત્રણ કલાક નિરૂપણ કરે. પીપળાવમાં સ્વામી શાસ્ત્રીજી મહારાજ ઢોલિયે બેઠા હતા અને કહે – 'વચનામૃત કઢાવો.' પછી આ (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮) કઢાવ્યું, તે રાતે સાડા બાર વાગે પૂરું થયું. એવો હવાદ (સ્વાદ) આવ્યો.... હું સાથે હતો.'[૧૦]

---

૯. એજન; ૪/૬૯.

૧૦. એજન; ૩/૫૬૮.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૨૦

આ વચનામૃત સંબંધી એક ઈતિહાસ એવો જાણવા મળે છે કે એક વાર ગોપાળાનંદ સ્વામી અમદાવાદ પધારેલા. અહીં મંદિરમાં તેઓના મુખે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૦નું નિરૂપણ સર્વનિવાસાનંદ સ્વામીએ સાંભળ્યું. તેઓને ચોટ લાગી ગઈ. તેઓએ મનોમન નક્કી કરી લીધું કે 'ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરી કસર ટાળી નાંખવી.' તેથી જ્યારે ગોપાળાનંદ સ્વામી વડતાલ જવા તૈયાર થયા ત્યારે તેઓ પણ અમદાવાદથી નીકળવા સાબદા થઈ ગયા.

મંદિરમાંથી મણિ જેવા આ સંતને જતાં જોઈ આચાર્ય અયોધ્યાપ્રસાદજીએ વિનંતી કરતાં કહ્યું : 'તમને અમદાવાદ મંદિરના મહંત બનાવું. વીસ જોડ ચરણારવિંદ આપું. સેવકો ને રથ આપું, પણ અમદાવાદ છોડી ન જાઓ.' પરંતુ સર્વનિવાસાનંદ સ્વામી આ પ્રલોભનોમાં ન ફસાયા અને ગોપાળાનંદ સ્વામી સાથે ચાલી નીકળેલા. તેઓ ગોપાળાનંદ સ્વામીને યથાર્થ સેવી સ્વામીસ્વરૂપ બની ગયેલા. જ્યારે ગોપાળાનંદ સ્વામીએ દેહ મૂક્યો ત્યારબાદ તેઓના હેતવાળા હરિભક્તોને સર્વનિવાસાનંદ સ્વામી દ્વારા ગોપાળાનંદ સ્વામી પ્રગટ જ છે તેવી અનુભૂતિ થતી. આ હદ સુધી તેઓએ ગોપાળાનંદ સ્વામી થકી પોતાનું જીવન-પરિવર્તન કરી દીધેલું.


સર્વનિવાસાનંદ સ્વામીનું આવું ભવ્ય વૃત્તાંત જોઈને જ ગુણાતીતાનંદ સ્વામી પણ એક વાર બોલી ઉઠેલા : 'સંસારનું બંધન તો શું ? પણ તે કરતાં અનંતગણું બંધન કાપીને સર્વનિવાસાનંદ સ્વામીએ મોટાનો સમાગમ કર્યો.'[૧૧]

સર્વનિવાસાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહેલું કે 'ઓલ્યા દેશ(અમદાવાદ)માં રહ્યો હોત તો કલ્યાણ રહી જાત.'

---

૧૧. 'સ્વામીની વાતો' : ૨/૧૦૯; પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, દ્વિતીય આવૃત્તિ.

આમ, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૦ પણ ઈતિહાસની એક અમીટ છાપ પોતાના અંકમાં અંકિત કરીને બેઠું છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૨૧

આ વચનામૃત સાથે ઈતિહાસનો અંકોડો આ રીતે ગૂંથાયેલો છે.

સં. ૧૯૧૫માં એક વાર ગુણાતીતાનંદ સ્વામી સમઢિયાળા (ભોજા ભક્તના) ગામે પધાર્યા હતા. સૌએ દૂધપાક-પૂરીની રસોઈ કરાવી. ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. બપોરની કથામાં જાગા ભક્ત સ્વામી આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૧મું વાંચતા હતા. ગુણાતીતાનંદ સ્વામી બાજુમાં પોઢ્યા હતા. કથાપ્રસંગમાં ભાયાભાઈએ જાગા ભગતને પૂછ્યું કે ‘આ વચનામૃતમાં આવ્યું તે અક્ષરનાં બે સ્વરૂપ ક્યાં ? મહારાજની સેવામાં જે અક્ષર રહ્યા છે અને આ લોકમાં મહારાજની સાથે આવ્યા તે અક્ષર ક્યાં ?’

આ સાંભળી ગુણાતીતાનંદ સ્વામી પથારીમાં બેઠા થઈ ગયા અને બોલ્યા : “ભાયાભાઈ ! શું પ્રશ્ન પૂછ્યો ?” ત્યારે ભાયાભાઈએ તેમનો પ્રશ્ન ફરી કહ્યો. તે સાંભળી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : “તારે હવે બીજે ક્યાં ગોતવા જવું પડે એમ છે. આ તારી આગળ બેઠા છે તે જ અક્ષર – મહારાજની સેવામાં રહ્યા છે અને મહારાજ સાથે આ લોકમાં મનુષ્યદેહ ધારીને આવ્યા છે. આ અમે તારે ગામ આવ્યા તે જ તારું ધન્ય ભાગ્ય માન ને ! નહીં તો ક્યાં અક્ષર અને ક્યાં આ સમઢિયાળું ગામ !”[૧૨]

આમ, અક્ષરની વાત અક્ષરના મુખે સાંભળી ભાયાભાઈ ખૂબ જ આનંદિત થઈ ગયા.

❀

૧૨. ‘અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી’: ૧/૫૧૫; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સપ્તમ આવૃત્તિ.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧ સાથે જ ગુણાતીતાનંદ સ્વામીનો અન્ય એક પ્રસંગ સંકળાયેલો છે

સં. ૧૯૨૨માં ગુણાતીતાનંદ સ્વામી ઊના પધારેલા. અહીં એક સવારે સભામાં તેઓ પ્રથમ પ્રકરણનાં ૨૧, ૬૩ અને ૭૧ – આ વચનામૃતોના આધારે વાતો કરતા હતા. તેઓ એકદમ બોલ્યા : 'મજકૂર (મુદ્દો) વયો ગયો તેની ખબર પડી?'

ત્યારે એક હરિભક્તે પૂછ્યું : 'ના, સ્વામી! મજકૂર શું?'

ત્યારે બાજુમાં બેઠેલા પ્રાગજી ભક્ત બોલ્યા : 'આ વાતો કરે છે તે જ મજકૂર! કાં જે, પ્રગટ ભગવાન અને પ્રગટ અક્ષરને ઓળખવા એ જ મજકૂર છે.'[૧૩]

આમ, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧ સાથે ગુણાતીતાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ તરીકેની ઓળખનો ઈતિહાસ ગૂંથાયેલો મળે છે.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૨૩

આ વચનામૃત સાથે ગુણાતીતાનંદ સ્વામીનો એક રસપ્રદ જીવનપ્રસંગ જોડાયેલો છે.

વિગત એવી છે કે સં. ૧૯૧૯નો ચૈત્રી પૂનમનો સમૈયો કરવા વડતાલ જવા નીકળેલા ગુણાતીતાનંદ સ્વામી રસ્તામાં ઘોઘાવદર ગામે પધારેલા. અહીં નદીકિનારે શિવાલયમાં તેઓ રોકાયેલા. ત્યાં બપોરે આરામ કરતાં કરતાં જાગા ભક્ત પાસે તેઓ વચનામૃત વંચાવતા હતા. તે સમયે જાગા ભક્તે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩, ગઢડા મધ્ય પ્રકરણ ૩૦ તથા ૪૫ અને અમદાવાદ પ્રકરણ ૨ તથા ૩ વાંચ્યાં. આ પાંચ વચનામૃત સાંભળી

---

૧૩. 'અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી': ૨/૨૫૯; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સપ્તમ આવૃત્તિ.

ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા : 'અહો ! આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં.' એમ કહી ફરી વંચાવ્યાં.

પછી ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા : 'આ વચનામૃત સાંભળતાં એમ જણાણું જે, કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના-મોટા ભગવાન હોય, તેમને પણ એમ કર્યા વિના છૂટકો નથી. કેમ જે, તે પણ મહારાજનો જ મત છે.'

આટલી વાત કરી ગુણાતીતાનંદ સ્વામીએ જાગા ભક્તને કહ્યું : 'તમારે મૂર્તિ તો છે પણ મંદિર વિના પધરાવશો ક્યાં? માટે ભગવાન પધરાવવા હોય તો આમાં કહ્યું એવું મંદિર કરવા શીખો, તો ભગવાન રહે.' એમ કહીને ગુણાતીતાનંદ સ્વામીએ સ્વાનુભવનો પ્રસંગ કહેતાં જણાવ્યું :

''આ જૂનાગઢનું મંદિર કરાવ્યું ત્યારે અમે સાધુઓને મૂર્તિઓ લેવા ડુંગરપુર મોકલ્યા હતા.' ત્યાં સલાટે તેમને પૂછ્યું : 'કેવી મૂર્તિઓ કાઢી આપું?' ત્યારે સાધુઓએ કહ્યું: 'આ નકશા પ્રમાણે કાઢી આપો.' તે જોઈ સલાટ બોલ્યો : 'લાખો રૂપિયાનું મંદિર હોય ત્યારે આવી મૂર્તિઓ શોભે.' પછી સાધુઓએ કહ્યું : 'મંદિર પ્રમાણે જ મૂર્તિઓ લેવા આવ્યા છીએ.' ત્યારે સલાટે મૂર્તિઓ કાઢી આપી.''

આટલું કહી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'સલાટ પણ એટલું સમજ્યો જે બહુ ભારે મંદિર કર્યું છે. માટે આ વચનામૃતમાં કહ્યું છે તે પ્રમાણે મંદિર કરવા શીખો. માટે પુરુષોત્તમ પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું.'[૧૪]

આ જ પ્રસંગનો ઉલ્લેખ ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના ઉપદેશામૃત 'સ્વામીની વાતો'માં પણ કર્યો છે.[૧૫]


ઉપરોક્ત ઐતિહાસિક હકીકત પરથી વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩નો વિશેષ મહિમા સમજાય છે.

આમ, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩; મધ્ય પ્રકરણ ૩૦, ૪૫; અમદાવાદ પ્રકરણ ૨, ૩ વગેરે પાંચેય વચનામૃતોની પૂર્વભૂમિકામાં આ જ ઇતિહાસ સંકળાયેલો છે.

---

૧૪. એજન; ૨/૧૪૪.

૧૫. 'સ્વામીની વાતો' : ૩/૧૩; પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, દ્વિતીય આવૃત્તિ.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૨૫

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૫માં ભગવાન સ્વામિનારાયણ કહે છે કે "હમણાં અમે એક હરિભક્તને સમાધિ કરાવી હતી. તે તેને તેજ અતિશય દેખાણું, તે તેજને જોઈને ચીસ પાડવા માંડી ને કહ્યું જે, 'હું બળું છું..."

શ્રીજીમહારાજના આ કૃપાવચનનું ઘર આ મુજબ પ્રાપ્ત થાય છે :

"...આ અરસામાં (એટલે કે સંવત ૧૮૭૬ના પોષ માસમાં) જ મેઘપુરથી લાડકીબા મહારાજનાં દર્શને આવ્યાં. મેઘપુરમાં મૂળજી ભક્ત મરાયા ત્યારથી મહારાજ મેઘપુરમાં ગયા ન હતા, તેથી લાડકીબા આજુબાજુમાં મહારાજ જ્યાં જ્યાં પધારતાં ત્યાં દર્શને જતાં. મહારાજ પ્રત્યેના અપાર પ્રેમને લઈને તેમની ઈન્દ્રિયો સદા મહારાજના સ્વરૂપમાં જોડાયેલી રહેતી.

તેઓ ગઢપુર આવ્યાં, મહારાજનાં દર્શન કર્યાં અને તરત જ તેમને સમાધિ થઈ. સમાધિમાં તેમને સમુદ્રમાં ભરતીનાં ભયંકર મોજાં આવે તેવાં પ્રકાશના મોજાં દેખાયાં. વળી, જાણે હમણાં બ્રહ્માંડ ફાટી જશે એવા નાદના ગડગડાટ પણ સંભળાયા. આથી, લાડકીબા સમાધિસ્થ અવસ્થામાં બોલવા લાગ્યાં : 'મહારાજ ! બળું છું, બળું છું. મને ઉગારો.'


તેના આ શબ્દો સાંભળી જીવુબા, લાડુબા અને અન્ય બાઈઓ ધ્રૂજી ગઈ.

જીવુબાએ મહારાજને પૂછ્યું : 'મહારાજ ! આને શું થાય છે ?'

ત્યારે મહારાજે વિસ્તારથી જે વાત કરી તે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૫માં નોંધાઈ છે.[૧૬]

---

૧૬. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૧૮૪; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૨૬

આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૬ને ગુણાતીતાનંદ સ્વામીએ નિર્ગુણભાવને પમાડે તેવા વચનામૃત તરીકે ઓળખાવતાં કહ્યું છે કે – "...પ્રથમનું છવીસમું વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે, આ પણ એક નિર્ગુણ-ભાવને પમાડે એવું છે..."[૧૭]

❀

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના જીવન સાથે પણ આ વચનામૃતની એક સ્મૃતિ સંકળાયેલી છે.

તા. ૨૧-૧-૧૯૬૪ની સવારે યોગીજી મહારાજ આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૬ સમજાવી રહેલા. આ વચનામૃતના વર્ણનમાં આવે છે કે શ્રીજીમહારાજ 'બપોરના સમે' બિરાજમાન હતા. તે પર યોગીજી મહારાજ બોલ્યા : 'મહારાજ જમીને તરત બેઠા હશે. આરામની ક્યાં વાત? મહારાજ આરામ લે તો બ્રહ્માંડ ઊંધું પડી જાય... હવે કારણની વાત કરશે.' એમ કહી વચનામૃત આગળ વંચાવ્યું, પરંતુ તેમાં 'કારણ' જેવી વાત ન આવી.

તેથી કહે : 'લાવો વચનામૃત. 'કારણ' ન આવ્યું.' પછી પોતે વચનામૃત લઈ તપાસવા માંડ્યા. હર્ષદભાઈએ ચશ્માં આપ્યાં. પછી વાંચ્યું. અંતે બોલ્યા : "આ સૂક્ષ્મ વાત કરી છે. કારણ શરીરનું નામ નથી પાડ્યું; પણ હૃદયમાં ભગવાન દેખાય ત્યારે કારણનો નાશ થાય એમ સમજવું. આ મોટાપુરુષે વાત કરેલી છે. ઇતિ વચનામૃતમ્.'[૧૮]

---

૧૭. 'સ્વામીની વાતો' : ૬/૩૧; પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, દ્વિતીય આવૃત્તિ.

૧૮. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૩/૫૮૧; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

આમ, 'Guru can read between the lines' – ગુરુ બે લીટી વચ્ચેનું વાંચી શકે છે, એ ન્યાયે યોગીજી મહારાજે આ વચનામૃતમાંથી અદૃષ્ટપૂર્વ - અશ્રુતપૂર્વ વાત કહી સંભળાવેલી.

ઇતિહાસની અટારીએથી...
વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૨૭

આ વચનામૃત સાથે પ્રાગજી ભક્ત અને શાસ્ત્રીજી મહારાજના જીવનની વિરલ ઐતિહાસિક ઘટનાઓ સંકળાયેલી છે. ચાલો, ઈતિહાસની અટારીએ ચઢી તેને નીરખીએ...

સં. ૧૯૨૮ની સાલમાં વરતાલના હરિકૃષ્ણ મહારાજે ઠાસરાના ગિરધરભાઈને દર્શન દઈ જણાવેલું કે 'પરમ એકાંતિક સત્પુરુષ વર્તમાનકાળે પ્રાગજી ભક્ત છે, તેને સેવો.'

સાક્ષાત્ શ્રીજીમહારાજના મુખે આ સાંભળી ગિરધરભાઈ ભગતજી મહારાજનો સમાગમ કરવા સભામંડપમાં આવ્યા. અહીં કથા ચાલુ હતી. તેથી તેઓ છેટે બેસી ગયા. તે જોઈ ભગતજી મહારાજે એ કહ્યું : 'ગિરધરભાઈ! અહીં આગળ બેસો.'

એટલામાં કોઠારી ગોવર્ધનભાઈ ત્યાંથી નીકળ્યા. તેઓએ ભગતજી મહારાજને કહ્યું : 'પ્રાગજી! તું જૂનાગઢમાં બાબુલાઓને સમજાવતો હતો, પણ આ ગિરધરભાઈ અહીં બેઠા છે તે તારામાં બંધાય એવા નથી. એ બધે ફરીને જોઈને આવ્યા છે. એનો ઘોડો તું બાંધ તો ખરો.'

આ સાંભળી ભગતજી મહારાજ હસતાં હસતાં બોલ્યા: 'કોઠારી મહારાજ! તમારી આજ્ઞા હોય તો તેમને વાતો કરું, પણ પાછળથી મને ઠપકો દેશો નહીં.'

કોઠારીએ નિર્ભય બનીને કહ્યું : 'જા, મારી આજ્ઞા છે. ખુશીથી વાતો કર.'

ત્યારબાદ કોઠારીના ગયા પછી ભગતજી મહારાજે વચનામૃત ગઢડા

પ્રથમ પ્રકરણ ૨૭ ગિરધરભાઈ પાસે જ વંચાવ્યું અને વાતો કરવા લાગ્યા. ભગતજી મહારાજનું કથામૃત સાંભળતાં ગિરધરભાઈએ તેઓનાં ચરણારવિંદ પકડીને સ્તુતિ કરી કે 'મહારાજ ! આજે દૃષ્ટિ કરી છે તેવી સદા રાખશો.'

આમ, ગિરધરભાઈના જીવમાં ભગતજી મહારાજનો મહિમા બેસી ગયો.

ગોવર્ધનભાઈ કોઠારીને પણ ભગતજી મહારાજને વિશે અપાર માન થયું. 'ગિરધરભાઈ હવે ધોળે લૂગડે રહેશે નહીં' એમ તેમને ખાતરી થઈ, એટલે તેમને અદ્‌ભૂતાનંદ સ્વામી પાસે દીક્ષા અપાવી સાધુ કરાવ્યા અને વિજ્ઞાનદાસજી નામ પાડ્યું. તેઓ આગળ જતાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના ગુરુભાઈ થયેલા અને મણિ જેવા સાધુ નીવડેલા.[૧૯]

આમ, આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭ સંપ્રદાયને એક રત્ન સમાન સાધુની ભેટ આપવામાં નિમિત્ત બનેલું છે.

❀

ભગતજી મહારાજના જીવન ચરિત્ર સાથે સંકળાયેલ અન્ય એક ઐતિહાસિક તવારીખ પણ આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭ સાથે સંબંધ ધરાવે છે. તેની વિગત આ મુજબ છે :

પ્રાગજી ભક્તનો સમાગમ કરવાના કસૂર તળે સં. ૧૯૫૪માં કાર્તિક સુદ એકાદશીના સમૈયા પ્રસંગે વરતાલની સભામાં નિર્ણય લેવાયેલો કે 'વિજ્ઞાનદાસજી, કેશવપ્રસાદદાસજી, યજ્ઞપુરુષદાસજી, નારાયણચરણદાસજી, પુરુષોત્તમદાસજી, કોઠારી બેચર ભગત, નાથા ભગત, શંકર ભગત વગેરેને બહિષ્કૃત કરવા.'

આ નિર્ણયથી ઉપરોક્ત સંતમંડળ તે દિવસે વરતાલથી નીકળેલું. ફરતાં ફરતાં તેઓ મહુવા પહોંચેલા. તે વખતે મહુવાના હરિભક્તો વિઠ્ઠલભાઈ, ફૂલચંદભાઈ, દામા શેઠ વગેરેને થયું કે 'પ્રાગજી ભગતના મહિમાના પ્રચારથી આ સંતોને વરતાલ છોડવું પડ્યું તો આ સંતો પ્રાગજી ભગતને શું સમજે છે ?'

આ જિજ્ઞાસાથી ફૂલચંદભાઈએ બેચર ભગતને પૂછ્યું : 'તમે આ પ્રાગજી ભગતમાં શું દીઠું છે તે અમને કહો.' તે વખતે નારાયણચરણદાસે કહેલું :

---

૧૯. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત'; પૃ. ૧૬૫-૧૭૦; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

'ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતમાં સત્પુરુષનાં લક્ષણવાળાનો જે મહિમા કહ્યો છે તેવાં લક્ષણવાળા ભગતજીને અમે જાણીએ છીએ.'

તે સમયે ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજ સમક્ષ આંગળી ચીંધીને કહેલું : 'આ નાના સાધુ જેવું છે તેવું કહેશે. માટે તેમને પૂછો.' અને આ વખતે શાસ્ત્રીજી મહારાજે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭ના આધારે ભગતજી મહારાજની એકાંતિક સ્થિતિનું અદ્‌ભુત નિરૂપણ કરી સૌને દંગ કરી દીધેલા.[૨૦]

આમ, આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭ના સહારે શાસ્ત્રીજી મહારાજે ગુરુ ભગતજી મહારાજના એકાંતિકપણાનો સિક્કો બેસાડેલો.

❀

પ્રાગજી ભક્તના જ જીવન સાથે સંબંધિત એક ત્રીજી ઘટના પણ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭ સાથે જડાયેલી છે, તે આ પ્રમાણે છે :

સં. ૧૯૫૨માં ગઢડામાં યોજાયેલ જલઝીલણીના સમૈયા વખતે એક વાર ભગતજી મહારાજ આચાર્ય મહારાજના ઉતારે સભામાં પધાર્યા હતા. તે સમયે આચાર્યશ્રીએ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭ અને વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧ મોતી ભગત પાસે વંચાવ્યાં. ત્યારબાદ તેઓ બોલેલા : 'આ બે વચનામૃત તો ભગતજીને વિષે ઊતરે છે. હું પણ એની સ્થિતિને જોઈને આશ્ચર્ય પામી ગયો.'

આ સાંભળી ભગતજી મહારાજ બોલેલા : 'એ બધું સ્વામી(ગુણાતીતાનંદ સ્વામી)ના પ્રતાપે છે.'[૨૧]

આમ, આ ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૭મું વચનામૃત ભગતજી મહારાજના જીવન સાથે ઘણી રીતે ઓતપ્રોત થયેલું છે.

❀

સં. ૧૯૮૫માં સારંગપુર મુકામે શાસ્ત્રીજી મહારાજ બિરાજમાન હતા. તે વખતે જલઝીલણીના સમૈયાની સભામાં આ વચનામૃત ગઢડા પ્રથમ

---

૨૦. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત'; પૃ. ૨૪૨-૨૫૧; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

૨૧. એજન; પૃ. ૪૩૪.


પ્રકરણનું ૨૭મું વંચાતું હતું. તેમાં વાત આવી કે 'પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે.'

ત્યારે કુબેરભાઈએ શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું કે 'સ્વામી ! આમાં પ્રત્યક્ષ ભગવાન એટલે શું સમજવું ? સૌ પોતપોતાના ગુરુને ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ સમજે છે અને સર્વ તેમને વિશે કર્તાપણું માને છે. તે સર્વકર્તા કોને સમજવા ?''

તે સમયે શાસ્ત્રીજી મહારાજ બોલેલા : 'તમારો પ્રશ્ન સત્સંગમાં અનેકની અણસમજણ ટાળી નાંખે એવો છે. આ સર્વોપરી સત્સંગમાં દરેક પોતાના ગુરુને સર્વોપરી માની, તેને જ સર્વકર્તા માને છે. એ સમજણમાં શ્રીજીમહારાજ અને સ્વામીના સ્વરૂપનો દ્રોહ થાય છે. સર્વકર્તા તો એક મહારાજ જ છે. અને જે સંત ફક્ત મહારાજની મરજી પ્રમાણે કાર્ય કરતા હોય, તેમને ઓળખી, તે સંત દ્વારા મહારાજ સત્સંગમાં પ્રગટ છે તેમ સમજવું.''[૨૨]

આમ, આ વચનામૃતનો મર્મ શાસ્ત્રીજી મહારાજે સચોટપણે સમજાવેલો.

અહીં જોઈ શકાય છે કે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭ કેટકેટલી ઐતિહાસિક ઘટનાઓને પોતાના ખોળામાં સમાવીને બેઠું છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૪૧

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૧ એ વસંત પંચમીના દિવસનું વચનામૃત છે. આ તિથિએ શ્રીજીમહારાજે કરેલ રંગસભર લીલાનું સુંદર વર્ણન શ્રીજીમહારાજના ચરિત્રગ્રંથમાંથી મળે છે. ગઢડા પ્રથમ પ્રકરણ ૪૧મા વચનામૃતની પૂર્વભૂમિકા સમી એ ઐતિહાસિક તવારીખ આ પ્રમાણે છે :

''...વસંત પંચમીને દિવસ ગઢપુરમાં દેશદેશના હરિભક્તો આવ્યા.

---

૨૨. 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' : ૧/૫૯૧; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.


શ્રીહરિ ઉત્તમ રાજાના દરબારમાં પલંગ ઉપર બિરાજ્યા હતા. મુક્તમુનિ આદિક જેટલા સંતો હતા તથા જે હરિભક્તો હતા તે સન્મુખ આવીને બેઠા ને વસંતના ઉત્સવને શોભા આપે તેમ કરી રહ્યા હતા. બે ઘડી દિવસ ચઢ્યો ત્યારે ઉત્સવનો આરંભ કર્યો. યોગીન્દ્ર આત્માનંદ મુનિના પુત્ર ગોપી ભટ્ટ જે મોઢ ચતુર્વેદી બ્રાહ્મણ હતા અને જેમને શ્રીજીએ પોતાની પાસે રાખ્યા હતા, તે વસંતનું મંડળ રચી, ઉપર સુવર્ણનો કળશ ધરી, વસંતનો વિધિ ઉત્તમ રાજા પાસે કરાવવા લાગ્યા. સંતો ઝાંઝ, મૃદંગ લઈને વસંત-વધાઈનાં પદ ગાવા લાગ્યા. જેટલી જાતના રંગ બનાવ્યા હતા તે શ્રીહરિ ઉડાડવા લાગ્યા અને સભામાં રંગ રંગ કરી દીધો. પોતે પણ રંગમાં રસબસ થઈ ગયા. રંગ ઉડાડી રહ્યા ત્યારે ગુલાલ ઉડાડવા લાગ્યા. તેથી આકાશ બધું ગુલાલમય બની ગયું.

અનેકવિધ રંગ બનાવીને પછી જીવાખાચર સંત-હરિજન સહિત શ્રીહરિને બોલાવવા આવ્યા. રંગથી ભરેલા શ્રીહરિ તથા સંત-હરિજન વાજતે-ગાજતે રાજબજારમાં થઈ જીવાખાચરના દરબારમાં આવ્યા. ત્યાં ઊંચી ઓસરી પર પલંગ બિછાવ્યો હતો તે પર શ્રીહરિ બેઠા અને સામે સભા થઈ. પછી શ્રીહરિ રંગ ઉડાડવા લાગ્યા અને પછી ગુલાલ પણ ઉડાડ્યો. ત્યારપછી શ્રીહરિ સંત-હરિજનને ફગવા વહેંચવા લાગ્યા. પછી તરત જ શ્રીહરિ ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા ગયા. સંત-હરિજન સાથે નાહતાં ગંગાનું જળ રંગમય બની ગયું. નાહીને શ્રીહરિએ શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં અને શ્વેત વસ્ત્રના સાજવાળા ઘોડા ઉપર સવાર થઈને ઉત્તમ રાજાના દરબારમાં પધાર્યા. નીમ વૃક્ષ નીચે ચોતરા ઉપર પલંગ બિછાવ્યો હતો. તે ઉપર શ્વેત વસ્ત્ર ધારી, પીળાં પુષ્પના હાર તથા તોરા ધારણ કરી વિરાજમાન થયા. ત્યારપછી ગઢડા પ્રથમ પ્રકરણના વચનામૃત ૪૧ પ્રમાણે વાર્તા થઈ.[૨૩] તેમાં શ્રીહરિ – પોતે જેવા અક્ષરબ્રહ્મમાં રહ્યા છે તેવા અવાંતર કોઈમાં રહ્યા નથી – આ રહસ્ય છતું કરે છે.

અહીં 'વચનામૃત'ના ઉપદેશ સાથે નહીં, પરંતુ 'વચનામૃત'ની તિથિ સાથે સંકળાયેલ ઈતિહાસથી પણ આ વચનામૃત પ્રથમ પ્રકરણ ૪૧ આગવો ઉઠાવ પામતું દેખાય છે.

---

૨૩. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' : પૂર-૨૧, તરંગ-૩૭,૩૮; લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.



ઇતિહાસની અટારીએથી...
વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૭૨

ગઢડા પ્રથમ પ્રકરણના ૭૨મા વચનામૃતનું મથાળું જ છે : 'વિધિ-નિષેધનું.' આ વચનામૃતમાં શ્રીજીમહારાજ સામ, દામ, દંડ, ભેદ દ્વારા વિધિ-નિષેધનું જોરશોરથી પ્રતિપાદન કરતા દર્શાય છે. શ્રીજીમહારાજે તર્કશુદ્ધ અને તર્કબદ્ધ રજૂઆત, શાસ્ત્રોક્ત આધાર તથા પૂર્વસૂરીઓનાં વર્તન વગેરે દ્વારા વિધિ-નિષેધના પાલન પર આ વચનામૃતમાં ખૂબ જ ભાર મૂક્યો છે. છેલ્લે જાણે ચુકાદો આપતાં હોય તેમ શ્રીજીમહારાજ કહે છે : 'માટે જે વિધિ-નિષેધ છે તે સાચા છે પણ ખોટા નથી અને જે એ વિધિ-નિષેધને ખોટા કરે છે તે તો નારકી થાય છે.'

આટલાં ભારપૂર્વક વિધિ-નિષેધનું પ્રતિપાદન કરવા પાછળનો હેતુ શો છે ? સંપ્રદાયના ઈતિહાસમાં અવગાહન કરતાં આ ઉપદેશનું ઘર આમ જડે છે :

સં. ૧૮૭૬ની વસંત પંચમી(એટલે કે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧ની ઉદ્‌બોધન તિથિ)ના ઉત્સવ પછી શુકમુનિને બોલાવીને શ્રીજીમહારાજે કહ્યું : 'તમે આપણા સર્વે પરમહંસોને પત્ર લખો. તેમાં લખજો કે હવે અંગ્રેજોનું રાજ્ય થયું છે એટલે દેશકાળ સારા થયા છે, તો હવે તમારે સૌએ શુદ્ધ વૈષ્ણવી રીત પ્રમાણે આજથી વર્તવું. આપણા ઉદ્ધવ મત પ્રમાણે શિખા, સૂત્ર અને તિલક રાખવાં.' શુકમુનિએ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે જ્યાં જ્યાં પરમહંસો વિચરતા હતા ત્યાં પત્રો લખી દીધા.''[૨૪]

સં. ૧૮૬૩માં વેરાગી બાવાઓની ઉપાધિથી શ્રીજીમહારાજે કાલવાણીમાં પાંચસો સંતોને પરમહંસની દીક્ષા આપી હતી, શિખા-સૂત્રનો ત્યાગ કરી અલક્ષ્યપણે વર્તવાની આજ્ઞા કરી હતી. તે પ્રકરણ તેર વર્ષ પછી આજે

---

૨૪. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૧૮૮; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિ-નારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

શ્રીજીમહારાજ બંધ કરાવી રહ્યા હતા. સૌને વૈષ્ણવી રીત મુજબના વિધિ-નિષેધ પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી રહ્યા હતા.

શ્રીજીમહારાજ આ પત્ર લખાવી રહ્યા છે તે દિવસ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧ના વચનામૃતની તિથિ પછીનો તરતનો જ છે, કારણ કે આગળના વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧ના દિવસે ખેલેલ વસંતોત્સવ પછી તરત જ આ પ્રસંગનો ઉલ્લેખ મળે છે. આ રહ્યો તેનો પુરાવો...

"વસંત પંચમીમાં સમૈયા ઉપર આવેલા સંતોને શ્રીહરિએ રજા આપી. બીજે દિવસે, મહા સુદિ છઠને દિવસે બહુ વૃદ્ધ થવાથી રામદાસભાઈને પોતાનું તન તજવાની ઈચ્છા હતી. પછી (શ્રીહરિએ) આત્માનંદ સ્વામીની બ્રહ્મવિદ્યાનો મત જ્યાંથી ચાલ્યો આવ્યો હતો તે વાત ગોપી ભટ્ટને[૨૫] પૂછી. ગોપી ભટ્ટની વાત સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા અને તેમને બહુ પહેરામણી કરી અશ્વનું દાન આપ્યું, ઘર બંધાવી આપ્યું અને પોતાના ગોર કરીને સ્થાપ્યા. દેશકાળ પ્રમાણે શ્રીહરિ વર્તન ફેરવાવતા હતા. તેમાં કેટલાક પ્રકારના હેતુ રહેતા. નીતિમાન રાજાનું રાજ્ય થયું ત્યારે પરમહંસ રીતમાં દોષ દેખીને તે રીત તજાવી દીધી. શ્રીહરિ કહે : 'શુદ્ધ, વૈષ્ણવની રીતિમાં આજથી હવે તમારે તત્પર થઈને વર્તવું અને ઉદ્ધવ મત પ્રમાણે શિખા, સૂત્ર અને તિલક રાખવું.' શ્રીહરિની આજ્ઞાથી પરમહંસોએ તે પ્રમાણે કરવા માંડ્યું..."[૨૬]

આમ, સં. ૧૮૭૬ની મહા સુદિ છઠના દિવસથી શ્રીજીમહારાજે પરમહંસોને પુનઃ વિધિ-નિષેધ મુજબ વર્તવાનો આદેશ જારી કર્યો છે તે સ્પષ્ટ થાય છે. તેર-તેર વર્ષ સુધી 'મનસા પવિત્રમ્' (મનથી પવિત્રતા જાળવીને) રહીને વર્તવાને કારણે, દૈહિક રીતે વિધિ-નિષેધના પાલનમાં લીધેલી છૂટછાટને કારણે સંભવ છે કે પુનઃ વિધિ-નિષેધ પાળવાનું કઠણ પડે.

આવું બન્યું પણ હશે, કારણ કે ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં ઉલ્લેખ આવે છે કે 'આપણે મહારાજની કોઈ આજ્ઞા તરત રાજી થઈને માની

---

૨૫. આ ગોપી ભટ્ટના પિતા આત્માનંદ સ્વામી હતા, જેમને રામાનંદ સ્વામીએ ગુરુ કર્યા હતા. આ વાત આ જ અરસામાં, શ્રીહરિએ ગોપી ભટ્ટ પાસે કરાવી હતી.

૨૬. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' : પૂર-૨૦, તરંગ - ૭-૧૬; લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશ-દાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.

નથી. કેમ જે, આપણને સૂઝે નહીં ને બુદ્ધિ પણ પહોંચે નહીં, ને મહારાજને તો પૂર્વાપર સૂઝતું હોય. તે કઈ આજ્ઞા?... તો મંદિર કરવાનું કહ્યું તે કોઈ હા પાડે જ નહીં...ને પત્તર રાખવાનું કહ્યું તે પણ માને નહીં. એ આદિક સર્વે વચન પરાણે ઘણો ઘણો આગ્રહ કરીને મનાવ્યા...''[૨૭]

ગુણાતીતાનંદ સ્વામીની આ વાત પરથી ખ્યાલ આવે છે કે તેર વર્ષના ગાળા બાદ ધર્મ-ભક્તિ સંબંધી વિધિ-નિષેધ પાળવાની વાત શ્રીજીમહારાજે કરી ત્યારે કેટલાકનું મન તેમાં રાચતું નહોતું. તેથી અતિ ભારપૂર્વક વિધિ-નિષેધનું પ્રતિપાદન કરવું જ પડે તેમ હતું. તે પ્રતિપાદન શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૨માં કરી રહ્યા છે. હવે જુઓ, આ વચનામૃતની ઉદ્‌બોધન તિથિ કઈ છે ? તે એ જ તિથિ છે, જે દિવસે શ્રીજી-મહારાજે પરમહંસોને અલક્ષ્યપણે (વિધિ-નિષેધરહિત) વર્તવાનું છોડી વિધિ-નિષેધ સહિત વર્તવાની આજ્ઞા કરી હતી.

શ્રીજીમહારાજ આ તિથિથી પુનઃ એક નવી રીત પરમહંસોમાં પ્રસ્થાપિત કરી રહ્યા હતા. તેનું સુદઢતયા પ્રસ્થાપન થઈ જાય તે માટે શ્રીજીમહારાજ તે દિવસે ઉદ્‌બોધેલ વચનામૃતમાં પણ વિધિ-નિષેધની મહત્તા ઘૂંટાવી રહ્યા છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૨માં શ્રીજીમહારાજે વાપરેલ વાક્ય-પ્રયોગ – '....જેટલા ત્યાગી પરમહંસ થયા તે સર્વેને વિષે જડભરત શ્રેષ્ઠ છે... એવા મોટા જે જડભરત... તેને દયાએ કરીને પણ જો મૃગ સંગાથે પ્રીતિ થઈ તો તેનો દોષ લાગ્યો... માટે ગમે તેવા મોટા હોય તેનું પણ કુસંગે કરીને ભૂંડું જ થાય છે...' તે ધ્યાન ખેંચે તેવો છે.


પરમહંસોને તેર વર્ષ બાદ પુનઃ વિધિ-નિષેધની પરંપરામાં ગોઠવવાના હતા. તે વખતે કદાચ કોઈ પરમહંસના મનમાં એવા વિચારો રમી રહ્યા હોય કે 'આપણે તો પરમહંસદશાવાળા છીએ. આપણને કોઈ શું બાધ કરી શકે? निस्त्रैगुण्ये पथि विचरतां को विधिः को निषेधः... *'સમરથ કો નાંહી દોષ ગુંસાઈ...'* વગેરે... આવા વિચારોને તોડવા જ જાણે શ્રીજીમહારાજે ઉપરોક્ત વાક્યમાં '...જેટલા ત્યાગી પરમહંસ થયા તે સર્વેને વિષે શ્રેષ્ઠ જડભરત...'ના મિષે વિધિ-નિષેધનું પ્રતિપાદન કરેલું જણાય છે, જેથી કોઈ

---

૨૭. 'સ્વામીની વાતો' : ૨/૬૩; પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, દ્વિતીય આવૃત્તિ.

પરમહંસ વિધિ-નિષેધના પાલનમાં શિથિલતા ન લાવે.

આમ, અહીં જોઈ શકાય છે કે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૨ની પાર્શ્વભૂમાં કેવો રસપ્રદ ઇતિહાસ સંગોપિત થયેલો છે! પરમહંસદશા છોડવાનો શ્રીજીમહારાજે લખાવેલો પત્ર જાણે આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૨ની પ્રસ્તાવના છે તેમ આ ઇતિહાસ પરથી સ્પષ્ટ થાય છે. હવે સ્પષ્ટ સમજાય એવું છે કે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૨માં શ્રીજી-મહારાજ વિધિ-નિષેધનું જોરશોરથી પ્રતિપાદન કયા હેતુસર કરી રહ્યા છે !



ઇતિહાસની અટારીએથી...
વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૪૪

આ વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ કહે છે કે 'સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે.'

ત્યારે સોમલાખાચર પૂછે છે : 'એવો પ્રસંગ તો અતિશે કરીએ છીએ પણ એવી દૃઢ પ્રીતિ કેમ થતી નથી ?'


ત્યારે શ્રીજીમહારાજ કહે છે : 'પ્રસંગ તો કરો છો પણ અર્ધો અમારો પ્રસંગ કરો છો ને અર્ધો જગતનો પ્રસંગ કરો છો, તે માટે ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થતી નથી.'

શ્રીજીમહારાજે સોમલાખાચરને આમ જણાવ્યું તેમાં તેઓના નિયમ-ધર્મમાં રહેલી કચાશ કારણભૂત હોય તેમ લાગતું નથી, કારણ કે વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૪માં શ્રીજીમહારાજ વિવિધ સંતો-ભક્તોનાં અંગ (વિશેષતા) જણાવતાં કહે છે: '...સોમલાખાચરને સદા એકરેણીપણું એ અંગ...' આમ, નિયમ-ધર્મની બાબતમાં સોમલાખાચર શૂરા - પૂરા હશે તેમ લાગે છે. તો શ્રીજીમહારાજે તેઓને 'અર્ધો જગતનો પ્રસંગ કરો છો' તેવી ટકોર શા માટે કરી હશે ?

આના અનુસંધાનમાં કર્ણોપકર્ણ વાત એવી સાંભળવા મળે છે કે –

સોમલાખાચર કાઠી દરબાર હોવાને નાતે તેઓના ઉપાસ્ય દેવ સૂર્યનારાયણ હતા. તેઓને સત્સંગ થયા બાદ શ્રીજીમહારાજમાં નિષ્ઠા બેઠેલી, પરંતુ જ્યારે સૂર્યોદય થાય ત્યારે તેને વંદન કરી તેઓ બોલતા : 'હે હરિ સૂરજનારાયણ! દાતણ ફાટા ને પાપ નાઠા, ભેખની ટેક ને બાનાની પત રાખજો.'

આમ, પતિવ્રતાની ભક્તિમાં રહેલી લેશ ન્યૂનતાને કારણે શ્રીજી-મહારાજે તેઓને આવી ટકોર કરેલી તેવું સાંભળવા મળે છે. શ્રીજીની આ ટકોર બાદ સોમલાખાચર જરૂર પોતાની ભક્તિમાં પરિવર્તન લાવ્યા હશે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૫૪

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે સં. ૧૯૫૧માં મહુવા મુકામે આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪ વિષે વાત કરતાં કહેલું : 'શ્રીજીમહારાજે બસો બાસઠ વચનામૃતમાં ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪ અને ગઢડા મધ્ય પ્રકરણ ૫૪ એ બે વચનામૃત મોક્ષનાં કહ્યાં અને દીનાનાથ ભટ્ટને પણ એ બે જ પોતાનાં કરવાની આજ્ઞા કરી.''[૨૮]

❀

સં. ૧૯૫૫માં શાસ્ત્રીજી મહારાજ જૂનાગઢમાં રહેલા ત્યારે દ્રાવિડ દેશના વિદ્વાન શાસ્ત્રી કમલનયન તેઓને મળેલા. આ શાસ્ત્રીને શાસ્ત્રીજી મહારાજ જાગા ભક્તનાં દર્શને લઈ ગયા ત્યારે તે શાસ્ત્રીએ મોક્ષ સંબંધી કેટલાક પ્રશ્નો જાગા ભક્તને પૂછ્યા. તેનું ગુજરાતી ભાષાંતર શાસ્ત્રીજી મહારાજે જાગા ભક્તને સંભળાવ્યું. ત્યારે જાગા સ્વામીએ તે પ્રશ્નો પર આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪ની વાત કરેલી અને તે શાસ્ત્રીને મોક્ષમાર્ગ

૨૮. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૪૦૯; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિ-નારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

સમજાવેલો. સાથે સાથે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૪ અને વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨ની વાત પણ પુષ્ટિ માટે જાગા ભક્તે કરેલી.[૨૯]

❀

ભગતજી મહારાજ અને જાગા સ્વામી – આ બે પોતાના ગુરુઓના પગલે પગલે શાસ્ત્રીજી મહારાજ પણ મોક્ષ - કલ્યાણની વાત કોઈ પૂછે ત્યારે આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪નો ઉલ્લેખ કરતા.

સં. ૧૯૬૧માં શાસ્ત્રીજી મહારાજ ચાણસદ મુકામે દૂધનો પ્રયોગ કરી રહેલા. મોઢાની ગરમીને શમાવવા વૈદ્ય મનસુખભાઈએ તેઓને અહીં બોલાવેલા. આ રોકાણ દરમ્યાન એક વાર શાસ્ત્રીજી મહારાજ સવારમાં મંદિરના દક્ષિણાદા ખંડમાં સાદડી ઉપર બિરાજમાન થયા હતા. ચાણસદ, ભાદરણ, ડભોઈ, આણંદ, બીલ, સોખડા, વસો વગેરે ગામોનાં હરિભક્તો સામે બેઠા હતા.

તે વખતે ભાદરણના કાશીભાઈએ શાસ્ત્રીજી મહારાજને પૂછેલું : 'કલ્યાણનાં સાધન શાં શાં છે?' તે વખતે શાસ્ત્રીજી મહારાજે કાશીભાઈ પાસે પ્રથમ આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪મું વંચાવેલું અને નિરૂપણ કરેલું.[30] ત્યારબાદ ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૭ અને ગઢડા અંત્ય પ્રકરણનું ૩૬મું વચનામૃત પણ વંચાવી કથા કરેલી.

આમ, ભગતજી મહારાજ, જાગા સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ દ્વારા મોક્ષના વચનામૃત તરીકે આ ગઢડા પ્રથમ પ્રકરણના ૫૪મા વચનામૃત પર મહોરછાપ લાગેલી છે.

સંપ્રદાયમાં આ વચનામૃત મોક્ષના વચનામૃત તરીકે પ્રસિદ્ધ થયું છે તેના મૂળમાં રહેલી ઘટનાને હવે જોઈએ....

જૂનાગઢ મંદિરમાં માંદા સંતોને રહેવાની જગ્યા હતી, ત્યાં કેટલાંક ફૂલઝાડ હતાં. તેમાં રાજચંપાનાં બે મોટાં ઝાડ હતાં. તેમાંના એક ઝાડ નીચે ગુણાતીતાનંદ સ્વામી ધ્યાન કરવા બેસતા અને બીજા ઝાડ નીચે યોગેશ્વરદાસ

---

૨૯. 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' : ૧/૨૦૬; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

30. એજન; ૧/૨૫૨.


સ્વામી ધ્યાન કરવા બેસતા.

એક દિવસ ગુણાતીતાનંદ સ્વામી આ રીતે ધ્યાન કરવા બેઠેલા. એટલામાં યોગેશ્વરદાસ ત્યાં આવ્યા અને સ્વામી સન્મુખ બેઠા. થોડી વારે સ્વામી ધ્યાનમાંથી જાગ્યા એટલે યોગેશ્વરદાસને સામે બેઠેલા જોઈ કહ્યું: 'વચનામૃત વાંચો.' ત્યારે તેઓએ ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૪મું વચનામૃત વાંચ્યું.

તે સાંભળી ગુણાતીતાનંદ સ્વામી ખૂબ રાજી થયા અને બોલ્યા : 'ફરી વાંચો.' એમ આ વચનામૃત પાંચ વખત વંચાવ્યું.

પછી સ્વામી બોલ્યા : 'અહો ! આ વચનામૃત તો જાણે દિવસ બધો સાંભળ્યા જ કરીએ. જુઓને, માંહી મહારાજે મોક્ષનું દ્વાર બતાવી દીધું છે. આ વચનામૃત જેને નહીં સમજાય તેનાં કરમ ફૂટ્યાં જાણવાં.'[31]

અહીં જોઈ શકાય છે કે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪ સાથે મોક્ષનો સિદ્ધાંત તો સંકળાયેલો છે જ, પરંતુ કેટલાય ઐતિહાસિક પ્રસંગો પણ ગૂંથાયેલા છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૬૧

આ વચનામૃત સાથે સંલગ્ન એક ઐતિહાસિક વિગત એવી મળે છે કે –

ગુણાતીતાનંદ સ્વામી વિચરણ કરતાં કરતાં ડુંગર ગામે પધાર્યા હતા. અહીં પોતાના પાલ(નાના તંબૂ)માં તેઓએ જાગા ભક્ત અને રાજા ભક્તને ઉતારો આપેલો. બપોરે રસોઈ તૈયાર થયા પછી સૌ જમ્યા. બાદ સાધુઓ પત્તર ધોઈને પત્તરનું પાણી એક જગ્યાએ નાંખતા હતા, ત્યાં ઉપરના પાંદડા ખસ્યા અને નીચે ઘોરો દેખાણી. તેથી એક સાધુએ આ હકીકત પવિત્રાનંદ

૩૧. 'અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી' : ૨/૩૧૯-૨૦; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સપ્તમ આવૃત્તિ.

સ્વામીને જઈને કહી અને જણાવ્યું : ‘આજે રસોઈ કરવાનો વારો જૂનાગઢના સાધુઓનો હતો. તેમણે ઘોરોમાં રસોઈ કરી. રસોઈ કરવાનું તેમને ભાન નથી. વળી, ઠાકોરજીના થાળનો પણ તેમને ભાર નથી.’

આ સાંભળી પવિત્રાનંદ સ્વામી ચિડાયા અને ખૂબ બોલ્યા, ત્યારે તેમના શિષ્ય સુમિત્રાનંદે કહ્યું : ‘શું લવ્યા કરો છો ? રસોઈમાં આપણા સાધુ પણ એ ભેગા હતા.’


આ સાંભળી પવિત્રાનંદ સ્વામી છાના રહી ગયા.

પરંતુ આ પ્રસંગથી જાગા ભક્તને થયું કે ‘આપણે પાલમાં ગુણાતીતાનંદ સ્વામી સાથે ઉતારો કર્યો છે તેની દાઝ આ સાધુઓ ગુણાતીતાનંદ સ્વામી ઉપર ઉતારે છે. ગુણાતીતાનંદ સ્વામીને આપણા કારણે સાંભળવું પડે તે ઠીક નહીં.’ આમ વિચાર કરી, હકા ભગતને કહી એક મોદિયું મંગાવ્યું અને તંબુની બહાર આસન કર્યું.

બપોરની સભામાં જાગા ભક્ત પાલની બહાર બેઠેલા એટલે ગુણાતીતાનંદ સ્વામીએ તંબુની ઝીલર ઊંચી કરી તેઓ સામે જોઈને કહ્યું : ‘બેઠા છો ને ?’

તેઓએ કહ્યું : ‘હા.’

પછી ગુણાતીતાનંદ સ્વામીએ યોગેશ્વરદાસને કહ્યું: ‘બલિરાજાનું વચનામૃત વાંચો.’ તેથી તેઓએ આ ગઢડા પ્રથમ પ્રકરણનું ૬૧મું વચનામૃત વાંચ્યું. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ જાગા ભગતને કહેલું : ‘આટલું વચનામૃત તમારું કરી રાખજો.’[૩૨]



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૬૨

આ વચનામૃતની વિશિષ્ટ ઓળખ આપતાં તા. ૧૫-૧૨-૧૯૫૬ના

૩૨. ‘અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી’ : ૨/૧૪૫; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સપ્તમ આવૃત્તિ.

રોજ હરદ્વારમાં યોગીજી મહારાજ બોલેલા : 'મોટાપુરુષને નિર્દોષ જાણવા, સર્વજ્ઞ જાણવા અને તેમની સાથે અંતરાય ન રાખવો, તો મોટાપુરુષ રાજી થાય અને તેમના ગુણ આવે. સંબંધ થાય તો ગુણ આવે. સંબંધનું વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૨.'[૩૩]

❀

આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૨ સાથે અન્ય એક રસપ્રદ ઐતિહાસિક વિગત પણ સંકળાયેલી છે :

સં. ૧૯૯૨ના અધિક ભાદરવા માસમાં અમદાવાદ મુકામે શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યમાં અલૌકિક પારાયણ યોજાઈ હતી. આ પ્રસંગે જૂનાગઢ દેશના ગુણાતીત જ્ઞાનના અભ્યાસી શ્રી અર્જુનભાઈ રણછોડભાઈ ચાવડા પણ કથાલાભ લેવા આવતા. તેઓએ જૂનાગઢના સમર્થ સંતો સ્વામી નારણદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી તથા પીપલાણાના જોગીસ્વામી ધર્મપ્રસાદદાસજી વગેરેનો પણ સમાગમ કરેલો.

એક વાર ગોંડળના જૂના સ્વામિનારાયણ મંદિરમાં અર્જુનભાઈ દર્શન માટે ગયા હતા. ત્યાં સભામાં આ જ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૨ વંચાતું હતું. તે પરથી તેઓએ નારણદાસ સ્વામીને પૂછ્યું : 'સ્વામી! સત્યશૌચાદિક કલ્યાણકારી ગુણ જો સંતમાં આવે તો તે સંત ભગવાનનું સ્વરૂપ ગણાય કે નહીં ?'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર નારણદાસ સ્વામીએ કહેલું: 'એવા કલ્યાણકારી ગુણો જે સત્પુરુષમાં હોય તે સત્પુરુષ ભગવાનનું સ્વરૂપ જરૂર ગણાય.'

ઘણા વખત પહેલાં સાંભળેલી આ વાત અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજની વાણી સાંભળી અર્જુનભાઈને સત્ય લાગી અને થયું કે – 'નક્કી આ શાસ્ત્રીજી મહારાજ ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ છે.'

બાદ તેઓએ શાસ્ત્રીજી મહારાજને કેટલાક પ્રશ્નો પૂછ્યા. તેના ખુલાસા કરી શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'મારે તમને પાંચ-સાત વચનામૃતો સમજાવવાં

---

૩૩. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૨/૧૪૫; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ

છે, માટે બોચાસણ સમૈયે આવજો.'

તેથી અર્જુનભાઈ બોચાસણ ગયેલા અને આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૨ મુજબ તેઓને ભગવાનના ઓગણચાલીસ કલ્યાણકારી ગુણો શાસ્ત્રીજી મહારાજમાં પ્રગટ છે તેવો નિશ્ચય થઈ ગયો. ગુણાતીત જ્ઞાનના જાણકાર અર્જુનભાઈને આટલાં વર્ષોની તપશ્ચર્યાને અંતે સાચી વસ્તુ પ્રાપ્ત થયાનો અતિશય આનંદ થયેલો.[૩૪]

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૬૩

સં. ૧૯૨૨માં ગુણાતીતાનંદ સ્વામી ઊના પધારેલા. અહીં સભામાં તેઓ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧, ૬૩, ૭૧ પર વાતો કરતા હતા. તેમાં એકદમ બોલ્યા: 'મજકૂર વયો ગયો તેની ખબર પડી?'

ત્યારે એક હરિભક્તે પૂછ્યું: 'સ્વામી! મજકૂર શું?'


એટલે પ્રાગજી ભક્તે કહ્યું: 'આ વાતો કરે છે તે જ મજકૂર! કાં જે, પ્રગટ ભગવાન અને પ્રગટ અક્ષર ઓળખવા એ જ મજકૂર છે.'[૩૫]

આમ, આ વચનામૃત સાથે ગુણાતીતાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ તરીકેની ઓળખ ઈતિહાસની એક ઘટના બની જોડાયેલી છે.

---

૩૪. 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' : ૨/૧૧-૧૫; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સપ્તમ આવૃત્તિ.

૩૫. 'અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી' : ૨/૨૫૯; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સપ્તમ આવૃત્તિ.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૭૧

આ વચનામૃત સાથે ઉપરોક્ત વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૩ સાથે સંકળાયેલી ઐતિહાસિક બીના તો સંલગ્ન છે જ; તદુપરાંત, અન્ય પણ ઐતિહાસિક સ્મૃતિઓ ગૂંથાયેલી છે, તેને ક્રમશઃ જોઈએ.

સં. ૧૯૧૧માં ગુણાતીતાનંદ સ્વામી ચાર માસ સુધી વરતાલ રોકાયેલા અને બ્રહ્મપડછંદા ગજાવેલા. આ પ્રસંગે એક દિવસ શણગાર આરતી પછી સભામાં ગુણાતીતાનંદ સ્વામીએ યોગેશ્વરદાસજી પાસે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧ વંચાવેલું. તેના આધારે ગુણાતીતાનંદ સ્વામીએ જ સભામાં પ્રશ્ન પૂછેલો કે 'આ વચનામૃતમાં મહારાજ સાથે આવેલા અક્ષરધામ તે કોને સમજવા?'

ગુણાતીતાનંદ સ્વામીના આ પ્રશ્નનું સમાધાન બે દિવસ સુધી કોઈ દ્વારા થયું નહીં. ત્રીજે દિવસે રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું : 'સ્વામી! આપે જે પ્રશ્ન 'અક્ષર કોણ?' બે દિવસ પહેલાં પૂછ્યો હતો તેનો ઉત્તર તો તમથી જ થશે. માટે તમે જ કૃપા કરીને કહો.'

ત્યારે મંદ મંદ હસતાં ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા : 'જેની વાંસે ઝાઝા મનુષ્યો ખેંચાતા હોય તેને અક્ષર જાણવા. વળી, જેની વાતોથી અજ્ઞાન દૂર થઈ જીવમાં બ્રહ્મભાવ પ્રગટ થતો હોય તેને અક્ષર જાણવા. વળી, જેની વાતોથી શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે તેવો તત્ત્વે કરીને નિશ્ચય જીવમાં દૃઢ થતો હોય તેને અક્ષર જાણવા.'

ગુણાતીતાનંદ સ્વામીનો આ ઉત્તર સાંભળી કથા બાદ સ્વામીના હેતવાળા હરિભક્તોએ તેઓને જ પૂછ્યું કે 'સ્વામી ! આજ બપોરની કથામાં આપે ચોખ્ખું કેમ ન કહ્યું ?'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલેલા : 'તમે જેમ સમજો છો તેમ

બરોબર છે. બાકી સભામાં તો ઉત્તર જેમ થાતો હોય તેમ થાય.'[૩૬]

આમ, આ વચનામૃત સાથે ગુણાતીતાનંદ સ્વામી દ્વારા થયેલી અક્ષરબ્રહ્મની સ્પષ્ટ ઓળખ સંકળાયેલી છે.

❀

વિ.સં. ૧૯૨૧ની સાલમાં પવિત્રાનંદ સ્વામી જૂનાગઢમાં સાત દિવસ રોકાયા હતા. તે દરમ્યાન પ્રાગજી ભક્ત રઘુવીરચરણદાસના આસને બેસી, રાત્રે બાર વાગ્યે આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧ મુજબ 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે' એવું પ્રતિપાદન કરી રહેલા.

આ સાંભળી પવિત્રાનંદ સ્વામીએ કંટાળીને કહેલું : 'એલા પ્રાગજી ! બાર વાગ્યા. હવે તો અક્ષરનું સાલ મૂક.' એમ કહી પ્રાગજી ભક્ત પર ખિજાયેલા અને આક્રોશવશ થઈ બોલેલા : 'તને વિમુખ ન કરું તો હું પવિત્રાનંદ નહીં.'

તે વખતે ભગતજી મહારાજ પણ બોલેલા : 'જો મેં ગુણાતીતાનંદ સ્વામીને સેવ્યા હશે અને જો સ્વામી મૂળ અક્ષર હશે તો તમારી જ ભેગા બેસીને કથાવાર્તા કરવી છે અને જેવું છે તેવું જ્ઞાન કરવું છે.'[૩૭]

ભગતજી મહારાજે વિમુખ થઈને પણ ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મપણાનો વિજયટંકાર કર્યો હતો. તેમાં નિમિત્તરૂપ હતું – આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧.

❀

સન ૧૯૬૮માં પોરબંદર ખાતે બપોરે જમ્યા બાદ કથામાં વાત કરતા યોગીજી મહારાજ બોલેલા : "હરિનારાયણ સ્વામી મૂળીના હતા. તે કોઈએ રસોઈ આપી હોય અને લાડુ વધ્યા હોય તેનું બિલ ન કરે. ગુણાતીતાનંદ સ્વામીના હેતવાળા હતા. મૂળી મંદિરમાં એક વખત સભામાં વાત નીકળી કે 'અક્ષર સાકાર કે નિરાકાર ?'

---

૩૬. 'અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી' : ૧/૩૮૦-૩૮૧; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સપ્તમ આવૃત્તિ.

૩૭. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૧૦૩-૧૦૪; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.


બધા કહે : 'હરિનારાયણ સ્વામી કહે તે સાચું.'

ત્યારે તેમણે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧મું કઢાવ્યું ને અક્ષર સાકાર છે એમ સમજાવેલું.''[૩૮]

❀

સન ૨૦૧૦માં ગુણાતીત દીક્ષા દ્વિશતાબ્દી મહોત્સવ ડભાણમાં ઊજવાયો તે પ્રસંગે, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે આ જ વચનામૃતમાંનાં શ્રીહરિનાં આજ્ઞાવચન ઝીલાવ્યાં હતાં: *'ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.'*

ત્યારબાદ તેઓએ શ્રીહરિનાં આ વચન નિત્ય સંભારી રાખવા અને બીજાને વાત કરવા બી.એ.પી.એસ.ના સમગ્ર ભક્તસમુદાયને ખાસ અનુરોધ કર્યો હતો.



ઈતિહાસની અટારીએથી...
વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૭૪

'દાદા! જાણે છે? બાપુ જીવાખાચર હવે છેલ્લો દાવ રમી રહ્યા છે. તારો ગરાસ તેમને ઝૂંટવી લેવો છે. તારા દરબારમાં તેમને પોતાના નેજા ફરકાવવા છે. તમને સૌને ભૂંડા હાલે રઝળતા કરી દેવા છે.... મુક્તાનંદ સ્વામી! બાપુ જીવાખાચરે બે હજાર માણસો ભેગા કર્યા છે. મોટું ધિંગાણું થવાનું છે. એ બહાને ભાવનગરથી આરબો બોલાવ્યા છે. કાલે તો તે આંહી હલ્લો કરશે. કદાચ દાદાના ભાગનાં ગામોનો પણ કબજો લઈ લ્યે!'

હજી તો શ્રીજીમહારાજ આ પ્રમાણે વાત કરી રહ્યા હતા ત્યાં તો મેઘજી

---

૩૮. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૫/૮૭-૮૮; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ

અને હસન હાંફતાં-હાંફતાં આવ્યા અને કહેવા લાગ્યા : 'મહારાજ ! ગજબ થઈ ગયો ! લક્ષ્મીવાડીમાં આપણો આખો શેરડીનો વાઢ કોઈએ સળગાવી દીધો છે. બધું ભડકે બળે છે.'

સોમલાખાચરે પણ અવગતની આ એંધાણીમાં ટાપશી પૂરતાં કહ્યું : 'મહારાજ ! દરબારગઢની ડેલીએ કાઠીઓ તથા આરબોનું ટોળું હોકારા ને પડકારા કરે છે. માટે ઝટ હુકમ કરો.'

...અને શ્રીજીમહારાજે આદેશ આપ્યો : 'સોમલા ! તમને સૌને અમારા આશીર્વાદ છે. સમરાંગણમાં પટા ખેલતાં શત્રુઓનાં માથાં તમારી તલવારોના ઝાટકાથી ટપોટપ ઊડવાં માંડશે. માટે કરો કંકુના. કદાચ સો-બસોનાં માથાં વધેરાઈ જાય તો પણ દાદાખાચરની રક્ષા માટે ઓછું છે.'[૩૯]

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૪માં શ્રીજીમહારાજે ઉચ્ચારેલા શબ્દો '...આ દાદાખાચરને થોડું જ આપત્કાળ જેવું આવ્યું હતું, તેમાં પણ જેનું અંતઃકરણ જેવું હશે તેવું સૌનું જણાણું હશે...'ની પૂર્વભૂમિકા ઉપરોક્ત પ્રસંગ છે.

દાદાખાચરના કાકા જીવાખાચરે દાદાની જમીન ઉચાપત કરી જવા જે પેંતરો રચેલો તેને શ્રીજીમહારાજે પોકળ સાબિત કરી દીધેલો, પરંતુ આ ઘટનાચક્ર ફર્યું તે દરમ્યાન કેટલાય સંતો-ભક્તોનાં મન ચકડોળે ચઢી ગયાં હશે કે 'સત્સંગમાં આવું કેમ ?'


આ વિચાર-વમળને શમાવવા શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૪માં સામેથી જ વાતનો ઉપાડ કર્યો કે – 'જેને જેટલો વૈરાગ્ય હોય અને જેને જેટલી સમજણ હોય તે તો જ્યારે કોઈક વિષયભોગની પ્રાપ્તિ થાય અથવા જ્યારે કોઈક આપત્કાળ આવી પડે ત્યારે કળાય પણ તે વિના કળાય નહીં અને ઝાઝી સંપત કે આપત આવે એની શી વાત કહેવી ? પણ આ દાદાખાચરને થોડું જ આપત્કાળ જેવું આવ્યું હતું, તેમાં પણ જેનું અંતઃકરણ જેવું હશે તેવું સૌને જણાણું હશે...'

આમ, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૪નું પગેરું દાદાખાચર પર આવેલી આફત સુધી પહોંચેલું જણાય છે. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ

---

૩૯. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૧૯૪-૧૯૬; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

૭૪ના આ ઘર સુધી પહોંચતાં એક વિશેષતા એ નજરે ચઢે છે કે બે હજારનું સૈન્ય હલ્લો બોલાવવા રીડિયારા કરતું હતું, છતાં શ્રીજીમહારાજ કહે છે: '...થોડું જ આપત્કાળ જેવું આવ્યું હતું...' આ વચનો પરથી ખ્યાલ આવે છે કે આ વચનામૃતમાં તેઓએ ઉદ્દ્બોધેલી ભગવાનના કર્તાહર્તાપણાની સમજણ તેઓના જીવનમાં સારધાર ઊતરેલી હતી.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૭૫

આ વચનામૃતમાં કુલ બે પ્રશ્નો પૂછાયા છે : તેમાં પ્રથમ સુરાખાચર પૂછે છે કે 'જેના કુળમાં ભગવાનનો એક ભક્ત થાય તો તેનાં એકોતેર પરિયાં ઉદ્ધરે છે – એમ કહ્યું છે. અને તેના ગોત્રમાં કેટલાક તો સંતના ને ભગવાનના દ્વેષી પણ હોય ત્યારે તેનો કેવી રીતે ઉદ્ધાર છે ?'

સુરાખાચર દ્વારા પૂછાયેલા આ પ્રશ્નનું ગોત્ર આ પ્રમાણે સાંપડે છે...

દાદાખાચરનો ગરાસ હડપી લેવા આવેલા સૈન્યને હઠાવી પાર્ષદો પુનઃ દાદાના દરબારમાં આવ્યા, ત્યાં જ જીવાખાચર દોડતાં-દોડતાં આવ્યા ને શ્રીજીમહારાજને કહેવા લાગ્યા : 'મહારાજ ! બચાવો, બચાવો. આ વજેસંગ ઠાકોરે આ ભાવર મોકલ્યા ને ધિંગાણું અમારા આંગણાંમાં જ થયું.'

તે સાંભળી શ્રીજીમહારાજ ઊભા થઈ ગયા અને સીધા જ જીવાખાચરના દરબારમાં પહોંચ્યા. અહીં તેમણે ભાવરોને જોયા એટલે જીવાખાચરને કહ્યું : 'બાપુ ! આ ભાવર બધા તો તમારે આંગણે જ મહેમાન થઈને બેઠા છે અને તમે કહો છો કે ધિંગાણું તમારે ત્યાં થયું ?'

એટલામાં અમૂલાબા આવી ગયાં. તેમણે કહ્યું : 'મહારાજ ! માફ કરો પણ આ બધાં બાપુનાં જ કામાં છે. તેમની મતિ બગડી છે અને દાદા બાપુનો ગરાસ પડાવી લેવાની પેરવી કરી રહ્યા છે.'

આ સાંભળી મહારાજે જીવાખાચર સામું જોયું. તેઓ કાંઈ બોલી શક્યા

નહીં. મહારાજ ત્યાંથી નીકળી ગયા.[૪૦]

આ પ્રસંગ બન્યા પછી તરતનું જ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૫મું છે. તે સમયે આટલી મોટી અથડામણ પછી મનમાં વિચારો ઘોળાવા સ્વાભાવિક છે કે 'દાદાખાચર જેવા ઉત્તમ ભક્તના કુળમાં જન્મ લેનારાના જીવનમાં આટલો બધો દ્વેષ ?' આ વિચારોના ઘમસાણમાંથી સુરાખાચરે અહીં પ્રશ્ન પૂછ્યો હોય તે નિર્વિવાદપણે જણાય છે.


❀

આ જ વચનામૃતમાં નાજા જોગિયા બીજો પ્રશ્ન પૂછે છે કે 'ભગવાનનો ભક્ત હોય તે એક તો દૃઢ નિશ્ચયવાળો હોય અને એક તો થોડા નિશ્ચયવાળો હોય અને ઉપરથી તો બેય સારા દેખાતા હોય, તે બે કેમ ઓળખ્યામાં આવે ?'

આ પ્રશ્ન પણ ઉપરોક્ત પ્રસંગના આધારે જ પૂછાયો હશે તેમ માનવાને સબળ કારણ છે, કારણ કે જીવાખાચર અને દાદાખાચર બંને શ્રીજીમહારાજની સેવા કરતા હતા. જીવાખાચરે ભગવાન સ્વામિનારાયણની કરેલી સેવાઓ તો સૌ માટે ઉદાહરણરૂપ બને તેવી હતી. જેમ કે, શ્રીજીમહારાજને ટાઢ ચડેલી તો તે મટાડવા પોતાનો નવો રંગિત ઢોલિયો કાપીને તેનાં બળતણથી શ્રીજીમહારાજને તપાડેલા. શ્રીજીમહારાજને થૂંકવું હતું તો પોતાનું મંડિલ ધરી દીધેલું. શ્રીજીમહારાજને શૌચ જવું હતું અને બહાર વરસાદ વરસતો હતો તો ઘરના ચૂલા પર શૌચ માટે બેસાડેલા વગેરે... પરંતુ તેઓ જ ભગવાન અને ભક્તનો દ્રોહ કરવામાં આટલી હદ સુધી ધસી ગયા. આ જોઈ કોઈને પણ પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક હતો કે 'દૃઢ નિશ્ચયવાળા અને થોડા નિશ્ચયવાળા, બેય ઉપરથી સારા દેખાતા હોય, પણ તે કેમ ઓળખાય ?' અને આવો જ પ્રશ્ન નાજા જોગિયા પૂછી રહ્યા છે.

આમ, અહીં જણાય છે કે દાદાખાચર પ્રત્યે જીવાખાચરની ઈર્ષ્યા અને દ્વેષના કારણે ઘટેલી ઘટમાળમાં વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૪ અને વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૫ – બંને વચનામૃતનાં મૂળિયાં દટાયેલાં છે.

૪૦. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૧૯૭; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.



ઇતિહાસની અટારીએથી...
વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૭૬

આ વચનામૃત સંપ્રદાયનાં પ્રારંભકાળમાં 'ચાર ગાંઠું(ગાંઠ)નાં વચનામૃત' તરીકે ઓળખાતું હોવું જોઈએ તેવો એક મત છે, કારણ કે 'સ્વામીની વાત'માં આવે છે કે '...જીવમાં તો કપટ, માન, ઈર્ષ્યા વગેરે ઘણું છે. તે ઉપર ચાર ગાંઠુંનું વચનામૃત વંચાવ્યું ને વાત કરી જે, રાણની ગાંઠ હોય તો કુવાડી ગરે નહીં...'[૪૧]

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૬માં શ્રીજીમહારાજ ક્રોધ, ઈર્ષ્યા, કપટ અને માન એ ચારને છોડવાની વાત કરે છે. તેના અનુસંધાનમાં ઉપરોક્ત વાતમાં કપટ, માન, ઈર્ષ્યાનો ઉલ્લેખ કરી 'ચાર ગાંઠુંનું વચનામૃત' એવું લખાયું છે, કેટલાકનું આવું માનવું છે.

જો કે ગુણાતીતાનંદ સ્વામીએ તેઓની વાત(૧૩/૪૬)માં 'સ્ત્રી, દ્રવ્ય, દેહાભિમાન અને સ્વભાવ એ ચાર ગાંઠ્યું છે, એ બહુ કઠણ છે.' એમ પણ કહ્યું છે.

ઉપરોક્ત ચાર વિગતનો ઉલ્લેખ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૩માં આ રીતે થયો છે કે 'ભગવાનના ભક્તને સ્ત્રી, ધન, દેહાભિમાન અને સ્વભાવ એ ચાર વાનાંમાં કાચ્યપ હોય ને તે ભગવાનની ભક્તિ કરતો હોય તો પણ તેની ભક્તિનો વિશ્વાસ નહીં '

અહીં વચનામૃત અને વાતોનાં ઉપરોક્ત બે પ્રમાણોથી એમ લાગે છે કે વચનામૃત ગઢડા અંત્ય ૩૩માં જણાવેલી ચાર વિગતોને જ 'ચાર ગાંઠ્યું' તરીકે ગુણાતીતાનંદ સ્વામી ગણાવી રહ્યા છે. આ વાત વિશેષ યુક્તિયુક્ત એટલા માટે લાગે છે કે ગુણાતીતાનંદ સ્વામી ૧૩/૪૬મી વાતમાં જણાવે છે કે 'ત્યાગીને દેહાભિમાન અને સ્વભાવ એ બે ગાંઠ્યું છે અને ગૃહસ્થને બાયડી,

---

૪૧. 'સ્વામીની વાતો' : ૧૧/૩૯૯, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, દ્વિતીય આવૃત્તિ.

છોકરાં, મેડી અને દ્રવ્ય એ ચાર છે....'

અહીં પ્રશ્ન થાય કે ત્યાગીને બે જ ગાંઠ્યું કેમ કહી ? તો ૧૧/૩૯૯મી વાતમાં ગુણાતીતાનંદ સ્વામી આ પ્રશ્નનો ખુલાસો કરતા હોય એમ કહે છે કે '....આંહીં બેનો તો સંબંધ જ નથી. પણ માંહીં અંકુર છે એ જોગ થાય ત્યારે ઝાડ થાય... એમ બેનો કહેતાં ધન-સ્ત્રીનો તો ઉપરથી પ્રસંગ જ નથી પણ જો માંહીં અંકુર છે તો જોગ થયે ઝાડ થશે...'

આમ, ૧૩/૪૬ અને ૧૧/૩૯૯ એ બે વાતોને સરખાવતાં ખ્યાલ આવે છે કે ત્યાગીને ધન-સ્ત્રીના ત્યાગ સંબંધી નિયમને કારણે ગુણાતીતાનંદ સ્વામી 'ત્યાગીને દેહાભિમાન ને સ્વભાવ બે ગાંઠ્યું છે' એમ કહી રહ્યા છે.

ગૃહસ્થ માટે ગણાવેલી ચાર ગાંઠ્યું – બાયડી, છોકરાં, મેડી, દ્રવ્ય – એ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૩ના ઉપાડ સાથે સુસંગત થાય છે. એમાં શ્રીજીમહારાજ કહે છે કે એમાં શ્રીજીમહારાજ કહે છે કે 'ધન, દોલત, સ્ત્રી અને પુત્ર (સરખાવો ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો – બાયડી, છોકરા, મેડી અને દ્રવ્ય) એ આદિક જે પદાર્થ તેણે કરીને એની બુદ્ધિમાં ફેર પડે નહીં. અને એને અર્થે કોઈને વિષે આસ્થા આવે નહીં. એવા તો સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્તો હોય, ઝાઝા હોય નહીં...'

આમ, સ્વામીની વાત – ૧૩/૪૬, ૧૧/૩૯૯ અને વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૩ની વિગતોનો પરસ્પર મેળ બેસાડતાં વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૩નો ચાર ગાંઠ્યુંના વચનામૃત તરીકે ગુણાતીતાનંદ સ્વામી ઉલ્લેખ કરી રહ્યા હોય તેમ જણાય છે અને આ વિગત વધુ તર્કસંગત લાગે છે.


❀

આ વચનામૃતની ઉદ્‌બોધનતિથિ સાથે પણ એક અનન્ય ઐતિહાસિક ઘટના જોડાયેલી છે – સદ્. રામદાસ સ્વામીના ધામગમનની.

શ્રીજીમહારાજના ગુરુભાઈ સમા રામદાસ સ્વામીએ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૬ની ઉદ્‌બોધનતિથિ આ.સં. ૧૮૭૬, પ્રથમ જ્યેષ્ઠ સુદ ૧૧ના દિવસે દેહ મૂકતાં વાત કરેલી કે 'આ શ્રીજીમહારાજ આપણી સમક્ષ મનુષ્ય જેવા દેખાય છે પરંતુ સાક્ષાત્ પરાત્પર પુરુષોત્તમ નારાયણ, સર્વોપરી અને સર્વ અવતારોના અવતારી છે. જો તમે આમ સમજશો તો જ તમારું

આત્યંતિક કલ્યાણ થશે. આ શ્રીહરિ સર્વોપરી છે. તેમનાથી પર કોઈ નથી એમ હું જાણું છું. આમાં જો હું લગારે પણ અસત્ય બોલતો હોઉં તો આ પાંચસો પરમહંસોના મને સમ છે; એટલું જ નહીં, પરંતુ આ બ્રહ્માંડ ભાંગ્યાનું પણ પાપ મારે માથે છે.'[૪૨]

આમ કહી તેઓએ શ્રીજીમહારાજ પાસે તેઓનાં ચરણારવિંદ પોતાની છાતીમાં માંગ્યાં. શ્રીજીમહારાજે તેઓનો આ મનોરથ પૂરો કર્યો. મહારાજે પોતે સાકરનું પાણી મંગાવી, તેમાંથી થોડું પીને તે પ્રસાદીજળ રામદાસ સ્વામીને પાયું અને થોડી વારમાં આ.સં. ૧૮૭૬, પ્રથમ જેઠ સુદ ૧૧ના દિવસે રામદાસજી ધામમાં પધારી ગયા.[૪૩]



ઇતિહાસની અટારીએથી...
વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૭૭

ઈતિહાસની અટારીએ ચઢી વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૭ પર દૃષ્ટિપાત કરતાં બે નૂતન વિગતો આંખ સામે આવે છે :

પ્રથમ તો વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૬ અને વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૭ના ઉદ્‌બોધન વચ્ચે ખાસ્સો લગભગ પચાસેક દિવસનો અવકાશ ધ્યાન ખેંચે છે. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૬ની ઉદ્‌બોધનતિથિ છે – પ્રથમ જ્યેષ્ઠ સુદ ૧૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૭ની ઉદ્‌બોધનતિથિ છે – દ્વિતીય જ્યેષ્ઠ વદ અમાસ. એટલે કે પૂરા ત્રણ પખવાડિયાં ઉપરાંત પાંચેક દિવસ અર્થાત્ પચાસેક દિવસનો સમયગાળો આ

---

૪૨. अत्रासत्यं यदा स्याच्चेत्तर्हि मे शपथः सताम् ।
अस्ति ब्रह्माण्डभंगस्य पातकं मे तथा महत् ॥
– 'દુર્ગપુર માહાત્મ્ય', અ. ૭૮; લે. – આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ.

૪૩. 'શ્રીસહજાનંદ સ્વામી ચરિત્ર': પૃ. ૨૨-૨૩; લે. – બ્રહ્મચારી આત્માનંદ સ્વામી (વરતાલ), શોધક – બ્રહ્મચારી પુરાણી સદ્. શાંતિપ્રિયાનંદજી (વરતાલ).

બે વચનામૃત વચ્ચે પસાર થઈ ગયો છે.

આમ તો 'વચનામૃત' વાંચતાં આવું ઘણી વાર બનેલું જણાય છે. જેમ કે, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૫ અને ૫૬ વચ્ચે પચીસેક દિવસનો સમય વ્યતીત થઈ ગયેલો છે. ગઢડા મધ્ય પ્રકરણ ૫૭ અને ૫૮ વચ્ચે લગભગ અઠ્યાવીસ દિવસનો સમયગાળો છે. ગઢડા મધ્ય પ્રકરણ ૬૧ અને ૬૨ વચ્ચે તો ૧૩૦ દિવસ પસાર થઈ ગયા છે. ગઢડા મધ્ય પ્રકરણ ૬૧ની ઉદ્‌બોધનતિથિ છે – સં. ૧૮૮૧, શ્રાવણ વદ ૭ અને ગઢડા મધ્ય પ્રકરણ ૬૨ની ઉદ્‌બોધનતિથિ છે – સં. ૧૮૮૧, માગશર સુદ ૨. આ રીતે બે સળંગ વચનામૃત વચ્ચે પ્રલંબ સમયાવકાશ વચનામૃતમાં જોવા મળે છે, પરંતુ બીજે તે સ્વાભાવિક જણાય છે. જ્યારે ગઢડા પ્રથમ પ્રકરણનાં બે સળંગ વચનામૃતોમાં આટલો લાંબો સમયાંતરાલ – ૫૦ દિવસનો – ધ્યાનાર્હ એટલા માટે છે કે ગઢડા પ્રથમ પ્રકરણનાં મોટા ભાગનાં વચનામૃતો સળંગ તિથિ પ્રમાણે જાય છે.

જેમ કે, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧ થી ૧૮ વચ્ચે એકપણ દિવસનો અવકાશ ગયો નથી. આ બધાં જ વચનામૃત સળંગ ચાલે છે. એ જ રીતે ગઢડા પ્રથમ પ્રકરણ ૧૯થી ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩ વચ્ચે પણ તિથિની દૃષ્ટિએ લગભગ સળંગસૂત્રતા જળવાયેલી જણાય છે, કારણ કે આ પંદર વચનામૃતો વીસ દિવસના સમયખંડમાં ઉદ્‌બોધાયેલાં છે. અર્થાત્ બે વચનામૃતો વચ્ચે કોઈ વિશેષ સમયગાળો જણાતો નથી. પ્રથમ પ્રકરણનાં બે વચનામૃતો વચ્ચે મહત્તમ સમયાવકાશ પસાર થયો હોય તો તે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનાં ૭૪ અને ૭૫ તથા વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનાં ૭૫ અને ૭૬ વચ્ચે પસાર થયેલો પંદર દિવસનો સમયગાળો છે. તેની સરખામણીમાં વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનાં ૭૬ અને ૭૭ વચ્ચે પચાસ દિવસનો સમયગાળો અભ્યાસની દૃષ્ટિએ જરૂર ધ્યાનાર્હ બને છે.


ઇતિહાસની અટારીએ ચઢી નિરીક્ષણ કરતાં આ સમયાવકાશનું કારણ જડે છે – શ્રીજીમહારાજે ગ્રહણ કરેલી ટૂંટિયાની બીમારી. તેનું વર્ણન આ પ્રમાણે મળે છે...

"એકાદશી પછી (એટલે કે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૬ના ઉદ્‌બોધન પછી) શ્રીહરિએ ટૂંટિયાનો વ્યાધિ ગ્રહણ કર્યો. વ્યાધિ જોરદાર રહ્યો. મધ્ય દિવસ થયો અને જ્યારે કોઈ પાસે નહોતું ત્યારે ટૂંટિયું આવ્યું.

તેને શ્રીહરિએ તેનું પરાક્રમ જોવા પોતાનામાં પ્રવેશ કરવા દીધો, પણ તે ધ્રૂજતું હતું. શ્રીહરિ કહે : 'ટૂંટિયું બીજાને કેવી પીડા કરે છે તે મારે જોવું છે.' ...પછી શ્રીહરિમાં ટૂંટિયાનો વેગ દેખાવા માંડ્યો. ઓખાલ-પખાલ બહુ થવા લાગી. અંદરથી તાવ પણ રહેવા લાગ્યો. જોનારને મોહ ઊપજે એવાં ચરિત્ર શ્રીહરિ કરવા લાગ્યા... શ્રીહરિએ ખરેખર દેહથી જુદા થવા નિર્ધાર્યું હોય તેવું થઈ ગયું... કંઈ ખાતા નહીં. ખાય તો ટકતું નહીં... દસ દિવસ પછી ઊઠવા-બેસવાની શક્તિ આવી. પછી દસ-વીસ પગલાં ચાલવા માંડ્યું... પછી દ્વિતીય જેઠ વદિ એકાદશીના દિવસે હરિભક્તો શ્રીહરિ માટે જે પાકી કેરી લાવ્યા હતા તેનો રસ અને રોટલી જમ્યા... ત્યારપછી જેઠ વદી અમાસના રોજ શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૭મા વચનામૃત પ્રમાણે વાત કરી.''[૪૪]

આમ, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૭ પહેલાં શ્રીજીમહારાજે અસાધારણ વ્યાધિ ગ્રહણ કર્યો હતો. તેથી વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનાં ૭૬ અને ૭૭ વચ્ચે ઘણો લાંબો સમય પસાર થઈ ગયેલો જણાય છે.

૪૪. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' : પૂર-૨૧, તરંગ - ૮૩-૯૦, લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.




ઇતિહાસની અટારીએથી...

વચનામૃત સારંગપુર પ્રકરણ : ૧

આ વચનામૃત સાથે સંકળાયેલી વિશિષ્ટ ઓળખ એ છે કે જ્યારે સં. ૧૯૫૩માં ભગતજી મહારાજનું જૂનાગઢમાં ભવ્ય સન્માન કરવામાં આવ્યું ત્યારે તેઓએ કથાવાર્તાનો અદ્‌ભૂત લાભ જૂનાગઢના મંદિરમાં રહીને આપ્યો હતો. આ રોકાણ દરમ્યાન જન્માષ્ટમીના સમૈયા બાદ એ સભામાં ભગતજી મહારાજે મન જીતવા સંબંધી કેટલીક વાત કરીને નારાયણભાઈ નામના હરિભક્ત પાસે આ વચનામૃત સારંગપુર પ્રકરણ ૧ વંચાવેલું.

ત્યારબાદ ભગતજી મહારાજ બોલેલા : 'આ વચનામૃત તો બ્રહ્મવિદ્યાનો એકડો છે. જેને બ્રહ્મવિદ્યા સિદ્ધ કરવી હોય તેણે આ વચનામૃત શીખવું પડશે.'[૪૫]

આમ, ઈતિહાસની અટારીએ ચઢી ડોકિયું કરતાં આ વચનામૃતનો એક નવો પરિચય પ્રાપ્ત થાય છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત સારંગપુર પ્રકરણ : ૨

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે દર્શનની રીત શીખવતાં કહ્યું છે કે '...જેમ ધર્મપુરમાં કુશળકુંવરબાઈ હતાં તે અમારાં દર્શન કરતાં જતાં હતાં અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં, તેમ દર્શન તો મને યુક્ત

૪૫. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૪૭૯; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં...'


શ્રીજીમહારાજની આ સદૃષ્ટાંત વાત પાછળ ઈતિહાસ એવો છે કે સં. ૧૮૭૨ના પોષ માસમાં શ્રીજીમહારાજ ધરમપુર પધાર્યા હતા. તે રોકાણ દરમ્યાન એક વાર ધરમપુરના મહારાણી કુશળકુંવરબાએ શ્રીજીમહારાજને પૂછ્યું કે 'મહારાજ ! આપ જ્યારે જ્યારે અમને કાગળ લખતા ત્યારે 'અનિર્દેશથી લિખાવિતં' એમ લખતા. તે એ અનિર્દેશ શું છે ?'

ત્યારે શ્રીજીમહારાજે કહેલું : 'આ તમારો દરબાર નિર્દેશ અને ધર્મપુર શહેર અનિર્દેશ. આ પૃથ્વી નિર્દેશ છે ને જળ અનિર્દેશ છે...' એમ સમજાવતાં 'પ્રકૃતિપુરુષ નિર્દેશ છે ને અક્ષરધામ અનિર્દેશ છે' એમ સમજાવ્યું. આમ, શ્રીજીમહારાજે ઉત્તર કર્યો ત્યાં સુધી કુશળકુંવરબાઈ એકાગ્રતાથી દર્શન કરતાં રહ્યાં ને વૃત્તિ પલટાવીને હૈયામાં ઉતારતાં ગયાં.[૪૬]

ગુણાતીતાનંદ સ્વામીએ પણ આ પ્રસંગનો ઉલ્લેખ તેઓની ત્રીજા પ્રકરણની ૬૨ની વાતમાં કર્યો છે.

એવું કહેવાય છે કે ધરમપુરમાં ધર્મલાભ આપી શ્રીજીમહારાજે ગઢડા જવા વિદાય લીધી તેના થોડા સમયમાં જ શ્રીજીમહારાજના વિયોગે કુશળકુંવરબાઈનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. તેથી જ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં '...કુશળકુંવરબાઈ હતાં...' એમ ભૂતકાળનો પ્રયોગ કરી રહ્યા છે.

ટૂંકમાં, આ વચનામૃતમાં ઉચ્ચારાયેલા કૃપાવચનની પાર્શ્વભૂમાં કુશળ-કુંવરબાનો ઉપરોક્ત જીવનપ્રસંગ ઈતિહાસની હકીકત થઈને ઊભો છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત સારંગપુર પ્રકરણ : ૯

આ વચનામૃતનો વિશેષ પરિચય આપતાં સન ૧૯૬૬ની જન્માષ્ટમીની

૪૬. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૩/૪૨૭; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિ-નારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

સવારની કથામાં યોગીજી મહારાજે મુંબઈમાં વાત કરેલી કે 'આ દેહ છતાં બ્રહ્મરૂપ થવાનું વચનામૃત.'[૪૭]

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત સારંગપુર પ્રકરણ : ૧૦

આ વચનામૃત બે જુદાં જુદાં ગામમાં ઉદ્‌બોધાયેલું છે. પૂર્વાર્ધ ખાંભડામાં અને ઉત્તરાર્ધ સારંગપુરમાં. ખાંભડામાં શ્રીજીમહારાજે ધર્મી - અધર્મી એ બે પ્રકારના માણસોની વાત કરી છે. આ વચનામૃતની આગળના વચનામૃત સારંગપુર પ્રકરણ ૯માં પણ શ્રીજીમહારાજને સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે 'સ્થાન તે કેને કહીએ?' તો તેના ઉત્તરમાં પણ ધર્મનું જ પ્રતિપાદન કરતાં શ્રીજીમહારાજે જણાવ્યું છે કે 'ચાર વર્ણ અને ચાર આશ્રમ તેને જે પોતપોતાનો ધર્મ તેને સ્થાન જાણવું... માટે ગમે તેવો આપત્કાળ પડે ને અમે આજ્ઞા કરીએ તો પણ તમારે પોતાના ધર્મમાંથી ચળવું નહીં... માટે સર્વને પોતાના ધર્મમાં રહ્યાં થકાં જેટલી પૂજા થાય તેટલી કરવી એ અમારી આજ્ઞા છે...'

આમ, વચનામૃત સારંગપુર પ્રકરણ ૯ના સમાપન અને વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦ના પ્રારંભમાં શ્રીજીમહારાજે ધર્મમાં દૃઢ રહેવાનું અતિશય પ્રતિપાદન કરેલું છે. શાથી? ઉત્તરમાં ઈતિહાસ કંઈક આવો મળે છે :

'...મહારાજે વિચાર કર્યો કે સત્સંગનું બંધારણ હવે દૃઢ થઈ ગયું છે. ચારે દિશામાં સત્સંગ પાંગર્યો છે. સંતો પણ દેશ-પરદેશમાં સત્સંગ પ્રસારણ અર્થે ફરે છે, પરંતુ સત્સંગના હિતાર્થે સંતોને નિયમની દૃઢતા વિશેષ ને વિશેષ જો થતી રહેશે તો જ સત્સંગના પાયા પાતાળે જશે. નહીં તો આખી

---

૪૭. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૩/૫૧૮; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

ઈમારત કડડભૂસ કરતી હેઠી પડશે અને ફક્ત નિર્જીવ ખોખા સમાન સત્સંગ રહેશે. તેથી તેઓએ પ્રેમાનંદ સ્વામીને 'વર્તમાન-વિવેક'નો ગ્રંથ રચવા આજ્ઞા કરી તેમજ હરિભક્તોએ પણ પાળવા અંગેનો પત્ર લખાવ્યો. તેમાં ધર્મ તથા અધર્મના સર્ગની સવિસ્તર વાત લખાવી.

આ નિયમોની દૃઢતા થતી જ રહે, તેનું જાણપણું કદી ચુકાય નહીં, તે માટે જ્યારે સંતોની પંક્તિમાં મહારાજ પીરસવા પધારતા, ત્યારે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ વર્તમાન સંબંધી રચેલાં પદોમાંથી એક એક પદ સંતોએ અચૂક બોલવું તેવો નિયમ તેમણે કર્યો હતો. તે પદ સંતો બોલે પછી જ મહારાજ પીરસવાની શરૂઆત કરતા...'[૪૮]

ઉપરોક્ત વર્ણન બાદ તરત જ ગ્રંથોમાં લખાયું છે : '...ખાંભડાના હરિભક્તોના આગ્રહથી મહારાજ સારંગપુરથી નીકળી કુંડળ થઈને ખાંભડા પધાર્યા. અહીં હરિભક્તોને ઉપદેશ આપી સાંજે પાછા સારંગપુર પધાર્યા.'[૪૯]

આમ, શ્રીજીમહારાજ કુંડળ – ખાંભડા પધાર્યા ત્યારે ધર્મ-નિયમના પાયા ઊંડા ધરબવાના પ્રયત્નો ચાલી રહેલા. તેથી આ બંને ગામનાં વચનામૃતમાં શ્રીજીમહારાજે ધર્મપાલનની વાત કરી છે. એટલું જ નહીં, સારંગપુર આવી ગયા બાદ વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૨માં 'સાધુને વિષે કયા કયા ગુણ અખંડ રહે છે ને કયા ગુણ આવે-જાય એવા છે ?' તેના ઉત્તરમાં પણ સ્વધર્મ-પાલનનું પ્રતિપાદન જોવા મળે છે.

વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૩માં પણ '...ધર્મની પ્રવૃત્તિનું જે કારણ તે પણ શાસ્ત્ર જ છે અને જેણે શાસ્ત્ર કોઈ દિવસ સાંભળ્યાં જ નથી એવા જે અજ્ઞાની જીવ તેમને વિષે પણ મા, બહેન, દીકરી અને સ્ત્રી તેની વિગતિરૂપ જે ધર્મની મર્યાદા તે આજ સુધી ચાલી આવે છે. તેનું કારણ પણ શાસ્ત્ર જ છે... માટે જેને શાસ્ત્રનાં વચનનો વિશ્વાસ હોય... તે ધર્મમાંથી પણ કોઈ કાળે ડગે જ નહીં...' – દ્વારા ધર્મપાલનનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૪માં પણ '...પતિવ્રતા સ્ત્રી હોય તે... પતિવ્રતાનો ધર્મ રાખ્યાની બીકે અતિશય મનમાં ખટકો રાખીને કોઈ પુરુષ

---

૪૮. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૨૧૮-૧૯; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિ-નારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

૪૯. એજન.

સાથે હસીને તાળી લે નહીં.. તેને તો તમે મૂળગી ખોટ્ય બતાવો છો. અને વળી જેમ કોઈક સ્ત્રી પોતાને મનમાં આવે તે પુરુષ સાથે તાળિયો દેતી ફરે ને પતિવ્રતાનો ધર્મ પાળવાનો ખટકો ન રાખે... તેને તો તમે શ્રેષ્ઠ બતાવો છો, એ તે શું તમારી એવી અવળી સમજણ છે કે કેમ છે ?' – દ્વારા શ્રીજીમહારાજ ધર્મપાલનની જ મહત્તા બતાવે છે.

આમ, વચનામૃત સારંગપુર પ્રકરણ ૯ થી ૧૪ સુધી લગભગ દરેક વચનામૃતમાં શ્રીજીમહારાજ ધર્મનું પ્રતિપાદન કરતા આવ્યા છે. તેઓનાં આ ઉપદેશવચનોને ઈતિહાસની અટારીએ ચઢી જોતાં આ ઉપદેશામૃતનું ઘર આ અરસામાં તેઓએ લખાવેલ 'વર્તમાનવિવેક' ગ્રંથ, તેઓએ હરિભક્તોને લખાવેલ ધર્મસંબંધી પત્ર તથા પીરસતાં પહેલાં ધર્મની દઢતા કરાવતાં પદોનું ગાન કરવાનો આગ્રહ વગેરે પ્રસંગો જણાય છે. સંપ્રદાયમાં તે સમયે ધર્મપાલનમાં દઢતાની વાત પર ઝોક હતો. તેથી તે સમયગાળા દરમ્યાન ઉદ્‌બોધાયેલ વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦માં અને અન્ય વચનામૃતોમાં પણ તેની અસર ઝીલાયેલી જોવા મળે છે.

❀

વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦ના ઉત્તરાર્ધમાં ઈતિહાસની દૃષ્ટિએ નજર કરતાં અન્ય બહુમૂલ્ય વિગતો સાંપડે છે. પ્રથમ વિગત એવી છે કે – એક વાર જામનગરમાં જાગા ભક્ત નિષ્કુળાનંદ સ્વામીના કરેલ મહિમાનો ખરડો (કાગળ) લઈને વાંચતા હતા. તેમાં 'સખી શિયો કરું ઉપાય, પિયુ પરદેશડે...' એ ચરણ આવ્યું, ત્યારે ગુણાતીતાનંદ સ્વામી પોઢ્યા હતા તે બેઠા થયા ને બોલ્યા કે 'ફેર વાંચો.' પછી ફરી વાંચ્યું.

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલેલા : 'આ પણ એક મારા ગુરુનું અજ્ઞાન દેખાય છે ! જેને જ્ઞાન હોય તેને પિયુ પરદેશડે મનાય જ નહીં. એ તો એમ જાણે જે, ભગવાન અખંડ મારા આત્માને વિષે વિરાજમાન છે ને જેમ દેહમાં જીવ રહ્યો છે તેમ મારા જીવમાં ભગવાન રહ્યા છે, એમ સારંગપુરના દશના વચનામૃતમાં કહ્યું છે.'[૫૦]

આમ, આ વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦માં શ્રીજીમહારાજે કહેલ

---

૫૦. 'સ્વામીની વાતો' : ૯/૨૪૩, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, દ્વિતીય આવૃત્તિ.

કૃપાવચન 'મારા ચૈતન્યને વિષે ભગવાન સદાય વિરાજમાન છે', તેની સાથે સંકળાયેલ આ એક ઐતિહાસિક સત્ય - તથ્ય અહીં ઉદ્‌ઘાટિત થતું જોઈ શકાય છે.

❀

આ વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦ સાથે શાસ્ત્રીજી મહારાજના જીવનનો પણ એક પ્રેરણાદાયી પ્રસંગ જોડાયેલો છે. તેની વિગત એવી છે કે – સં. ૧૯૪૩માં શાસ્ત્રીજી મહારાજ વડોદરાના મંદિરમાં વિરાજમાન હતા. તે વખતે એક સાધુ દેહ મૂકી ગયા. તેમના દેહને પધરાવવા માટે મંદિરની બહાર સુથાર લાકડાં ભેગા કરી વિમાન તૈયાર કરતો હતો અને કૃશ શરીરવાળા શાસ્ત્રીજી મહારાજ ઓટલા પર બેઠા હતા.

તે વખતે પુરાણી શ્વેતવૈકુંઠદાસે રમૂજ કરતાં કહ્યું : 'યજ્ઞપુરુષદાસ! તમે આ વિમાનમાં ભેગા બેસી જજો, જેથી મહારાજને તમોને તેડવા આવવા માટે દાખડો કરવો ન પડે.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'અમારે વિમાનની જરૂર નથી. મહારાજ અને અક્ષરધામ છેટા જ ક્યાં છે ! કારણ, અંતર્વૃત્તિવાળાને છેટું નથી અને બહારવૃત્તિવાળાને છેટું છે.'

તે સાંભળી પુરાણી બોલ્યા : 'જો તેમ હોય તો મહારાજ રથ, વિમાન લઈ તેડવા આવે છે, એ વચનામૃતમાં લખેલું ખોટું પડે.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે આ વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦ના આધારે કહેલું : 'પુરાણી મહારાજ! બેસો. વચનામૃતમાં બાહ્યદૃષ્ટિવાળાની અને અંતર્દૃષ્ટિવાળાની પણ વાત છે.'

એમ કહી આ વચનામૃત પર એવું સચોટ નિરૂપણ કર્યું કે પુરાણી શ્વેતવૈકુંઠદાસ ડોલી ઊઠ્યા અને બોલી ઊઠ્યા કે 'આ રહસ્યની તો મને આજે જ ખબર પડી. માટે આજથી હું તમારા ભેગો છું.'[૫૧]

આમ, વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦ના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ કંઈ કેટલીય ઐતિહાસિક તવારીખોને પોતાનામાં સંઘરીને બેઠા છે. તે જાણમાં

૫૧. 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' : ૧/૮૮-૮૯; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિ-નારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

આવતાં 'આ રહસ્યની વાત તો મને આજે જ ખબર પડી' એવી પુરાણી શ્વેતવૈકુંઠદાસ જેવી અનુભૂતિ આપણને પણ થાય તો નવાઈ નહીં!

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત સારંગપુર પ્રકરણ : ૧૧

સાંપ્રદાયિક ઈતિહાસના ફલક પર દૃષ્ટિ કરતાં વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૧ના ઘરની ભાળ કંઈક આ રીતે મળે છે:

સદ્. પ્રસાદાનંદ સ્વામી કહે છે:

"પછી હરિભક્તો કહે – 'અમારા ગામમાં તો પચીસ સંતો ઝોળી માંગે તો પણ ખાય.'

પછી મહારાજ કહે : 'હજી અમારે બે માસ રહેવા છે અને મહેમાન આવે તેનો ઘસારો પણ આવે.'

ત્યારે સંતો બોલ્યા : 'હે મહારાજ! અમો બીજા ગામ ઝોળી માંગીને આવીએ તો કેમ?'

ત્યારે મહારાજ કહે : 'જમીને આવે તેની છૂટી છે.'

પછી સંત સવારે જાય ને બોટાદ, સેંથળી ને ખસ ને બગડ ને ખાંભડા વગેરે ગામોમાં ઝોળી માંગીને, ગોળા વાળીને જમીને આવતા હતા.

પછી ગઢડાથી મુક્તાનંદ સ્વામીએ જ્ઞાનાનંદને અને મને મહારાજ પાસે મોકલ્યા. પછી મહારાજ પાસે જઈને વાત કરી. પછી શતાનંદ સ્વામી 'સત્સંગિ-જીવન'ની કથા કરતા તે બંધ રાખી અને મહારાજે મને ગઢડાના સમાચાર પૂછ્યા, દેશકાળના પૂછ્યા. પછી અમે કહ્યું જે, 'અડધી રાતના ચાલ્યા હતા.'

ત્યારે મહારાજ કહે : 'રસ્તામાં જાનવર મળ્યું હતું કે ?'

ત્યારે અમે કહ્યું કે 'સાવજ મળ્યો હતો.'

તે સમયે અમરા પટગરને શરીરે કસર થઈ તે સમાચાર મળ્યા, એટલે મહારાજે ઘોડીએ ચઢીને કુંડળના અમરા પટગર પાસે જઈને દર્શન આપ્યાં.

પછી અમરા પટગર બોલ્યા કે 'મારો દેહ રહે કે ન રહે પણ તમો પાંચસે સંતમંડળ સહિત પધારજો.' પછી મહારાજ બોલ્યા કે 'જાઓ, આવીશું.' પછી ઘોડીએ અસવાર થઈને સારંગપુર આવ્યા. પછી અમરા પટગર ધામમાં ગયા.

પછી મહારાજે મને અને જ્ઞાનાનંદ સ્વામીને કહ્યું કે 'તમો ગઢડા જઈને મુક્તાનંદ સ્વામીને બોલાવી લાવો.' અને અડખે-પડખેનાં ગામોમાં રહેતા સંતોને બોલાવ્યા. તે પણ આવ્યા ને મહારાજ મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને દેશકાળની વાત પૂછતા હતા.

પછી મહારાજ બ્રહ્માનંદ સ્વામીને કહે : 'અમે તમારે સારુ રસોઈ કરાવી છે.' પછી બ્રહ્માનંદ સ્વામી કહે : 'મહેમાનને શી ચિંતા હોય? ચિંતા તો ઘરધણીને હોય.' પછી મહારાજ હસતાં હસતાં જમવા પધાર્યા.

પછી જમીને સભા કરી. તેમાં હરિભક્તો તથા સંતો આવીને બેઠા. પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'પુરુષપ્રયત્ને કરીને કેટલું કામ થાય ને ભગવાનની કૃપાએ કરીને કેટલું કામ થાય?'' પછી તેનો ઉત્તર મહારાજે કર્યો.''[૫૨]


ઉપરોક્ત પ્રશ્નથી જ વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૧ની શરૂઆત થાય છે; જેની પૂર્વભૂમિકામાં અગાઉ વર્ણવેલ પ્રસંગ છે. આ વિગત નજરમાં આવતાં વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૧નું એક નવું જ ચિત્ર આપણી સામે ઊપસી રહે છે.

આ વચનામૃતના અંતમાં શ્રીજીમહારાજ જણાવે છે કે '...દેહપર્યંત કસર ન મટી હોય અને અંત સમે જ નિર્વાસનિક થાય ને ભગવાનને વિષે અતિશય પ્રીતિ થાય તો અંતકાળે પણ ભગવાનની કૃપા થાય ને ભગવાનના ધામને પામે... માટે અંતસમે એક ઘડી મૃત્યુ આડી રહી હોય ત્યારે પણ જો અતિશય ભગવાનને વિષે વૃત્તિ જોડાઈ જાય તો તે ભક્તને કોઈ જાતની કસર રહેતી નથી.'

આ વાત પણ આ વચનામૃતના ઉદ્બોધન પૂર્વે જ થયેલા અમરા પટગરના ધામગમનને લક્ષ્યમાં રાખીને જ શ્રીજીમહારાજે કરી હશે કે શું?

---

૫૨. 'સદ્. પ્રસાદાનંદ સ્વામીની વાતો' : પૃ. ૨૨૪-૨૨૬; પ્રકા. – શ્રીસ્વામિનારાયણ મંદિર, કાળુપુર.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત કારિયાણી પ્રકરણ : ૧, ૨

વચનામૃત કારિયાણી પ્રકરણ ૧ અને ૨ – આ બંને વચનામૃતમાં નિશ્ચય સંબંધી પ્રશ્નોત્તરી જોવા મળે છે.

વચનામૃત કારિયાણી પ્રકરણ ૧માં પ્રથમ ભૂધરાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે કે 'ભગવાનનો નિશ્ચય થાય છે તે અંતઃકરણમાં થાય છે કે જીવમાં થાય છે ?'

આ જ વચનામૃતમાં નિત્યાનંદ સ્વામી પણ પૂછે છે કે 'ઇન્દ્રિયોમાં નિશ્ચય હોય તે કેમ જણાય ને અંતઃકરણમાં નિશ્ચય હોય તે કેમ જણાય ને જીવમાં નિશ્ચય હોય તે કેમ જણાય ?'

વચનામૃત કારિયાણી પ્રકરણ ૨માં સ્વયં શ્રીજીમહારાજ પરમહંસોને પ્રશ્ન પૂછે છે કે 'એકની બુદ્ધિ તો એવી છે જે, જે દહાડાથી સત્સંગ કર્યો હોય તે દહાડાથી ભગવાનનો તથા સંતનો અવગુણ આવે ખરો પણ રહે નહીં, ટળી જાય. પણ એમ ને એમ ગુણ-અવગુણ આવ્યા કરે પણ સત્સંગ મૂકીને કોઈ દિવસ જાય નહીં. શા માટે જે, એને બુદ્ધિ છે તે એમ જાણે જે, 'આવા સંત બ્રહ્માંડમાં ક્યાંય નથી અને મહારાજ વિના બીજો કોઈ ભગવાન નથી,' એમ સમજાણું હોય માટે સત્સંગમાં અડગપણે રહે છે. અને એકની તો એવી બુદ્ધિ છે જે, સંતનો અથવા ભગવાનનો કોઈ દિવસ અવગુણ જ આવતો નથી. અને બુદ્ધિ તો બેયની સરખી છે અને ભગવાનનો નિશ્ચય પણ બેયનો સરખો છે; પણ એકને અવગુણ આવ્યા કરે છે ને એકને નથી આવતો, તે જેને અવગુણ આવે છે તેની બુદ્ધિમાં શો દોષ છે ?'

આમ, કારિયાણીનાં પહેલાં બે વચનામૃતોમાં ભગવાનના સ્વરૂપના નિશ્ચયનો વિષય છેડાયેલો છે. હવે આ વચનામૃતોને ઈતિહાસની અટારીએથી જોતાં તેનાં ઘર આ રીતે દૃષ્ટિગોચર થાય છે...

'શ્રીહરિચરિત્રામૃતસાગર' મુજબ વચનામૃત કારિયાણી પ્રકરણ ૧ અને

૨નો ઉલ્લેખ આ ગ્રંથના પૂર-૨૩ અને તરંગ - ૪૫ થી ૪૮માં કરવામાં આવ્યો છે. તો પૂર-૨૩ ના તરંગ-૪૪માં એટલે કે આ બંને વચનામૃતોના ઉલ્લેખ થયાના પૂર્વના તરંગમાં શું વિગત મૂકી છે તે જોતાં જ વચનામૃત કારિયાણી પ્રકરણ ૧ અને ૨માં ચાલેલી ભગવાનના નિશ્ચયરૂપી પ્રશ્નોત્તરીનો તાળો તરત જ મળી જાય છે. શ્રીહરિચરિત્રામૃતસાગરના પૂર-૨૩, તરંગ-૪૪નું આ વર્ણન વાંચો...

"શ્રીહરિ બહુ દિવસ સારંગપુર રહ્યા. તે વખતે દીનાનાથ ભટ્ટ ચાર માસ શ્રીહરિની સાથે રહ્યા હતા. પંદર વર્ષથી તેમને સત્સંગનો યોગ હતો અને શ્રીહરિને ભગવાન જાણતા હતા તો પણ ઉથડકપણું વર્તતું હતું. તેથી અંતરમાં ઉદ્વેગ રહેતો. શ્રીહરિએ નરનારાયણરૂપે દર્શન દીધું ત્યારે પૂર્ણ પુરુષોત્તમપણું સંપૂર્ણ સમજાયું, પણ અલૌકિક રૂપ દીઠા વિના મનમાં નિરુત્સાહ રહેતા. કોઈને વાત કહેતા નહીં. ત્યારે શ્રીહરિ તેમના અંતરની વાત જાણી અને સ્વપ્નમાં દર્શન દીધાં. પ્રથમ શ્રીહરિરૂપે પ્રગટ થયા, પછી નરનારાયણની બે મૂર્તિઓ રૂપે થયા. શંખ-ચક્રાદિક આયુધ, મુગટ તથા વસ્ત્ર-આભૂષણોએ યુક્ત મંદ હાસ્ય કરતાં ઉદ્ધવ અને નારદજી સાથે ભગવાનની તપોમૂર્તિનાં દર્શન થયાં. અને નારાયણે વિપ્રને કહ્યું કે 'શ્રીહરિની મનુષ્યરૂપ મૂર્તિ ફાવે તેમ ચરિત્ર કરે તો પણ બધા અવતારના કારણ છે એમ માનવું. ભવ-બ્રહ્માદિક એમનાં ઐશ્વર્યનો પાર પામે તેમ નથી. એમની આગળ અમારું શું લેખું?' એમ નારાયણે કહ્યું ત્યારે ભટ્ટની મતિ નિઃસંશય થઈ. પછી શ્રીહરિને સવારમાં પગે લાગી બધી વાત કહીને બોલ્યા કે 'હવે બધા કુતર્ક મટી ગયા છે.' ત્યારે શ્રીહરિ ભટ્ટને કહે : 'અમે કહીએ તેમ કરે તે અમને ગમે છે... અમને અમાયિક જાણીને ગાય છે, તેની મતિ શુદ્ધ થાય છે ને સત્સંગની વાતની રુચિ થાય છે...'[૫૩]


અહીં દીનાનાથ ભટ્ટના મનમાં થતા નિશ્ચય-અનિશ્ચયના ઘાટ અને તેની નિવૃત્તિનું વર્ણન છે. આ વિગત તેઓએ જ શ્રીજીમહારાજને જણાવી છે. તેથી તે શ્રીહરિની સમીપે રહેતા પરમહંસોના ધ્યાનમાં પણ આવી છે.

---

૫૩. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' : પૂર-૨૩, તરંગ-૪૪; લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.

તેથી તેના આધારે વચનામૃત કારિયાણી પ્રકરણ ૧ અને ૨માં ભગવાનના નિશ્ચયનો વિષય છેડાયો હશે તેમ માનવા સબળ કારણ મળી રહે છે.

આમ, વચનામૃત કારિયાણી પ્રકરણ ૧ અને ૨ની પિછવાઈમાં દીનાનાથ ભટ્ટનો આ પ્રસંગ છુપાયેલો છે. તે પરથી પડદો ખસતાં જ હવે આ વચનામૃતની વાતમાં વિશેષ રોમાંચ અનુભવાય છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત કારિયાણી પ્રકરણ : ૫

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ સ્વયં જ પ્રશ્ન પૂછે છે કે '...જે ભગવાન તેને અવતાર ધર્યાનું શું પ્રયોજન છે ?'

શ્રીજીમહારાજના આ પ્રશ્નને ઇતિહાસનો દૃશ્યવર્ધક કાચ (Magnifying glass) લઈ તપાસતાં તેની પાછળ છુપાયેલી ઐતિહાસિક ઘટનાના સળ આ રીતે ખૂલતાં જણાય છે :

વચનામૃત કારિયાણી પ્રકરણ ૫મું એ સં. ૧૮૭૭ની દિવાળીના પૂર્વ દિવસનું વચનામૃત છે. આ વર્ષના દિવાળીના ઉત્સવે ગોપાળાનંદ સ્વામી પણ વડોદરાથી પધાર્યા હતા. તે વખતે તેઓ સાથે શ્રીજીમહારાજે કરેલી એક બેઠક(મિટિંગ)નું વર્ણન આ રીતે પ્રાપ્ત થાય છે...

"મહારાજે રતનજીને કહ્યું : 'રતનજી ! તમે જાઓ અને (ગોપાળાનંદ) સ્વામીને એકલાને બોલાવી લાવજો.'

થોડી વારે સ્વામી આવ્યા ત્યારે મહારાજે શુકમુનિને કહ્યું : 'તમે બહાર જાઓ.' એટલે શુકમુનિ તરત જ ઊઠ્યા.

તે વખતે નિષ્કુળાનંદ સ્વામી દાડિયા પાસે ચોકડી અને કૂંડી ટીપાવતા હતા. તેમને લાગ્યું કે સ્વામીને ખાસ બોલાવીને મહારાજ વાત કરવા માગે છે, એટલે કંઈક રહસ્યની વાત હશે. તેથી તે એકદમ કામ પડતું મૂકીને ઓરડીમાં આવી ગયા.

તેમને જોઈને મહારાજે કહ્યું : 'સ્વામી ! તમે દાડિયા ઉપર નજર રાખો, નહીં તો કામ બરાબર થશે નહીં.' એટલે નિષ્કુળાનંદ સ્વામી ઊઠ્યા અને બંદોબસ્ત કરીને પાછા આવ્યા. ત્યારે મહારાજે ફરી કહ્યું : 'સ્વામી ! જાતે દેખરેખ વગર કામ બરોબર થાય નહીં. માટે ઊઠો અને કામ બરાબર કરાવો.'

નિષ્કુળાનંદ સ્વામી સમજી ગયા. મહારાજે બારણું બંધ કરાવ્યું. પછી તેઓએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું : 'સ્વામી ! અમે અક્ષરધામમાંથી અમારું અક્ષરધામ અને તમો બધા મુક્તોને લઈને અહીં આવ્યા છીએ તેનો હેતુ જાણો છો ?' પછી શ્રીજીમહારાજે કહ્યું : 'સાંભળો, અમે છ હેતુ લઈને પૃથ્વી ઉપર આવ્યા છીએ. તે તમને આજે કહેવા માટે બોલાવ્યા છે.''[૫૪]

આમ કહી શ્રીજીમહારાજે પોતાના અવતાર ધર્યાનું પ્રયોજન ગોપાળાનંદ સ્વામીને જણાવેલું.

ઉપરોક્ત પ્રસંગના વર્ણન બાદ તરત જ, વચ્ચે એક પણ અન્ય વાક્ય સિવાય સીધું જ સં. ૧૮૭૭ના કારિયાણીના દીપોત્સવનું વર્ણન શરૂ થાય છે. એટલે કે શ્રીજીમહારાજે પોતાના 'અવતાર ધર્યાનું પ્રયોજન' જણાવ્યું તે દિવાળીનો પૂર્વદિન – સં. ૧૮૭૭, આસો વદિ ચૌદશનો હોવો જોઈએ.


હવે વચનામૃત કારિયાણી પ્રકરણ ૫ની તિથિ જુઓ, તો તે પણ આ જ તિથિ – સં. ૧૮૭૭, આસો વદિ ૧૪ છે. આમ, વચનામૃત કારિયાણી પ્રકરણ ૫ની પ્રસ્તાવના સદ્. ગોપાળાનંદ સ્વામી સાથે શ્રીજીમહારાજે કરેલી ગોષ્ઠિમાં સમાયેલી છે. વચનામૃત કારિયાણી પ્રકરણ ૫નું ઘર તે વાર્તાલાપમાં નિહિત થયેલું દેખાય છે.

શ્રીજીમહારાજ અને ગોપાળાનંદ સ્વામી વચ્ચેનો ઉપરોક્ત વાર્તાલાપ બારણાંની તડમાંથી સાંભળી નિષ્કુળાનંદ સ્વામી આનંદિત થઈ બોલી ઊઠેલા : 'આ વાત આજે સમજાણી. કડી મળી ગઈ !'

એ જ રીતે વચનામૃત કારિયાણી પ્રકરણ ૫ની પાછળ રહેલી આ ઐતિહાસિક ઘટના જાણમાં આવતાં આપણું મન પણ આનંદિત થઈ નિષ્કુળાનંદ સ્વામીની જેમ જ બોલી ઊઠશે : 'આ વાત આજે સમજાણી. કડી મળી ગઈ.'

---

૫૪. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૨૩૨; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત કારિયાણી પ્રકરણ : ૬

આ વચનામૃત દિવાળીના દિવસે ઉચ્ચારાયેલું છે. તેના પ્રારંભમાં આમ વર્ણન આવે છે :

“પછી દીવબંદરનાં હરિભક્ત આવ્યાં હતાં. તેણે શ્રીજીમહારાજની પૂજા કર્યાને અર્થે પ્રાર્થના કરી. પછી શ્રીજીમહારાજે તે સિંહાસન પરથી ઊતરીને તે ભક્તજન સામા જઈને તેની પૂજા અંગીકાર કરી, પછી તેનાં આપેલાં વસ્ત્ર તથા પીળું છત્ર તથા પાદુકા તેનું ગ્રહણ કરીને પાછા તે સિંહાસન ઉપર વિરાજમાન થતા હવા.

પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, ‘આટલાં આટલાં વર્ષ થયાં તેમાં અમારે અર્થે કેટલાક હરિભક્ત વસ્ત્ર તથા હજારો રૂપિયાના અલંકાર લાવે છે, પણ અમે આવી રીતે કોઈ સામા જઈને લેતા નથી અને આવી રીતે કોઈનાં વસ્ત્ર-ઘરેણાં પહેરીને રાજી થયા નથી. આજ તો અમારે એ હરિભક્ત ઉપર અતિશય રાજીપો થયો...’

આ વર્ણન પરથી મનમાં જિજ્ઞાસા જાગે કે ‘કોણ હશે એ હરિભક્ત? તેઓ શું લાવ્યા હશે ? શ્રીજીમહારાજનો આટલો રાજીપો શાથી ? વગેરે...’

કવિ ભારવિએ લખ્યું છે કે ‘वीतस्पृहाणामपि भक्तिभाजां भवन्ति भव्येषु हि पक्षपाताः ।’[૫૫] નિઃસ્પૃહીને પણ ભવ્ય પ્રતિ અનાયાસે આકર્ષણ થઈ જાય છે.

આ જ પ્રકારની વાત અહીં કાંઈક બની છે, જે શ્રીજીમહારાજ ભાર નામે રૂમાલ રાખવા રાજી નહીં તે આ ભેટ સામેથી સ્વીકારે ?

આ જિજ્ઞાસા સંતોષવા ઈતિહાસની અટારીએ ચઢી જોતાં આવી હકીકત હાથ લાગે છે. દીવબંદરના શેઠ પ્રેમચંદભાઈ બખાઈનાં પુત્રીનું નામ પ્રેમાબાઈ હતું. તેઓને બાળપણથી જ સત્સંગ. તેઓનાં લગ્ન દીવનાં જ એક


૫૫. कीरातार्जुनीयम्, भारविः, 3/12.

વણિક કુટુંબમાં થયેલાં, પરંતુ તેઓ થોડાં વર્ષોમાં વિધવા થયેલાં. ત્યારબાદ તેઓએ સાંખ્યયોગીની દીક્ષા લઈ તપસ્વી જીવન સ્વીકારેલું.

આ પ્રેમાબાઈએ એક વાર શ્રીહરિ માટે સોનેરી તારના વાઘા જાતે ગૂંથેલા. તે સમયે તેઓ પાસે રાજુલાનો મૂળો રાજગર - જે એક ઠગ હતો - તે આવેલો. તેણે શ્રીજીમહારાજનો વેશ ધારણ કરેલો અને તે પ્રેમાબાઈના ઘેર આવી શ્રીહરિ માટે બનાવેલાં એ કિંમતી વસ્ત્રાભૂષણ પડાવી ગયેલો.

પ્રેમાબાઈને પાછળથી આ ખ્યાલ આવ્યો, પરંતુ તેઓએ પુનઃ એટલી જ શ્રદ્ધાથી બીજાં નવાં વસ્ત્રાભૂષણો શ્રીહરિ માટે તૈયાર કર્યાં અને જાતે જ શ્રીહરિને અર્પણ કરવાં નીકળ્યાં. તેઓ સં. ૧૮૭૭ની દિવાળીના દિવસે કારિયાણી પહોંચેલાં અને શ્રીજીમહારાજે તેઓની આ ભક્તિ સામેથી સ્વીકારેલી. ત્યારબાદ શ્રીજીમહારાજે આ વચનામૃત કારિયાણી પ્રકરણનું ૬ ઉદ્‌બોધેલું.[૫૬]

આમ, આ વચનામૃતના ઈતિહાસમાં સંપ્રદાયનાં એક નારી ભક્તરત્નની ઝળહળતી ભક્તિ બીજરૂપે રહેલી છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત કારિયાણી પ્રકરણ : ૯

આ વચનામૃતનું મથાળું 'પાડાખારનું' છે. તેની વિગતમાં એવું કહેવાય છે કે વરતાલમાં એક પાર્ષદે પાડાને કોઈક પ્રસંગે સારી પેઠે મારેલો. પછી આ પાડો તે પાર્ષદને જ્યાં જુએ ત્યાં તેની પાછળ પડે. કાળાંતરે તે પાર્ષદનું અવસાન થયું ને અગ્નિસંસ્કાર પણ થઈ ગયા. ત્યારે પેલો પાડો સ્મશાનમાં ગયો ને પાર્ષદના પાર્થિવ શરીરની રાખમાં માથું ભરાવીને તે ઉડાડવા માંડ્યો. મરતાં સુધી જ નહીં, પણ મરી ગયા પછીયે રીસ ન જાય તે પાડાખાર

૫૬. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૨૩૪-૨૩૬; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

કહેવાય.[૫૭]

આવી રીસના અનુસંધાનમાં શ્રીજીમહારાજ આ વચનામૃતમાં પ્રશ્ન પૂછે છે કે 'જેને એવી મલિન રીસ હોય જે, જેની ઉપર આંટી પડે તે સંગાથે આંટી મૂકે જ નહીં, પાડાની પેઠે રીસ રાખ્યા જ કરે. એવો જે હોય તેને તે સાધુ કહીએ કે ન કહીએ?'

આ પ્રશ્નના પાયામાં ઈતિહાસની ઈંટ કંઈક આ રીતે રહેલી છે :

''બ્રહ્મમુનિને એક દિવસ શ્રીહરિએ કહ્યું કે તમે મુક્તમુનિની સાથે અબોલા કર્યા છે એમ સાંભળ્યું છે... સત્સંગમાં તમે બે બહુ મોટા છો. મુક્તમુનિ સાંજ-સવાર નિત્ય તમને પગે લાગવા આવે છે પણ તમે બોલતા નથી. તો ગુરુનો શો અભાવ આવ્યો તે કહો. તમારી સમજણ તો બહુ ભારે છે. મોટા મોટા રાજાઓ પણ તમને માનતા હતા ત્યારે કંચનનો વરસાદ તમારા પર થતો. કન્યા આપવા જ્ઞાતિના લોકો પાછળ ફરતા, પરંતુ સાંસારિક સુખને ઝેર જેવાં માની, પિંડ-બ્રહ્માંડને અસત્ય સમજી સત્સંગ કર્યો, છતાં પણ તમને વિક્ષેપ થયો તે આશ્ચર્યની વાત છે, તેનું કારણ સમજાતું નથી.

ત્યારે નિર્વિકારાનંદ બોલ્યા કે 'વાસુદેવાનંદમુનિ જે બ્રહ્મમુનિના લહિયા હતા તેમને બ્રહ્મમુનિ સાથે નહીં બનવાથી એકડમલ થઈ જવાના હતા. ત્યારે મુક્તમુનિએ તેમને વાત કરીને બ્રહ્મમુનિના ગુણ દેખાડ્યા, પણ તેમના માન્યામાં આવ્યું નહીં. ત્યારે છેવટે મુક્તમુનિએ કહ્યું કે 'તમે ઉદાસીનતા છોડીને અમારી પાસે રહો.' ત્યારે તે મુક્તમુનિ પાસે રહ્યા. તેથી બ્રહ્મમુનિને ખોટું લાગ્યું એટલી વાત હું જાણું છું.'

ત્યારે શ્રીહરિ બ્રહ્મમુનિને કહે : 'તમે સમજુ થઈ આ શું કર્યું? તમે સત્સંગમાં મોટા છો. મોટાનો દોષ કહેવો તે પણ વિચારવા જેવું છે. જેને મોટા જાણે તેને માન મેલીને નમાય નહીં તો નરકમાં પડી ચૂક્યા એમ જાણવું.'

ત્યારે બ્રહ્મમુનિ હાથ જોડીને બોલ્યા કે 'આપ સાચું કહો છો... મુક્ત-મુનિ સમાન કોઈ સમર્થ સંત નથી, પણ મારો દેહ છૂટવાનો હતો ત્યારે હરિભક્ત બાઈઓએ આયુષ્ય આપી હતી. તે કોઈ બાઈના દોષે કરીને મારે આવો વિક્ષેપ આવી ગયો...' એમ કહી સંત-હરિભક્તોના દેખતાં

---

૫૭. 'સ્વભાવવશ સંસાર' : પૃ. ૩૦-૩૧; લે. – સાધુ વિવેકસાગરદાસ, પ્રકા. – સ્વામિ-નારાયણ અક્ષરપીઠ.

(બ્રહ્મમુનિએ) મુક્તમુનિની પ્રાર્થના તથા દંડવત્ કર્યાં...'[૫૮]

આમ, બ્રહ્માનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામી સાથે સાત દિવસ રાખેલી આંટીના સંદર્ભમાં શ્રીજીમહારાજ બ્રહ્માનંદ સ્વામીને જ આ વચનામૃત કારિયાણી પ્રકરણ ૯માં પ્રશ્ન પૂછે છે કે 'જેને એવી મલિન રીસ હોય... તેને તે સાધુ કહીએ કે ન કહીએ?' આ રીતે વચનામૃત કારિયાણી પ્રકરણ ૯ પાછળ આ ઐતિહાસિક ઘટના કારણરૂપે રહેલી છે.

અલબત્ત, અહીં એક વાતની નોંધ લેવી જોઈએ કે બ્રહ્માનંદ સ્વામીનો આ પ્રસંગ શ્રીહરિચરિત્રામૃતસાગર અને ભગવાન સ્વામિનારાયણના વિસ્તૃત જીવન ચરિત્રમાં સારંગપુર પ્રકરણનાં વચનામૃતો પૂરાં થયાં પછી તરત જ મૂકવામાં આવ્યો છે. અર્થાત્ આ પ્રસંગ સં. ૧૮૭૭ના ભાદરવા માસના શુક્લ પક્ષના ઉત્તરાર્ધમાં બનેલો હોવો જોઈએ. જ્યારે વચનામૃત કારિયાણી પ્રકરણ ૯ની ઉદ્બોધનતિથિ સં. ૧૮૭૭ની કાર્તિક સુદ પંચમી છે. એટલે કે બનેલી ઘટનાના લગભગ પોણા બે મહિના બાદ શ્રીજીમહારાજ તે પ્રસંગના સંદર્ભમાં વચનામૃત કારિયાણી પ્રકરણ ૯માં પ્રશ્ન પૂછી રહ્યા છે તેવું થયું. તો શ્રીજીમહારાજે આ પ્રસંગના આધારે સદ્બોધ આપવામાં વિલંબ શાથી કર્યો હશે? તે પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે.

ઉત્તરમાં એક કારણ જડે છે – શ્રીજીમહારાજની સ્વાભાવિક પ્રકૃતિ. મહારાજે જ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮માં કહ્યું છે કે '...જ્યારે જેમાં રાજી થયાનો કે કુરાજી થયાનો સ્વભાવ બહુ દિવસ સુધી જોઉં છું ત્યારે રાજીપો ને કુરાજીપો થાય છે. પણ કોઈના કહ્યા-સાંભળ્યા થકી કોઈની ઉપર રાજીપો કે કુરાજીપો થતો નથી...'

આ પરથી એવું તારણ બાંધી શકાય કે શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીના આ પ્રસંગને જોયા-સાંભળ્યા પછી થોડા સમય સુધી વિચાર કર્યો હોય અને તે બાદ વચનામૃત કારિયાણી પ્રકરણ ૯માં તેને નિમિત્ત બનાવી સદુપદેશ આપ્યો હોય. તે કારણે ઘટના અને તેના આધારે અપાયેલ ઉપદેશ વચ્ચે આટલો સમયગાળો વ્યતીત થઈ ગયો હોય.

---

૫૮. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' : પૂર-૨૩, તરંગ - ૩૩-૩૫; લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.

બીજું કારણ એમ પણ હોઈ શકે કે શ્રીજીમહારાજને સારંગપુરથી કારિયાણી પધારવાનું નિમિત્ત દિવાળી-અન્નકૂટના ઉત્સવો છે. આવા સપરમા દિવસોમાં બે સદ્‌ગુરુ વચ્ચેના સંઘર્ષને નિમિત્ત બનાવી જાહેરમાં ઉપદેશ આપવામાં કોઈ પણ શાલીન વ્યક્તિનું મન માને નહીં. તો સત્સંગની રૂડી રીતના પ્રવર્તક શ્રીજીમહારાજ આવી ભૂલ કરે જ કેવી રીતે? તેથી તેઓએ દિવાળી-અન્નકૂટના ઉત્સવો પૂર્ણ થઈ ગયા બાદ, હરિભક્તોનો મોટો સમુદાય વિખરાઈ ગયા બાદ આ વાત ઉપાડી હશે! તે કારણે ઘટના અને તેના આધારે અપાયેલ ઉપદેશ વચ્ચે આટલો સમયગાળો વ્યતીત થઈ ગયો હોય.

પરંતુ બ્રહ્માનંદ સ્વામીનો જીવનપ્રસંગ વચનામૃત કારિયાણી પ્રકરણ ૯ના નિમિત્તરૂપ રહેલો છે તેવો સર્વસામાન્ય સાંપ્રદાયિક મત છે.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત લોયા પ્રકરણ : ૪

આ વચનામૃતના ઉત્તરાર્ધમાં શ્રીજીમહારાજ, મુક્તાનંદ સ્વામી તથા પંચાળાના દરબાર ઝીણાભાઈનો વાર્તાલાપ આ રીતે ગૂંથાયો છે :

મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું કે 'ઝીણોભાઈ તો આજ બહુ દિલગીર થયા અને એમ બોલ્યા જે, 'જ્યારે મહારાજ અમારે ઘેર આવ્યા નહીં ત્યારે અમારે પણ ઘરમાં રહ્યાનું શું કામ છે.'

એ વાત સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા કે 'મૂંઝાઈને રીસે કરીને જે પ્રેમ કરે તે પ્રેમ અંતે નભવાનો નહીં અને રીસવાળાની ભક્તિ તથા પ્રેમ એ સર્વે અંતે ખોટાં થઈ જાય છે. માટે મૂંઝાઈને ઝાંખું કરવું તે તો અતિ મોટી ખોટ છે.'

ત્યારે ઝીણાભાઈએ કહ્યું કે 'ભગવાન ને ભગવાનના સંત તે પોતાને ઘેર આવે ત્યારે મુખ પ્રફુલ્લિત થયું જોઈએ અને જ્યારે ભગવાન ને સંત ન આવે ત્યારે તો મુખ ઝાંખું થયું જ જોઈએ અને હૈયામાં શોક પણ થયો જોઈએ.'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા : 'ભગવાન ને સંત આવે ત્યારે રાજી થવું પણ શોક તો ક્યારેય પણ કરવો નહીં...'

વચનામૃતનો આ વાર્તાલાપ એટલું તો જરૂર સમજાવી જાય છે કે ઝીણાભાઈના જીવનમાં શ્રીજીમહારાજની પધરામણી વિષયક કંઈક પ્રસંગ બની ગયો છે. એ પ્રસંગમાં જે કંઈ બન્યું છે તેના ભાવ – પ્રતિભાવ ઉપરોક્ત વાર્તાલાપમાં ઝીલાયા છે. તો શું છે આ વાર્તાલાપનું ઘર ? ચાલો, તે તપાસવા ચઢીએ ઈતિહાસની અટારીએ. ત્યાંથી વચનામૃત લોયા પ્રકરણ ૪ના ઉત્તરાર્ધના સગડ કંઈક આમ મળે છે.

સં. ૧૮૭૭ના કાર્તિક વદ નવમીએ શ્રીજીમહારાજ લોયા પધારે છે. અહીં એકાંત સ્થાનમાં શ્રીજીમહારાજને જાણે જ્ઞાનસત્ર કરી સમજણ, સિદ્ધાંત,

સત્સંગ વિષયક રહસ્યની વાતો કરવી હતી. આ વાતો ઝીલી સંતો તેનું દિગ-દિગંતમાં પ્રસારણ કરે એવી ઈચ્છા શ્રીજીમહારાજની હતી. મહારાજ લોયા પધાર્યાના પાંચ જ દિવસમાં, કાર્તિક વદ ચૌદશના દિવસે પંચાળાથી ઝીણાભાઈ દરબાર લોયા આવે છે. તેઓના આગમનના કારણમાં વિગત એવી હતી કે શ્રીજીમહારાજ દર વર્ષે પંચાળા પધારતા, પરંતુ વીતેલા વર્ષે મહારાજ પંચાળા જઈ શક્યા નહોતા. તેથી ઝીણાભાઈ શ્રીજીમહારાજને પંચાળા પધારવાનું આમંત્રણ આપવા આવ્યા હતા. તેઓએ આ સંબંધી વાત શ્રીજીમહારાજને કરી પણ ખરી.

ત્યારે મહારાજે કહ્યું : 'ઝીણાભાઈ ! હમણાં અમારાથી પંચાળા અવાશે નહીં. અહીં જ્ઞાનસત્ર ચાલે છે. મોટેરા સંતો પણ આવ્યા છે. તો હમણાં ધીરજ રાખો. વખતે પંચાળા જરૂર આવીશું.'

ઝીણાભાઈને મહારાજના આ શબ્દોથી આઘાત લાગ્યો. તેઓ ઊંડા ઊતરી ગયા. મુક્તાનંદ સ્વામીએ તેઓને સમજાવ્યા, પણ ઝીણાભાઈના મનનું સમાધાન થયું નહીં. તેઓએ મનોમન પ્રતિજ્ઞા લઈ લીધી કે 'મહારાજ પંચાળા ન પધારે ત્યાં સુધી ગળ્યું-ચીકણું (મિષ્ટાન્ન) ખાવું નહીં અને માથે પાઘ બાંધવી નહીં.'[૫૯]

આ વિગતથી વ્યથિત મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજને કહે છે : 'ઝીણોભાઈ તો આજે બહુ દિલગીર થયા...'[૬૦] ને આ સાથે જ વચનામૃત લોયા પ્રકરણ ૪ના ઉત્તરાર્ધનો પ્રારંભ થાય છે.

---

૫૯. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૨૪૬-૨૪૭; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

૬૦. ઉપરોક્ત પ્રસંગમાં આગળ વિગત એવી મળે છે કે શ્રીજીમહારાજ પંચાળા પધાર્યા નહીં તેથી ઝીણાભાઈએ મનોમન લીધેલી ટેક મૂકી નહીં. તેથી ઘરમાં બધાંને મૂંઝવણ થવા લાગી. ઝીણાભાઈ ગામતરે જાય કે સગાં-સંબંધીના શુભ પ્રસંગોમાં જાય પણ માથે સાફો બાંધે નહીં. એટલે તેને અપશુકન સમજી સંબંધીઓ તેમની આકરી ટીકા કરવા લાગ્યા. તે સમયમાં એવો રિવાજ હતો કે સંબંધીનું મૃત્યુ થયું હોય તો જ સાફો-ફેંટો પહેરાય નહીં. તેથી ઝીણાભાઈની આ ટેકથી કચવાટ વધી ગયો.
એક વાર ઉપલેટાના વેરાભાઈ તેઓના ઘરે આવ્યા. તેઓએ જણાવ્યું કે – 'ઝીણાભાઈ ! આ ટેક છોડો. લોકો તમારી ટીકા કરે છે અને મહારાજનું પણ વાંકું બોલે છે.'

➤

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત લોયા પ્રકરણ : ૧૦

આ વચનામૃત સાથે સંલગ્ન એક ઐતિહાસિક તવારીખ આવી છે :

...લોયાનું દસમું વચનામૃત (ભગતજી મહારાજે) વંચાવીને પાંચ-સાત વખત દીવાનજી (વાંસદાના દીવાન ઝવેરભાઈ નાથાભાઈ અમીન) પાસે બોલાવ્યું: 'આવું જે માયા થકી પર શુદ્ધ જ્ઞાન તેને હું પામ્યો, તે સંતને પ્રતાપે પામ્યો છું અને તે સંત પરમેશ્વરના ભક્ત છે અને પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ તેના પણ આત્મા છે અને અક્ષરના પણ આત્મા છે

'પણ મેં ટેક લીધી છે તેનું શું ?' ઝીણાભાઈએ કહ્યું.

'હું મહારાજને લોયાથી સીધા અહીં તેડી લાવીશ ને જો મહારાજ અહીં નહીં આવે તો હું દેહત્યાગ કરીશ.' વેરાભાઈએ કહ્યું.

આ સાંભળી ઝીણાભાઈએ પોતાની ટેક મૂકી.

વેરાભાઈ લોયા ગયા. તેમણે પોતે લીધેલી ટેકની વાત મહારાજને કરી. ત્યારે મહારાજ બોલ્યા : 'ઝીણાભાઈએ ટેક લીધી, તમે ટેક લીધી, એટલે મેં પણ ટેક લીધી છે કે ટેકીલાઓની ટેક મૂકાવવી. અમે પંચાળા આવવાના જ નથી.' એમ કહી મહારાજે સૌને ગઢપુર જવા તૈયારી કરવાની આજ્ઞા કરી દીધી.

વેરાભાઈએ પેટમાં તલવાર ભોંકવા હાથ ઊંચો કર્યો. મહારાજ તો ગઢડા જવા આગળ નીકળી ગયેલા પણ અચાનક તેઓને મહારાજના શબ્દો સંભળાયા : 'એવું કંઈ કરવાની જરૂર નથી વેરાભાઈ ! અમે તમારી પાસે જ છીએ. અમે અમારી ટેક છોડી દીધી છે. અમે પંચાળા આવીશું.'


શ્રીજીમહારાજની આ નભોવાણી સાંભળી વેરાભાઈને આનંદ થયો.

ત્યારબાદ શ્રીહરિ પંચાળા પધારેલા, પણ વેરાભાઈ, ઝીણાભાઈએ ત્યારથી નક્કી કર્યું કે 'શ્રીજીમહારાજ પાસે પોતાનું ધાર્યું કરાવવા ક્યારેય રાજહઠ કરવી નહીં. મહારાજની મરજીમાં રાજી રહેવું.'

– 'ભગવાન શ્રીસ્વામિનારાયણ' : ૪/૨૬૯-૨૭૨; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

અને અનંતકોટિ જે મુક્ત તેના પણ આત્મા છે; એવા જે પરબ્રહ્મ પરમાત્મા નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસ છું.' એમ બોલાવીને ગોખાવ્યું અને કહ્યું : 'આ વચનામૃત સિદ્ધ થાય એટલે જ્ઞાનનો અવધિ આવ્યો.'[૬૧]

માયાપાર રહેલા પરબ્રહ્મનું જ્ઞાન અક્ષરબ્રહ્મરૂપ સંતના પ્રતાપથી જ સિદ્ધ થાય છે – આ મુદ્દો ભગતજીએ સૌને દઢાવ્યો. આમ, અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતનો સાર આ વચનામૃતમાં સમાયેલો છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત લોયા પ્રકરણ : ૧૨

એક વાર ગુણાતીતાનંદ સ્વામી કાળસરી ગામમા પધાર્યા હતા. અહીં બે દિવસ રોકાયા. તે દરમ્યાન એક દિવસ બપોરે જમીને માધવચરણદાસ સ્વામીએ લોયા પ્રકરણ ૧૨મું વચનામૃત વાંચ્યું. તે સાંભળી ગુણાતીતાનંદ સ્વામી બોલેલા : 'આ વચનામૃતમાં કહ્યું છે તેમ સમજે જ છૂટકો છે.'

ત્યારે માધવચરણદાસે પૂછ્યું : 'સ્વામી ! અમને એ ક્યારે સમજાવશો ?'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી હસીને બોલ્યા : 'તમે અને મનજી ઠક્કર બેઉ બહુ બુદ્ધિશાળી છો. પણ આ વચનામૃતમાં કહ્યું છે તે પ્રમાણે તો આ પ્રાગજી ભક્ત તથા જાગા ભક્ત સમજે છે. તે તેમને સૌ ગાંડા કહે છે. પણ તેવું તમારાથી થવાય નહીં.'

ત્યારે માધવચરણદાસે ફરી પૂછ્યું : 'તેઓ સમજે છે એવું અમને ક્યારે સમજાવશો?'

તે વખતે ગુણાતીતાનંદ સ્વામી બોલેલા : 'ભેગા ફરો અને અનુવૃત્તિ સાચવો તો તેમ સમજાશે અને આનંદ આવશે.'

❀

૬૧. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૩૫૨; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

ઈતિહાસની અટારીએથી વચનામૃત લોયા પ્રકરણ ૧૨નું અવલોકન કરતાં અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંત સાથે સંલગ્ન બે મહત્વપૂર્ણ ઐતિહાસિક ઘટનાઓ પર પ્રકાશ પથરાય છે.

પ્રથમ ઘટના છે – સુરતની. સં. ૧૯૩૯ના ફાગણ સુદ ત્રીજના દિવસે સુરતના સ્વામિનારાયણ મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠાનો સમૈયો હતો. આ પ્રસંગે ભગતજી મહારાજ ખાસ પધારેલા. સમૈયાની જવાબદારી શાસ્ત્રીજી મહારાજના શિરે હતી.

અહીં એક વાર ભગતજી મહારાજે વચનામૃત લોયા પ્રકરણ ૧૨ના આધારે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની વાત કરી. અક્ષરની અનિવાર્યતાની ચાવીરૂપ આ વચનામૃતની ગહનતા ભગતજી મહારાજની કથા દ્વારા શાસ્ત્રીજી મહારાજને સમજાઈ ગઈ.

એ અરસામાં સુરતના કેટલાક હરિભક્તો સંધ્યા આરતી પછી વિજ્ઞાનાનંદ સ્વામી પાસે આવીને બેઠેલા. તેઓએ પૂછ્યું કે 'સ્વામી ! આપણે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની માંગણી રોજ સંધ્યા આરતીમાં કરીએ છીએ. તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય એટલે શું ?''

તે વખતે વિજ્ઞાનાનંદ સ્વામીએ જણાવ્યું કે 'વિકલ્પે રહિત જે નિરુત્થાનપણાનો નિશ્ચય તેને નિર્વિકલ્પ નિશ્ચય કહેવાય.' આ સંદર્ભમાં ભાગવતનાં કેટલાંક પ્રમાણો પણ તેઓએ આપ્યાં.

તે સમયે શાસ્ત્રીજી મહારાજ પણ ત્યાં હતા. તેઓએ વિજ્ઞાનાનંદ સ્વામીને પૂછ્યું કે 'સ્વામી ! લોયાના ૧૨મા વચનામૃતમાં આ પ્રશ્નનો ઉત્તર મહારાજે કર્યો છે તેનું કેવી રીતે સમજવું ?'

તે સાંભળી વિજ્ઞાનાનંદ સ્વામીને આશ્ચર્ય થયું કે 'વચનામૃતમાંથી આનો ઉત્તર આ સાધુએ ક્યાંથી શોધી કાઢ્યો ?' પછી વચનામૃતનો ચોપડો મંગાવીને ઉત્તર વાંચી જોયો. પછી તેમણે પૂછ્યું કે 'તમને આ વચનામૃત કોણે બતાવ્યું ?' ત્યારે શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજની વાત કરી. તે સાંભળી વિજ્ઞાનાનંદ સ્વામી રાજી થયેલા.[૬૨]

આમ, વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સંસ્થાના પ્રાણ સમાન અક્ષર-

---

૬૨. 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' : ૧/૫૮-૫૯; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

પુરુષોત્તમ સિદ્ધાંતની વાત આ વચનામૃતના આધારે શાસ્ત્રીજી મહારાજ સમજેલા. આ વચનામૃતનું કેવું અદકેરું ઐતિહાસિક મહત્ત્વ?

❀

વચનામૃત લોયા પ્રકરણ ૧૨ સાથે સંલગ્ન બીજી ઐતિહાસિક ઘટના છે – વાંઠવાળી ગામની.

સં. ૧૯૬૧માં શાસ્ત્રીજી મહારાજ મહેમદાવાદમાં ત્રણ માસ રોકાયા હતા. તે દરમ્યાન તેઓ વાંઠવાળી ગામે પધારેલા. અહીં રાત્રે મંદિરમાં નડિયાદના રામચંદ્ર ઠાકર દર્શન કરવા આવેલા. તે જ સમયે સભામાં શાસ્ત્રીજી મહારાજ વચનામૃત લોયા પ્રકરણ ૧૨ પર કથા કરી રહેલા. તે સાંભળવા રામચંદ્રભાઈ અનિચ્છાએ બેઠા.


આ વચનામૃતના નિરૂપણમાં શાસ્ત્રીજી મહારાજે અક્ષરબ્રહ્મના સ્વરૂપની વાતો કરી. તે સાંભળી રામચંદ્ર ઠાકરને થયું કે 'આ લોકો વચનામૃતના શબ્દ જુદા ગોઠવીને વાત કરે છે. માટે ઘેર જઈ આપણી પ્રત જોઈને આ લોકોને ઉઘાડા કરવા.'

પછી તેઓ જ્યારે નડિયાદ ગયા ત્યારે પોતાની વચનામૃતની પ્રત જોઈ તો શાસ્ત્રીજી મહારાજની વાતો અને વચનામૃતના શબ્દોમાં કોઈપણ ફેરફાર ન જોયો. તેથી તેઓને શાસ્ત્રીજી મહારાજનો ઘણો જ ગુણ આવ્યો અને લાગ્યું કે 'વચનામૃત તો બીજા સદ્‌ગુરુઓ પણ વંચાવે છે પણ આવી વિક્તિએ સહિત શુદ્ધ સિદ્ધાંતની સમજણ હજુ સુધી કોઈએ આપી નથી.' તેઓને શાસ્ત્રીજી મહારાજ સાચા સંત છે અને અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંત સાચો છે તેવી પ્રતીતિ બેસી ગઈ. તેઓ શાસ્ત્રીજી મહારાજના અનન્ય શિષ્ય બની ગયા.[૬૩]

આમ, આ વચનામૃત લોયા પ્રકરણ ૧૨ રામચંદ્ર ઠાકર માટે સંશયહર્તા અને કલ્યાણકર્તા બની રહ્યું. આ વચનામૃત સાથે સંકળાયેલા ઇતિહાસનો આ અધ્યાય ખૂલતાં આપણા માટે પણ આ વચનામૃત આશ્ચર્યકારી બની રહે છે.

---

૬૩ 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' : ૨/૨૬૮-૨૬૯; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત લોયા પ્રકરણ : ૧૭

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું આ વચનામૃત લોયા પ્રકરણ ૧૭ અત્યંત પ્રાસાદિક છે. તે વિષે યોગીજી મહારાજે તા. ૭-૮-૧૯૫૫ના રોજ ટરોરો(આફ્રિકા)માં વાત કરેલી કે –

'ગુણાતીતાનંદ સ્વામી '૨૩(સં. ૧૯૨૩)ની સાલમાં ધામમાં ગયા. '૨૦(સં. ૧૯૨૦)ની સાલથી આ (વચનામૃત લોયા પ્રકરણ ૧૭) વંચાવતા. કાયમ ત્રણ વર્ષ સુધી આ વચનામૃત વંચાવતા. આ દરેકે સિદ્ધ કરવાનું છે.'[૬૪]

આ જ વાત કરતાં તા. ૨૫-૧૧-૧૯૬૨ના રોજ યોગીજી મહારાજે બોચાસણમાં માવજી ભગતને કહેલું : 'લો. ૧૭મું સિદ્ધ કરવું. તે વચનામૃત ગુણાતીતાનંદ સ્વામીએ લાગટ ત્રણ વરસ વંચાવેલું.'[૬૫]

❀

આ વચનામૃત સાથે સંલગ્ન અન્ય એક ઐતિહાસિક બીના આ મુજબ છે :

સં. ૧૯૩૮ની સાલમાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ છપૈયા ગયેલા. અહીં કોઠારી ગોવર્ધનભાઈને બેચર ભગત સાથે કંઈક બોલવાનું થયું, તેથી કોઠારી ગોવર્ધનભાઈએ છપૈયા તથા અયોધ્યાથી, દેશમાં હરિભક્તો ઉપર પણ બેચર ભગત વિરુદ્ધના કાગળો લખ્યા. તેથી બેચર ભગતને વરતાલ આવ્યા પછી પણ ઉપાધિ થઈ. પરિણામે, તેમને મંદિરમાંથી રજા આપી. માનભંગ થવાથી બેચર ભગત ચાણસદમાં રહેતા ભગતજી મહારાજના

૬૪. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૧/૫૫૮; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

૬૫. એજન; ૩/૪૦૭.

હેતવાળા વૈદ્ય વિશ્વનાથભાઈને ઘેર ગયા. ત્યાંથી તેઓ ભગતજી મહારાજનાં દર્શને ગઢડા ગયા. અહીં કોઠારી બેચર ભગતને જોઈ ભગતજી મહારાજે તેમને બહુ જ ઠપકો આપ્યો અને કહ્યું : 'નિર્માની થઈ સૌને પગે લાગો એટલે તમને રાખશે.' એમ કહી આ વચનામૃત લોયા પ્રકરણનું ૧૭મું બેચર ભગત પાસે વંચાવ્યું અને માનખંડનની અદ્‌ભુત વાતો ભગતજી મહારાજે કરી.

તે સાંભળી બેચર ભગતે ભગતજી મહારાજને કહ્યું : 'આપ કહેશો તેમ જ કરવું છે.' એટલે ભગતજી મહારાજે તેમને કોઠારી ગોવર્ધનભાઈની માફી માંગવા કહ્યું. તે પ્રમાણે બેચર ભગતે કોઠારીના આસને જઈ, દંડવત્ કરી, માફી માંગી. પછી ભગતજી મહારાજે કોઠારી ગોવર્ધનભાઈને કહ્યું : 'કોઈ રીતે કોઠારીને વરતાલ રાખો.'

ત્યારે ગોવર્ધનભાઈએ કહ્યું : 'એમને સાધુ કરીને રાખીએ.'

ભગતજી મહારાજે આ પ્રસ્તાવમાં તરત જ સંમતિ આપી અને બેચર ભગતને દિક્ષા અપાવી 'મહાપુરુષદાસ' એવું નામ રાખ્યું. આ રીતે કોઠારની સર્વ ઉપાધિનો ત્યાગ કરાવી, માનરૂપ દોષ કાઢી, ત્યાગી કરી, અખંડ ભજન-સ્મરણ-સમાગમનું સુખ લેવાય એવું કરી આપ્યું.[૬૬]

પરંતુ આ સમગ્ર ઘટનાચક્રની ધરી બની રહ્યું, વચનામૃત લોયા પ્રકરણ ૧૭.

---

૬૬. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૧૮૮-૧૯૧; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત પંચાળા પ્રકરણ : ૩

વચનામૃત પંચાળા પ્રકરણ ૩ સાથે સંકળાયેલ રસપ્રદ ઈતિહાસ આ પ્રમાણે છે :

સં. ૧૯૩૫માં ચૈત્રી પૂનમનો સમૈયો વરતાલમાં ઊજવી આચાર્યશ્રી ભગવતપ્રસાદજી મહારાજ આણંદ આવેલા. તેઓ સાથે વરિષ્ઠ સદ્ગુરુ પવિત્રાનંદ સ્વામી પણ હતા.

એક વાર સંધ્યા આરતી બાદ સૌ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' એવી ધૂન કરી રહેલા ત્યારે પવિત્રાનંદ સ્વામીએ જૂની પ્રથા મુજબ 'નર-નારાયણ... સ્વામિનારાયણ...' ધૂન ચાલુ કરી. તેઓને નવો સુધારો ખટકતો હતો. તેથી તેઓ જૂની પરંપરા મુજબ ઉચ્ચ સ્વરે એકલા ધૂન કરવા લાગ્યા. આવું રોજ બનતું. તેથી કેટલાકને થયું : 'આ ડોસો રોજ પોતાની જીદ છોડતો નથી. માટે એક વખત તો કહેવું પડશે.' એમ સૌએ નક્કી કર્યું.

એક દિવસ આરતી બાદ ધૂન શરૂ થઈ એટલે પવિત્રાનંદ સ્વામી મોટેથી બોલ્યા : 'મહારાજ છતાંની(સમયની) જે ધૂન ચાલે છે તે પ્રથા કેમ તોડો છો ?'

તે સાંભળી અક્ષરપુરુષદાસ ભંડારી બોલ્યા : 'ઊંટ મરે છે તે પહેલાં મારવાડ સામું જુએ છે, તેમ તમે પણ કરો છો. તે હજુ પણ અમદાવાદની વાસના મટતી નથી ?'

પોતાનું આવું અપમાન કરનારને કોઈએ વાર્યા નહીં; એટલું જ નહીં, આચાર્ય મહારાજે પણ તેમને કાંઈ ઠપકો આપ્યો નહીં; તેથી પવિત્રાનંદ સ્વામીને લાગ્યું કે 'આમાં બધાની સંમતિ છે.' તેથી તેઓને હાડોહાડ અપમાન લાગી ગયું. તેઓ વરતાલ પરત આવી ગયા, પણ હૃદયદાહ શમ્યો નહીં. તેથી સેવકને કહ્યું : 'કોઈ મોટા સદ્ગુરુ હોય તો વાતો કરવા બોલાવો.'

સેવકે ભાળ કાઢી લાવતાં કહ્યું : 'સભામંડપમાં તો પ્રાગજી ભગત વાતો

કરે છે. કહો તો તેમને બોલાવું.'

પવિત્રાનંદ સ્વામીએ હા પાડી, એટલે સેવક ભગતજી મહારાજને બોલાવી લાવ્યો. સાથે દામોદર શેઠ, વિજ્ઞાનદાસ સ્વામી, બેચર ભગત પણ હતા. ભગતજી મહારાજ પવિત્રાનંદ સ્વામીને દંડવત્ કરવા લાગ્યા, ત્યારે તે રખાવીને પવિત્રાનંદ સ્વામીએ કહ્યું : 'પ્રાગજી ! સારાં સારાં વચનામૃતો કઢાવી વાતો કર, જેથી શાંતિ થાય.'

તે સમયે ભગતજી મહારાજે વિજ્ઞાનદાસ સ્વામી પાસે આ વચનામૃત પંચાળા પ્રકરણનું ૩જું વંચાવ્યું અને ખૂબ વાતો કરી. પ્રાગજી ભક્તની પરાવાણીનો પ્રવાહ અટક્યો ત્યારે પવિત્રાનંદ સ્વામી બોલવા લાગ્યા :

'મેં પાંચસો પરમહંસોનાં દર્શન કર્યાં છે પણ ગુણાતીતાનંદ સ્વામીના જેવી સાધુતા મેં કોઈનામાં જોઈ નથી... એ સાધુનો તારા પર અસાધારણ રાજીપો છે... તારા જેવો નિર્માની ભક્ત પણ બીજો કોઈ નહીં, નહીં તો મેં સં. ૧૯૨૧ની સાલે એવો ઠરાવ કર્યો હતો કે આજથી તારા ભેળું બેસવું નથી. ત્યારે તેં પણ મને કહ્યું હતું કે જો ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર હોય તો તમારા ભેળા જ બેસીને કથાવાર્તા કરવી છે. તે આજ તું મને આજ્ઞા કરે છે એવી જે તારી સત્તા, તે તો ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપથી જ છે... તેં ગુણાતીતનો ખરો વંશ રાખ્યો છે... મને આજે અપાર શાંતિ થઈ ગઈ છે...''[૬૭]

❀

વચનામૃત પંચાળા પ્રકરણ ૩ સાથે સંલગ્ન એક અન્ય ઐતિહાસિક ઘટના આવી પણ છે :

ભગતજી મહારાજના વાંસદાના નિવાસ દરમ્યાન એક વાર રાત્રે બાર વાગે સૌ સૂવા ગયા, પણ એકાએક એક વાગ્યે ભગતજી મહારાજ જાગ્યા અને શ્વાસોચ્છ્વાસ ભજન કરવા બેઠા. પછી તો દીવાન ઝવેરભાઈ સહિત સૌ જાગી-જાગીને ભગતજી મહારાજની આસપાસ બેસી ગયા. થોડી વારે દિવાનજીએ પૂછ્યું : 'ભગતજીને બોલાવીએ ?'


---

૬૭. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૧૭૫-૧૭૭; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

ત્યારે ગોવિંદભાઈએ કહ્યું : 'એની મેળે હમણાં બોલશે.'

પછી અર્ધ ઘડી બાદ એ જ આસનમાં નેત્ર મીંચી ભગતજી મહારાજ વાતો કરવા લાગ્યા. થોડી વાર આમ કથા કરી આંખો ખોલીને કહ્યું : 'વચનામૃત પંચાળાનું ત્રીજું વાંચો.' પછી ગોવિંદભાઈ પાસે આ વચનામૃત પંચાળા પ્રકરણનું ૩ વંચાવી વાતો કરી પોઢી ગયા.[૬૮]

આમ, વચનામૃત પંચાળા પ્રકરણ ૩ આવા અવનવા ઐતિહાસિક અવસરોનું સાક્ષી સમું છે. આ ઈતિહાસ ખૂલતાં જ આપણને પણ અવર્ણનીય આનંદની અનુભૂતિ થાય છે કે 'કેવું છે એક-એક વચનામૃતમાં દૈવત અને કૌવત !'



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત પંચાળા પ્રકરણ : ૪

આ વચનામૃતને શાસ્ત્રીજી મહારાજનાં અસાધારણ ઐશ્વર્યનું દર્શન કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે તેમ કહીએ તો તે ખોટું નહીં ગણાય. સંપ્રદાયના ઈતિહાસમાં ડૂબકી મારતાં એ ઘટના આ રીતે તાદશ થાય છે :

સં. ૧૯૮૯માં બોચાસણનો સમૈયો કરી શાસ્ત્રીજી મહારાજ હરમાનભાઈના આગ્રહથી ગાના ગામે પધાર્યા હતા. મગનભાઈ નરસિંહભાઈ પટેલ પણ સાથે હતા. અત્રે બે દિવસ રોકાઈ આ બન્ને હરિભક્તો સાથે શાસ્ત્રીજી મહારાજ રાસ ગામે પધારેલા. આ ગામમાં સ્વામી ચાર દિવસ રોકાયેલા. તે દરમ્યાન એક સવારે આ બન્ને હરિભક્તો શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા. શાસ્ત્રીજી મહારાજે તેઓને હસતાં હસતાં પૂછ્યું : 'રાત્રે બન્નેએ શી શી વાતો કરી હતી ?'

આ બન્નેને આશ્ચર્ય થયું : 'રાત્રે આપણે બે વાગ્યા સુધી વાતો કરી તે આ શાસ્ત્રીજી મહારાજે શી રીતે જાણ્યું ?'

૬૮. એજન; પૃ. ૩૪૦-૩૪૧.

પરંતુ પોતે જે વાતો કરી હતી તે સંબંધી શાસ્ત્રીજી મહારાજને કાંઈ જણાવવું નહીં અને શાસ્ત્રીજી મહારાજ સ્વયં જો તે વાત કહી દે તો તેમના દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ છે તે નિશ્ચય તેમને દઢ થાય.

ત્યારે શાસ્ત્રીજી મહારાજ સ્નેહસૂચક દૃષ્ટિ કરી બોલ્યા : 'ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપના નિર્ણય બાબતમાં જે તમોને શંકા રહે છે તે આજે કાઢવી છે.' એમ કહી શાસ્ત્રીજી મહારાજે વચનામૃતનો ચોપડો મંગાવ્યો અને આ વચનામૃત પંચાળા પ્રકરણ ૪ વંચાવી વાતો કરતાં કહેલું : 'ભગવાન અને સંતની રીત સદા એકસરખી જ હોય છે. તેમને ઓળખીને તેમને વિશે જોડાઈ જવું એ જ કલ્યાણનું અસાધારણ સાધન છે.'

આ રીતે આ બંને ભક્તોને વચનામૃત પંચાળા પ્રકરણ ૪ સમજાવીને ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની દઢ નિષ્ઠા શાસ્ત્રીજી મહારાજે કરાવી દીધી.[૬૯]

❀

વચનામૃત પંચાળા પ્રકરણ ૪ સાથે સંકળાયેલી એક અન્ય ઐતિહાસિક વિગત એવી છે કે –

સન ૧૯૬૩ના મે માસમાં યોગીજી મહારાજ પંચાળા પધારેલા. તે સમયે પંચાળાના દરબારગઢમાં યોગીજી મહારાજે પંચાળાના વચનામૃતોની પારાયણ કરાવી હતી. આ પારાયણ દરમ્યાન યોગીજી મહારાજ ટપાલ લખતા હતા. તેમાં આ વચનામૃત પંચાળા પ્રકરણ ૪ આ પ્રમાણે વંચાયું :


"...પછી મુનિબાવે બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'પ્રથમ તો ભગવાનનો નિશ્ચય હોય ને ભજન-સ્મરણ કરતો હોય અને પછી ભગવાનનાં મનુષ્યચરિત્ર દેખીને તે નિશ્ચયમાં સંશય થઈ જાય છે તેનું શું કારણ છે ?' પછી એ પ્રશ્નનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામી કરવા લાગ્યા પણ થયો નહીં, ત્યારે શ્રીજીમહારાજ ઝાઝી વાર સુધી વિચારી રહ્યા ને પછી બોલ્યા જે..."

જ્યાં આ પ્રમાણે વચનામૃતનું વાંચન થયું કે તરત જ યોગીજી મહારાજ ટપાલ લખતાં અટક્યા અને બોલ્યા કે 'અહીં મહારાજે મનુષ્યચરિત્ર કર્યું હતું તે ઉપર મુનિબાવે પ્રશ્ન પૂછ્યો હતો. તેથી મહારાજ થોડી વાર વિચાર કરીને

૬૯. 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' : ૧/૬૩૫-૬૩૭; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

બોલ્યા છે.'[૭૦]

ઈતિહાસની આવી કળ ઉઘાડવાનું કામ તો ઈતિહાસવિદો પણ ન કરી શકે. અપરોક્ષાનુભવીનું જ આ કામ.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત પંચાળા પ્રકરણ : ૬

વચનામૃત પંચાળા પ્રકરણ ૬ સાથે શ્રીજીમહારાજના સર્વોપરીપણાના પ્રતિપાદનની એક ઐતિહાસિક સ્મૃતિ આ રીતે સંકળાયેલી છે :


સં. ૧૯૩૭માં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે સદ્. ભૂમાનંદ સ્વામીના મંડળમાં ભગતજી મહારાજને ફરવા મોકલેલા. લગભગ છ મહિના સુધી ચરોતર પ્રદેશમાં આ મંડળ ભેગા ભગતજી મહારાજે વિચરણ કરેલું.

વિચરણ દરમ્યાન આ મંડળ નડિયાદ આવેલું. અત્રે મંદિરમાં એક દિવસ અવતાર-અવતારીનો પ્રશ્ન નીકળ્યો. ત્યારે કોઈથી બરોબર ઉત્તર થયો નહીં. તે સમયે ભૂમાનંદ સ્વામીએ કહ્યું : 'પ્રાગજી ભગતને બોલાવો. તે ઉત્તર કરશે.' એટલે ભગતજી મહારાજને બોલાવવામાં આવ્યા. તે વખતે ભગતજી મહારાજે આ વચનામૃત પંચાળા પ્રકરણ ૬ વંચાવી શ્રીજીમહારાજના સર્વોપરીપણાનું અદ્‌ભુત સ્થાપન કર્યું હતું.[૭૧]

---

૭૦. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૩/૪૭૯-૪૮૦; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

૭૧. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૧૮૦-૧૮૧; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૧

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧માં શ્રીજીમહારાજનાં વચન છે કે – "જ્યારે એને ગમતો વિષય હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તે જો નિષેધ કરે તો તે ઉપર રીસ ચડે અને તેનો દ્રોહ થાય પણ તેનું વચન મનાય નહીં. એવું જેના અંતરમાં વર્તતું હોય તેને મોહ કહીએ..."

શ્રીજીમહારાજ આ વાત સં. ૧૮૭૭ના જેઠ સુદ પૂનમના દિવસે કરી રહ્યા છે. શ્રીજીમહારાજનું આ વિધાન ઉપલક દૃષ્ટિએ ઉપદેશના એક વિધાન જેવું લાગે છે, પરંતુ ઈતિહાસના ગવાક્ષમાંથી જ નીરખતાં તેમાં ભાવિના ગર્ભમાંથી આકાર લેનારી એક ઐતિહાસિક ઘટનાનું પ્રાક્કથન છે. શ્રીજીમહારાજે આ ઉપદેશ ઉચ્ચાર્યો તેના થોડા જ સમયમાં જે ઘટના બની તેનું વર્ણન આ રીતે મળે છે :

"...આ અરસામાં જીવાખાચરને દાદાખાચર સાથે વ્યવહાર સંબંધી કાંઈક તકરાર થઈ. તેથી જીવાખાચરના દ્વેષે માઝા મૂકી. તેણે દાદાખાચર વિરુદ્ધ ભાવનગર નરેશને ફરિયાદ કરવાનું નક્કી કર્યું. મહારાજ તેનો આ વિચાર જાણી ગયા. તેમણે જીવાખાચરને કહ્યું : 'બાપુ ! દાદો તો તમારો દીકરો કહેવાય. માટે તમારે મોટું મન રાખવું જોઈએ.. તમે તેના વિરુદ્ધ ભાવનગર ફરિયાદ કરવા ધારો છો પણ ફાવશો નહીં. માટે એ મનસૂબો મૂકી દેજો.'

ત્યારે જીવાખાચરે કહ્યું : 'મહારાજ ! મારે તો ભાવનગર બીજા કામે જવું છે. એટલે ગયા વિના છૂટકો નથી.'

અહીં સરખાવી જુઓ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧નાં પેલાં વચન કે "જ્યારે એને ગમતો વિષય હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તે જો નિષેધ કરે... તો પણ તેનું વચન મનાય નહીં..."

શ્રીજીમહારાજે ફરી જીવાખાચરને કહ્યું : 'તમારી મરજીમાં આવે તેમ

કરો પણ ફાવશો નહીં.'

જીવાખાચર આ સાંભળ્યું - ન સાંભળ્યું કરી ભાવનગર જવા તૈયાર થઈ ગયા.

દીકરી અમૂલાબાએ જીવાખાચરને રોક્યા ત્યારે તેઓ બોલ્યા: 'અમૂલા! તને ગમે કે ન ગમે પણ દાદાને તો હું જોઈ લઈશ. મહારાજ એનું જ ઉપરાણું લે છે, પણ હવે એમનું પણ કેટલું ચાલે છે તે પણ હું જોઈ લઈશ.'

અહી ફરી સરખાવી જુઓ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧નાં આ વચન : "જ્યારે એને ગમતો વિષય હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તે જો નિષેધ કરે... તો તે ઉપર રીસ ચડે અને તેનો દ્રોહ થાય..."

શ્રીજીમહારાજના વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧નાં વચનોમાં ભાવિની કેવી સચોટ આગાહી થઈ રહેલી સંભળાય છે !

પ્રસંગ આગળ વધે છે. જીવાખાચર ઘોડી પલાણી ભાવનગર જવા અલોપ થઈ ગયા, પણ માંડવધારને રસ્તે જતાં ઘોડીને ઠેસ વાગી અને ઉથલી પડી. બાપુ પણ નીચે પડ્યા. પેંગડામાં પગ ભરાઈ ગયો હતો એટલે ઘસડાયા. છોલાયા. વાસામાં ને માથામાં ખૂબ મૂઢ માર વાગ્યો. તેઓને ઝોળીમાં સુવાડીને દરબારગઢમાં લાવવામાં આવ્યા. શ્રીજીમહારાજ તેઓનાં ખબરઅંતર પૂછવા પધાર્યા ત્યારે બોલ્યા : 'બાપુ ! અમે તમને વાર્યા હતા પણ તમે ન માન્યા. કામ, ક્રોધ, ઈર્ષ્યાના વેગને મોળા પાડી દ્યો.'[૭૨]

ફરી એક વાર વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧નાં શ્રીહરિનાં વચનોને અહીં યાદ કરીએ :

'ધ્યાયતો વિષયાન્ પુંસઃ સંગસ્તેષૂપજાયતે ।
સંગાત્સંજાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે ॥
ક્રોધાદ્ ભવતિ સંમોહઃ સમ્મોહાત્સ્મૃતિવિભ્રમઃ।
સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥'

– વિષયનું ધ્યાન કરનારાને વિષયનો સંગ કરવાની ઈચ્છા થાય છે. તે ઈચ્છા અદમ્યભાવને પામી કામરૂપે પરિણમે છે. તે કામનાનું ખંડન


---

૭૨. 'શ્રીહરિચરિત્રચિંતામણિ' : ૨/૬૮; લે. – રઘુનાથચરણદાસ, પ્રકા. – નારાયણસ્વરૂપદાસ, જૂનાગઢ.

કરનાર પ્રત્યે ક્રોધ જન્મે છે. ક્રોધથી કરવા - ન કરવાના વિવેકને હણતો મોહ ઉત્પન્ન થાય છે. મોહથી સ્મૃતિભ્રંશ અને સ્મૃતિભ્રંશથી બુદ્ધિનાશ થતાં વ્યક્તિ આત્મનાશ નોંતરે છે.

ઉપરોક્ત પ્રસંગમાં શ્રીજીમહારાજે ઉચ્ચારેલા આ ગીતા-સંદર્ભનું અદલ અનુકરણ થયેલું દેખાય છે. કામ-ક્રોધાદિકથી ઉત્પન્ન થયેલા સંમોહને કારણે જીવાખાચર શ્રીહરિનાં વચન ન માની શકે તેટલી હદ સુધીના સ્મૃતિનાશ સુધી પહોંચી ગયા અને અંતે ઘોડા પરથી પટકાયા. 'વિનશ્યતિ'ની ક્રિયાથી પ્રસંગ પૂર્ણવિરામ પામ્યો.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧માં શ્રીજીમહારાજે ઉચ્ચારેલી વાત તે જ અરસામાં બનેલી આ ઘટનાના સંદર્ભમાં અત્યંત ઉપયુક્ત લાગે છે. વચનામૃત સાથે તત્કાલીન ઈતિહાસના અંકોડા કેવા ગૂંથાયેલા છે તેનું આ વધુ એક સચોટ દૃષ્ટાંત છે.




ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૭

સં. ૧૯૪૫ના કાર્તિક માસમાં શાસ્ત્રીજી મહારાજ વગેરે બાર સંતો-પાર્ષદોને પ્રાગજી ભક્તનો મહિમા પ્રવર્તાવવાના ગુના(?) સબબ વરતાલમાંથી બહાર કાઢવામાં આવેલા. તે સમયે આ સંતમંડળ ભગતજી મહારાજનો સમાગમ કરવા મહુવા પાસે ભાદરોડ ગામમાં રોકાયેલું. અહીં એક પ્રસંગે ભગતજી મહારાજે કહ્યું : 'આજ તો સૌ પોતાના અંગનાં વચનામૃત વાંચો.'

તે સમયે વિજ્ઞાનદાસ સ્વામીએ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૪, બેચર ભક્તે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪, પુરાણી કેશવપ્રસાદદાસે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૬, પુરુષોત્તમદાસ બ્રહ્મર્ષિએ વચનામૃત સારંગપુર પ્રકરણ ૭, નારાયણચરણદાસે વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦ અને શંકર ભગતે વચનામૃત અમદાવાદ પ્રકરણ ૨ વાંચેલું. આ પ્રસંગે શાસ્ત્રીજી

મહારાજે આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૭ને પોતાના અંગનું વચનામૃત ગણાવેલું. આ ઐતિહાસિક સ્મૃતિ આ વચનામૃત સાથે સંકળાયેલી છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૯

સં. ૧૯૧૧માં ગુણાતીતાનંદ સ્વામીના સાન્નિધ્યમાં વરતાલમાં છાવણી (શિબિર - જ્ઞાનસત્ર) ચાલેલી. લગભગ છ મહિના સુધી સ્વામી વરતાલ રોકાયેલા અને રોજ સવારે શણગાર આરતી પછી પોતાના આસને કથા કરતા. સ્વામીની વાતો સાંભળવા સંતો-ભક્તોની હકડેઠઠ ભીડ જામતી.

એક વાર કથાની સમાપ્તિ થવાના સમયમાં સ્વામીએ વિચાર કર્યો કે, 'હવે થોડા દિવસોમાં કથાની સમાપ્તિ થશે. અત્યારે જે રિવાજ ચાલુ થયો છે કે શણગારનાં દર્શન કરીને સૌ મારે આસને આવે છે અને ત્યાં કેટલીક કથાવાર્તા થાય છે, તે મારા અહીંથી ગયા પછી બંધ થઈ જશે તે ઠીક નહીં. માટે શણગાર પછી પણ કથા ચાલુ રહે એટલા માટે આજથી જ આચાર્યશ્રીને મેડે બેસવાનો જો રિવાજ રાખ્યો હોય તો શણગારનાં દર્શન પછી સૌ ત્યાં આવે અને આચાર્યશ્રીને મેડે કથાવાર્તા ચાલુ રહે.'

આમ વિચારી બીજે દિવસે સ્વામી શણગાર આરતી બાદ આચાર્યના મેડે પધાર્યા. બીજા સંતો પણ ત્યાં આવ્યા. થોડી વારમાં આચાર્ય મહારાજ આવ્યા અને કહ્યું : 'કેમ સ્વામી ! તમારા આસને જાશું ને ?'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા : 'ના, હવે તો અહીં જ બેસવું છે અને અહીં જ હવેથી વાતો કરીશું.' એમ કહી, પછી આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯ પર સ્વરૂપનિષ્ઠાની જોરદાર વાતો કહી.

તે સાંભળી શુકમુનિ બોલી ઊઠેલા : 'સ્વામી ! આ વચનામૃત મહારાજે મને ઉદ્દેશીને કહ્યું છે અને આ વચનામૃત શોધવામાં કોઈ સદ્‌ગુરુનો ભાગ નથી. પરંતુ તે યથાર્થ તો આજે જ મને સમજાયું. આ મેડાના પગથિયાં ચઢ્યો

ત્યાં સુધી નહોતું સમજાયું.'[૭૩]

આમ, આ વચનામૃત સાથે સંપ્રદાયનો આ પ્રચલિત પ્રસંગ સંકળાયેલો છે.

❀

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯ સાથે જોડાયલી અન્ય એક ઐતિહાસિક ઘટના આ પ્રમાણે છે :

સં. ૧૯૧૩માં ચૈત્રી પૂનમનો સમૈયો કરી ગુણાતીતાનંદ સ્વામી અમદાવાદ પધારેલા. તે વખતે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સભામાં સ્વામીને ખુરશી નાંખી દઈ કહ્યું : 'અહીં સભામાં આપ મહારાજના પુરુષોત્તમ-પણાની વાતો કરો.' એટલે સ્વામી વાતો કરવા લાગ્યા, ત્યારે ઉત્તમાનંદ સ્વામી તથા અન્ય કેટલાક સંતોએ કહ્યું : 'આવી વાતો તો સાંભળી નથી ને તમે ક્યાંથી કરો છો ?'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ બીજી ખુરશી મંગાવી અને તે પર આનંદાનંદ સ્વામીને બેસાર્યા અને કહ્યું : 'હું જે વાત કહું તેમાં આનંદ સ્વામી સાખ પૂરે તો મારી વાત માનશો કે નહીં ?'

આનંદ સ્વામી વૃદ્ધ અને અનુભવી હતા; વળી, શ્રીજીમહારાજ સાથે ઘણું રહેલા; તેથી સૌએ 'હા' કહી.

ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજના સર્વોપરીપણાના એક પછી એક પ્રસંગો કહેતા જાય અને આનંદ સ્વામીની સાક્ષી લેતા જાય. આનંદ સ્વામીનો સાદ ઝીણો એટલે સભામાં છેટે સંભળાય નહીં. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી તેમના શબ્દો ફરી વાર સભામાં બોલતા અને કહેતા કે 'સાંભળો ભાઈઓ ! આ આનંદ સ્વામી આ પ્રમાણ આપે છે.'

સ્વામીની આવી સપ્રમાણ વાતો સાંભળી મહાનુભાવાનંદ સ્વામી, નિર્ગુણદાસ સ્વામી, વૃંદાવનદાસ સ્વામી વગેરે તો શૂન્યમૌન થઈ ગયા. તે વખતે ગુણાતીતાનંદ સ્વામીએ બાલમુકુંદાનંદ સ્વામી પાસે આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯ વંચાવેલું અને જણાવેલું: 'આ વચનામૃત પ્રમાણે

---

૭૩. 'અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી' : ૧/૩૭૪-૩૭૫; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સપ્તમ આવૃત્તિ.

મહારાજને બીજા અવતાર જેવા કહીએ તો મહારાજના દ્રોહી ઠરીએ.'

ત્યારે અયોધ્યાપ્રસાદજી બોલ્યા : 'સ્વામી ! એ તો બહુ કહેવાય.'


ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'તમારા બાપના ગુણ અને મહિમા કહીએ છીએ. તમારે અમારી સાથે ઘણું હેત છે, પણ તમારા ખજાનાની કૂંચી તો તમો કેશવપ્રસાદજી(અયોધ્યાપ્રસાદજીના પુત્ર)ને આપશો કે અમને આપશો ?'

ત્યારે અયોધ્યાપ્રસાદજીએ કહ્યું : 'એ તો એને જ અપાય ને !'

તે સાંભળી ગુણાતીતાનંદ સ્વામી હસ્યા ને બોલ્યા : 'તેમ અમને મહારાજે પુરુષોત્તમપણાની કૂંચી આપી છે ને તમને તો ગાદી સોંપી છે તે તમો પૂજાઓ, પરંતુ મોક્ષની આ વાત તો તમારે અમારી પાસેથી જ સાંભળવી પડશે.'

એટલામાં શણગાર આરતી થઈ એટલે સૌ ઊઠ્યા ત્યારે આનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીનો હાથ પકડીને કહ્યું : 'અરે ગુણાતીત ! તમે તો બો'ત યાદ રાખ્યું છે.'[૭૪]

આમ, વરતાલ અને અમદાવાદ – એ બંને દેશોમાં વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯ના આધારે ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના સર્વોપરીપણાનો ડંકો મારેલો છે. આ વચનામૃત સાથે સંલગ્ન આ ગૌરવાન્વિત ઈતિહાસનો ઉજાશ ભવિષ્યનાં કેટલાંય વર્ષો ઉજાળતો રહેશે.



ઇતિહાસની અટારીએથી...


વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૧૦

શ્રી અર્જુનભાઈ રણછોડભાઈ ચાવડા જૂનાગઢ દેશના ગુણાતીત જ્ઞાનના અભ્યાસી હરિભક્ત હતા. તેઓએ જૂનાગઢના સમર્થ સંતોનો સમાગમ કરેલો હોઈ સામાન્યની વાતો તો અંતરમાં પેસવા દેતા જ નહીં. તેઓને અમદાવાદમાં પારાયણ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો.

૭૪. એજન; ૧/૪૩૨-૪૩૬.

ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેમને કહેલું : 'મારે તમને પાંચ-સાત વચનામૃત સમજાવવાં છે. માટે બોચાસણ સમૈયે આવજો.' ત્યારબાદ સં. ૧૯૯૩ના કાર્તિક પૂર્ણિમાના સમૈયે શાસ્ત્રીજી મહારાજે કથાપ્રસંગમાં આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦નું નિરૂપણ કર્યું. તે સાંભળી અર્જુનભાઈને શાસ્ત્રીજી મહારાજનો નિશ્ચય થઈ ગયેલો અને તેઓને જ વરમાળા પહેરાવી દીધેલી.[૭૫]

આમ, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦ સાથે સંકળાયેલ ઈતિહાસ સંક્ષિપ્ત છે પણ સારગર્ભ છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૨૧

આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧ સાથે શાસ્ત્રીજી મહારાજની મહાનતાનો અને સત્યતાનો ઈતિહાસ હાથ મિલાવીને બેઠો છે. શાસ્ત્રીજી મહારાજનું જીવન કેટલું મહાન હતું અને તેઓનું કાર્ય કેટલું સાચું હતું તેની સાથે આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧ ગાઢ રીતે સંકળાયેલું છે. તેની વિગત આ મુજબ છે :

સં. ૧૯૭૨માં શાસ્ત્રીજી મહારાજ નડિયાદ પધારેલા. તે વખતે વરતાલ ટેમ્પલ કમિટિના સભ્ય અને તત્કાલીન સાક્ષર શ્રી દોલતરામ કૃપાશંકર પંડ્યાએ શાસ્ત્રીજી મહારાજની પધરામણી પોતાના ઘરે કરાવી સ્વામીને કહેલું : 'સ્વામી ! આ ઘર મહાપ્રસાદીનું છે. મારા પિતાએ અહીં ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિ મોટા મોટા સદ્‌ગુરુઓને જમાડેલા અને તેમના પત્તરનું પ્રસાદીનું પાણી અને હરિભક્તોનાં જમેલાં પત્રાવળાં આ ફળિયામાં નંખાવી, માથે ધૂળ નાંખી, છો પાથરી છે. એવી આ મહાપ્રસાદીની જગ્યા છે.' આટલી વાત બાદ તેઓએ શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું : 'સ્વામી !

---

૭૫. 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' : ૨/૧૫-૨૧; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.


આપને (વરતાલ સાથે) ભેગા થવાનો વિચાર છે.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહેલું : 'અમારે ભેગા થવાનો વિચાર છે, પરંતુ ગઢડા મધ્ય પ્રકરણનું ૨૧મું વચનામૃત વરતાલવાળા કબૂલ રાખે તો અમારે ભેગા થવામાં કોઈ વાંધો નથી.'

ત્યારે દોલતરામે પૂછ્યું : 'તો ગઢડા મધ્ય પ્રકરણ ૨૧ની વાત તથા આપે જે સિદ્ધાંત નક્કી કર્યો હોય તે મને સમજાવો.'

આ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧ના આધારે જે અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતની વાતો કરી, તે સાંભળી દોલતરામ પંડ્યા બોલી ઊઠેલા : 'સ્વામી! આ તો જે કાર્ય કરવા મહારાજને અવતાર ધરી ફરી આવવું પડે તે કાર્ય આપે કર્યું છે. એટલે આજે તો આપે મહારાજ અને સ્વામીની ધાતુની મૂર્તિઓ પધરાવી છે પણ ભવિષ્યમાં તમારા શિષ્યો તમારી સુર્વણની મૂર્તિ પધરાવશે એટલી તમારી મોટપ વધી જશે.'[૭૬]

ઉપરોક્ત પ્રસંગમાં વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧નું ઐતિહાસિક મહત્ત્વ યથાર્થ રીતે વ્યક્ત થયેલું જોવા મળે છે. કહી શકાય કે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧ - એ બી.એ.પી.એસ.ની આધારશિલા છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૨૨

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના વૃત્તાંતની વાત કરતાં આમ જણાવ્યું છે કે –


"અમે અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ત્યારે હજારો માણસોનો મેળો ભરાયો હતો. પછી જ્યારે શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા થઈ રહી અને અમદાવાદના બ્રાહ્મણો ચોરાશી જમી રહ્યા પછી અમે સાબદા થઈને ચાલી નીસર્યા, તે જેતલપુરમાં જઈને રાત રહ્યા.

૭૬. એજન; ૧/૪૧૨-૪૧૮.

દરવાજા પાસે ઉગમણી દિશામાં જે જગ્યાએ પોતે જ્ઞાનવાર્તા કરવા બિરાજતા[૭૯] ત્યાં લઈ ગયા અને પૂછ્યું : 'સ્વામી! કાંઈ સમજ્યા?' ત્યારે તેઓ કાંઈ ન સમજ્યા હોય તેમ મહારાજ સામું જોઈ રહ્યા.

તે સમયે શ્રીજીમહારાજ બોલેલા : 'અનંત નરનારાયણ, કૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ અને વાસુદેવનારાયણ આ પ્રગટ સ્વામિનારાયણની ઉપાસના કરે છે. અમારા સ્વરૂપની એ મહત્તા અત્યારે સૌ ભૂલી ગયા છે. સૌને સહેજે પરોક્ષ સ્વરૂપમાં પ્રીતિ થાય; પણ એ વિભૂતિસ્વરૂપ છે, ભરતખંડના દેવ છે. તેમણે દુર્વાસાનો શાપ સાંભળી અમારા સ્વરૂપનું ધ્યાન કર્યું. અમે તેમને કહ્યું કે અમે જ સ્વયં પૃથ્વી પર પ્રગટ થઈ ભાગવત ધર્મની પ્રતિષ્ઠા કરીશું. આ રહસ્ય અમે ઘણી વાર સંભળાવ્યું છે; પરંતુ સૌ કારણને ભૂલી ગયા અને કાર્યમાં જોડાઈ ગયા.'[૮૦]

આમ, વારંવાર પોતાના સ્વરૂપમાં જોડાવાની વાતો કરવા છતાં ઘણો મોટો સમુદાય આ રહસ્ય ભૂલી ગયો તેનું દુઃખ મહારાજને થયેલું. તેનો મંદવાડ તેઓને આવી ગયેલો. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૨માં શ્રીજીમહારાજે કહેલાં પોતાનાં વૃત્તાંતવર્ણનની પશ્ચાદ્‌ભૂમાં આ રોચક ઈતિહાસ રહેલો છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૨૩

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ સાચા સંતની ઓળખ આપતાં જણાવે છે કે – "જેનું મન ભૂંડા વિષયને દેખીને તપે પણ નહીં અને સારા વિષયને દેખીને ટાઢું પણ થાય નહીં. એવી રીતે જેનું મન અવિકારી રહેતું હોય તેને પરમ ભાગવત સંત જાણવા..."

---

૭૯. હાલ આ જગ્યાએ પ્રાસાદિક સ્થાનરૂપે રૂપચોકી છે.

૮૦. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૩૨૪; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

વળી, શ્રીજીમહારાજ આગળ કહે છે : "માટે જેનું મન ભગવાનને વિષે આસક્ત થયું છે ને વિષયને યોગે કરીને યોગે કરીને ટાઢું-ઊનું થતું નથી, તેને જ સાધુ જાણવા."

માત્ર પચીસ લીટીના આ ટૂંકા વચનામૃતમાં શ્રીજીમહારાજ બે વાર સાચા સંતનાં લક્ષણો જણાવી રહ્યા છે. આટલા અલ્પ ઉપદેશમાં જોવા મળતું વિષયનું આ પુનરાવર્તન ઈતિહાસમાં ઊંડા ઊતરવાનું ઈજન આપે છે. શ્રીજીમહારાજ એવા વક્તા હતા કે તેઓ કલાકો સુધી વિષયાંતર કે પુનરાવર્તનનો દોષ આવવા દીધા સિવાય કથા કરી શકે. તેઓની કથા માટે લખાયું છે કે 'શ્રીહરિ વાત કરતા ત્યારે સંસ્કૃત-પ્રાકૃતની ઝડી લાગતી...'[૮૧] તેઓએ સંતનાં લક્ષણોની વાત આ વચનામૃતમાં ઉપાડી તો છે પણ દોહરાવી છે. શાથી ?

ઈતિહાસની અટારીએ ચઢી આ વચનામૃતને તપાસતાં તેનું ઘર આમ મળે છે :

આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૩, સં. ૧૮૭૮ની જ્યેષ્ઠ સુદ ૧૧ એટલે કે ભીમ એકાદશીના દિવસનું છે. તે દિવસ પૂર્વે જે ઘટના બની હતી તેનું વર્ણન આ રીતે થયું છે...

"...એ અરસામાં દીવ બંદરથી એક હરિભક્ત મહારાજને મળવા ગઢડા આવ્યા. મહારાજને તેણે સમાચાર મોકલાવ્યા એટલે મહારાજે તરત જ તેને બોલાવ્યા. મહારાજને દંડવત્ કરી તે ઢોલિયા સન્મુખ બેસી ગયા.

મહારાજે તેને પૂછ્યું : 'કેમ એકાએક આવવું પડ્યું ?'

તેણે હાથ જોડી કહ્યું : 'મહારાજ ! અમારા ગામમાં એક ઠગ આવ્યો છે. તે કહે છે – 'હું નરનો અવતાર છું અને નારાયણ સહજાનંદ સ્વામી તે મારા ભાઈ છે.' આપણા સંપ્રદાયના તમામ સંતોનાં નામ તે જાણે છે, તેમ જ આપણે પાળવાના નિયમો પણ તે જાણે છે. તેથી ભોળા માણસોને તેના વચનમાં શ્રદ્ધા બેસી ગઈ છે. તે કહે છે કે – 'સાંખ્યયોગી સ્ત્રીઓ તથા અન્ય સ્ત્રીઓએ સાધુની વાત ન સાંભળવી અને તેમનો સંબંધ પણ ન રાખવો; પણ અમારી વાત સાંભળવામાં કે સેવા કરવામાં બાધ નથી.' આથી, સ્ત્રીઓ તેની

---

૮૧. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' : પૂર-૩, તરંગ-૨; લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.

સેવા કરે છે પણ આમાંથી અનિષ્ટ થવા સંભવ છે. મને થોડા વખત પહેલાં જ જાણવા મળ્યું કે તે રાજુલાનો રાજગોર બ્રાહ્મણ મૂળો છે.''

'તે કેટલા વખતથી ત્યાં આવ્યો છે ?' મહારાજે પૂછ્યું.

'લગભગ મહિનો થઈ ગયો હશે, પરંતુ દીવમાં ફિરંગીનું રાજ્ય છે. પરવાનગી વગર કોઈથી ત્યાં આવી શકાતું નથી. એટલે સંતો ત્યાં આવતા નથી. તેથી સત્સંગ સંબંધી સાચી હકીકત લોકો જાણતા નથી.' તે હરિભક્તે જણાવ્યું.

આ સાંભળી મહારાજે કહ્યું : 'આ મૂળો રાજગોર તો અગાઉ પ્રેમાબાઈને છેતરી ગયો હતો. તો પણ તમે એને ઓળખી ન શક્યા ?'

ત્યારે તે હરિભક્તે કહ્યું : 'મહારાજ ! એ જુદા જુદા વેશ ધારણ કરે છે અને બોલી પણ જુદી જુદી બોલે છે. તેથી અમે સૌ ભરમાઈ જઈએ છીએ.'

મહારાજે કહ્યું : 'કાંઈ ચિંતા કરશો નહીં. વાળાક દેશમાં કૃપાનંદ સ્વામી તથા પૂર્ણાનંદ સ્વામી વિચરણ કરી રહ્યા છે. તેઓને અમે સંદેશો મોકલીશું. તેઓ ત્યાંથી સીધા ઊના જશે અને ઊનાથી હંસરાજ શેઠને લઈને દીવ આવશે. તેમને તે ઠગ જોશે કે તરત જ ત્યાંથી રવાના થઈ જશે.'

'પરંતુ મહારાજ ! હંસરાજ શેઠને પણ ફિરંગી લોકો આવવા દેશે નહીં.'

'તેની તમે ચિંતા કરશો નહીં. ત્યાં હરિભાઈ વાંળદ છે. તે ફિરંગીનો માનીતો છે. અમારી તેણે એક વખત સેવા કરી હતી. તેને અમારા નામે કહેજો કે તે ઘોઘલા જાય અને ત્યાંથી હંસરાજ શેઠને તથા સંતોને દીવ લઈ આવશે... હવે પ્રસાદ લઈને તમે જાઓ. ત્યાં જઈને બાઈઓને તેની ઠગવિધિથી ચેતાવી દેજો, નહીં તો તે બહુ અનિષ્ટ કરી બેસશે.'

આમ કહી મહારાજે તે હરિભક્તને વિદાય કર્યા. ઘોડેસવાર મોકલી સંતોને પત્ર મોકલાવ્યો. આમ, સૌ દીવ પહોંચી ગયા.

'સંતો દીવમાં આવ્યા છે' તે સમાચાર મૂળા રાજગોરને મળ્યા. તેથી તેણે ઉચાળા ભર્યા. કોઈને મળવા પણ રહ્યો નહીં. દીવ બંદરેથી સીધો વહાણમાં બેસી મુંબઈ જવા નીકળી ગયો.


સંતોની વાતોથી હરિભક્તોને શાંતિ થઈ. બહેનોને પણ લાગ્યું કે જો સંતો ન આવ્યા હોત તો આપણે પણ ભોળવાઈને શીલભ્રષ્ટ થઈ ગયાં હોત. હંસરાજ શેઠે દીવની સઘળી હકીકત મહારાજને પત્ર લખી જણાવી. મહારાજે

તે પત્ર સભામાં વંચાવ્યો અને કહ્યું :

'વિષયની વાસના પૂરી કરવા ભગવાનનો વેશ ધારણ કરીને પાપીજનો વિષય ભોગવે છે. માટે સત્સંગ કરવામાં ડહાપણ રાખવું પણ અતિ ભોળપણનો ત્યાગ કરવો.''[૮૨]

ઉપરોક્ત પ્રસંગ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૩ના ઉદ્‌બોધન પહેલાં જ બની ગયો છે. તેથી શ્રીજીમહારાજે આવા અસાધુથી સાવચેત રહેવા માટે આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૩માં સાચા સંતની વાત પુનરુક્તિનો દોષ વહોરીને પણ ભારપૂર્વક જણાવી દીધી છે. કહ્યું છે કે, 'દ્વિબદ્ધં સુબદ્ધં ભવતિ।' બે વાર કહેલું વધુ દૃઢ થાય છે.

ટૂંકમાં, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૩ના મૂળમાં મૂળા રાજગોરનો પ્રસંગ કારણરૂપે રહેલો જણાય.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૨૪

સન ૧૯૬૩ના ફેબ્રુઆરી માસમાં યોગીજી મહારાજ મુંબઈના અક્ષર ભુવનમાં વિરાજમાન હતા. તે વખતે બપોરની કથામાં આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૪ સાથે સંકળાયેલી સ્વસ્મૃતિ વાગોળતાં તેઓએ જણાવેલું :

''અમે ખારવા ગયા હતા. ત્યાં ગંગારામભાઈએ આ વચનામૃત (ગઢડા મધ્ય પ્રકરણ ૨૪) કાઢ્યું. પછી કહે : 'મહારાજ સર્વોપરી છે – આવી વાત તો સાધુ ઘણા આવે છે પણ કરતું નથી.' પછી સારંગપુર, ગઢડા આવવા લાગ્યા.

મૂળીથી સંતો ધર્માદો લેવા આવ્યા હતા. તે કહે : 'ભગત ! તમે તો પાળ તોડી.'


ત્યારે ભગત કહે: 'તેમાં શું ખોટું થયું ? પાળ તૂટી તો તળાવનું પાણી

---

૮૨. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૩૫૪-૩૫૭; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

સમુદ્રમાં ગયું. નકર તળાવમાં સુકાઈ જાત. પાણી સજીવન રહ્યું. દેવનો ધર્માદો હવે બંધ. હવે મહારાજનો ધર્માદો !' એવી વાત કરી. સાધુ મોળા પડી ગયા. હરિભક્ત આવા બળિયા હતા.''[૮૩]


અહીં યોગીજી મહારાજની આંગળી પકડીને ઈતિહાસની અટારીએ ચઢી, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૪ જોતાં કેવું નવીન દર્શન લાધ્યું !



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૨૬

આ વચનામૃત સાથે સંલગ્ન એક ઐતિહાસિક સ્મૃતિ વાગોળતાં યોગીજી મહારાજે વાત કરેલી કે 'આ વચનામૃત શાસ્ત્રીજી મહારાજ બોચાસણમાં નવા સાધુ થઈને આવે તેને સમજાવતાં.'[૮૪]



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૨૮

સં. ૧૯૨૧માં ચૈત્રી પૂનમનો સમૈયો કરી ગુણાતીતાનંદ સ્વામી વરતાલથી જૂનાગઢ આવી રહેલા. સ્વામી સાથે સંઘમાં જોડાયેલા સૌ સાધુ, પાર્ષદ અને હરિભક્તોને પ્રાગજી ભક્ત ભગવાન અને સંતના મહિમાની વાતો અવિરતપણે કર્યે જતા હતા. રસ્તામાં ધોલેરા આવ્યું, ત્યારે માન ગઢવીએ

---

૮૩. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૩/૪૪૧; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

૮૪. એજન; ૩/૨૨૦.

સહેજ આક્રોશમાં આવી ભગતજી મહારાજને કહ્યું : 'અલ્યા પ્રાગજી! નર્યા સાધુ-સાધુ શું કરી રહ્યો છે.'

ત્યારે ભગતજી મહારાજે આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮નો સંદર્ભ આપતાં કહેલું : ''ગઢવી! હું નથી કહેતો. મુક્તાનંદ સ્વામીએ પણ કહ્યું છે – *'મમ ઉર સંત અરુ મેં સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ..'* માટે ભગવાનનો મહિમા કહીએ તેમાં સાધુનો મહિમા આવી જાય. બાકી અજ્ઞાન હોય ત્યાં સુધી સંત અને ભગવાન જુદા મનાય. ગઢડા મધ્ય પ્રકરણ ૨૮ના વચનામૃતમાં મહારાજે આ રહસ્ય બતાવ્યું છે.''

માન ગઢવી આ સાંભળી મૂંગા થઈ ગયા.[૮૫]

❀

તા. ૩૦-૫-૧૯૬૫ના રોજ યોગીજી મહારાજ બોચાસણમાં હતા. અહીં બપોરની કથામાં વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮નું નિરૂપણ મોટા સ્વામી (સાધુ યજ્ઞપ્રિયદાસ) કરી રહેલા. તેમાં વાત આવી કે 'ભગવાનની પાસે રહેતા હોઈએ ને જો ભગવાનનો રાજીપો ન હોય તો તેને હું સારું નથી જાણતો.'


તે સાંભળી યોગીજી મહારાજ બોલેલા : ''સારું નથી જાણતો – તેનો અર્થ શું? ગોંડળમાં રસ્તા ઉપરની ફાનસની લાઈટ સામે રહેતા હોય તેણે મ્યુનિસિપાલિટીનું ફાનસ ન સળગાવ્યું હોય, ને ગોંડળ બાપુ રોન મારવા નીકળે, તે જુએ પછી એટલું કહે કે 'આ ઠીક નથી કર્યું.' ત્યાં તો એ લત્તાવાળામાં ફડકો પડી જાય. 'શું થાશે? મહારાજા દંડ તો નહીં કરે ને ૫૦-૧૦૦ રૂપિયા!' એમ મહારાજે આ વચનામૃતમાં કહ્યું – 'હું સારું નથી જાણતો..''[૮૬]

ઈતિહાસની અટારીએ ચઢતાં વચનામૃતના મર્મના કેવા ઘેરા સૂર સંભળાય છે!

---

૮૫. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૧૦૬; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

૮૬. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૪/૭૦; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૩૫

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે '...એવાં જે અમારાં એ સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ તે કલ્યાણકારી છે. અને આવી રીતે અમે સ્વરૂપાનંદ સ્વામીને વાર્તા કરી હતી. તે વાર્તાને ધારી ત્યારે દેહમાં જે મંદવાડનું ઘણું દુ:ખ હતું તે સર્વે નિવૃત્તિ પામી ગયું ને પરમ શાંતિ થઈ, પણ એ ઘણાય આત્માને દેખતા હતા તોય પણ તેણે કરીને કાંઈ સિદ્ધિ થઈ નહીં...'

શ્રીજીમહારાજનાં આ વચનોને ઇતિહાસના વાતાયનમાંથી જોતાં ઉપરોક્ત પ્રસંગનું ઘર આ રીતે જોવા મળે છે :

''...વરતાલથી શ્રીહરિ ગઢપુર આવ્યા ત્યારે સ્વરૂપાનંદ મુનિ બહુ માંદા થયા હતા. જીવાખાચરે સંતો માટે જગ્યા બનાવી હતી ત્યાં રહેતા. શ્રીહરિ તેમને જોવા નિત્ય મધરાતે આવતા ત્યારે નગરનો(જામનગરનો) ગૂઢો રંગિત રેંટો પહેરીને તથા બુરાનપુરનો રેંટો માથે બાંધીને, કસુંબલ રંગિત તે રેંટાને છેડે સોનાના તાર વણેલા હતા ને સોનેરી ઢાલ, તલવાર ધારણ કરતા. કમર ઉપર એક રેંટો બાંધતા અને સોનાનાં વેઢ-વીંટી ધારતા. એવી રીતે બુકાની સાથે આવીને ગાદી-તકીયે બેસતા... ભગુજી અને જેસોજી બે પાર્ષદો સહુથી મરદ હતા, તેમને શ્રીહરિ લાવતા. ચાર ઘડી સુધી નિત્ય નવી વાતો કરતા, જે સાંભળીને સંત તૃપ્ત થતા નહીં. અરુણોદય થાય ત્યારે પાર્ષદો શ્રીહરિને સૂચના કરતા, તેથી શ્રીહરિ ચાલી નીકળતા અને પલંગ પર આવીને સૂઈ જતા. કોઈ દિવસ વાત કરતા, કોઈ દિવસ પ્રેમાનંદ મુનિ પાસે કીર્તન ગવડાવતા. ક્યારેક રામાનંદ સ્વામીની વાત કરતા, ક્યારેક પોતાના અલૌકિક વિચરણની વાત કરતા, ક્યારેક અયોધ્યાપુરીમાંનાં પોતાનાં ચરિત્રો કોઈએ ન સાંભળ્યાં હોય તેવાં કહેતા, ક્યારેક વનવિચરણની વાતો કહેતા. વાતો કહે, દર્શન કરે, કીર્તન ગવાય ત્યાં સુધી સ્વરૂપાનંદ મુનિને અંતરમાં અપાર શાંતિ રહેતી.

તે વિના બીજા સમયમાં બળતરા થતી. તેથી સંતો પાણી છાંટતા, દ્રાક્ષ તથા સાકરનાં પાણી પાતાં. શરીરે ચંદન ચર્ચતા. શ્રીહરિ પોતે ચંદન ઉતારી, કટોરો ભરી તેમના અંગે લેપ કરતા. એવી ઠંડકના બધા ઉપાયો કરવા છતાં ફેર પડતો નહીં.


ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે 'તમે તો સમર્થ છો. ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પર વર્તો એવા મહાન સિદ્ધ છો. તે વાત ક્યાં ગઈ?'

ત્યારે મુનિ હાથ જોડીને કહેતા કે 'સિદ્ધપણાના અભિમાનરૂપી વિઘ્નથી તમે મને બચાવ્યો છે. તમે સમર્થ ભગવાન છો. તમે કહો તેમ થાય છે. તમે ભૂલ દેખાડો નહીં, તો દેવને પણ પોતાની ભૂલ દેખાય નહીં. તમારા સમાન કોઈ થઈ શકે તેમ નથી... તમારી આ મૂર્તિની તથા તમારાં ચરિત્રની ક્યારેય વિસ્મૃતિ થાય નહીં, એટલું હાથ જોડીને માંગું છું.'

ત્યારે શ્રીહરિ કહે : 'અમે જીવેન્દ્ર તથા ઉત્તમના દરબારમાં વારંવાર રંગ રમ્યા છીએ અને સંત-હરિભક્તોની સભા કરી છે. તે બધું તમે જોયું છે, તેનું ચિંતવન કરો.'

મુનિએ તે પ્રમાણે ચિંતવન કર્યું ત્યારે અંતરમાં સુખ થઈ ગયું અને માયિક દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં ગયા તે સંતે પ્રત્યક્ષ જોયું.''[૮૭]

અહીં વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૫માં શ્રીહરિએ કહેલાં વચનોની પાર્શ્વભૂમાં આ ઇતિહાસ ગોઠવાતાં હવે તે જ વચનો કેવાં બળકટ જણાય છે!



ઇતિહાસની અટારીએથી...
વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૩૭

તા. ૧૦-૧-૧૯૬૨ના રોજ મુંબઈમાં બપોરની કથાનો રંગ જામ્યો


૮૭. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' : પૂર-૧૫, તરંગ-૪૬; લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.

હતો. તે સમયે યોગીજી મહારાજે આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૭ વિષે કહેલું : ''આ વચનામૃત આપણે જાત પર નાંખવું. કો'કના પર નહીં. અમારા જૂનાગઢમાં જે પહેલો સાધુ થાવા આવે તેને પહેલાં મધ્યનું ૩૭મું વચનામૃત મોઢે કરાવે..'' આ વચનામૃતનું આટલું ઐતિહાસિક મહત્ત્વ જણાવ્યા બાદ તે વિષયક પોતાની વાત કરતાં યોગીજી મહારાજ બોલેલા :

''...અમે ધંધુકાની આજુબાજુ ઝોળી માંગતા હતા. શાસ્ત્રીજી મહારાજ ત્યારે અડવાળમાં હતા. અમારા માટે પૂરણપોળી કરેલી. બાપુભાની રસોઈ. સામે ઘોડા મોકલ્યા. અમે ડમણિયામાં આવતા હતા. ઉનાળો હતો. વૈશાખ મહિનો, પણ 'સ્વામીનાં દર્શન વગર પાણી પણ પીવું નથી' એવો સંકલ્પ. બપોરે બે વાગ્યા સુધી ઝોળી માંગી હતી.

''અમે ગયા. અમને સ્વામી કહે, 'હાલો પીરસું છું. આવા પીરસનારા નહીં મળે.' પછી રોટલી (પૂરણપોળી) પાંચ-પાંચ દીધી. કઢી-ભાત સારી રીતે જમાડયા. એમ સ્વામીએ પારણાં કરાવ્યાં. બાપુભા રાજી થયા. કહે, 'રસોઈ સાર્થક થઈ.' અપવાસ હતો તે કરવો'તો, પણ આવા પુરુષ જમાડનારા ક્યાંથી! વચનભક્તિ થઈ ગઈ. પછી બીજે દિ' સોળ આની ઉપવાસ કર્યો. આગલે દિ' કરત તો પ્રસાદી જતી રહેત...''[૮૮]

યોગીજી મહારાજે પ્રસાદી લીધી અને સાથે સાથે આપણને વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૭ સાથે સંકળાયેલી ઐતિહાસિક પ્રસાદી આપતા પણ ગયા!



ઇતિહાસની અટારીએથી...


વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૪૨

તા. ૨૫-૨-૧૯૫૫ના રોજ યોગીજી મહારાજ વડોદરા જિલ્લાના સારીંગ ગામમાં પધરામણીઓ કરી રહ્યા હતા. શ્રી હર્ષદભાઈ દવે પણ સાથે

૮૮. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૩/૨૮૦-૨૮૩; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

હતા. તે વખતે તેઓએ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૨ ઉપર પ્રશ્ન પૂછ્યો કે 'આ વચનામૃત ચાવીનું કેમ કહેવાય છે ?

ત્યારે યોગીજી મહારાજે સમજાવ્યું હતું કે 'ગુણાતીતાનંદ સ્વામીએ ચાવીનું વચનામૃત કહ્યું છે. કારણ તેમાં અક્ષરનાં સગુણ-નિર્ગુણ સ્વરૂપનું વર્ણન છે. પુરુષોત્તમ નારાયણનાં સગુણ-નિર્ગુણ સ્વરૂપનું વર્ણન થઈ શકતું નથી. એટલે કહેવાતું નથી. જો કે અક્ષરના સ્વરૂપનું પણ વર્ણન થઈ શકતું નથી, છતાં અક્ષરનાં સગુણ-નિર્ગુણ સ્વરૂપનું નિરૂપણ કરવાથી પુરુષોત્તમના સ્વરૂપનો મહિમા સમજાય છે. કેમ જે, જ્યારે આવા મોટા અક્ષર, તો તેના પતિ પુરુષોત્તમ તો કેવા હશે ? મુદ્દો છે. અને અક્ષરનો આવો મહિમા યથાર્થ સમજાય તો કલ્યાણની ચાવી હાથમાં આવી ગઈ.'[૮૯] આમ, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૨નો ઐતિહાસિક પરિચય યોગીજી મહારાજે આપ્યો છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૪૫

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે ત્રણ ગુણ, દસ પ્રાણ, દસ ઇન્દ્રિયો, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય અને ચૌદ ઇન્દ્રિયોના દેવતા – એમ કુલ એકાવન પ્રકારની માયિક ઉપાધિ જીવને વળગી છે તે ટાળવાની વાત કરી છે. તેના આધારે પરમહંસોએ આ વચનામૃતનું મથાળું બાંધ્યું છે : 'એકાવન ભૂતનું ટાળું કાઢવાનું.'

એક વાર મુંબઈમાં આ વચનામૃત સમજાવતાં યોગીજી મહારાજ બોલેલા : 'આમાં ૫૧ ભૂત મહારાજે ગણાવ્યાં. વળી, અયોગ્ય સ્વભાવ અને વાસના મળીને ૫૩ ભૂત જીવને વળગ્યાં છે.'[૯૦]

ગુણાતીત સંત વિના આવો ઐતિહાસિક ઘટસ્ફોટ કોણ કરી શકે ?

૮૯. એજન; ૧/૫૦૩.
૯૦. એજન; ૩/૬૫૮.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૪૬

સં. ૧૮૮૦ના પોષ વદિ એકાદશીના દિવસે શ્રીજીમહારાજ આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૬ ઉપદેશે છે. તેમાં તેઓ જણાવે છે :

"આ સંસારને વિષે જે સત્પુરુષ હોય, તેને તો કોઈક જીવને લૌકિક પદાર્થની હાણ-વૃદ્ધિ થતી દેખીને તેની કોરનો હર્ષ-શોક થાય નહીં અને જ્યારે કોઈકનું મન ભગવાનના માર્ગમાંથી પાછું પડે ત્યારે ખરખરો થાય છે. કાં જે, થોડાક કાળ જીવવું ને એનો પરલોક બગડશે. માટે એને મોટી હાણ થાય છે... અને વળી જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી, એને તો એકાંતિક ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે. તે જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેનો હૃદયમાં અભાવ આવ્યો ત્યારે એ ભક્ત એકાંતિકના ધર્મમાંથી પડ્યો જાણ્યો... માટે પંચમહાપાપ થકી પણ ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેવો એ મોટું પાપ છે...."

ઈતિહાસની અટારીએથી શ્રીજીમહારાજનાં આ વચનોનું બારિકાઈથી નિરીક્ષણ કરતાં આંબા શેઠનો પ્રસંગ આ વચનામૃતના ઘરરૂપે નજર સામે તરી આવે છે. શ્રીજીમહારાજે આ વચનામૃત ઉદ્‌બોધ્યું છે તે જ અરસામાં આંબા શેઠ શ્રીજીમહારાજમાં આવેલ મનુષ્યભાવને કારણે સત્સંગમાંથી પાછા પડી ગયેલા.

વિગત એવી બનેલી કે શ્રીજીમહારાજ વાસુદેવ નારાયણના ઓરડે ચાલતી કથામાં જીવુબા, લાડુબા વગેરેને દર્શન આપી નિંબતરુ નીચે જતા હતા. ત્યાં સામેથી પંચાળાના અદીબા આવ્યાં. મહારાજ તેમને ખભે હાથ મૂકી બે પગથિયાં નીચે ઊતર્યા. અદીબા તો આ સ્પર્શથી રોમાંચિત થઈ ગયાં. પંચાળામાં મહારાજે પરણ્યાની રઢ લેવારૂપી જે મનુષ્યચરિત્ર કર્યું હતું તે વખતે અદીબા મહારાજ સાથે લગ્ન કરવા તૈયાર થઈ ગયેલાં; પણ એ તો શ્રીહરિની કેવળ લીલા હતી. તેથી અદીબાનો તે વખતનો ભગવાનનો સ્પર્શ

પામવાનો અધૂરો સંકલ્પ આ રીતે શ્રીજીમહારાજે પૂરો કર્યો.

પરંતુ આ દૃશ્ય ગઢાળીના આંબા શેઠે જોયું અને તેઓને ભગવાનના સ્વરૂપમાં મનુષ્યભાવ આવી ગયો. તેઓને થયું : 'આ ભગવાન ? જુવાન સ્ત્રીને ખભે હાથ મૂકે અને વળી સ્ત્રીઓનો સ્પર્શ વર્જ્ય છે એવો ઉપદેશ કરે તે ભગવાન ?' તેઓ તરત જ પોતાના ગામ ગઢાળી પરત ફરી ગયા.

રોજ ગઢાળીથી ગઢડા વહેલી સવારે આવી જનારા આંબા શેઠ પાંચ-છ દિવસ દેખાયા નહીં. તેથી મહારાજે પૂછ્યું : 'આંબો સુકાયો છે કે શું ?' એમ ઈંગિત કરી મુક્તાનંદ સ્વામીને ગઢાળી મોકલ્યા. અહીં પહોંચી મુક્તાનંદ સ્વામીએ સઘળી હકીકત જાણી આંબા શેઠને સમજાવ્યા.

સ્વામીની વાતોથી શેઠને સત્ય સમજાતાં તેઓ તરત જ શ્રીજીમહારાજ પાસે પહોંચ્યા અને કહ્યું : 'પ્રભુ ! મને માફ કરો. ફરી આપના સ્વરૂપમાં આવો મનુષ્યભાવ ન આવે તેવી કૃપા કરો.'[૯૧]

આમ, ક્ષમા યાચીને શેઠે શ્રીજીમહારાજને ગઢાળી આવવા આમંત્રણ આપ્યું. સાથે પચાસ સાધુને લઈને આવવાનો આગ્રહ કર્યો. મહારાજે શેઠની વાત કબૂલ રાખી. આંબા શેઠ તૈયારી માટે નીકળી ગયા.

આ બાજુ શ્રીજીમહારાજે ગઢાળી આવવા સભામાં સાગમટે આમંત્રણ આપ્યું તો પાંચસોનો સંઘ તૈયાર થઈ ગયો !

શ્રીજીમહારાજને આટલા સંતો-હરિભક્તો સાથે આવેલા જોઈ આંબા શેઠ મૂંઝાઈ ગયા. તેઓએ મહારાજને કહ્યું : 'અમે ઘરનાં દસ જણાં છીએ. તેની ગણતરી કરીને પહેલાં અમને લાડવા અને ગાંઠિયા આપી દો. પછી તમારે જે રીતે પીરસવું હોય તે પીરસજો.' શેઠ પુનઃ મનુષ્યભાવની જાળમાં સપડાયા. તેમણે પોતાનાં કુટુંબીઓની રસોઈ જુદી તારવી લીધી. બાકીની રસોઈમાંથી શ્રીજીમહારાજે પાંચસો સંતો-ભક્તોને જમાડ્યા.

મહારાજ વિદાય થયા ત્યારે રસોઈ જમતાં પહેલાં હતી તેટલી ને તેટલી શેઠે જોઈ. તેઓને પોતાની ભૂલ-અવિવેક માટે દુઃખ થયું. ફરી મહારાજની માફી માંગી અને મનમાં દૃઢ ગાંઠ વાળી કે 'ભગવાનનો કોઈ રીતે અવગુણ લેવો નથી. તે જે કરે તે યોગ્ય જ છે.'

---

૯૧. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૪૨૩-૪૨૯; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

મનુષ્યભાવ અને દિવ્યભાવ વચ્ચે ઝોલાં ખાતાં આંબા શેઠના આ બંને પ્રસંગો વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૬ના ઉદ્‌બોધનના અરસામાં જ બનેલા છે, કારણ કે આ બંને પ્રસંગોનાં વર્ણન પછી તરત જ ઉલ્લેખ મળે છે:

'ગઢપુરમાં વસંતનો ઉત્સવ કરવાની તૈયારી દાદાખાચરે શરૂ કરી. એટલામાં સુંદરિયાણાથી સમાચાર આવ્યા કે હિમરાજ શેઠ ધામમાં પધાર્યા છે. તેથી આ.સં. ૧૮૮૦ના માઘ માસના પડવે મહારાજ સંઘ સાથે સુંદરિયાણા જવા નીકળ્યા...'[૯૨]


અહીં શ્રીજીમહારાજ સં. ૧૮૮૦ના મહા સુદ પડવાએ ગઢપુરથી સુંદરિયાણા જવા પધારી રહ્યા છે. આ પ્રસ્થાનની બિલકુલ પૂર્વમાં જ આંબા શેઠના જીવનમાં ઉપરોક્ત ઘટનાઓ બની છે, તે સાંપ્રદાયિક ગ્રંથો તપાસતાં સ્પષ્ટ થાય છે. એટલે કે આંબા શેઠના આ પ્રસંગો સં. ૧૮૮૦ના પોષ માસના કૃષ્ણ પક્ષમાં બન્યા હશે; અને વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૬ પણ સં. ૧૮૮૦ની પોષ વદ એકાદશીનું જ છે. તેથી નક્કી થાય છે કે આંબા શેઠના સત્સંગમાંથી પડવાના પ્રસંગ આધારે જ શ્રીજીમહારાજ બોલ્યા હશે : '...જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેનો હૃદયમાં અભાવ આવ્યો ત્યારે એ ભક્ત એકાંતિક ધર્મમાંથી પડ્યો જાણ્યો...'

વળી, આ વચનામૃતમાં શ્રીજીમહારાજ બોલ્યા છે : 'આ સંસારને વિષે જે સત્પુરુષ હોય તેને.... જ્યારે કોઈકનું મન સત્સંગમાંથી પાછું પડે ત્યારે ખરખરો થાય છે.' શ્રીજીમહારાજનું આ વિધાન પણ – તેઓએ આંબા શેઠ પાંચ-છ દિવસ સુધી સત્સંગમાં ન આવતાં મુક્તાનંદ સ્વામીને સામેથી સમજાવવા મોકલ્યા – તેમાં યથાર્થપણે બંધ બેસે છે.

આમ, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૬ના ઇતિહાસ પરથી આ પડદો ઊંચકાતાં જ આ સમગ્ર વચનામૃતનો નિખાર કંઈક જુદો જ જણાય છે. સંપ્રદાયના પ્રચલિત પ્રસંગોની લગોલગ કેવો આશ્ચર્યજનક ઇતિહાસ આસન માંડીને બેઠો છે ! સાથે સાથે એ પણ ખ્યાલ આવે છે કે વચનામૃતના શબ્દો એ કેવળ ઠાલો ઉપદેશ નથી, પણ તેમાં એક-એક ભક્તની પીડાનું શોધન અને સમાધાન છે.

---

૯૨. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૪૩૦-૪૩૧; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૪૮

આ વચનામૃતના વર્ણનમાં આવે છે કે '...સાધુ પ્રેમાનંદ સ્વામી ભગવાનના ધ્યાનના અંગની ગરબીઓ જે, 'વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ...' એ ગાવતા હતા. પછી જ્યારે ગાઈ રહ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'બહુ સારાં કીર્તન ગાયાં...''

સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીને આ પદરચનાની પ્રેરણા મળી અને શ્રીજી-મહારાજે તેઓની પ્રશંસા કરી તેના મૂળમાં રહેલો ઈતિહાસ આ મુજબ છે :

શ્રીજીમહારાજ ગઢડામાં બિરાજમાન હતા ત્યારે શંખલપુરનો દેવીભક્ત બ્રાહ્મણ વિજયશંકર તેઓ પાસે આવેલો. કપાળે સિંદૂરની આડ હતી, હાથમાં ત્રિશૂળ હતું, માથે લાલ રંગનો રૂમાલ બાંધ્યો હતો. તેણે મહારાજને નમસ્કાર કરીને કહ્યું : 'મહારાજ ! તમે તો ભગવાન છો પણ આપ જો આજ્ઞા કરો તો મારી દેવીનો એક ગરબો સંભળાવું.'

મહારાજે તેને સંમતિ આપી. તે વખતે તેણે આ પ્રકારે ગરબો ગાયો :

'મા તું પાવાની પટરાણી કે, કાળી કાળિકા રે લોલ;
મા તારો ડુંગરડે છે વાસ કે, ચડવું દોહ્યલું રે લોલ.
માડી તારા મુખની મરોડતા જોઈ, હરાણો ગર્વ ચંદનો રે લોલ;
માડી એ મુખડું જોવા કાજ, આવે છે કુંવર નંદનો રે લોલ.
મા તારા મંડપની શોભાય કે, મુખથી શી કહું રે લોલ;
મા ત્યાં તપ કરતા દીઠા કે, વિશ્વામિત્ર ઋષિ રે લોલ.
મા તારા ડાબા-જમણા કુંડ કે, ગંગા-જમના-સરસ્વતી રે લોલ;
મા તારાં કૂકડિયાં દશ-વીશ કે, કોઈ રણમાં ચઢે રે લોલ.
લીધાં ખડ્‌ગ ને ત્રિશૂલ કે, અસુરને મારિયો રે લોલ;
ફાટી ઉદર નીકળ્યાં બહાર કે, અસુરને હાથે હણ્યો રે લોલ.

આવી નોરતાંની નવરાત્ર કે, મા ગરબે રમે રે લોલ;
માએ છૂટ્યા મેહેલ્યા કેશ કે, ફૂદડી બહુ ફરે રે લોલ.
માએ સો સો સજ્યા શણગાર કે, રમિયાં રંગમાં રે લોલ;
ઓઢી અંબર કેરી જોડ કે, ચરણા ચૂંદડી રે લોલ.
માએ કરી કેસરની આડ કે, વચમાં ટીલડી રે લોલ;
સેંથે ભરિયો છે સિંદૂર કે, વેણ કાળી નાગણી રે લોલ.
માને દાંતે સોનાની રેખ કે, ટીલીની શોભા ઘણી રે લોલ;
પાયે ઝાંઝરનો ઝમકાર રે, વાગે ઘૂઘરા રે લોલ.
ચોસઠ બહેનો મળી છે ત્યાંય કે, શણગાર શોભા ઘણી રે લોલ;
આવું રૂડું ચૌટું ચાંપાનેર કે, વચમાં ચોક છે રે લોલ.'

વિજયશંકરની ગાવાની હલકથી, ગરબાના ઢાળથી શ્રીજીમહારાજ પ્રસન્ન થયા. તેને શિરપાવ અપાવ્યો.

પછી મહારાજે પ્રેમાનંદ સ્વામીને કહ્યું : 'સ્વામી ! સાંભળ્યોને માતાજીનો ગરબો ? ઢાળ સુંદર છે, ગાવાની હલક પણ સુંદર હતી. માતાજીનો મહિમા પણ કેવો ગાયો ! તમે એ ઢાળની ગરબી બનાવો.'

પ્રેમાનંદ સ્વામીએ મહારાજની આ આજ્ઞા શિરે ચઢાવી.

બીજે દિવસે મહા વદ ૧૪ના રોજ શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં ઉગમણા દ્વારની ઓસરીએ બિરાજમાન હતા. તે વખતે પ્રેમાનંદ સ્વામીએ સૂર છેડ્યો :

'વંદું સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ...'


એક પછી એક એમ આઠ પદ પ્રેમાનંદ સ્વામીએ ગાયાં. તે સાંભળી શ્રીજીમહારાજ બોલેલા : 'બહુ સારાં કીર્તન ગાયાં...'[૯૩]

આપણને પણ આ ઐતિહાસિક તવારીખ વાંચી થયું હશે : 'બહુ સારો ઇતિહાસ જાણવા મળ્યો.'

પ્રેમાનંદ સ્વામીએ લખેલાં આ આઠ પદો આજેય રોજ રાત્રે ચેષ્ટાગાનમાં સૌ સંતો-ભક્તો હોંશે-હોંશે ગાય છે.

---

૯૩. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૪૩૬-૪૩૭; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.



ઇતિહાસની અટારીએથી...
વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૪૯

આ વચનામૃત સાથે જડાયેલી બે ઐતિહાસિક સ્મૃતિઓ કંઈક આવી છે :

સં. ૧૯૪૪ની સાલમાં ભગતજી મહારાજ નડિયાદ પધારેલા ત્યારે શાસ્ત્રી બલરામદાસને મળવા ગયેલા. તે વખતે શાસ્ત્રીએ કહેલું : 'હવે તો તમે મહુવા જવાના છો તે પાછા ક્યારે ગુજરાતમાં આવો. માટે વાતો કરો.'

તે વખતે ભગતજી મહારાજે ચુનીલાલ પાસે આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૯ વંચાવીને જે વાતો કરી કે તે સાંભળી બલરામદાસ બોલી ઊઠેલા : 'આવું તમારું જ્ઞાન અને સ્થિતિ જોઈ સાધારણ સાધુ તો 'તેમનો ભાર હવે રહેશે નહીં' તેમ જાણી તમને વરતાલ ન આવવા દે તે સ્વાભાવિક છે. માટે હવે તો તમારા શિષ્યોને ત્યાં મહુવા સમાગમ માટે આવવું પડશે.'

તે વખતે ભગતજી મહારાજ બોલેલા : 'જે મારો શિષ્ય હોય તે ભગવાનનું અખંડ સમીપપણું જ અનુભવે અને ભગવાન તેને છેટે મનાય જ નહીં.'[૯૪]

❀

તા. ૧૧-૩-૧૯૬૩ના રોજ મુંબઈમાં સવારની કથાના પ્રસંગમાં આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૯ સમજાવતાં યોગીજી મહારાજે અન્ય એક ઐતિહાસિક વિગતનું વિમોચન કરતાં કહેલું :

'આ વચનામૃત (ગઢડા મધ્ય પ્રકરણ ૪૯) ગુણાતીતાનંદ સ્વામીએ યોગેશ્વરદાસ પાસે સાધુના દવાખાના આગળ ૧૧ વખત વંચાવેલું....'[૯૫]

---

૯૪. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૨૩૬-૨૩૮; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

૯૫. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૩/૪૪૯; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

અહો ! કેવો અશ્રુતપૂર્વ રહસ્યસ્ફોટ ! ઈતિહાસની આવી કરચલીઓ ખૂલતાં જ વચનામૃતનાં પાનાં કોઈ સમૃદ્ધ ખજાનાં જેવાં જણાય છે.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૫૧

તા. ૨૦-૧૧-૧૯૫૬ના રોજ યોગીજી મહારાજ હાઈસ્કૂલના ઉદ્‌ઘાટન નિમિત્તે ઝારોળા પધાર્યા હતા. અહીં તેઓએ સાથે ફરતા યુવકોને ઉપવાસની આજ્ઞા કરી કહ્યું : 'ગઢડા મધ્યનું ૫૧મું વચનામૃત મોઢે કરજો.' આમ કહી તેઓ પધરામણીએ પધાર્યા. પધરામણીઓ બાદ ઉતારે પધારી યોગીજી મહારાજે બધા યુવકોનો મુખપાઠ લીધો. પછી બોલેલા : 'તમે બધાએ આ વચનામૃત મોઢે કર્યું છે તો સૌ આત્મસત્તારૂપે વર્ત્યા છો.'

એમ કહી બાજુમાં જ ટેબલ પર પડેલી ઘંટડી બતાવી કહ્યું : 'સત્પુરુષની આજ્ઞાથી જો ઘંટડી ખખડાવે તોપણ આત્મસત્તારૂપે વર્ત્યા ગણાય.'[૯૬]

અહીં વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૧ સાથે સંલગ્ન ઐતિહાસિક ઘટના દ્વારા સનાતન સત્યનો ઉદ્‌ઘોષ થયો છે.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૫૩

આ વચનામૃતમાં ઉપદેશ વહાવતાં ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે :

૯૬. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૨/૧૨૮; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

"જ્યારે હૃદયને વિષે મોહ વ્યાપે ત્યારે એ જીવને પોતાનો અવગુણ તો સૂઝે જ નહીં.... અને એમ સમજે જે, આ મોટાપુરુષ છે અથવા ભગવાન છે પણ આટલું ઠીક કરતા નથી.' માટે એવાં જે પરમેશ્વર તેનાં ચરિત્રને વિષે ને તે ભગવાનની જે સમજણ તેને વિષે જે દોષ દેખે છે તેને વિમુખ ને અધર્મી જાણવો અને સર્વે મૂર્ખનો રાજા જાણવો.."

ભગવાન સ્વામિનારાયણ આ વચનામૃતમાં ભગવાનને વિષે દોષ પરઠનારાની રીતસર ઝાટકણી કાઢતાં દેખાય છે. ભગવાનનાં ચરિત્રોમાં કુતર્ક કરનારાની હજી હાંસી ઉડાવતા હોય તેમ તેઓ આ વચનામૃતમાં કહે છે:

"...જીવમાત્રને પોતાના ડહાપણનું અતિશય માન હોય પણ એમ વિચારે નહીં જે, મને મારા જીવની ખબર નથી જે, આ શરીરમાં જીવ રહ્યો છે તે કાળો છે કે ગોરો છે ? કે લાંબો છે કે ટૂંકો છે ? એની કાંઈ ખબર નથી તોપણ મોટાપુરુષ હોય અથવા ભગવાન હોય તેને વિષે પણ ખોટ્ય કાઢે... પણ એ મૂર્ખો એમ નથી જાણતો જે, એ ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડને વિષે રહ્યાં એવા જે જીવ ને ઈશ્વર તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય ને તેને દેખે તેમ દેખે છે...."

હળવા આક્રોશ સાથે અહીં શ્રીજીમહારાજ *'હાથમાં નહીં કોડી ને ઊભી બજારે દોડી'* જેવા જીવની પામરતા પર વેધક કટાક્ષ કરી રહ્યા છે; પરંતુ આ સઘળા ઉપદેશનો ઉપક્રમ જો તપાસીએ તો ખ્યાલ આવે તેમ છે કે ઉપરોક્ત વચનોમાં ડોકાતી તેઓની કડક અભિવ્યક્તિ યોગ્ય છે.

ઈતિહાસની અટારીએ ચઢીને જોતાં આ વચનામૃતનું ઘર ગઢડાના જીવાખાચરે વસ્તાખાચરને કુસંગના શબ્દોથી ઘાયલ કરી કારિયાણી રવાના કરી દીધા તે પ્રસંગમાં નીકળે છે.

ગઢડા મધ્ય પ્રકરણ ૫૩મું વચનામૃત સં. ૧૮૮૦ની વૈશાખ સુદ પંચમીનું છે. આ અરસામાં જે પ્રસંગ ગઢડામાં બન્યો હતો તે આ મુજબ છે :

કારિયાણીના દરબાર વસ્તાખાચર શ્રીજીમહારાજનો સમાગમ કરવા ગઢડા આવેલા. અહીં એક વાર જીવાખાચરે વસ્તાને કહ્યું : 'હાલો, અમારી ડેલીએ. ત્યાં ઉતારો કરજો.'

ત્યારે મહારાજે કહ્યું : 'અહીં આવ્યા છે તે અમારી ભેગા જ ભલે રહ્યા.'

પણ જીવાબાપુના અતિ આગ્રહથી વસ્તાખાચર મહોબત મૂકી શક્યા

નહીં. તેઓએ મહારાજને કહ્યું: 'મહારાજ! બાપુનો આગ્રહ છે એટલે મોટી ડેલીએ ઉતારો કરવા જાઉં છું. પછી પાછો આવી જઈશ.' એમ કહી વસ્તા-ખાચર નીકળી ગયા.

મહારાજ બોલ્યા : 'હવે વસ્તાખાચર નહીં આવે.'

'એમ કેમ કહો છો ?' મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું.

મહારાજે કહ્યું: 'જીવાખાચર અને બુઢ્ઢા ધાધલના શબ્દોથી તે પાછા પડી જશે. અમારા સ્વરૂપની દૃઢતા તૂટશે. અમારો અભાવ આવશે.'

....અને બન્યું પણ એમ જ. જીવાખાચર અને બુઢા ધાધલે પછી તો શ્રીજીમહારાજ વિરુદ્ધના જે ઝેરના શબ્દો વસ્તાની મનોભૂમિમાં વાવ્યા કે વસ્તાખાચર બીજે દિવસે શ્રીજીમહારાજને મળ્યા સિવાય જ કારિયાણી ભેગા થઈ ગયા; પરંતુ તેઓની રહી-સહી મુમુક્ષુતા જોઈ શ્રીજીમહારાજ તેઓને સત્ય સમજાવવા સામે ચાલી કારિયાણી ગયા. વસ્તાને પોતાની ભૂલ સમજાઈ. તેઓ કરગર્યા કે 'મહારાજ ! મારો અપરાધ માફ કરો. મને આશીર્વાદ આપો કે આપના સ્વરૂપમાં ક્યારેય મનુષ્યભાવ ન આવે.'

દાદાખાચરે પણ કહ્યું કે 'વસ્તા! બુઢા જેવા એક નમાલા માણસના શબ્દો ઉપર તને મહારાજમાં મનુષ્યભાવ આવ્યો!' આમ, વસ્તાને સાચી વાત સમજાવી શ્રીજીમહારાજ પુનઃ ગઢડા આવી ગયા.[૯૭]

ઉપરોક્ત પ્રસંગનો બનવાકાળ ગઢડા મધ્ય પ્રકરણ ૫૩ના અરસાનો જ છે તેમ કહેવાનો સબળ પુરાવો એ છે કે ચૈત્ર સુદ નવમીનો સમૈયો (સં. ૧૮૮૦) શ્રીહરિએ વરતાલમાં કર્યો હતો તેવો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે :

"હરિનવમીનો સમૈયો ધામધૂમથી થયો. પછી મહારાજે (વરતાલ) મંદિરના કામ માટે બ્રહ્માનંદ સ્વામીને તથા શિલ્પીને બોલાવ્યા.... તેઓને બધી ભલામણ કરી વરતાલથી નીકળતાં શ્રીજીમહારાજે કહ્યું : 'પ્રતિષ્ઠા કરવા જેટલું કામ થઈ જાય એટલે અમને ખબર આપજો.' એ પ્રમાણે કહી મહારાજ વરતાલથી નીકળ્યા અને માર્ગમાં અનેક સ્થળે રોકાતાં રોકાતાં ગઢપુર પહોંચ્યા..."[૯૮]


---

૯૭. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૪૫૬-૪૬૨; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

૯૮. એજન; ૪/૪૫૧.

અહીં ચૈત્ર સુદ નવમી બાદ વરતાલથી નીકળી, વચ્ચે રોકાતાં રોકાતાં ગઢપુર જતાં શ્રીજીમહારાજને દસ-પંદર દિવસ તો લાગ્યા હોય તે સમજી શકાય તેમ છે. એટલે કે ચૈત્રના વદ પક્ષના પણ ઉત્તરાર્ધમાં તે ગઢડા પહોંચ્યા હશે. મહારાજના ગઢડા પહોંચ્યાના થોડા દિવસોમાં જ વસ્તાખાચર ગઢપુર આવે છે તેવું વર્ણન સંપ્રદાયના ગ્રંથોમાં છે. એટલે કે વસ્તાખાચર ચૈત્ર ઊતરતાં કે ચડતાં વૈશાખે ગઢડા ગયા હશે અને તેઓ જીવાખાચરના કુસંગનો ભોગ બન્યા હશે. માટે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૩ની ઉદ્‌બોધનતિથિ વૈશાખ સુદિ પંચમીના અરસામાં જ આ પ્રસંગ બનેલો તે પાક્કું થાય છે. તેથી તેના આધારે આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ભગવાનના સ્વરૂપમાં આવતા મનુષ્યભાવ, આવા કુસંગની વાતો કરનારાની પામરતા વગેરેને વખોડી રહ્યા છે કે જેથી ભવિષ્યમાં કોઈ આવી જાળમાં ફસાય નહીં.

આમ, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૩ ઉપસંહાર છે, જેનો ઉપક્રમ ઉપરોક્ત પ્રસંગથી શરૂ થયો છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૫૪


બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે સં. ૧૯૫૧માં મહુવા મુકામે આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪ વિષે વાત કરતાં કહેલું :

'શ્રીજીમહારાજે બસો બાસઠ વચનામૃતમાં ગઢડા પ્રથમ ૫૪ અને ગઢડા મધ્ય ૫૪ એ બે વચનામૃત મોક્ષનાં કહ્યાં અને દીનાનાથ ભટ્ટને પણ એ બે જ પોતાનાં કરવાની આજ્ઞા કરી.'

❀

સં. ૧૯૫૫માં શાસ્ત્રીજી મહારાજ જૂનાગઢમાં રહેલા ત્યારે દ્રાવિડ દેશના વિદ્વાન શાસ્ત્રી કમલનયન તેઓને મળેલા. આ શાસ્ત્રીને શાસ્ત્રીજી

મહારાજ જાગા ભક્તનાં દર્શને લઈ ગયા ત્યારે તે શાસ્ત્રીએ મોક્ષ સંબંધી કેટલાક પ્રશ્નો જાગા ભક્તને પૂછ્યા. તેનું ગુજરાતી ભાષાંતર શાસ્ત્રીજી મહારાજે જાગા ભક્તને સંભળાવ્યું. ત્યારે જાગા સ્વામીએ તે પ્રશ્નો પર આ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪ની વાત કરેલી અને તે શાસ્ત્રીને મોક્ષમાર્ગ સમજાવેલો. સાથે સાથે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૪ અને વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨ની વાત પણ પુષ્ટિ માટે જાગા ભક્તે કરેલી.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૫૬

આ વચનામૃતનું મથાળું છે : 'કસુંબલ વસ્ત્રનું.'

તે સંબંધી વાત કરતાં શ્રીજીમહારાજ આ વચનામૃતમાં જણાવે છે :

'...જેને ભગવાન જેવી બીજા પદાર્થમાં પણ પ્રીતિ હોય તેનો તો ઘણો જ પાયો કાચો છે. જેમ કસુંબલ વસ્ત્ર હોય તે ઘણું સારું જણાતું હોય, પણ જ્યારે તે ઉપર પાણી પડે ને પછી તેને તડકામાં સુકાવીએ ત્યારે સૂધું નકારું થઈ જાય ને ધોળાં વસ્ત્ર જેવું પણ ન રહે, તેમ જેને પંચવિષયમાં પ્રીતિ હોય તેને જ્યારે કુસંગનો યોગ થાય ત્યારે કાંઈ ઠેકાણું રહે નહીં...'

અહીં કસુંબલ વસ્ત્રના દૃષ્ટાંતે શ્રીજીમહારાજે વાત કરી છે તે દૃષ્ટાતનું મૂળ ક્યાં સમાયું છે તે સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

'મધ્યનું ૫૬મું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'મહારાજે કસુંબલ વસ્ત્ર પહેર્યાં હતાં, ને ટાટમથી જોટીંગડા સુધી ઘોડી દોડાવી ને પરસેવો બહુ વળ્યો ને લૂગડાં પહેર્યાં હતાં તે ભૂખરાં થઈ ગયાં. તે ઉપર પ્રીતિવાળાને કસુંબલ રંગ જેવા કહ્યા છે.''[૯૯]

પણ ઉપરોક્ત વાતમાં આવ્યું કે '....ટાટમથી જોટીંગડા સુધી ઘોડી દોડાવી તે પરસેવો બહુ વળ્યો...' તેનું મૂળ ક્યાં છે? તો ચાલો, ચઢીએ

૯૯. 'સ્વામીની વાતો' : ૧૦/૨૪૧; પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, દ્વિતીય આવૃત્તિ.

ઈતિહાસની અટારીએ અને નજર ફેરવીએ ભૂતકાળની ભૂમિ પર. આ વચનામૃતનું મૂળ તપાસતાં વિગત કાંઈક આવી મળે છે :

બોટાદના ભાઈચંદ દોશીના મંદવાડ વખતે મહારાજ તેમને જોવા પધારેલા. તે વખતે શેઠ સાખી બોલેલા કે –

'નીચું નળિએલ ખોરડું, જેનો થાંભલીએ નહીં ઠા;
એ ન રીએ આલંગડા, મોભ જતાં માઠું રીએ.'

અર્થાત્ હું તો આ નીચા ખોરડાના આડસર જેવો છું. હું તો હવે ચાલ્યો, પણ આ ભગો થાંભલીને ઠેકાણે છે. તે આડસર વગર નહીં રહી શકે.

તે વખતે મહારાજે સાંત્વન આપેલું કે 'ભગો તમારા કરતાં સવાયો થશે. અમે તેના આડસર બનશું.'

તે મુજબ શ્રીજીમહારાજ ભગા દોશીની સર્વપ્રકારે સંભાળ રાખતા.

એક વાર મહારાજને સમાચાર મળ્યા કે 'ભગા દોશીને અસાધ્ય મંદવાડ થયો છે. છેલ્લી ઘડી છે ને આપનાં દર્શનની ઝંખના છે.'

આ સાંભળી મહારાજ તરત જ બોટાદ જવા તૈયાર થયા.

તે વખતે જીવાખાચરે કહ્યું : 'મહારાજ ! ઘડીક ખમો. હું પણ તમારી સાથે આવું છું.' આમ કહીને જીવાખાચરની મેલી મુરાદ હતી કે શ્રીજી-મહારાજને બોટાદ પહોંચવા ન દેવા. જો મહારાજ બોટાદ પહોંચે તે પહેલાં ભગા દોશી ધામમાં જતા રહે તો મહારાજે ભાઈચંદ શેઠને આપેલું વચન ખોટું પડે અને મહારાજનું ભૂંડું દેખાય. આ ઈરાદે રમત રમીને તેઓ ઘોડી લેવા પોતાના દરબારમાં ગયા પણ ત્યાં ભાયાતો જોડે ગપાટાં મારવા બેસી ગયા.

જીવાખાચરને આવતાં વાર લાગી એટલે સ્વયં મહારાજ તેમને લેવા તેઓના દરબારગઢમાં પહોંચ્યા. અહીં તો જીવાખાચર બેફિકરાઈથી બેઠા હતા. મહારાજે કહ્યું : 'તમે હજુ સાબદા થયા નથી ?'

ત્યારે જીવાખાચર કહે : 'મહારાજ ! તમેય હવે જવાનું માંડી વાળો. વાવડ એવા આવ્યા છે કે ભગા દોશી દેહ મેલી ગયા છે.'

આ સાંભળી મહારાજે કહ્યું : 'તમારે ન આવવું હોય તો રહેવા દ્યો. અમે ઊપડ્યા.' એમ કહી નાજા જોગિયા સાથે મહારાજે ઘોડી દોડાવી મૂકી.

મહારાજ જોટીંગડાના પાદરે પહોંચ્યા ત્યાં પુષ્કળ વરસાદ થયો. મહારાજનાં જરીનાં વસ્ત્રો તથા માણકીનું જરીનું પલાણ બધું જ પલળી ગયું.


તે જોઈ નાજા જોગિયાએ કહ્યું : 'અરે મહારાજ ! આ તો ખરેખરની થઈ.'

ત્યારે મહારાજે જરા જોરથી કહ્યું : 'શું ખરેખરની થઈ ? આવાં સો સો પલાણ ને વસ્ત્રો ભગા દોશી પર ઘોળ્યાં કરી નાંખીએ એવા એ ભગત છે.'

મહારાજ એમ ને એમ ભીનાં વસ્ત્રે બોટાદ પધાર્યા અને સીધા ગોદડખાચરના દરબારમાં આવ્યા. અહીં ભીનાં વસ્ત્રો કાઢી, કોરાં વસ્ત્રો પહેર્યાં. માણકીનું પલાણ પણ ઉતારીને સૂકવવા મૂકી દીધું.

પછી મહારાજ ભગા દોશીના ઘરે પધાર્યા. ભગા દોશીને સાંત્વન આપતાં કહ્યું : 'અમારે તમને ગઢડાનું મંદિર પૂરું થાય અને પ્રતિષ્ઠા થાય તેનાં દર્શન કરાવવાં છે.'[૧૦૦]

આમ, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૬માં શ્રીજીમહારાજે સદૃષ્ટાંત જે વાત કરી છે તેનાં સગડ આ પ્રસંગ સુધી પહોંચે છે. વચનામૃત પાછળ કેવો રસપ્રદ ઇતિહાસ !



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૫૭

આ વચનામૃત શાસ્ત્રીજી મહારાજનાં પ્રિય વચનામૃતોનું એક હતું તે જણાવતાં એક વાર યોગીજી મહારાજ બોલેલા : 'ગઢડા મધ્ય ૫૭મું વચનામૃત સર્વોપરી છે. સ્વામી (શાસ્ત્રીજી મહારાજ) બહુ વંચાવતા. આ વચનામૃત બધાએ યાદ રાખવું. (યોગીજી મહારાજ ત્રણ-ચાર વાર આ વાક્ય બોલ્યા)....'[૧૦૧]

❀

શાસ્ત્રીજી મહારાજે ખરેખર આ વચનામૃત પોતાનું કરી રાખ્યું હશે, તે

૧૦૦. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૪/૪૬૬-૪૬૮; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.


૧૦૧. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૬/૪૮૩; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

તેઓના નીચેના જીવનપ્રસંગ પરથી સમજાશે :

સં. ૧૯૬૦માં શાસ્ત્રીજી મહારાજ વરતાલ પધાર્યા ત્યારે ગોવર્ધનભાઈ કોઠારીએ તેમને ખાનગીમાં બોલાવીને વાત કરેલી કે 'તમે જ્યાં જ્યાં જાઓ છો ત્યાં મોટા સમૈયા-ઉત્સવ થાય છે અને લોકો તમારામાં ઘણા જ તણાય છે. તેથી ત્યાગીવર્ગને ઘણો જ રાગ-દ્વેષ થયો છે અને તમારો પ્રતાપ સહન થતો નથી. માટે ત્યાગીવર્ગ તરફથી તમને ઉપાધિ ઘણી જ થશે એમ મને લાગે છે. તો તમારે સૌનું મળતું રાખીને ઉપદેશ દેવાનું ઓછું કરવું. એવી મારી ભલામણ છે.... મને તો કંઈ વહેમ કે શંકા નથી, પરંતુ ભેખધારી કોશ અને કોદાળો લઈને તમારું મૂળ ઉખેડવા કટિબદ્ધ થયા છે, તેથી મને મૂંઝવણ અને અંજપો થાય છે.'

આ વખતે શાસ્ત્રીજી મહારાજે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૭નો સંદર્ભ ટાંકી વાત કરેલી કે ''મહારાજે કહ્યું છે – 'મને ભગવાન મળ્યા છે તો જે જીવ મારો સંગ કરે તેની આગળ હું કલ્યાણની વાત ન કરું ત્યારે મારું જ્ઞાન તે શા કામમાં આવ્યું ?' એમ વિચારીને ઉપદેશ કર્યા નિમિત્ત કાંઈ થોડી ઘણી ઉપાધિ રહે તોપણ પરમેશ્વરની વાત કર્યામાં કાયરપણું રાખે નહીં... માટે આપણે તો શ્રીજીની આજ્ઞા અનુસાર તેમનો મહિમા કહેવામાં ઉપાધિથી બીવું નહીં.''[૧૦૨]

આમ, આ વચનામૃત સાથે શાસ્ત્રીજી મહારાજની નિશ્ચયાત્મક દઢતાનો ઈતિહાસ સંકળાયેલો છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૫૯

આ વચનામૃત સાથે ભગતજી મહારાજનો એક વિરલ પ્રસંગ સંલગ્ન છે :

૧૦૨. 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' : ૧/૨૩૭; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

એક વાર પીજના મોતીભાઈ, વસોના ચતુરભાઈ તથા ભાઈલાલભાઈ વગેરે હરિભક્તો ભગતજી મહારાજનો સમાગમ કરવા માટે મહુવા ગયેલા.


અહીં એક વખત ભગતજી મંદિરમાં પૂજા કરતા હતા. તે વખતે ફૂલચંદભાઈ વાસુદેવ માહાત્મ્યની કથા કરતા હતા. તે પૂરી થયા પછી ભગતજી મહારાજે સૌને કહ્યું : 'પોતપોતાનાં રુચિનાં વચનામૃત વાંચો.' ત્યારે મોતીભાઈએ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩ અને ચતુરભાઈએ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪ વાંચ્યું.

આ સમયે ભાઈલાલભાઈએ કહ્યું : 'મને મારાં વચનામૃતની ખબર નથી.'

ત્યારે ભગતજી મહારાજે કહ્યું : 'ચોપડો ઉઘાડીને જે નીકળે તે તમારા અંગનું.'

તેથી તેમણે ચોપડો ઉઘાડ્યો તો વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૯ નીકળ્યું. તે જોઈ ભગતજી મહારાજ બોલ્યા : 'આ વચનામૃત તમારું.'[૧૦૩]

આમ, ભગતજી મહારાજે ભાઈલાલભાઈને અલૌકિક સ્મૃતિ અને આપણને ઐતિહાસિક સ્મૃતિ આપી વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૯ને આપણા માનસપટ પર જડી દીધું છે.



ઇતિહાસની અટારીએથી – વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૬૨

આ વચનામૃતની ઉદ્‌બોધનતિથિ છે : સં. ૧૮૮૧, માગશર સુદ બીજ.

શ્રીજીમહારાજનાં જીવન ચરિત્ર અનુસાર જોવા જઈએ તો આ તિથિએ તેઓ સુરતમાં બિરાજમાન છે, કારણ કે સં. ૧૮૮૧માં કાર્તિક સુદ બારશના દિવસે શ્રીજીમહારાજે વરતાલમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. તે સમયે સુરતના હરિભક્તોએ શ્રીજીમહારાજને સુરત પધારવાની શરતે વરતાલ મંદિરના

૧૦૩. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૪૧૮; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

દક્ષિણ દેરા પર કે જેમાં હરિકૃષ્ણ મહારાજરૂપે પોતાની મૂર્તિ શ્રીહરિએ પધરાવી હતી, તેની પર ધજા ચડાવવાનો પોતાનો આગ્રહ પડતો મૂક્યો હતો. તેથી પ્રતિષ્ઠા બાદ આ ભક્તોને સુખ આપવા શ્રીજીમહારાજ સુરત જવા નીકળેલા અને સં. ૧૮૮૧, કારતક વદ છઠના દિવસે, શુક્રવારે શ્રીજીમહારાજ સુરત પધારેલા. અહીં અનેક આયોજનો દ્વારા સૌને સત્સંગનો લાભ આપી શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨ની ઉદ્‌બોધન તિથિએ એટલે કે સં. ૧૮૮૧ની માગશર સુદ બીજના દિવસે સુરતથી વિદાય લે છે.[૧૦૪] એટલે આ દિવસે તો તેઓનું ગઢડામાં હોવું અશક્ય જ છે.

પરંતુ શ્રીજીમહારાજે પોતાના તમામ ભક્તો સાથે અન્ય સ્વરૂપ ધારણ કરી, આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨ ઉદ્‌બોધ્યું છે. 'હરિલીલામૃત' આ વિગતનો ઉલ્લેખ કરતાં જણાવે છે :

'બનિ એ જ દિવસ એક વાત, એ તો આશ્ચર્યકારિ અઘાત;
ગઢપુરજન આતુર થયા, અન્ન-જળ તજિ કૈંક તો રહ્યા.
કરે વિનતિ તે ગદ્‌ગદ્ થૈને, આવો હે કૃષ્ણ સૌ સાથ લૈને;
નહિ આવો જો શ્યામ સુજાણ, તજશું અમે નિશ્ચય પ્રાણ.
ત્યારે બીજે રૂપે મહારાજ, ગયા ગઢપુર સહિત સમાજ;
માગશર સુદિ બીજે ત્યાં હરિ, બેઠા દરબારમાં સભા ભરી.
ભ્રાતૃપુત્રોયે પૂછિયા પ્રશ્ને, આપ્યા ઉત્તર એના શ્રીકૃષ્ણે;
વચનામૃત તેનું લખાણું, નથિ કોઈનું તે તો અજાણ્યું.'[૧૦૫]

આમ, એક ચમત્કારી ઐતિહાસિક તવારીખના સાક્ષી સમું આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨ છે.

❀

આ વચનામૃત સાથે સંકળાયેલી અન્ય એક ઐતિહાસિક વિગતની નોંધ આપતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

---

૧૦૪. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' : ૫/૫૧; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, ચતુર્થ આવૃત્તિ.

૧૦૫. 'શ્રીહરિલીલામૃત' : ક. ૮, વિ. ૩૫/૧૬-૧૯; લે. – આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ.

'મહારાજ સાથે મુક્તાનંદ સ્વામીને દસ વર્ષ સુધી જ્ઞાનનો ભેદ રહ્યો હતો. પછી મધ્યનું બાસઠમું – ત્રણ અંગનું વચનામૃત સમજાવ્યું ત્યારે – 'મારો મત કહું તે સાંભળો...' એ કીર્તન કર્યું...'[૧૦૬]

જુઓ, આ રહ્યું એ કીર્તન:

મારો મત કહું તે સાંભળો રે વ્રજ વાસીજી, તજો સાધનનો ઉર આમળે-ટેક
ગુરુ સંત તે હરિનું ભજન કરે, જે પ્રગટ રૂપ હરિ વિચરે - વ્રજ ૧
ચૈતન્ય સમરસમાં ભેદ ઘણા, પરમેશ્વર ઈશ્વર જીવતણા - વ્રજ ૨
અન્ય જીવને સંતમાં ભેદ ઘણો, જેમ ગંગોદક મદિરાતણો - વ્રજ ૩
મેં લીલા સુંદર પ્રગટ કરી, તેને ગાવી અતિ આનંદભરી - વ્રજ ૪
અંતકાળે આવું દાસ કને, રથ, અશ્વ, વિમાન, વા સંતતને - વ્રજ ૫
તે લીલા પૂરણ પ્રીતશું, કે'વી સાંભળવી રસ રીતશું - વ્રજ ૬
જો રહેશો દાસના દાસ થઈ, સુખ માનીશ ભક્તિ કરીશ સઈ - વ્રજ ૭
મારા લોક ને મૂર્તિ માહેરી, છે પરમ સત્ય ગુણ બાહેરી - વ્રજ ૮
એને અસત્ય કહી જે જાણે છે, તેને જમ ઉંધે શિરે તાણે છે - વ્રજ ૯
મારું ધાર્યું અસત્ય સત્ય થાય છે, સમર્થ કરી ગુણડા ગવાય છે - વ્રજ ૧૦
હું સદા રહું સત્સંગમાં, હું રાચું તેહના રંગમાં - વ્રજ ૧૧
સત્સંગ તજી જે જાય છે, તે જમના કિંકર થાય છે - વ્રજ ૧૨
મારી દૃષ્ટિએ જગત ઉપજે શમે, થઈ રૂપ અનેક માયા રમે - વ્રજ ૧૩
હું રહું બ્રહ્માંડમાં રૂપ ધરી, નૃપ, જોગી, વિપ્રને અનુસરી - વ્રજ ૧૪
એવો મારો મત જે જાણશે, મુક્તાનંદ મહાસુખ માણશે - વ્રજ ૧૫

ગુણાતીતાનંદ સ્વામીની આ વાત પર પ્રમાણભૂતતાની મહોરછાપ જેવા આ જ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨ના શ્રીજીમહારાજના આ શબ્દો જુઓ :

"...અને આ ત્રણ અંગની જે અમે વાર્તા કરી છે તે બહુધા તો આ મુક્તાનંદ સ્વામી સારુ કરી છે અને મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે ને એમને શરીરે મંદવાડ છે, તે રખે કોઈ જાતની સમજણમાં ખામી રહી જાય નહીં. એમ જાણીને આ વારતા કરી છે."

જ્યારે શ્રીજીમહારાજે આમ કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામીએ પણ કબૂલ્યું કે 'હે મહારાજ! મેં પણ જાણ્યું છે જે, મારા સારુ જ આ વાર્તા કરી છે.'

---

૧૦૬. 'સ્વામીની વાતો' : ૧૪/૧૯૯; પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, દ્વિતીય આવૃત્તિ.

આમ, આ વચનામૃત અણસમજણ ટાળનારું બની રહેલું.

❀

અનેક ઐતિહાસિક સંદર્ભોની શોભાથી દીસતા આ વચનામૃતની આકર્ષકતામાં છોગાં ઉમેરતાં હોય તેમ યોગીજી મહારાજ પણ આ વચનામૃત સાથે સંલગ્ન બે ઐતિહાસિક સ્મૃતિઓ આપતા ગયા છે :

એક વાર મુંબઈમાં કથાપ્રસંગમાં યોગીજી મહારાજે જણાવેલું :

"એક વખત સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) જૂનાગઢમાં બેઠા હતા. તે સમયે ગઢડા મધ્ય પ્રકરણ ૬૨મું વચનામૃત વંચાતું હતું. ત્યાં એક માળી આવ્યો. તેણે નવાબ માટે હજારો ચકલાં મારીને હિંસા કરી હતી, એવો પાપી હતો. પણ જન્માષ્ટમીએ દર્શને આવ્યો હતો. વચનામૃતમાં તેણે સાંભળ્યું કે 'ગમે તેવો પાપી હોય પણ ભગવાનને આશરે આવે તો તેનાં પાપ બળી જાય.' (આવી વાત વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨ના પ્રથમ પ્રશ્નના ઉત્તરમાં શ્રીજી-મહારાજે કરી છે.) તેણે સ્વામીને કહ્યું : 'આ વાત સાચી હશે?'

સ્વામી કહે : 'હા.'

એટલે તે સ્વામીને કહેવા લાગ્યો : 'સ્વામી! હું તો આવો પાપી છું, તો પાપ બળે.'

સ્વામીએ નિયમ ધરાવ્યાં ને કહ્યું કે 'પંચવર્તમાન પાળજે.'

તે કહે : 'સ્વામી! તમે મારાં પાપ લીધાં તો હું આ નિયમ પાળીશ.'

પછી તે વાડીમાંથી ૫૦૦ કેળાં લાવ્યો. સ્વામીએ ધરાવીને સૌને વહેંચ્યાં. તે રોજ વાડીમાંથી ફૂલ લાવી ઠાકોરજી માટે હાર બનાવતો. આઠમા દિવસે મહારાજે દર્શન દીધાં. તેણે વાડીમાં સ્વામીની પધરામણી કરાવી. ધામમાં ગયો ત્યારે પણ મહારાજે દર્શન દીધાં. તેણે સગાંઓને કહ્યું કે 'મહારાજ તેડવા આવ્યા છે, તે ધામમાં જાઉં છું.'

જુઓ, એક આશરો કરવાથી ગમે તેવાં પાપ બળી જાય છે. આશરાનો એવો પ્રતાપ છે."[૧૦૭]

❀

૧૦૭. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૨/૮૭; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

યોગીજી મહારાજના જ જીવન સાથે જોડાયેલી આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨ વિષયક અન્ય ઐતિહાસિક સ્મૃતિ આ પ્રમાણે છે :


એક વાર સારંગપુરમાં વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨ વંચાતું હતું. સંતના મહિમાની વાત નીકળતાં સનાતન સ્વામીએ રમૂજ કરતાં પૂછ્યું : 'સ્વામી ! સંતનાં ચોસઠ લક્ષણ કહી આપો.'

'ઈ અમને નો આવડે. કોઈ ભણેલા શાસ્ત્રી હોય એને આવડે. તમને ખબર હોય.'

સનાતન સ્વામી કહે : 'કેમ ન આવડે ? જેની પાસે ગજવામાં માલ હોય તેની તેને ખબર ન હોય ? આપનામાં તો ચોસઠ કરતાંય વધારે લક્ષણો છે.'

આ સાંભળી યોગીજી મહારાજ હસી પડ્યા ને બોલ્યા : 'સનાતન બ્રહ્મ ઘાવેડુ છે. ક્યાંયથી પ્રશ્ન ગોતી રાખે.'[૧૦૮]

આમ, આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨ ઐતિહાસિકતાના રસથાળથી મઘમઘી રહેલું જણાય છે. હવે આ જાણ્યા પછી નિશ્ચિત છે કે તેનો સ્વાદ વધુ આવશે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૬૩

ઈતિહાસની બારીમાંથી વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૩ પર નજર કરતાં નીચે મુજબની ઐતિહાસિક વિગત દૃષ્ટિપથ પર આવે છે :

એક વાર મહુવાના મંદિરમાં ભગતજી મહારાજે ભરૂચના ગણપતરામ પાસે આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૩ વંચાવી કહેલું : 'જે પૂછવું હોય તે પૂછો. મહારાજ અને સ્વામીને અખંડ રાખ્યા છે તે સર્વે વાતના જેમ છે તેમ ખુલાસા થશે.'

---

૧૦૮. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૨/૧૧૧; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

ત્યારે ગણપતરામે પૂછેલું : 'અક્ષર કોણ છે ?'


તે વખતે ભગતજી મહારાજ બોલેલા : 'અક્ષર તે ગુણાતીતાનંદ સ્વામી, પુરુષોત્તમ સહજાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી અક્ષરમુક્ત છે.'

આ ઉત્તરથી ગણપતરામને ઘેડ બેઠી નહીં, કારણ કે તેઓ હરિસ્વરૂપાનંદ બ્રહ્મચારીના કહેવાથી ગોપાળાનંદ સ્વામીને 'અક્ષર' સમજતા હતા. પરંતુ પોતે કાંઈ બોલી શક્યા નહીં. બીજું પણ કોઈ કાંઈ બોલ્યું નહીં.

સભા બાદ હરિસ્વારૂપાનંદજી ગણપતરામને ખૂણામાં લઈ ગયા ને કહ્યું કે 'અક્ષર તો ગોપાળાનંદ સ્વામી છે.'

ત્યારે ગણપતરામ બોલ્યા : 'આમ ખાનગીમાં મને કહો છો તે સભામાં કેમ કહ્યું નહીં? માટે તમારી વાત મને માન્ય નથી અને ભગતજીએ સભામાં જે વાત કહી તે સાચી છે.'[૧૦૯]

આ રીતે ગણપરામને આ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૩ સમજાવી ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મપણાનો નિશ્ચય કરાવેલો એ ઐતિહાસિક તવારીખ આ વચનામૃત સાથે સંકળાયેલી છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૬૪

આ વચનામૃતમાં પુરુષોત્તમ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો છે કે 'ભગવાન જીવના કલ્યાણને અર્થે આ જગતને સૃજે છે તે વિશ્વ ન રચ્યું હોય ને માયાના ઉદરમાં જીવ હોય તેનું ભગવાન કલ્યાણ કરે તો શું ન થાય? જે આટલો વિશ્વ સૃજવાનો ભગવાન દાખડો કરે છે !'

પુરુષોત્તમ ભટ્ટના આ પ્રશ્નની પાર્શ્વભૂમાં તેઓની માનસિકતા છુપાયેલી છે. ગુણાતીતાનંદ સ્વામીએ તેઓના ઉપદેશમાં કહ્યું છે કે 'પુરુષોત્તમ ભટ્ટ

---

૧૦૯. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૪૧૧-૪૧૩; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

અગતાને દિવસે માંગવા જાય ને રોટલા સામટા કરીને સોયામાં પરોવીને અધ્ધર રાખે, તે જ્યારે ભૂખ લાગે ત્યારે ખાય ને ભણ્યા કરે.'[૧૧૦]

આ પરથી ખ્યાલ આવે છે કે વારંવાર દાખડો કરવાની પ્રકૃતિ પુરુષોત્તમ ભટ્ટની નહોતી. તેથી તેમને આવો વિચાર ઊઠ્યાની શક્યતા છે કે 'હું એક વાર દાખડો કરી પછી નિરાંતે ખાધા કરું છું, તો ભગવાન બ્રહ્માંડો રચવાનો દાખડો શા સારુ કરતા હશે ?' તેથી તેઓએ આ પ્રશ્ન પૂછ્યો હશે તેમ અનુમાન કરવા મન પ્રેરાય છે.

અહીં તેઓની આવી વિચારધારા સહેજ ભોળપણભરી લાગે, પરંતુ તેય સમજી શકાય તેવી વાત છે. કારણ કે ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

"...પુરુષોત્તમ ભટ્ટ સિદ્ધાંત કૌમુદી ભણ્યા, પણ ભોળા હતા, તે ખાલી બંધૂકથી પણ બીતા. તે મહારાજ સાથે રસ્તામાં ચાલતા પાળાની બંધૂકનું મોઢું પોતાની સામે હતું તેથી પડખે ચાલ્યા.

ત્યારે મહારાજ કહે : 'કેમ પડખે તર્યા ?'

ત્યારે કહે : 'બંધૂક વછૂટે તો ?'

પછી મહારાજે પાળાને (બંધૂક) અવળી રાખવા કહ્યું, તો પણ (પુરુષોત્તમ ભટ્ટ) વાંસે ન ચાલ્યા.

ત્યારે મહારાજ કહે : 'હવે કેમ રસ્તે ચાલતા નથી ?'

ત્યારે કહે : 'વાંસેથી વછૂટે તો ?' એવા ભોળા હતા."[૧૧૧]

આમ, પુરુષોત્તમ ભટ્ટની ભોળપણસભર પારિવારિક માનસિકતામાંથી વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૪નો આ પ્રશ્ન ઉદ્‌ભવ્યો છે કે 'ભગવાન... આટલો વિશ્વ સૃજવાનો દાખડો કેમ કરે છે ?'

---

૧૧૦ 'સ્વામીની વાતો' : ૧૧/૨૪૦; પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, દ્વિતીય આવૃત્તિ.
૧૧૧. એજન; ૧૧/૧૫૧.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત વરતાલ પ્રકરણ : ૧૧

આ વચનામૃતની વિશિષ્ટ ઓળખ આપતાં તા. ૬-૬-૧૯૬૮ના રોજ ગોંડલમાં યોગીજી મહારાજ બોલેલા :

'બ્રહ્મરૂપ થવાનું વચનામૃત વરતાલ - ૧૧.'[૧૧૨]

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત વરતાલ પ્રકરણ : ૧૪

આ વચનામૃતના પ્રશ્ન અને ઉત્તર, બંનેમાં નવીનતા સમાયેલી છે. પ્રશ્ન પૂછનાર છે વડોદરાના વાઘમોડિયા રામચંદ્ર. તેઓ વિષે સાંપ્રદાયિક ગ્રંથોમાં આ રીતે ઉલ્લેખ મળે છે :

''વડોદરાના રામચંદ્ર વૈદ્યને ડાકોરની પૂનમનો નિયમ હતો. પુત્ર ન હતો, તેથી પૂનમનો નિયમ રાખ્યો હતો. તે શ્રીગૌડ વિપ્ર હતા. ગરીબની મફત દવા કરતા. ઉમરાવો નાડી જોયાના સો રૂપિયા આપતા. એવી નિત્ય તેમની ઘણી આવક હતી. પોતે ઉદાર હોવાથી દર મહિને પોતાની ન્યાતના વિપ્રોને જમાડતા. દસ-બાર વિદ્યાર્થીને વૈદું ભણાવતા. ડાકોરમાં વિપ્રની હવેલીમાં ઊતરતા. ડાકોરમાં રહે તેટલા દિવસ દરરોજ રણછોડજીનાં બે વખત દર્શન અચૂક કરતા.

---

૧૧૨. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૫/૪૪; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

રણછોડજીની સમીપમાં બે ઓરડી હતી, તેમાં અધર્મઘટિત કામ થતું તેમના જોવામાં આવ્યું. તેથી અભાવ આવ્યો. પરિક્રમા કરવાની તેમણે બંધ કરી ને તાવ આવ્યો તેથી મુકામ પર આવ્યા. અગાશીમાં બેસી માળા ફેરવતા હતા ત્યાં આકાશવાણી થઈ કે 'ભગવાનનો તમારે ખપ હોય તો સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે. શ્રીનગરમાં તેમના મંદિરમાં સંતો રહે છે, તે તમને તેમનું સ્થાન બતાવશે.'

તેથી સાથેના મનુષ્યોને રજા દઈને સવારમાં બે-ત્રણ જણને સાથે લઈ, ઘોડે બેસી શ્રીનગરના મંદિરમાં આવીને સંતનાં દર્શન કર્યાં અને કહ્યું કે 'લોકો જ્યાં-ત્યાં દોડે છે પણ બધો લાભ અહીં છે.' એમ વિચાર કરી સંત સમીપે આવ્યા.

નિત્યાનંદમુનિ હતા તેને વૈદ્યે કહ્યું કે 'તમને જે ભગવાન મળ્યા છે તે મને મળે તેમ કરો.'

ચાર-પાંચ દિવસ વૈદ્ય ત્યાં રહ્યા. સંતોએ ગઢપુર સુધી મુકામ કરવાનાં ગામ લખી આપ્યાં. વૈદ્ય ગઢપુર આવ્યા. શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીફળ અને રૂપિયો હાથ જોડી પગે લાગી મૂક્યાં ને બોલ્યા : 'મને નિયમ ધરાવો.' શ્રીહરિએ નિયમ ધરાવી તે સંબંધી વાત કરી.

પાંચ દિવસ વૈદ્ય ગઢપુરમાં રહ્યા.

એક દિવસ વૈદ્યે રસોઈ કરાવીને શ્રીહરિ તથા સંતોને જમાડી પૂજા કરી. સંતની પણ પૂજા કરી વસ્ત્ર ઓઢાડ્યાં. પછી ચાલવાની રજા લીધી. શ્રીહરિએ ભજનાનંદ અને જયાનંદ વર્ણીને વડોદરા સુધી વૈદ્યની સાથે મોકલ્યા...''[૧૧૩]

અહીં વૈદ્યના વૃત્તાંત પરથી જણાય છે કે તેઓ મુમુક્ષુ છે. પવિત્ર જીવન જીવનારા છે. કર્ણોપકર્ણ એવું સાંભળવા મળે છે કે તેઓ જે એક દુરાચારી મનુષ્યને ઓળખતા હતા તેને સત્સંગમાં આવતાં સમાધિ થયેલી. તેથી વૈદ્ય વિચારમાં પડી ગયા કે 'આ વ્યક્તિ વર્ણાશ્રમનો એકેય ધર્મ પાળતી નથી. છતાં તેને સમાધિ કેવી રીતે થઈ?' કારણ કે યમ-નિયમ તો સમાધિનાં આઠ સોપાનમાં પ્રથમ બે પગથિયાં છે. તેનું જ જેના જીવનમાં ઠેકાણું ન હોય તેને

---

૧૧૩. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' : પૂર-૨૨, તરંગ - ૧૦૮-૧૧૧; લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.

સમાધિ કેવી રીતે થઈ શકે?

પરંતુ ઈતિહાસ એવું કહે છે કે એ દુરાચારીને લોકોએ ગામ બહાર તગેડી મૂકેલો. તેથી તે વગડામાં ઝૂંપડું બાંધીને રહેતો.

એક વાર મહારાજના પરમહંસોને કોઈ વેરાગીએ મારેલા. તે ઘવાયેલા સંતોની સેવા આ વ્યક્તિએ કરેલી. તે સેવાના પ્રતાપે તેનાં પાપમાત્ર નાશ થઈ ગયેલાં અને તેને સમાધિ થયેલી.

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ આ જ ઉલ્લેખ કરતાં કહે છે :

"ધર્મશાસ્ત્રને વિષે જે વર્ણાશ્રમના ધર્મ કહ્યા છે તે થકી જે બાહ્ય વર્તતો હોય તેને સર્વ લોક એમ જાણે જે, 'આ કુપાત્ર માણસ છે.' અને તે કુપાત્રને ભગવાન કે ભગવાનના સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટું પુણ્ય થાય છે. અને વર્ણાશ્રમના ધર્મ લોપ્યા હતા તેનું જે પાપ લાગ્યું હતું તે સર્વે નાશ થઈ જાય છે અને તે જીવ અતિશય પવિત્ર થઈ જાય છે. માટે એને ભગવાનના સ્વરૂપમાં ચિત્ત ચોંટે છે ત્યારે સમાધિ થઈ જાય છે..."

આમ, આ વચનામૃતમાં પૂછાયેલા પ્રશ્નની અને પ્રશ્ન પૂછનારની પાર્શ્વ-ભૂમિકા આ રીતે મળે છે.

❀

આ વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે : "...સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તોપણ અતિ પવિત્ર થઈ જાય છે ને તેને સમાધિ થઈ જાય છે..."

શ્રીજીમહારાજનાં આ વચનોના આધારે આ વચનામૃતની વિશેષતા વર્ણવતાં યોગીજી મહારાજે ગોંડલમાં વાત કરેલી કે 'સત્પુરુષનો આશ્રય કરવો એ આ એક જ વચનામૃતમાં છે. કારણ કે સત્પુરુષ અને ભગવાનને એકતા છે.'[૧૧૪]

૧૧૪. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૬/૩૯૧, લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત વરતાલ પ્રકરણ : ૧૫

આ વચનામૃતમાં વડોદરાના શાસ્ત્રી શોભારામ પ્રશ્ન પૂછે છે કે 'હે મહારાજ ! દૈવી ને આસુરી એ બે પ્રકારના જીવ છે, તે અનાદિ છે કે કાંઈક યોગે કરીને થયા છે ?'

આ વચનામૃત છે – સં. ૧૮૮૨, પોષ વદ ૧૧નું.

ઈતિહાસના ગોખમાંથી ઉપરોક્ત પ્રશ્ન પર નજર કરતાં તેનું પગેરું આ રીતે નીકળે છે :

પ્રશ્ન પૂછનાર શોભારામ શાસ્ત્રી વિષે લખાયું છે કે –

''સત્સંગમાં ઉદર ભરવાની જેને આશા ન હતી પણ ભગવાનનો જ એક ખપ હતો તેવા પંડિત વિપ્ર શોભારામ શાસ્ત્રી હતા. તે વિદ્યામાં કુશળ હતા. વ્યાકરણાદિ ગ્રંથમાં હજાર શાસ્ત્રીમાં મુખ્ય કહેવાતા. ગાયકવાડ સરકાર પણ તેમને માનતા તથા કરોડાધિપતિ પણ તેમને માન આપતા. શોભારામ બહુ મોટા શાસ્ત્રી હોવા છતાં વિદ્યાનો છક કે અભિમાન કાંઈ રાખતા નહીં. સંતો જેને જેવી આવડે તેવી વાત કરે તો પણ શોભારામ શાસ્ત્રી બહુ ભાવથી સાંભળતા. લગાર પણ તર્ક કરતા નહીં. જે પૂછે તેને 'સ્વામિનારાયણ ભગવાન છે' તેમ કહેતા. નિષ્કપટી સત્સંગી હતા...''[૧૧૫]


આવા શોભારામ શાસ્ત્રી જ્યારે શ્રીજીમહારાજ સં. ૧૮૮૨ના કાર્તિક વદિ ત્રીજના દિવસે વડોદરા પધાર્યા ત્યારે વડોદરામાં જ હતા. અહીં તેઓએ રાજ્યના દિવાન વિઠ્ઠલરાવ દેવાજી દ્વારા શ્રીજીમહારાજને જેર કરવા માટેના જે પેંતરા રચાયેલા તે તમામ જોયા - જાણ્યા - સાંભળ્યા હશે.

---

૧૧૫. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' : પૂર-૨૭, તરંગ - ૨૦-૨૧; લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.

શ્રીજીમહારાજના વડોદરાના નિવાસ દરમ્યાન દિવાને ત્રણ માંત્રિકોને શ્રીજીમહારાજ પર મલિન પ્રયોગો કરવા મોકલ્યા હતા. આ પાસો પોબારો ન પડતાં ત્રણ હબસીઓને સાધુના સ્વાંગ સજાવી, કેડે ઝેર પાયેલ ખંજર ખોસાવી, શ્રીજીમહારાજને પતાવી દેવા મોકલેલા. એટલું જ નહીં, શ્રીજીમહારાજ મસ્તુબાગમાં જ્યાં ઊતરેલા ત્યાંથી રાત્રે તેઓને કેદ કરવા કાં મારી નાંખવાનો કારસો પણ રચેલો. પરંતુ રાત્રે મુશળધાર વરસાદ વરસી પડતાં આ યોજના પણ ઊંધી વળી ગઈ. ઉપરાછાપરી પરાજયો મળવા છતાં દિવાનની સાન ઠેકાણે ન આવી. તેથી તેણે વડોદરાથી વિદાય લેતી વખતે શ્રીજીમહારાજને પકડી લેવા ચાર સરદારો રોકેલા, પણ તેઓ હાથ ઘસતા રહી ગયા અને મહારાજ નીકળી ગયેલા.

માત્ર ત્રણેક દિવસના રોકાણમાં શ્રીજીમહારાજને પૂરા કરવાનાં ચાર-ચાર વાર થયેલા આવા હિચકારી પ્રયત્નોથી શોભારામ શાસ્ત્રીના મનમાં વિચાર-વમળો ઘુમરાયાં હશે. દિવાનની આસુરી વૃત્તિએ મૂકેલી માઝાને જોઈ શોભારામ અહીં પ્રશ્ન પૂછતા હોય તેમ જણાય છે કે ‘હે મહારાજ ! દૈવી ને આસુરી એ બે પ્રકારના જીવ છે તે અનાદિ છે કે કાંઈક યોગે કરીને થયા છે ?’ કારણ કે ઉપરોક્ત ઘટનાક્રમ પછીના જ અરસામાં ઉદ્‌બોધાયેલું આ વચનામૃત છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત વરતાલ પ્રકરણ : ૧૬

આ વચનામૃતમાં શોભારામ શાસ્ત્રી શ્રીજીમહારાજને સૂચન કરતાં જણાવે છે : ‘હે મહારાજ ! તમે જો કોઈક મોટા માણસને ચમત્કાર જણાવો તો તેમાંથી ઘણો સમાસ થાય.’

શોભારામના આ સૂચનનો ઈતિહાસ પરંપરાગત એવો સાંભળવા મળે છે કે તે સમયે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડને કોઈક

અસાધ્ય વ્યાધિ થયો હતો. ઘણા ઉપચાર કરવા છતાં તે મટતો નહોતો. વળી, શ્રીજીમહારાજની વડોદરામાં પધરામણી દરમ્યાન મહારાજાનો શ્રીજી-મહારાજ વિષેનો સદ્‌ભાવ શોભારામ શાસ્ત્રીએ જોયો હશે. એટલું જ નહીં, તેઓને સત્સંગ વધારવાની અભીપ્સા પણ રહેતી. તેઓ વિષે લખાયું છે : "...સત્સંગની વાત સાંભળી ન હતી ત્યાં સુધી સત્સંગથી મન જુદું રહેતું, પણ સાંભળ્યા પછી દિવસે દિવસે સત્સંગનો રંગ ચઢતો જ રહ્યો અને જે પૂછે તેને 'સ્વામિનારાયણ ભગવાન છે' એમ કહેતા. માને - ન માને તે તેનાં ભાગ્યની વાત છે, પણ કહેવામાં કસર રાખતા નહીં."[૧૧૬]

આમ, શોભારામ શાસ્ત્રીને સત્સંગ વધારવાની રુચિ હતી.

વળી, તેઓને એ પણ ખ્યાલ છે કે શ્રીજીમહારાજ ગમે તેવા અસાધ્ય દર્દ સંકલ્પમાત્રે ટાળી શકવા સમર્થ છે, કારણ કે શ્રીજીમહારાજના વડોદરાના નિવાસ દરમ્યાન આ અનુભવ તેઓએ કર્યો છે.

જ્યારે વડોદરાથી વિદાય લેતાં શ્રીજીમહારાજની સવારી છીપવાડના લાંબે રસ્તે આવી ત્યારે એક સત્સંગી રણછોડ ભાવસારે તેની સ્ત્રીને કહેલું : 'જો ઘેર બેઠાં ગંગા આવી છે. મહારાજ હાથી પર બિરાજ્યા છે. માટે મૂર્તિ ધારીને દર્શન કરી લે !'

ત્યારે તેની સ્ત્રી રડતાં રડતાં બોલેલી : 'તમારે તો આંખો છે તો દર્શન કરો છો. હું રહી આંધળી, મેં ભગવાનને દેખ્યા જ નથી તો મૂર્તિ શી રીતે ધારવી ? માટે ભગવાન જો સાચા હોય તો મને દર્શન દે.'

તેણે આ કહ્યું તે જ વખતે તેનાં નેત્રની કીકી ઉપર વીસ વરસથી છારી બાઝી ગયેલી તે એકદમ દૂર થઈ ગઈ અને તેને દૃષ્ટિ મળી ગઈ.

ઉપરાંત, જ્યારે શ્રીજીમહારાજની સવારી પાણીગેટથી આગળ વધી ત્યાં રાજમાર્ગની સડક ઉપર પાંચસો વર્ષથી સાત બાબી મુસલમાનોની સાત કબરો વચ્ચોવચ્ચ હતી. તેના છાપરામાંથી એક બુઢ્ઢો નાગો ફકીર નીકળ્યો. તેને જોઈ મહારાજે અંબાડીમાંથી જ પુષ્પની છાબડીમાંથી મૂઠી ભરી પુષ્પ તેના ઉપર ફેંક્યાં. તે બધાં જ પુષ્પો તેના ઉપર પડ્યાં કે તરત જ તેમાંથી સફેદ

૧૧૬. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' : પૂર-૨૭, તરંગ - ૨૦-૨૧; લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.

જગન્નાથી કાપડની અલફી બની ગઈ અને ફકીરના શરીરને પગથી પાની સુધી ઢાંકી દીધું. આવા ચમત્કારો શ્રીજીમહારાજના જીવનમાં શોભારામે કેંક જોયા છે.

આમ, એક તરફ ગાયકવાડ સરકારને રોગ છે અને તે ટાળવા શ્રીજીમહારાજ સમર્થ છે. બીજી બાજુ મહારાજાને શ્રીજીમહારાજ વિષે ઘણો સદ્ભાવ છે અને શોભારામને સત્સંગ વધારવાની લગની છે; અને એ પણ હકીકત છે કે જો ધર્મને રાજ્યાશ્રય મળી જાય તો તેનો પ્રચાર-પ્રસાર થવામાં કોઈ વિલંબ લાગતો નથી.[૧૧૭] આ રીતે બધી બાજુથી સાનુકૂળતા હોવાથી

---

૧૧૭. ઈતિહાસ આ વાતની ગવાહી પૂરે છે. કોન્ફ્યૂશિયસની વિચારધારા સેંકડો વિચારોમાંની એક હતી; પણ હાન વંશના સમ્રાટો કોન્ફ્યૂશિયસને ઉચ્ચતમ સ્થાન આપતા ગયા અને કોન્ફ્યૂશિયસનો ધર્મ ચીનનો પ્રમુખ ધર્મ બની ગયો.

હિંદુસ્તાનમાં બૌદ્ધ ધર્મના પ્રસારમાં સમ્રાટ અશોકનું આ જ યોગદાન છે. જો અશોક ન હોત તો બૌદ્ધવાદનો આટલો ફેલાવો ન થયો હોત.

યુરોપમાં રોમન સામ્રાજ્યનો પૂરો ઈતિહાસ નવા ખ્રિસ્તી ધર્મ પરના સતત જુલમનો છે. શરૂના ખ્રિસ્તીઓને રોમનો સિંહોની સામે ફેંકી દેતા અને નાગરિકો કોલોઝિયમ કે સ્ટેડિયમમાં બેસીને જોતા. ખ્રિસ્તી ધર્મને સૌથી મોટો સમર્થક શાર્લમેન મળે છે. એની ઈચ્છા આખા યુરોપને ખ્રિસ્તી બનાવવાની હતી. તે ખ્રિસ્તી ધર્મનો અત્યંત શક્તિશાળી સમ્રાટ હતો. તેણે જ્યારે સેક્સન પ્રજાને જીતી ત્યારે ફરમાન કાઢ્યું કે 'પરાજિત પાસે બે જ વિકલ્પ છે : કતલ થઈ જાઓ અથવા ખ્રિસ્તી બની જાઓ.' એણે એક જ દિવસમાં ૪,૫૦૦ સેક્સનોને ખ્રિસ્તી ન થવા માટે કતલ કરી નાંખ્યા હતા.


એ જ રીતે મધ્ય યુગમાં ખ્રિસ્તી ધર્મ જ્યારે ભ્રષ્ટ થઈ ગયો ત્યારે પ્રોટેસ્ટંટ સુધારાવાદના સ્થાપક માર્ટિન લ્યૂથરનો પ્રવેશ થાય છે. તેના મુકદરમાં પણ જીવતા જલી જવાનું હતું, જે ગતિ ચેકોસ્લોવેકિયામાં ધર્મપ્રચારક જહોન હ્યુસની થઈ હતી; પણ જ્યારે એની એ ગતિ થવાની હતી ત્યારે જ ડ્યૂક ઑફ સેક્સનીએ લ્યૂથરને ઉપાડી લીધો અને એના વાર્ટબર્ગના કિલ્લામાં સંતાડી દીધો. લ્યૂથર બચી ગયો અને પ્રોટેસ્ટંટ ધર્મનો ઉદય થયો. જો આ જર્મન રાજકુમાર માર્ટિન લ્યૂથરને બચાવવા ન આવ્યો હોત તો પ્રોટેસ્ટંટ ધર્મની જુદી જ ગતિ થઈ હોત.

ગુજરાતમાં જૈન ધર્મનો આજે સદીઓ પછી અન્ય કોઈ રાજ્યના જૈન ધર્મ કરતાં વધારે પ્રભાવ છે એનું કારણ એ છે કે ગુજરાતમાં કુમારપાળ જેવો એક સશક્ત જૈનધર્મી રાજા રાજ્ય કરી ગયો.

— 'ચંદ્રકાન્ત બક્ષીના ઉત્કૃષ્ટ નિબંધો', પૃ. ૧૨૬-૧૨૭,
પ્રકા. — નવભારત સાહિત્ય મંદિર.

શોભારામ શાસ્ત્રી શ્રીજીમહારાજને કહી રહ્યા છે કે 'તમે જો કોઈક મોટા માણસને ચમત્કાર જણાવો તો તેમાંથી ઘણો સમાસ થાય.'

વચનામૃતના આ એક વિધાન પાછળ કેટકેટલી ઐતિહાસિકતા! ખરેખર, વચનામૃત એ ઇતિહાસના અભ્યાસીઓ માટે રસપ્રદ સંશોધનીય ગ્રંથ બની રહે એમ છે.



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત વરતાલ પ્રકરણ : ૧૯

ઈતિહાસની અટારીએ ચઢી જોતાં આ વચનામૃત વરતાલ પ્રકરણ ૧૯ સાથે સંલગ્ન ઐતિહાસિક તવારીખ આ રીતે હાથ લાગે છે.

વરતાલના કોઠારી ગોવર્ધનભાઈના ભત્રીજા ગિરધરભાઈ મુમુક્ષુ હતા. તેઓ વરતાલમાં શુકાનંદ સ્વામીના શિષ્ય ધર્મપ્રસાદદાસજીનો સમાગમ કરતા. ધર્મપ્રસાદદાસજીએ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કર્યો હતો એટલે તેઓની વાતોમાં વારંવાર વચનામૃત વરતાલ પ્રકરણ ૧૯નો સંદર્ભ આવતો કે 'ભગવાન કે ભગવાનને મળેલા સંત મળે ત્યારે જ મોક્ષ થાય.'

આ વાત સાંભળી ગિરધરભાઈને ચોટ લાગી અને તેઓએ નિશ્ચય કર્યો: 'એવા સત્પુરુષ શોધીને તેમનો સમાગમ કરવો.' તેથી તેઓએ ગઢડામાં માના ભગત, જૂનાગઢમાં મહાપુરુષદાસ અને રઘુવીરચરણદાસ, અમદાવાદમાં નિર્ગુણદાસ, ભુજમાં અચ્યુતદાસ વગેરેનો સમાગમ કર્યો પણ મન માન્યું નહીં. છેવટે વરતાલમાં હરિકૃષ્ણ મહારાજ સમક્ષ એક પગે ઊભા રહી માળા ફેરવતાં સ્તુતિ કરવા માંડી કે 'આપની મૂર્તિનું અખંડ સુખ આવે એવી સ્થિતિ કરી દો.'

તે વખતે હરિકૃષ્ણ મહારાજે ભગતજી મહારાજની એકાંતિક સત્પુરુષ તરીકે ઓળખ આપી. ત્યારબાદ ગિરધરભાઈએ ભગતજી મહારાજનો મન-કર્મ-વચને સમાગમ કરી એકાંતિક સ્થિતિ પ્રાપ્ત કરી લીધેલી. આગળ જતાં

તેઓએ દીક્ષા લઈ વિજ્ઞાનદાસજી નામ ધારણ કરેલું.[૧૧૮]

આમ, આ વચનામૃત વરતાલ પ્રકરણ ૧૯ સાથે આવો ચમત્કૃતિભર્યો ઈતિહાસ સંકળાયેલો છે. આ વચનામૃતના શબ્દોએ એક સંતરત્નની ભેટ સંપ્રદાયને આપી છે તેમ કહી શકાય.

૧૧૮. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૧૬૪-૧૬૫; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ : ૨

આ વચનામૃત સાથે શાસ્ત્રીજી મહારાજની એક ઐતિહાસિક સ્મૃતિ આ રીતે સંકળાયેલી છે : ''શાસ્ત્રીજી મહારાજ જ્યારે જૂનાગઢમાં હતા ત્યારે એક દ્રાવિડી શાસ્ત્રી કમલનયન તેઓને મળેલા. શાસ્ત્રીજી મહારાજને મળતાં જ તેઓને અપાર શાંતિનો અનુભવ થયો. તેથી તેઓએ કહ્યું : 'મને થાય છે કે તમને કાં તો ભગવાન મળ્યા હોવા જોઈએ, કાં તો કોઈ મોટાપુરુષ મળ્યા હોવા જોઈએ.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ તેઓને જાગા ભક્ત પાસે લઈ ગયેલા. તે વખતે કમલનયન શાસ્ત્રીએ જાગા ભક્તને મોક્ષ સંબંધી કેટલાક પ્રશ્નો સંસ્કૃત ભાષામાં પૂછ્યા. શાસ્ત્રીજી મહારાજે તેનું ભાષાંતર કરી આપ્યું. ત્યારે જાગા સ્વામીએ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪, ગઢડા મધ્ય પ્રકરણ ૫૪ અને વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨ને મોક્ષનાં વચનામૃત તરીકે ગણાવેલાં. આ વાતો સાંભળી કમલનયન શાસ્ત્રીના સંકલ્પમાત્ર વિરામ પામી ગયેલા.''[૧૧૯]

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ : ૭


આ વચનામૃત સાથે સંલગ્ન એક ઐતિહાસિક બીનાનો ઉલ્લેખ કરતાં તા. ૧૮-૮-૧૯૫૬, શનિવારના રોજ યોગીજી મહારાજે વાત કરેલી :

૧૧૯. 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' : ૧/૨૦૫-૨૦૬, લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

"કુંકાવાવના દામોદર ભક્ત હતા. તેમણે સભામાં છેલ્લાનું ૭ વચનામૃત વાંચવામાં કાંઈ ગરબડાટ કર્યો. ત્યાં સભામાં મહારાજના મળેલા ગીલા ભક્ત કે જે નિરાવરણ દૃષ્ટિવાળા હતા તે બેઠેલા. તે કહે : 'કથા વાંચવામાં ગરબડાટ કર્યો ને મહારાજ, સ્વામી ચાલ્યા ગયા. માટે કથામાં મહારાજ, સ્વામી, સંતો પ્રગટ બિરાજતા હોય, તો તેમની મર્યાદા રાખી સભામાં શાંતિ રાખવી..."[૧૨૦]

આ વચનામૃત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું પ્રિય વચનામૃત છે. તા. ૧-૧-૧૯૮૬ના રોજ સારંગપુરમાં તેઓને પૂછવામાં આવેલું કે 'આપનું વધુમાં વધુ પ્રિય વચનામૃત કયું અને શા માટે?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવેલું કે – "આમ તો બધાં પ્રિય વચનામૃત છે. મહારાજનાં છે એટલે એમાં કોઈ પ્રિય-અપ્રિય જેવું નથી. પણ સ્વાભાવિક રીતે આપણને બધાં વચનામૃતમાં છેલ્લાનું સાતમું વચનામૃત છે એમાં જરા વધારે એ (પ્રિય) લાગે. તેમાં મહારાજ કહે છે, 'જેને કલ્યાણ ઈચ્છવું હોય તેને માટે ભગવાન અને સંત વિના આ જગતમાં કોઈ વસ્તુ સુખદાયક નથી.' એવું આપણા મનમાં બરોબર દૃઢ થયું હોય તો પછી આપણને પ્રત્યક્ષ ભગવાનમાં અખંડ પ્રીતિ, હેત રહે. એટલે સ્વાભાવિક રીતે એ (વચન) ઉપર આપણને વધારે રુચિ રહે કે આવું આપણા જીવમાં દૃઢ કરવું. પછી એને માટે જે કાંઈ કરવું પડે એ આપણે કરવાનું. એટલે એ ઉપર જરા વધારે રુચિ રહે કે આ એક વચનામૃત આપણે સિદ્ધ થાય ને આ રીતે કરીએ તો મહારાજ રાજી થઈ જાય."



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ : ૧૨

ઈતિહાસની અટારીએથી આ વચનામૃતનું નવીન દર્શન કંઈક આવું લાધે છે :

---

૧૨૦. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૨/૯૦, લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

"સં. ૧૯૯૨ના ફાગણ માસનો ફૂલદોલનો સમૈયો શાસ્ત્રીજી મહારાજે સારંગપુરમાં કર્યો. આ સમૈયામાં તેઓએ ગઢડા અંત્ય પ્રકરણ ૧૨મું વચનામૃત વંચાવી વાત કરતાં કહ્યું : '...આ વચનામૃત જો સિદ્ધ નહીં થયું હોય, તો પાંચ વર્ષે, દસ વર્ષે કે પચાસ વર્ષે પણ ઘેર ગયા સિવાય રહેવાશે નહીં. વળી, જે કોઈ હરિભક્તને પણ આ વચનામૃત સિદ્ધ નહીં થયું હોય તો અંતે તેનો સત્સંગ રહેશે નહીં..."[૧૨૧]

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ : ૧૪

આ વચનામૃતની વિશેષતા અતિ સંક્ષેપમાં વર્ણવતાં યોગીજી મહારાજ બોલેલા : 'વિશ્વાસનું વચનામૃત છેલ્લાનું ૧૪મું.'[૧૨૨]

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ : ૨૧

સં. ૧૯૫૨માં જળઝીલણીના સમૈયે ગઢડામાં ભગતજી મહારાજ આચાર્ય મહારાજના ઉતારે પધાર્યા હતા. અહીં બપોરે બે વાગે આચાર્યશ્રીએ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭ તથા વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧ મોતી ભગત પાસે વંચાવેલાં. તે વખતે તેઓએ કહેલું :

---

૧૨૧. 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' : ૨/૪-૫; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.


૧૨૨. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૫/૫૮, લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

'આ બે વચનામૃતો તો ભગતજી પર ઊતરે છે. કારણ, ભગવત્પ્રસાદજી મહારાજ જ્યારે મહુવે ગયા હતા ત્યારે પવિત્રાનંદ સ્વામી ભગતજીનો તિરસ્કાર કરતા; પણ ખરા ઉનાળાના તાપમાં રેતીમાં, તંબુ સામે ભગતજી બેસતા અને સાંજે કથા પછી ઊઠતા. એમ સંતોનાં દર્શન અને કથાવાર્તાની આવી આસક્તિ તો એક એમાં જ દીઠી. તેમની આવી અતિ નિર્માનીપણાની સાધુતાની સ્થિતિ જોઈ સર્વેને નિશ્ચય થયો કે 'આવા પુરુષ તો એ એક જ.' હું પણ એમની સ્થિતિ જોઈ આશ્ચર્ય પામી ગયો, કારણ કે સોયનો દોરો હોય એ જ છએ ઋતુમાં સરખો રહે અને બીજા તો ઉનાળાના તાપે ઢીલા થઈ જાય. એમ સત્સંગમાં અપમાનરૂપી ઉનાળાના તાપે કરીને તો જે એવી સ્થિતિવાળા હોય તેનું સમું રહે, પણ બીજા તો સત્સંગ મૂકીને ચાલ્યા જાય.'[૧૨૩]

આમ, સુવર્ણસમ ઝળહળતી એક ઐતિહાસિક તવારીખ આ વચનામૃત સાથે આ રીતે જડાયેલી - જોડાયેલી છે.

❀

આ વચનામૃત સાથે સંકળાયેલ એક ઐતિહાસિક તવારીખનો ઉલ્લેખ કરતાં વચનામૃતના પ્રખર જ્ઞાતા શ્રી હર્ષદભાઈ દવે કહેતા કે 'આ વચનામૃતમાં શ્રીજીમહારાજે જ શુકમુનિને પ્રશ્ન શીખવીને ગોપાળાનંદ સ્વામીને પૂછવા કહેલું. તેથી તે પ્રશ્નનો ઉત્તર વાળવામાં ગોપાળાનંદ સ્વામી ગૂંચવાતાં શ્રીજીમહારાજ મંદ મંદ હસી રહ્યા છે.'



ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ : ૨૬

વરતાલથી મહાપ્રસ્થાન કર્યા બાદ શાસ્ત્રીજી મહારાજે સં. ૧૯૬૨નો

૧૨૩. 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' : પૃ. ૪૩૪-૪૩૫, લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

ફાગણ સુદ પૂનમનો સમૈયો આણંદમાં કેશવલાલ પ્રાગજીને ઘેર કરેલો. વરતાલથી મહાભિનિષ્ક્રમણ કર્યા પછીનો આ પહેલ-વહેલો સમૈયો શાસ્ત્રીજી મહારાજ ઊજવી રહેલા. ૭૦૦-૮૦૦ હરિભક્તો એકત્ર થઈ ગયેલા.

આ સમૈયામાં બોચાસણમાં મંદિર કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવાયો. તે માટે એક કલાકમાં ૪૦,૦૦૦ રૂપિયા જેવી માતબર રકમની લખણી થઈ હતી. અંતે શાસ્ત્રીજી મહારાજને લખણી બંધ કરાવવી પડી.

આવા મહત્ત્વપૂર્ણ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજે લખણી પૂરી થઈ ગયા પછી જે વચનામૃત પર નિરૂપણ કરેલું, તે હતું આ ગઢડા અંત્ય પ્રકરણનું ૨૬મું ! આ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજની આ વચનામૃત પરની વાતો સાંભળી આણંદના મોતીભાઈ ભગવાનદાસે નક્કી કર્યું કે ‘સ્વામી (શાસ્ત્રીજી મહારાજ) સાથે ફરવું અને આ લક્ષણ સ્વામીમાં મળતાં આવે તો એવા એ મોટા સંત છે તેમ જાણવું.’[૧૨૪] અને એવાં લક્ષણો શાસ્ત્રીજી મહારાજમાં જોતાં મોતીભાઈ શાસ્ત્રીજી મહારાજમાં જોડાઈ ગયા હતા.

આમ, ઇતિહાસની અટારીએથી જોતાં આ વચનામૃતની મહત્તા મૂઠી ઊંચેરી જણાય છે.

એટલું જ નહીં, આ વચનામૃતના નિરૂપણ બાદ સૌ જમવા ગયા ત્યારે એક મુમુક્ષુ રિસાયા હતા. તેમને સૌએ મનાવ્યા પણ માન્યા નહીં. છેવટે શાસ્ત્રીજી મહારાજ તેઓ પાસે પધાર્યા અને કહ્યું : ‘તમે જમશો નહીં અને ઉપવાસ કરશો પણ ફળ કોણ આપશે? ફળ આપનાર મહારાજ તો આ સાધુ દ્વારા પ્રગટ છે. એટલે આ સાધુની રુચિ અનુસાર વર્તશો તો મહારાજ સંતમાં રહીને ફળ આપશે.’

આમ, શાસ્ત્રીજી મહારાજે પોતામાં મહારાજ અખંડ નિવાસ કરીને રહ્યા છે તે વાત પ્રથમ અહીં પ્રગટ કરી.[૧૨૫] વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૬ તેઓમાં સાંગોપાંગ સાકાર છે તે જણાવ્યું.

ઉપરોક્ત ઐતિહાસિક વિગતો નજર સામે આવતાં જ હવે વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૬ કેવું રમણીય – સ્મરણીય દિસે છે !

---

૧૨૪. ‘બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ’ : ૧/૨૯૩-૨૯૪; લે. – હ. ત્રિ. દવે, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ.

૧૨૫. એજન; ૧/૨૯૪.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ : ૨૮

આ વચનામૃત છે – સં. ૧૮૮૫, કાર્તિક વદિ પડવાનું.

આ વચનામૃતમાં સુરાખાચર શ્રીજીમહારાજને પૂછે છે: 'ભગવાનને તથા સંતને જેવા છે તેવા નિશ્ચયપણે જાણીને પણ કોઈનું અંતર પાછું પડી જાય છે તેનું શું કારણ છે ?'

સુરાખાચરના આ પ્રશ્નને ઈતિહાસના કાચમાંથી જોતાં તે પ્રશ્નના અંકોડા આ રીતે ગૂંથાયેલા જોવા મળે છે :

ગઢડામાં તૈયાર થઈ રહેલ મંદિરમાં પ્રતિષ્ઠાનું મૂહુર્ત સં. ૧૮૮૫ની કાર્તિક સુદિ બારશનું નક્કી થયેલું. તેને નજરમાં રાખી મંદિર-નિર્માણની ગતિવિધિ પૂરજોશમાં ચાલતી હતી. મંદિરના આ કામકાજ પર જીવાખાચર ઝીણી અને ઝેરીલી નજર રાખી રહેલા. મંદિરના કોઠલા જ્યારે તૈયાર થઈ ગયા તે વખતે જીવાખાચરે ભાવનગર નરેશ વજેસિંહ બાપુને વાત પહોંચાડી કે 'દાદાખાચર તો તેના દરબારમાં કોઠો કરાવે છે. તેમાં દારૂગોળો અને શસ્ત્રો રાખવાનાં છે. એટલે સાવચેતી રાખવા જેવું છે.'

જીવાખાચરે સમય જોઈને આ સોગઠી મારી હતી. કારણ કે તે વખતે ભાવનગર રાજ્ય સામે ખુમાણો બહારવટે ચડ્યા હતા. તેમાં પણ જોગીદાસ ખુમાણની રંજાડ વધારે હતી. તેમાં ખુમાણોને ખાચરોનો સાથ મળી જાય તો તો ઉપાધિ ઘણી વધી જાય. આમ, જીવાખાચરની વાતથી વજેસિંહ ખરેખરા ભડકી ગયા. તેઓએ તાબડતોબ બસો આરબોને ગઢડાનું કામ રોકવા મોકલી દીધા.

તેથી શ્રીજીમહારાજે પ્રતિષ્ઠાના આગલા દિવસે જ ગઢડાથી નીકળી જવાનું નક્કી કરી લીધું અને નીકળી પણ ગયા. મહારાજ ગયા બાદ ભાવનગરથી કુમક આવી, પણ તેઓએ જોયું તો અહીં [illegible] સરંજામ

રાખવાનો કોઠો નહીં પણ મંદિર જ બનેલું. તેથી તે પાછી ફરી ગઈ. બીજે દિવસે નિત્યાનંદ સ્વામીએ પ્રતિષ્ઠાની આરતી ઉતારી.

આ પ્રસંગથી સૌના મનમાં ખેદ થયો હશે તે સ્વાભાવિક છે કે જે સ્થાનને શ્રીજીમહારાજ પોતાનું માનીને રહ્યા તે જ સ્થાનમાં રચાયેલ મંદિરની પ્રતિષ્ઠા વખતે તે હાજર ન રહી શક્યા! આ અવસરે સૌને થયું હશે કે જીવાખાચરના દ્વેષે ખરેખર હદ ઓળંગી છે. શ્રીજીમહારાજ વિષે આટલો અસદ્‌ભાવ કે આવી ખોટી ભંભેરણી કરી પ્રતિષ્ઠાવિધિનો માહોલ વીંખી નાંખ્યો! એક સમયે શ્રીજીમહારાજને હાથ ઝીલીને ગઢડામાં લાવનાર જીવાખાચરે મહારાજ સામે ઓડા લગાવ્યા!

આવાં કૈંક વિચાર-વલયોમાંથી ઘોળાઈને સુરાખાચરની જીભે પ્રશ્ન ફૂટ્યો છે કે 'ભગવાનને તથા સંતને જેવા છે તેવા નિશ્ચયપણે જાણીને પણ કોઈનું અંતર પાછું પડી જાય છે તેનું શું કારણ છે ?'

ઉપરોક્ત ઘટના બન્યા પછીના અરસામાં પૂછાયેલો આ પ્રશ્ન ઘટના સાથે એકદમ સુસંગત ભાસે છે. વચનામૃતના એક-એક પ્રશ્નો કે વચનોનાં મૂળ ક્યાં ક્યાં પહોંચેલાં છે!? તે મૂળ હાથમાં આવતાં વૃક્ષ સમાં તે તે વચનામૃતનો વૈભવ પણ કેવો નિરાળો લાગવા માંડે છે!

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ : ૩૧

આ વચનામૃતમાં વર્ણન આવે છે કે 'સં. ૧૮૮૫ના મહા સુદિ ચોથને દિવસ સાંજને સમે શ્રીજીમહારાજ વિરાજમાન હતા...'

વચનામૃતમાં થયેલ આ સમય-નોંધ પર માર્મિક ટિપ્પણી કરતાં યોગીજી મહારાજ બોલ્યા હતા : 'આમાં ટાઇમ લખ્યો તે આપણને ધ્યાન ધરવા.'[૧૨૬]

૧૨૬. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૪/૯૦; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ : ૩૩

ગુણાતીતાનંદ સ્વામીએ તેઓની વાત(૧૩/૪૬)માં 'સ્ત્રી, દ્રવ્ય, દેહાભિમાન અને સ્વભાવ એ ચાર ગાંઠ્યું છે, એ બહુ કઠણ છે.' એમ કહ્યું છે.

ઉપરોક્ત ચાર વિગતનો ઉલ્લેખ આ વચનામૃતમાં આ રીતે થયો છે કે 'ભગવાનના ભક્તને સ્ત્રી, ધન, દેહાભિમાન અને સ્વભાવ એ ચાર વાનાંમાં કાચ્યપ હોય ને તે ભગવાનની ભક્તિ કરતો હોય તો પણ તેની ભક્તિનો વિશ્વાસ નહીં.'

અહીં વચનામૃત અને વાતોનાં ઉપરોક્ત બે પ્રમાણોથી એમ લાગે છે કે આ વચનામૃતમાં જણાવેલી ચાર વિગતોને જ 'ચાર ગાંઠ્યું' તરીકે ગુણાતીતાનંદ સ્વામી ગણાવી રહ્યા છે. આ વાત વિશેષ યુક્તિયુક્ત એટલા માટે લાગે છે કે ગુણાતીતાનંદ સ્વામી ૧૩/૪૬મી વાતમાં જણાવે છે કે 'ત્યાગીને દેહાભિમાન અને સ્વભાવ એ બે ગાંઠ્યું છે અને ગૃહસ્થને બાયડી, છોકરાં, મેડી અને દ્રવ્ય એ ચાર છે....' અહીં પ્રશ્ન થાય કે ત્યાગીને બે જ ગાંઠ્યું કેમ કહી? તો ૧૧/૩૯૯મી વાતમાં ગુણાતીતાનંદ સ્વામી આ પ્રશ્નનો ખુલાસો કરતા હોય એમ કહે છે કે '....આંહીં બેનો તો સંબંધ જ નથી. પણ માંહીં અંકુર છે એ જોગ થાય ત્યારે ઝાડ થાય... એમ બેનો કહેતાં ધન-સ્ત્રીનો તો ઉપરથી પ્રસંગ જ નથી પણ જો માંહીં અંકુર છે તો જોગ થયે ઝાડ થશે...'

આમ, ૧૩/૪૬ અને ૧૧/૩૯૯ એ બે વાતોને સરખાવતાં ખ્યાલ આવે છે કે ત્યાગીને ધન-સ્ત્રીના ત્યાગ સંબંધી નિયમને કારણે ગુણાતીતાનંદ સ્વામી 'ત્યાગીને દેહાભિમાન ને સ્વભાવ બે ગાંઠ્યું છે' એમ કહી રહ્યા છે.

ગૃહસ્થ માટે ગણાવેલી ચાર ગાંઠ્યું – બાયડી, છોકરાં, મેડી, દ્રવ્ય – એ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૩ના ઉપાડ સાથે સુસંગત થાય છે. એમાં શ્રીજીમહારાજ કહે છે કે એમાં શ્રીજીમહારાજ કહે છે કે 'ધન, દોલત, સ્ત્રી

અને પુત્ર (સરખાવો ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો – બાયડી, છોકરા, મેડી અને દ્રવ્ય) એ આદિક જે પદાર્થ તેણે કરીને એની બુદ્ધિમાં ફેર પડે નહીં. અને એને અર્થે કોઈને વિષે આસ્થા આવે નહીં. એવા તો સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્તો હોય, ઝાઝા હોય નહીં...'

આમ, સ્વામીની વાત – ૧૩/૪૬, ૧૧/૩૯૯ અને વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૩ની વિગતોનો પરસ્પર મેળ બેસાડતાં વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૩નો ચાર ગાંઠ્યુંના વચનામૃત તરીકે ગુણાતીતાનંદ સ્વામી ઉલ્લેખ કરી રહ્યા હોય તેમ જણાય છે.

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ : ૩૮

ઈતિહાસની અટારીએ ચઢી વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૮ વાંચતાં અક્ષર દેરીમાં બેઠેલા યોગીજી મહારાજના આ શબ્દો સંભળાય છે : 'સર્વોપરીપણાનું વચનામૃત છેલ્લાનું ૩૮. છેલ્લી શીખનું.'[૧૨૭]

ઇતિહાસની અટારીએથી...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ : ૩૯

તા. ૧૬-૧-૧૯૭૧.

---

૧૨૭. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૫/૪૪; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

યોગીજી મહારાજના ધામગમનને અઠવાડિયાની વાર. આ દિવસે વહેલી સવારે ઊઠ્યા પછી તેઓએ એકાએક કહ્યું : 'વચનામૃત વાંચો.'

તેથી સેવકે આ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯ નિયમ મુજબ વાંચ્યું. ખૂબ પ્રેમથી યોગીજી મહારાજ તે સાંભળતા હતા. જ્યાં મુદ્દાની વાત આવે ત્યાં હાથનું લટકું પણ કરતા જાય. પછી અડધેથી જ 'ઇતિ વચનામૃતમ્' કહીને પોઢી ગયા.[૧૨૮]

ત્યારબાદ ધામગમનના દિવસ સુધી તેઓને વચનામૃત સાંભળવાનો અવકાશ આવ્યો નહીં. એ રીતે યોગીજી મહારાજનો સંસ્પર્શ પામેલું આ છેલ્લું વચનામૃત. પોતાના સમગ્ર જીવન દરમ્યાન વચનામૃતનાં નિરૂપણો કરી, અલૌકિક રસલહાણ કરાવતા રહેલા યોગીજી મહારાજે છેલ્લે જો કોઈ વચનામૃત સાંભળ્યું હોય તો તે આ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું ૩૯મું છે. છેલ્લાનું છેલ્લું વચનામૃત, છેલ્લે શ્રવણ કરી તેઓ ધામમાં પધાર્યા અને આ વચનામૃત સાથે ચિરસ્મૃતિ સાંકળતા ગયા.

---

૧૨૮. 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' : ૬/૨૫૪; લે. – સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ, પ્રથમ આવૃત્તિ.

પરિશિષ્ટ

'વચનામૃત' અને 'સ્વામીની વાતો' એ સ્વામિનારાયણ સંપ્રદાયનાં મહત્ત્વપૂર્ણ શાસ્ત્રો છે. એવું કહી શકાય કે 'વચનામૃત' જો પાઠ્યપુસ્તક (Textbook) છે, તો 'સ્વામીની વાતો' માર્ગદર્શિકા (Guide) છે. સૂત્રાત્મક ભાષામાં ગુણાતીતાનંદ સ્વામીએ વહાવેલો ઉપદેશ જાણે 'વચનામૃત' પરનાં ભાષ્ય સમો છે. તેથી 'સ્વામીની વાતો'માં જ્યાં જ્યાં વચનામૃતોનો ઉલ્લેખ આવે છે તે 'વાતો'ની યાદી અત્રે પરિશિષ્ટરૂપે પ્રસ્તુત છે :

ગઢડા પ્રથમ પ્રકરણનાં વચનામૃત

૫	પ્રથમના પાંચના વચનામૃતમાં મહારાજ 'રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ તેનું ધ્યાન કરવું' એમ આગ્રહ કરીને કહ્યું છે તે શું, તો મહારાજને ભક્તે સહિત ભગવાનનું ધ્યાન ભજન કરાવવું છે. (૧૦/૯૪)
૧૯	પછી વળી લીલાની વાત કરી. તેમાં કહ્યું જે, 'મહારાજ આની ઉપર બહુ રાજી થયા – એમ પણ રાજી કહેવાય, એ જુદી રીતનું; ને જે સિદ્ધાંતનો રાજીપો તે તો પહેલા પ્રકરણના ઓગણીસના વચનામૃત પ્રમાણે – તે આજ્ઞા, ઉપાસના ને મૂર્તિમાં જોડાવું. તે આજ કરો કે લાખ જન્મે કરો, જ્યારે કરશો ત્યારે મહારાજ પાસે રહેવાશે. ને મહારાજ પણ બીજી જે જે વાત કહે તે પણ ત્યાં જાતી ઊભી રાખે, એ સિદ્ધાંત છે.' (૬/૨૫૧)
૨૫	આત્મનિષ્ઠા આવે તેણે કરીને સર્વે વાત થાય. તે ઉપર કહ્યું જે, **'મરને આતસકા વરસે મેહા રે, તોય નવ્ય દાઝે મેરા દેહા રે; મરને બારે મેઘ આવી ઝુમે રે, તોય નવ્ય ભીંજે મેરા રુમે રે.** એવી જોઈએ. પ્રથમનું છવીસનું વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે, આ પણ એક નિર્ગુણભાવને પમાડે એવું છે. **'ઊધો સોઈ સાચે મમ દાસ હે'** આ ચાર કીર્તન પ્રમાણે રહે તો સાચો ભક્ત કહેવાય.' (૬/૩૧)
૩૭	પ્રથમના એકોતેરમા વચનામૃતમાં એમ આવ્યું જે, ભગવાન અક્ષરધામ સોતા આવ્યા છે. તે ઉપર વાત કરી જે, 'આ બોલે છે તે મૂર્તિ ઉપર તાન રાખવું, બીજાને કાર્ય સમજવું ને આ મૂર્તિને કારણ સમજવું.' પછી

	હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'ભગવાનની મૂર્તિમાં અક્ષરધામ શી રીતે ભાસે છે ?' સ્વામીએ ઉત્તર કર્યો જે, 'તેજરૂપે ધામરૂપ અક્ષર ભાસે છે ને સાધુરૂપે અક્ષરધામ મૂર્તિમાન દેખાય છે એમ સમજવું ને બીજાને રુચે એમ હોય તો વાત જોઈને કરવી ને ઓળખીને તેની ભક્તિ કરે તેને ભગવાન ભક્તિ માને છે, ને ઓળખ્યા વિના તો 'આવી ફસ્યા તેથી ક્રિયા કરવી પડે' તેવું છે. પણ ઓળખ્યા વિના સેવા કરે તે ભક્તિ ન કે'વાય.' તે ઉપર પ્રથમનું સાડત્રીસમું વચનામૃત વંચાવ્યું. (૫/૧૮૧)
૭૦	કોઈ ઐશ્વર્યને ભલા થઈને ઈચ્છશો મા ને જો આવે તો આપણે કાંઈક કરી નાખીએ એમ છે, માટે એમાં કાંઈ માલ નથી. દેશકાળે સ્થિતિ રાખવી, તે શું ? તો દ્રવ્ય ગયું કે દીકરો દેહ મૂકી ગયો કે ખાવા અન્ન ન મળ્યું તો તેમાં સમજણ કામ આવે છે. તે એક વાણિયે પરદેશમાં જઈને કરોડ્ય સોનાનાં રાળ ભેળાં કર્યાં ને વહાણ ભરીને આવ્યો. તેણે કાંઠે ઊતરવા પાટિયા ઉપર પગ દીધો કે વહાણ બૂડ્યું. ત્યારે વાણિયો કહે, 'અહો ! થયું ને માથે.' પણ પછી કહે : 'જન્મ્યા ત્યારે એ ક્યાં હતાં ?' તેમજ એક ફકીરને રસ્તામાં ચાલતાં દોરડું મળ્યું. તે તેણે ખંભે નાખ્યું હતું પણ તે પાછું પડી ગયું. પછી થોડોક ચાલ્યો ત્યારે ખબર પડી. ત્યારે કહે જે, 'કાંઈ નહીં, મુજ કુ રસ્સા પાયા જ નો'તા;' એમ વિચારીને આનંદમાં રહેવું. વળી, કાકાભાઈના વચનામૃતમાં (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦) પણ કહ્યું છે જે, 'ઘરમાં દસ માણસ હોઈએ ને તે સર્વે મરવાનાં હોય, તેમાંથી એક બચે તો શું થોડો છે ?' માટે એમ સમજવું. (૬/૨૮)
૭૧	પ્રથમના એકોતેરમા વચનામૃતમાં એમ આવ્યું જે, ભગવાન અક્ષરધામ સોતા આવ્યા છે. તે ઉપર વાત કરી જે, 'આ બોલે છે તે મૂર્તિ ઉપર તાન રાખવું, બીજાને કાર્ય સમજવું ને આ મૂર્તિને કારણ સમજવું.' પછી હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'ભગવાનની મૂર્તિમાં અક્ષરધામ શી રીતે ભાસે છે ?' સ્વામીએ ઉત્તર કર્યો જે, 'તેજરૂપે ધામરૂપ અક્ષર ભાસે છે ને સાધુરૂપે અક્ષરધામ મૂર્તિમાન દેખાય છે એમ સમજવું ને બીજાને રુચે એમ હોય તો વાત જોઈને કરવી ને ઓળખીને તેની ભક્તિ કરે તેને ભગવાન ભક્તિ માને છે, ને ઓળખ્યા વિના તો 'આવી ફસ્યા તેથી ક્રિયા કરવી પડે' તેવું છે. પણ ઓળખ્યા વિના સેવા કરે તે

	ભક્તિ ન કે'વાય.' તે ઉપર પ્રથમનું સાડત્રીસમું વચનામૃત વંચાવ્યું. (૫/૧૮૧) (૧૩/૩૨)
૬૩	પ્રથમ પ્રકરણનું ત્રેસઠમું વચનામૃત વંચાવીને મહિમાની બહુ વાત કરી જે, 'આમાં કહ્યું છે એમ સમજાય નહીં તેથી જીવ દૂબળો રહે. પણ ભગવાનને પ્રતાપે કામ, લોભ, સ્વાદ, સ્નેહ ને માન તે સર્વે સમુદ્ર જેવા છે, પણ ગાયના પગલા જેવા થઈ જાશે, માટે આવો મહિમા છે. તે સારુ કોઈ દિવસ જીવમાં દુર્બળપણું આવવા દેવું નહીં. ને લક્ષ્મી તથા ભગવાન તો આપણી સેવામાં છે; કેમ જે, માબાપ તો છોકરાની સેવામાં જ હોય. ને આપણે તો જેમ કરીએ તે થાય, પણ જાણીને દબાવી રાખ્યું છે. ને આ પ્રાપ્તિ તો મોટા ઈશ્વરને પણ દુર્લભ છે.' (૧/૩૦૫)
૫૦	મોક્ષમાં વિઘન ન આવવા દે તે ડાહ્યો. તે ઉપર કુશાગ્ર બુદ્ધિ ને મુશળાગ્ર બુદ્ધિની વાત કરી જે, દીવાનજીની ને દેસાઈભાઈની વ્યવહારમાં કુશાગ્ર બુદ્ધિ ને નાથ ભક્તની મુશળાગ્ર બુદ્ધિ છે. અને ઓલ્યાની ભગવાનમાં મુશળાગ્ર બુદ્ધિ છે ને નાથ ભક્તની કુશાગ્ર બુદ્ધિ છે, તે વ્યવહારમાં પડે તો કુશાગ્ર બુદ્ધિ હોય પણ મુશળાગ્ર થઈ જાય છે. તે ઉપર **ઘટ મેં કુબુદ્ધિ કેસી ભઈ,** એ સાખી બોલ્યા. જીવમાં તો કપટ, માન, ઈર્ષ્યા વગેરે ઘણું છે. તે ઉપર ચાર ગાંઠનું વચનામૃત વંચાવ્યું ને વાત કરી જે, રાણની ગાંઠ હોય તો કુવાડી ગરે નહીં. તેમ બેનો સંબંધ છે તે તો રાણની ગાંઠ જેવો છે ને આંહી બેનો તો સંબંધ જ નથી. પણ માંહી અંકુર છે તે જોગ થાય ત્યારે ઝાડ થાય. પછી બોલ્યા જે, **'ઉષ્ણ ઋતુએ અવની ઉપરે, બીજ ન દિસે બા'રજી;** **ઘન વર્ષે વન પાંગરે, એમ ઈન્દ્રી વિષય વિકારજી.'** તેમ બેનો કેતાં ધન-સ્ત્રીનો તો ઉપરથી પ્રસંગ જ નથી, પણ જો માંહી અંકુર છે તો જોગ થયે ઝાડ થશે. માટે આગળથી ખાધાના નિયમ રાખે તો સારું રહે, ને ગંધનો ને સ્પર્શનો પ્રસંગ મોળો છે પણ દેહનો અનાદર જેને હોય તેના ઉપર સાધુ રાજી થાય. કહ્યું છે જે, જેની દૃષ્ટિ ને મન નિયમમાં હોય તે જાણે જે, આની વૃત્તિ ઠીક છે ને જે કામ ઉપર બેઠા હોય તે કરીએ તો થાય ને ન કરીએ તો ન થાય, પણ આ મારગે તો કોઈ મોટાની દયા હોય તો ચલાય છે ને આ મારગ તો અજાણ્યો છે ને બીજા તો દીઠેલા છે. (૧૧/૩૯૯)

૫૯, ૬૩	બળ પામ્યાનું વચનામૃત મધ્યનું ૬૩નું વંચાવીને વાત કરી જે, "જીવ જાણે વિષય ભોગવીને બળિયા થઈએ તે એમ તો સામું નિર્બળ થવાશે. માટે જેટલું વિષયનું ગ્રહણ ને સમીપપણું તેટલું નિર્બળપણું થાય ને જેટલો વિષયનો ત્યાગ અને વિષયનું દૂરપણું તેટલો જીવ બળિયો થાય." પ્રથમનું ૫૯નું વચનામૃત વંચાવીને કહ્યું જે, "આગળ કહ્યો તે બળ પામવાનો ઉપાય છે ને બીજું આમાં ઉપાસનાનું પણ બળ છે." (૧૪/૭૧)

સારંગપુર પ્રકરણનાં વચનામૃત

૧	આપણને કોઈને એકે ફાકડો ધૂડ ખાવાનું મન થતું નથી, તેમ વિષય સામી ઇન્દ્રિયું જાય જ નહીં. તે ઉપર સારંગપુરનું પહેલું વચનામૃત વંચાવ્યું. (૧૧/૧૫૩) બપોરે સારંગપુરનું પહેલું વચનામૃત વંચાવીને વાત કરી જે, "આટલો આટલો મહિમા કહ્યો પણ જીવમાં ગરે નહીં. કોઈ કંઈ ખાવાનું આપે, કંઈ પદાર્થ આપે કે ગામ આપે ત્યારે રાજી થવાય છે, પણ આવા મહિમાનો હર્ષ થાતો નથી. તે જીવ શુષ્ક થઈ ગયો છે, તેણે કરીને સાધુ તથા સત્સંગીને વિષે મનુષ્યભાવ રહે છે, તેથી સત્સંગનો આનંદ આવતો નથી. પણ જેણે સાધુ સેવ્યા હોય ને બહુ સંસ્કાર લાગ્યા હોય તેને એવો મહિમા રહે છે ને જ્યારે સંસ્કાર બહુ લાગે ત્યારે તો વિષયના મારગે ચાલવું કઠણ પડે. તેમ મહિમાવાળાને જગત દીકરાના ઠામ જેવું થઈ જાય છે, પછી તેમાં મન રાખવા જાય તોય રહે નહીં. જ્યારે ભૂંડી ગંધ આવે ત્યારે નાક બીડી લીએ છે, તેમ મહિમાવાળાને તો વિષયનો અભાવ થઈ જાય છે. તે મહારાજને ભારે ભારે વસ્ત્ર આળાં ચામડાં જેવાં લાગ્યાં ને ઊતરી પહેરાવી તે ગમી નહીં. આ ગોદડી છે તે ઓઢીએ તો ટાઢ જાય, પણ શાલ હોય તો કોઈ લઈ જાય પણ ગોદડી કોઈ લે નહીં. તેમ ગૃહસ્થને પણ તેમાં દુઃખ જોવું. તે શું જે, ચોપેરામાં પાડું પડ્યું તે રૂપિયા ઉપર પડ્યું હતું, પણ કોળીના કૂબામાં ન પડ્યું. માટે જેને આંખ્યું હોય તે દેખે, તેમ જેને જ્ઞાન હોય તે દુઃખ દેખે." (૧૨/૧૧૦)

૨	સારંગપુરનું બીજું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'જીવને દર્શન કરતાં આવડે નહીં ને ભજન, સ્મરણ કે દાન કરતાં પણ આવડે નહીં, ને પુણ્ય કરે તો આપાના જેવું કરે. કોઈની ભાઈબંધાઈ રાખવી, ગરજ રાખવી, પણ બેગરજુ થાવું નહીં. મંદિર પૂરાં થઈ રહ્યાં, રહેવાની જગ્યા પૂરી થઈ, ઠાકોરજીને ઘરેણાં પૂરાં થઈ રહ્યાં; પણ ત્યાગી થયા ને સ્વભાવ રહ્યા, તે જેમ અગરાજીને પેટમાં ભાલેડું રહ્યું હતું તેમ ઝીણા ઝીણા સ્વભાવ રહી ગયા. ચ્યવન ખોખું થઈ ગયા હતા તો પણ સ્વભાવ રહ્યા. માટે હવે તો સ્વભાવ સાથે સામી લડાઈ લીધે રહેવું, તેમાં યોગભ્રષ્ટ થશે તો પણ અંતે સારું છે.' (૧૪/૬૭)
૭	નૈમિષારણ્યનું વચનામૃત વંચાવ્યું. તેમાં આવ્યું જે, 'ફળ કાઢી લીધું હોય ને થોથું રહ્યું હોય તે શું? તો વિષયમાંથી માલ નીકળી ગયો એ ફળ નીકળી ગયું કહેવાય. ને આટલા વિષય રાખ્યા છે તે દેહ રાખવા સારુ રાખ્યા છે. ને કેટલાકને તો ફરરર ઊડી જાઈએ એમ જોઈએ છીએ ને એમ થાય જે, ઘડીકમાં કેમ થાતું નથી? પણ તે ઘડીકમાં થાય એમ નથી. ને આમ જીવથી વરતાય એમ પણ ક્યાં છે ? તે તો ભગવાનની ઈચ્છા એવી છે જે, સર્વે અવતારના ભક્તને ગુણાતીત કરવા છે ને કારણ દેહથી નોખા કરવા છે.' તે ઉપર ઈન્દ્રને બ્રહ્મહત્યા પ્રગટ વામનજીથી ટળી તે વાત કરી. (૧૧/૨૧૭) ધર્મતનયદાસે પૂછ્યું, 'નૈમિષારણ્ય ક્ષેત્ર છે અને ધારાઓ કુંઠિત કેમ થતી નથી?' તો કહે, 'જેટલા નિયમ પાળે તેટલી ધારા કુંઠિત થાય અને વિશેષ એટલું જે, નિયમ પાળ્યાનું બળ આવે. જ્યાં સુધી દેશકાળ લાગે છે ત્યાં સુધી સત્સંગ કાચો છે. કોઈમાં સિદ્ધિ હોય, કોઈમાં અંતર્યામીપણું હોય, પણ જે તેમાં ન લેવાય, તે શ્રેષ્ઠ છે. ત્રણ દેહથી જુદા પડ્યા વિના અક્ષરધામમાં નહીં જ જવાય. આ લોકમાં મંડ્યા છીએ તે કૂસકાં ખાંડીએ છીએ.' (૧૩/૯૩)
૭, ૧૮	સારંગપુરનું અઢારનું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'જુવાન છે તેને ઈન્દ્રિયું વકરી જાય, પછી ન રહેવાય. ને વૃદ્ધ હોય તેને કોઈના દોષ આવે, તેણે કરીને પડી જવાય. માટે કોઈ ઝાઝું જમતો હોય કે લૂગડાંનો કટકો વધુ રાખતો હોય કે ઊંઘણસી હોય તો પણ તેનો અભાવ ન લેવો.' (૧૪/૧૧૨)

	સારંગપુરનું અઢારનું ને સાતનું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'આંહીં જે નૈમિષારણ્ય કહ્યું છે. વિષયનો સંબંધ કરીને જાણે જે, જીવ સારો રહે, તે કોઈ દિવસ રહે જ નહીં.' (૧૪/૧૪૮)
૧૦	જામનગરમાં નિષ્કુળાનંદ સ્વામીના કરેલ મહિમાનો ખરડો લઈને જાગાભક્ત વાંચતા હતા. તેમાં, **'સખી! શીયો કરું ઉપાય પિયુ પરદેશડે,'** એ ચરણમાં આવ્યું, ત્યારે સ્વામી પોઢ્યા હતા તે બેઠા થયા ને બોલ્યા જે, 'ફેર વાંચો.' પછી ફેર વાંચ્યું. તે સાંભળીને બોલ્યા જે, 'આ પણ એક મારા ગુરુનું અજ્ઞાન છે!' એમ કહી વળી બોલ્યા જે, "જેને જ્ઞાન હોય તેને પિયુ પરદેશડે મનાય જ નહીં. એ તો એમ જાણે જે, ભગવાન અખંડ મારા આત્માને વિષે વિરાજમાન છે ને જેમ દેહમાં જીવ રહ્યો છે તેમ મારા જીવમાં ભગવાન રહ્યા છે. એમ સારંગપુરમાં દશના વચનામૃતમાં કહ્યું છે. સંવત ૧૮૮૫ની સાલમાં મહારાજ દશમને દિવસે સ્વધામ પધાર્યા એટલે વિમાનમાં પધરાવીને લક્ષ્મીવાડીએ લઈ ગયા. તે સમે કોઈને ધીરજ રહી નહીં, સર્વે રોવા લાગ્યા. પછી ગોપાળાનંદ સ્વામીએ અમને કહ્યું જે, 'આ સર્વે તો એના બાપને મૂઆ દેખે છે, એમ આપણે મૂઆ દેખતા નથી. માટે ઊઠો, મહારાજની દેહક્રિયા કરો.' પછી રઘુવીરજી મહારાજને આગળ રાખીને મહારાજના દેહની સર્વે અમે કરી. પછી હું બહિર્ભૂમિ જાવા ગયો. ત્યાં ધોરિયાના કાંઠે ધ્રો લીલી દીઠી. તેને જોઈને અમને વિચાર થયો જે, આને જળનો જોગ છે તો આવી લીલી રહી છે; પણ મહારાજ સ્વધામ પધાર્યા ને આપણે આંહીં કેમ? એમ સંકલ્પ થયો ત્યાં હાથમાંથી તુંબડી પડી ગઈ અને હું પણ પૃથ્વી ઉપર પડી ગયો. તે સમે મહારાજ આવ્યા અને મને હાથ ઝાલીને ઊભો કર્યો. પછી હૈયામાં બીડીને મળ્યા અને એમ બોલ્યા જે, હું ક્યાં ગયો છું? તમારે વિષે અખંડ રહ્યો છું! અખંડ રહ્યો છું! અખંડ રહ્યો છું! એમ ત્રણ વાર કહ્યું." (૯/૨૪૩)
૧૧	સારંગપુરનું અગિયારમું વચનામૃત વંચાવતી વખતે કોઈક હરિભક્તે પૂછ્યું જે, 'મૃત્યુ આડી ઘડી હોય ત્યારે ભગવાનમાં શી રીતે જોડાવાય?' ત્યાર સ્વામી બોલ્યા જે, 'એને ભગવાનમાં જોડાવાની રુચિ હોય ને દેહનો અંત આવી જાય તો ભગવાન ને સાધુ તેની મદદ કરે, રક્ષા કરે, તેથી ભગવાન વિષે જોડાઈ જવાય. માટે રુચિ સારી રાખવી.' (૪/૪૪)

૧૨	સ્ત્રી, ઋષિ ને નદી તેનો અંત ન લેવો ને વહેવાર હોય તે કર્યા કરવો, પણ તેનો અંત ના લેવો. બધાને સમજાવીને માંહીથી પ્રભુ ભજી લેવા, એટલે ક્યાંય મન તણાય નહીં. તે સારંગપુરના ૧૨ના વચનામૃતમાં કહ્યું છે જે, માંહી જોવું ત્યારે બારલી ઉપાધિ મેલી દેવી. માટે નિષેધ કર્યો હોય તો મન તણાય નહીં, પછી તેમાં માલ જણાય જ નહિ. જેણે માલ માન્યો છે તે તો સાવજ, દીપડા ને ડુંગર જોવા જાય છે. તે ગોપાળજી મહારાજ ગિરનાર ઉપર ગયા તે થાકી રહ્યા ને વળી ગયા. માટે નિષેધ કર્યા વિના ગુણધ્યાન મટે નહિ ને મોહ પણ ટળે નહિ. વિષયમાં તો સુખ હોય જ નહિ, ને કોઈ વાતે અંત આવે એમ ક્યાં છે ? સો, હજાર, લાખ, કરોડ - કોઈ વાતે અંત આવે તેમ નથી. છોકરા જેમ ગાય, ભેંશ કરે છે તેમાંથી દૂધ નીકળે જ નહિ, તેમ જ્ઞાનીને મતે કોઈ દિવસ એમાં સુખ હોય જ નહિ. દુઝાણું રાખવું તેમાં કેટલું દુ:ખ છે તે તો જાણાય, તેમ પ્રકૃતિના કાર્યમાં ક્યાંય સુખ નથી. માટે निजात्मानं ब्रह्मरूपम् એવું થઈને ભગવાનની સેવામાં રહેવું ને મોટા મોટા છે તે ભગવાનને જ ગાય છે. (૧૨/૧૩૦) સારંગપુરનું બારનું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'આત્મનિષ્ઠા સાધીને પછી દમન કરવું. તે શું જે, પાયો પાકો નાખવો તેનું જ નામ સાંખ્યે સહિત યોગ કહેવાય. આપણે તો પહેલો યોગ થઈ ગયો. તે શું જે, ભગવાન મળ્યા. તો હવે સાંખ્ય શીખવો. સાંખ્યની રીત જે, ક્રિયા કરવી તે નિષેધ સહિત કરી હોય તો તેમાં તાણ ન રહે; નીકર રાગ રહી જાય. માટે ક્રિયા હોય તેટલી કરીને અંતર સન્મુખ વૃત્તિ કરવી. માનસી પૂજા કરતાં પહેલાં સંકલ્પને કહેવું જે, કોઈ આવશો નહીં; એમ કરતાં કરતાં વિષયની વિસ્મૃતિ થઈ જશે. 'ત્રણ દેહ હું નહીં,' એ સાંખ્ય શીખ્યાની બારાખડી છે, પણ તે ભણ્યા વિના આવડે નહીં, કરવા માંડે તો થાવા માંડે. આ હાડકાંના દેહને વિષે આત્મબુદ્ધિ કરીને બેઠા છીએ, પણ ઉખેળે તો માંસના લોચા દેખાય. જ્યાં કથા-કીર્તન નથી થાતું તે સ્થાન તો સ્મશાન છે.' (૧૩/૧૪૪)
૧૩	જેમ જેમ જ્ઞાન થાતું જાય તેમ તેમ ભગવાનનો મહિમા જણાતો જાય. તે ઉપર દૃષ્ટાંત દીધું જે, 'એક રબારી ચાલ્યો જતો હતો, ત્યાં હીરો હાથ આવ્યો, તે બકરીની કોટે બાંધ્યો. પછી તે બકરીને વાણિયે લઈને

	તે હીરો બસેં રૂપિયામાં દીધો, તે બસેંવાળે હજારમાં દીધો, હજારવાળે દસ હજારમાં દીધો, એમ ને એમ ચડતાં લાખ રૂપિયામાં દીધો. પછી તે લાખવાળે કોઈક શાહુકાર હતો તેની પાસે જઈને કહ્યું જે, 'આ હીરો તમારે રાખવો છે ?' ત્યારે શાહુકાર હીરો જોઈને બોલ્યો જે, 'સો મોટલિયા કરો ને દી ઊગ્યાથી તે આથમ્યા સુધી દ્રવ્ય લઈ જાઓ એટલું તમારું.' ત્યારે ગામમાં હાહાકાર બોલ્યો જે, શાહુકારે ખજાનો લૂંટાવી દીધો ! પછી તે શાહુકારના બાપે આવીને પૂછ્યું જે, 'શું જણસ લીધી ?' ત્યારે કહ્યું જે, 'આ હીરો લીધો છે.' ત્યારે તેણે જોઈને કહ્યું જે, 'મફત પડાવી લીધો, એક દિવસની કમાણી પણ દીધી નહીં !' ત્યારે જુઓ, સર્વે કરતાં એ શાહુકારને એ હીરાનું જ્ઞાન બહુ કહેવાય; તેમજ ભગવાનના મહિમાનું જાણવું. તે જેમ જેમ ભગવાનના મહિમાનું જ્ઞાન થાતું જાય તેમ તેમ મહિમા વધુ વધુ જણાતો જાય છે.' તે ઉપર સારંગપુરનું સત્તરમું વચનામૃત વંચાવ્યું. ત્યાં 'વાસુદેવ હરે' થયા તે જમવા પધાર્યા. (૩/૬૧)

કારિયાણી પ્રકરણનાં વચનામૃત

૩	કારિયાણીનું ત્રીજું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'આસન વાળીને બેસવું ને રાત પડે ત્યારે કોપીન તાણીને બાંધવી એમ કૃપાનંદ સ્વામી કહેતા.' પછી હનુમાનગઢીના વેરાગીની વાત કરી જે, 'વજ્ર કછોટો વાળતો. જોબન અવસ્થા એવી છે જે, ચાળો ન કરવો હોય તોય થઈ જાય; માટે યુવા અવસ્થાવાળાએ વયોવૃદ્ધ, તપોવૃદ્ધ ને જ્ઞાને વૃદ્ધ હોય તેનો જ સંગ કરવો. વિષય આવે ને રોઝની પેઠે નજર નાખે, ત્યારે ત્યાગ કેમ પાર પડશે ? **'આવ્યો કોણ કામે, ચાલ્યો કોણ વાટે રે...'** (૧૪/૧૯૪)
૭	કારિયાણીનું સાતમું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'નિશ્ચય છે એ જ આત્યંતિક કલ્યાણ છે, ને નિશ્ચય છે એ જ સિદ્ધદશા છે. અને દેખવાનું કહ્યું છે તે પણ જ્ઞાને સહિત જાણવું તેને જ કહ્યું છે, ને તે વિના તો દેખાય છે તોપણ ન્યૂન છે. ને વિષય ખોટા કરવા એ તો સાંખ્ય સમજવું ને 'એક ભગવાન ભાસે' એમ કહ્યું છે તે પણ નિર્વિકલ્પ

	નિશ્ચયરૂપે ભાસે.' (૧/૩૦૮)
૮	સ્વામીએ કારિયાણીનું આઠમું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતાં કોઈને આવડ્યું નથી, કેમ જે, એ તો અતર્ક્ય વાતું છે, તે કોઈના તર્કમાં આવે નહીં. અને પૂર્વે આચારજ થઈ ગયા છે તેણે ભગવાનના સ્વરૂપનું નિરૂપણ તો કર્યું છે, પણ જેવું મહારાજને કહેતાં આવડે છે તેવું તો કોઈને કહેતાં આવડતું જ નથી.' એમ કહીને કહ્યું જે, 'ફેર વાંચો.' ત્યારે ફેર વાંચ્યું. પછી સ્વામી બોલ્યા જે, 'સગુણ-નિર્ગુણપણું તો મહારાજે પોતાની મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય કહ્યું છે. અને એ બે સ્વરૂપનું ધરનારું જે મૂળ સ્વરૂપ તો પ્રત્યક્ષ બોલે છે તે જ છે.' એમ કહીને બોલ્યા જે, 'દસ શાસ્ત્રી વડોદરાના ને દસ શાસ્ત્રી સુરતના ને દસ શાસ્ત્રી અમદાવાદના ને દસ શાસ્ત્રી કાશીના, એવા હજારો શાસ્ત્રી ભેગા થાય ત્યારે આ વાતનો પ્રસંગ નીસરે ?' ત્યારે રૂપશંકરે કહ્યું જે, 'ના મહારાજ ! આવો પ્રસંગ શાસ્ત્રીથી નીસરે નહીં.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'છે તો એમ જ, પણ લોકમાં શાસ્ત્રીનું પ્રમાણ બહુ કહેવાય. પણ ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતાં તો મહારાજને આવડે કાં ગોપાળાનંદ સ્વામી જેવા સાધુને આવડે, પણ બીજા કોઈને આવડે નહીં. અને આ વાત તો કરોડ ધ્યાન કરતાં અધિક છે, કેમ જે, શુકજી ધ્યાનમાંથી નીસરીને ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતા હવા.' એટલી વાત કરી ત્યાં ડંકો થયો તે દર્શને પધાર્યા. (૩/૬૭)
કા.૮, ગ.મ. ૧૭	કારિયાણીનું આઠમું વચનામૃત ને મધ્યનું સત્તરમું વચનામૃત વંચાવી વાત કરી જે, 'આ પ્રમાણે સમજવાનું છે તે રહી ગયું ને ઈંટો, પથરા, લાકડાં, રૂપિયા ને માણસ તેને ભામે ચડી જવાણું છે. ને અમે તો આ હવેલી ઊખેળી તેમાં બહુ અકળાતા કે ક્યારે પૂરી થાશે ને વાતું કરશું ? ને દેહ પડી જાશે તો વાતું કરવી રહી જાશે. ને મારે તો એમ થાય છે જે, કૂબામાં બેસીને દાણા ભેગા કરીને બધી પૃથ્વીના માણસને વાતું કરું, ને ત્રિકમદાસ છત્ય જડાવે છે ને રંગ ચડાવે છે ને બદરિકાશ્રમવાળા તથા શ્વેતદ્વીપવાળા તથા અક્ષરધામવાળા તથા ગોવર્ધનભાઈ કાંઈ ગાંડા છે તે વીસ હજાર કોરી બગાડી નાખી ! ને મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે, ગોવર્ધનભાઈનું બહુ ભૂંડું થયું.

	ત્યારે મહારાજ કહે જે, 'સમલોષ્ટાશ્મકાંચનઃ' થયું તે બહુ ભૂંડું થયું ? ત્યારે મુક્તાનંદ સ્વામી સમજ્યા.' એમ વાત કરીને કહ્યું જે, 'આ બે વચનામૃત પ્રમાણે સમજે તોપણ આંહીં બેઠાં અક્ષરધામ દેખે નહીં, પણ અક્ષરધામના પતિ દેખાણા એટલે અક્ષરધામ તો ભેગું જ આવી ગયું ને ! આ મૂર્તિ મળી છે તેના સામું જોઈ રહેવું ને ધ્રોડી ધ્રોડીને ઘેર જવાય છે તે તો અભ્યાસ પડી ગયો છે, જેમ અફીણનું બંધાણ પડે તેમ.' એમ વાત કરીને **'રાજે ગઢપુર મહારાજ'** કીર્તન ગવરાવ્યું ને ઉદ્ધવજી તથા ગોપિયુંની વાત કરી ને પ્રગટ સ્વરૂપના જ્ઞાનીને અધિક કહ્યો ને પ્રથમના એકોતરના વચનામૃતની વાત કરી જે, 'પ્રગટ વાત કર્યા વિના એમ સમજાય છે જે, બદરિકાશ્રમમાં, શ્વેતદ્વીપમાં તથા ગોલોકમાં ભગવાન છે ને થોડાક આંહીં છે પણ સર્વોપરી ભગવાન આંહીં સમજાતા નથી. માટે પ્રગટ વાત કરીએ છીએ ને આવો સમાગમ મળ્યો ને અહો ! અહો ! થાતું નથી તથા ગાંડા થવાતું નથી તે તો ભગવાને જીવના કલ્યાણને અર્થે એમ રાખ્યું છે. નીકર ગાંડા થઈ જવાય. **'મત્ય દીધે માને નહીં, કુમત્યે મન કોળાય; આવેલ અવળે અક્ષરે, તે સવળે કેમ સોહાય.'** (૫/૯૦)
૧૦	ઘોડે બેસતા હોઈએ તો પગપાળા ચાલવું ને સારું ખાતા હોઈએ તે જેવું-તેવું ખાઈને ગુજરાન કરવું. તે ભલા ભગવાન માની લેશે જે, મારે અર્થે દમન કર્યું. કારિયાણીના દશના વચનામૃતમા કહ્યું છે જે, જાણીને દમન કર્યું જોઈએ, ત્યારે ઈશ્વરની ઇચ્છાએ આવે તેને શીદ ટાળવું જોઈએ ? ને શરીર માંદું હોય તો ચાળા ચૂંથ્યા કરે. (૧૧/૩૬૬) 'ભગવાન ભજતા આવડે અને ભગવાન ઓળખાય એટલી જ બુદ્ધિ જાણવી. મહારાજની આજ્ઞા અને તેમની રુચિ પ્રમાણે વર્તવું. મહિમા સમજવો, દેહનો અનાદર કરવો, ઉત્તમ ભોગમાં રાગ ન રાખવો, એ રુચિ જાણવી. કૂડ ત્યાં ધૂડ અને કપટ ત્યાં ચપટ. માટે સાચી ભક્તિ કરવી, તો મહારાજ રાજી થાય. એક ડોસી હતી તે પ્રથમ મહારાજનો થાળ ખાઈ જતી, તે તો મહારાજ ખમે. આજ તો કેટલાક પાકી રસોઈ હોય તો પણ નોખું શાક વઘારે, તેથી ઢસરડા થાવાના છે ! રસના વશ હશે તેનાથી જ સત્સંગમાં રહેવાશે. તે વિના તો મરને ગમે તેટલી ભક્તિ કરે તો પણ સત્સંગમાં નહીં રહેવાય.' તે ઉપર કારિયાણીનું દશમું વચનામૃત વંચાવ્યું. (૧૩/૧૭૫)

લોયા પ્રકરણનાં વચનામૃત

૬	મહારાજે તો 'પંપોળીને રાખે તેની પાસે રહેવું નહીં' એમ કહ્યું છે. (વચનામૃત લોયા પ્રકરણ ૬). પછી સૂઝે તેમ કરો. અમે તો આત્માનંદ સ્વામી બહુ ટોકતા તેની ભેળે રહ્યા; ને બ્રહ્માનંદ સ્વામી ભેળા રહેતા તે નીકળ્યા. ને તે કહ્યા વિના ખોટ્ય જાય નહીં. ને જ્યાં સારી સારી રસોઈ મળે ત્યાં વારે વારે જાય, પણ કેવળાત્માનંદ સ્વામી તો જો કોઈ પાકી રસોઈનું કહે તો તેને કહેશે જે, 'જૂનેગઢથી સ્વામીનો કાગળ મગાવ્યો છે. તે આજ્ઞા આવશે ત્યારે લેશું,' એમ બા'નાં કાઢીને ચોખ્ખી ના કહેવી ને દાળ-રોટલા લેવા; ને પછી બે દિવસ રહીને ભાગી નીસરવું. પણ ગળ્યાં, ચીકણાં, ચોપડ્યાં, વઘાર્યાં, ધુંગાર્યાં, તે ખૂબ તડૂસીને સૂતા, તેણે કરીને વધશે કામ ને ક્રોધ. ને આપણે તો ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ ને શિક્ષાપત્રી એ ત્રણ ગ્રંથ પ્રમાણે રહેવું. એમ મહારાજે કહ્યું છે. તે મહારાજની રુચિ પ્રમાણે રહેવું. **'બ્રહ્માનંદ રેહનો ભલો રૂખમેં'** એમ કહ્યું છે. તે ત્રણ ગ્રંથથી વધુ લૂગડું કે પદાર્થ રહેશે કે ખવાશે તો બંધન થાશે ને એનો તો આગળ જવાબ લેવાશે. (૫/૪૬)
૧૧	લોયાનું ૧૧નું વચનામૃત વાંચ્યું ત્યારે કહ્યું જે, 'આપણને મહારાજ પ્રગટ મળ્યા છે; માટે મહારાજનું ચિંતવન ને ધ્યાન કરવું અને મહારાજનાં જ ચિહ્ન, ચરિત્ર ને ચેષ્ટા ગાવાં ને સંભારવાં ને તેમાં પતિવ્રતાની ટેક ધારી રાખવી. જેમાં મહારાજ અખંડ રહ્યા હોય એવા સંતનાં લક્ષણ છેલ્લા પ્રકરણના ૨૬ના વચનામૃતમાં કહ્યાં છે. તેવા સંતમાં બ્રહ્મભાવ સિદ્ધ કરવો. તેથી તેમનાં દર્શન, પ્રસાદી, વાતો અને મળવે કરીને મહારાજનું જ પ્રગટ સુખ મુમુક્ષુને મળે છે.' એવી પ્રગટપણાની ઘણી વાતો કરી. (૧૪/૨૦૩)
૧૩	લોયાનું તેરનું વચનામૃત વંચાવીને સિદ્ધાંત કહ્યું જે, સ્ત્રી ભેળા રહીને તો એક ભગવાન જ નિર્લેપ રહે અને બીજું સિદ્ધાંત એ જે, અક્ષરધામને વિષે જે ભગવાન રહ્યા છે તેવા કોઈ બીજાને ન કહેવાય; અને અનાદિ પણ એ જ રીત છે. તે કોઈકે જાણ્યા ને કોઈકે ન જાણ્યા. ને આજ પણ એમ દેખાય છે જે, કેટલાકને એ ઘડ બેઠી છે

	ને કેટલાકને નથી બેઠી. ને આ જે પ્રાપ્તિ થઈ છે તેની ખુમારી રહેતી નથી ને મનુષ્યભાવ આવે છે, તેણે કરીને વૃદ્ધિ પમાતું નથી; પણ મનુષ્યાકૃતિ ધારણ કરી હોય ત્યારે ભગવાનમાં મનુષ્યભાવ દેખાય ને મોટા સાધુમાં પણ મનુષ્યભાવ દેખાય. એક તો જીવનો સત્સંગ છે ને એક તો મા-બાપનો સત્સંગ છે, પણ સત્પુરુષના સમાગમમાંથી સર્વે વાત સમજાય છે. (૮/૭૪)
૧૪	વળી, રુચિનું વચનામૃત (લોયા પ્રકરણ ૧૪) વંચાવીને કહે જે, 'આ તો ખપવાળાને કહ્યું છે અને જેને ખપ નથી તે તો લાગ આવે જોઈ લે ને સ્વાદ કરી લે. એને તો એમ જ ભજન થાય જે, ક્યારે લાગ આવે? એવાને તો મહારાજે વચનામૃતમાં લબાડ જેવો ને કૂતરા જેવો કહ્યો છે. હેત હોય તેને આ વાત સારી લાગે, નીકર મરને લાખું વાતું કરીએ પણ એમ ન મનાય.' (૬/૪૭)
૧૪	સ્વામી કહે, 'વાંચો 'રુચિનું વચનામૃત. તે રુચિ સારી થયા વિના ભગવાન પાસે રહેવાય નહીં. રુચિ સારી થયે સારું થાય ને ભૂંડી થયે ભૂંડું થાય. તે જુઓને, જેની રુચિ મળતી હોય તે તેની ભેળા બેસે છે ને સુવાણ્ય પણ તો જ થાય છે. તે અફીણિયા હોય તે અફીણી ભેળા બેસે. એમ રુચિની વાત છે.' (૬/૨૯૦)
૧૪	'મહારાજનો અભિપ્રાય એવો જણાય છે જે, માયાને પેસવા દેવી નહીં. તે મહારાજ બેઠા હોય ત્યારે પણ શબ્દ બોલ્યા જ કરે; પછી કીર્તન ગવરાવે. તે અમદાવાદ ગયા ત્યારે કીર્તન ગવરાવી અધરામૃતના છાંટા પાડ્યા, તે સિદ્ધાનંદ સ્વામીનું શરીર પલળી ગયું.' રુચિનું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'જેમ બળદને કાંધ પડે છે ત્યારે ચાલે છે, તેમ કથાવાર્તામાં જેને કાંધ પડ્યા હોય તેનાથી કથાવાર્તા થાય, ને બધાને તો આ રુચિ હોય જ નહીં. એ ભક્તિ મારગમાં આપણા સ્વભાવ મળતા આવે એટલે ફાવે, પણ મહારાજે ખટરસનો કાગળ લખ્યો ત્યારે સુખાનંદ સ્વામી જેવા થડકી ગયા. ને એક દહાડે સિત્તેર મૂર્તિ વયા ગયા ને મુક્તાનંદ સ્વામીએ લીંબડો પીવાનો ઠરાવ કર્યો. માટે જે ખરેખરા હોય તેના તો ઠરાવ પણ જુદા હોય... (૧૧/૩૧૩)
૧૭	સ્તુતિ-નિંદાના વચનામૃતમાં કહ્યું છે જે, 'જેને ભગવાનનું માહાત્મ્ય

	સમજાણું હોય તેને સારા વિષય મળે તો તેમાં મૂંઝાઈ જાય.' ત્યારે એક સાધુએ પૂછ્યું જે, 'સારામાં મૂળગો કેમ મૂંઝાઈ જાય ?' એટલે સ્વામી કહે, 'ઓલ્યા બીજા જેમ નરસામાં મૂંઝાય તેમ એ સાધુ સારામાં મૂંઝાય, કેમ જે, એણે આગળથી જ રાખ જેવું કરી મૂક્યું હોય, પછી શું કઠણ પડે ! ને અમારે આટલું આસન નો'તું રાખવું પણ સાધુએ કહ્યું એટલે રાખ્યું, પણ ગમે નહીં ને સૌ આસન જેટલું નાખે છે એટલું નાખ્યું, તે ઘડપણ સારુ, તે વગર પણ ચાલે, ધરતી જેવું તો સુખ જ નહીં. ને વાહને પણ ઝાઝું ન ચલાય, તે સારુ જેવું-તેવું હોય તે ઉપર બેસીએ, પણ તેમાં વળી તાલ શા? ને આ મહોલાત, ધર્મશાળા પણ ન ગમે ને આ તો આજ્ઞા એટલે શું કરવું? નીકર આમાં શું માલ છે ? સેવા થાય એટલો માલ, નીકર તો વન બહુ ગમે.' (૬/૧૨૬, ૯/૩૩૪, ૧૧/૧૧૫, ૧૩/૧૧૦)

પંચાળા પ્રકરણનાં વચનામૃત

૧	પંચાળાના વચનામૃતમાં કહ્યું છે જે, 'જેમ જેમ ભગવાનનો સંબંધ રહે તેમ તેમ સુખ થાય છે; તે ભગવાન પરોક્ષ હોય ત્યારે કેમ સંબંધ રહે ?' પછી ઉત્તર કર્યો જે, 'કથા, કીર્તન, વાર્તા, ભજન ને ધ્યાન તેણે કરીને સંબંધ કહેવાય. ને તે કરતાં પણ મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્ ભગવાનનો સંબંધ કહેવાય ને ભગવાનનું સુખ આવે. કેમ જે, તેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે. ને પ્રત્યક્ષ હતા ત્યારે પણ જેવા છે તેવા ન જાણ્યા તો સંબંધ ન કહેવાય ને એમ જાણ્યા વિના તો પ્રત્યક્ષ હોય તોપણ શું ! ને તેમજ જે સંતમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે તેને જાણે તો આજે પ્રત્યક્ષ છે ને એમ જાણ્યા વિના તો આજે પરોક્ષ છે.' ત્યારે એક સાધુએ કહ્યું જે, મૂર્તિયું પ્રત્યક્ષ નહીં ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'પ્રત્યક્ષ ભગવાન તથા સંતનાં ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે ઘટી જાય છે ને દિવ્યભાવ જાણે તો બીજના ચંદ્રમાની પેઠે વધે છે. તેમ મૂર્તિયું શું ચરિત્ર કરે જે, તેનો અવગુણ આવે ને ઘટી જાય ? માટે બોલતા-ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ કહેવાય ને મોટા સંત હોય તે જ મૂર્તિયુંમાં દૈવત મૂકે છે, પણ મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણ મળીને એક સાધુ ન કરે. ને એવા મોટા સંત

	હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણેને કરે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે.' (૫/૩૯૨) 'હરખ, શોક, માન, અપમાન આવે, સોંઘું-મોંઘું થાય તે બધાનો વિચાર પડતો મૂકીને ભગવાન ભજી લેવા. એક વડોદરાની રસોઈ ને એક સોઢીની રસોઈ, તેમ વિષયનો સબંધ ને વિષયથી છેટે રહેવું તે એવું છે. अर्थं साधायामि वा देहं पातयामि। એવો ઠરાવ હોય ત્યારે વિષય મુકાય છે. **શૂરાને કોણ શીખવે રણે ચડ્યાની રીત,** **કેસરિયા ડણકે નહીં જેને, પંડ પાડ્યા શું પ્રીત.** તેમ મરને ગમે તેવી રસોઈયું થાય તો પણ જે શૂરા છે તે તો લેવાય જ નહીં. માટે મહારાજે કહ્યાં જે વચન તે જ્યારે મનાશે ત્યારે છૂટકો છે. અંતે તો ખાસડાં ખાઈને તેમ કરવું જ પડશે. માટે આગળથી વિચારે તે બુદ્ધિમાન કહેવાય.' તે ઉપર બુદ્ધિવાળાનું પંચાળાનું પહેલું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'જેને આવી રીતે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન હોય, મહિમા હોય ને સગુણ-નિર્ગુણાદિક આઠ વાનાંને જાણતો હોય તેના સમાગમે કરીને એવી રીતનો મહિમા આવે.' (૧૪/૧૬૦) 'જગતમાં બ્રાહ્મણ છે તે ભણે છે, તે શું જે, એને લોભ છે તે આળસ મૂકીને ભણે છે ને આપણે લોભ નથી તે કોઈ ભણતું નથી ને ઊંઘે છે. પણ ભણીને જ્ઞાન પામશું એમ જેને વિચાર હોય તે તો ભણે, માટે જ્ઞાન પામવાનો લોભ રાખવો. તેમાં સર્વ કરતાં સમજણ અધિક.' તેની પુષ્ટિને અર્થે બુદ્ધિવાળાનું વચનામૃત પંચાળાનું પહેલું વંચાવ્યું. (૧૫/૧૮)
૪	પંચાળાનું ચોથું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આવી રીતે નિશ્ચયની દૃઢતા કરી હોય અને ભગવાનનું દિવ્યપણું ને મનુષ્યપણું એક જાણી રાખ્યું હોય, અને સર્વે ધામ થકી અક્ષરધામનું સુખ શ્રેષ્ઠ છે એમ નક્કી કરી રાખ્યું હોય, તેને વર્તમાન પાળવાં શું કઠણ પડે ? અને તેણે કેમ ચોરી થાય ? ન જ થાય. એવો ખરેખરો નિશ્ચય થયો હોય તો વર્તમાન લોપવા જાય તો પણ લોપાય નહીં.' (૧૦/૮૧)
૭	પંચાળાનું સાતમું વચનામૃત વંચાવીને સ્વામીએ વાત કરી જે, 'આ પ્રગટ ભગવાનને નિર્દોષ સમજ્યેથી કાંઈ કરવું બાકી રહેતું નથી. ને

	ચમત્કાર જણાય તો શેખજીની પેઠે જીરવાય નહીં, ગાંડું થઈ જવાય. માટે કસર જેવું રાખ્યું છે. ભગવાનને નિર્દોષ સમજ્યાથી નિર્દોષ થઈ રહ્યો છે ને દોષ જણાય છે તે તત્ત્વના દોષ છે ને નિર્દોષ તો એક ભગવાન જ છે. ને દેશકાળ તો ભગવાનને ન લાગે, જીવને તો લાગે; કારણ કે પ્રારબ્ધ કર્મે દેહ છે, તે ખોટા પ્રારબ્ધનો થર આવે ત્યારે દેશકાળ લાગે, પણ ઉપાસ્ય મૂર્તિને નિર્દોષ સમજ્યાથી એ દોષે રહિત થઈ રહ્યો છે.' (૫/૧૨૪)

ગઢડા મધ્ય પ્રકરણનાં વચનામૃત

૧	મધ્યનું પહેલું વચનામૃત નિર્મોહીનું વંચાવી વાત કરી જે, જ્યાં સુધી પંચવિષયમાં લેવાય છે ત્યાં સુધી મોહ ટળ્યો નથી. (૧૩/૭૭)
૭	મધ્યનું સાતનું વચનામૃત વંચાવીને વાત કરી જે, કૃપાએ કરીને દોષ ટળે છે, પણ દેહાભિમાન મૂકીને જ્યારે મોટાની સેવામાં રહે ને જે અક્ષર કહે તેમ નમી જાવું તો મોટાની કૃપા થાય. જે આજ્ઞા લોપે છે તેને તો કોઈ દી સુખ હોય જ નહીં. આજ્ઞા લોપાય તો કામાદિક ભૂત વળગે છે ને વધુ લોપાય તો ખરેખરું ભૂત પણ વળગે છે. તે ઉપર જેતપરની વાત કરી. (૧૩/૨૧૪)
ગ.મ. ૫, વર. ૧૩	મધ્યનું પાંચમું વચનામૃત તથા વરતાલનું તેરમું વચનામૃત વંચાવી વાત કરી જે, ઇન્દ્રિયું-અંતઃકરણ હૃદાકાશમાં રાખવાં એટલે ભગવાનમાં વૃત્તિ રહી, ને દેહ પર્યંત દેખાય નહીં પણ સાધન ખોટું પડે નહીં. દેહ મૂકતાં જ દેખાઈ આવે. (૫/૧૫૨)
૯	એકલો પોતાના હૈયાનો ઠરાવ કામ ન આવે. શાસ્ત્ર પણ જોઈએ ને સત્પુરુષ પણ જોઈએ. તે અમારે મહારાજની નિષ્ઠા હતી ને વળી મહારાજે પણ વાત કરી જે, અમે સર્વે નારાયણના નારાયણ છીએ અને સર્વોપરી છીએ. સમૈયો કરી પાછા વળ્યા ત્યારે ભાઈસ્વામી પાસે અણિયાળી ગયા. અને કથાના પ્રસંગમાં મધ્યનું ૯મું વચનામૃત વંચાણું. તેમાં આવ્યું કે આજ્ઞામાં ફેર હશે તો પ્રાયશ્ચિત કરે છૂટકો થાશે, પણ બ્રહ્મરૂપ થઈ સર્વોપરી ઉપાસના સમજવામાં ફેરફાર હશે તો મોક્ષ નહીં થાય. ભાઈસ્વામીને ઉપાસના કરતાં આજ્ઞા ઉપર વધારે તાન હતું;

પણ ચોખ્ખી માહાત્મ્ય સહિત ઉપાસનાવાળો આજ્ઞા લોપે નહીં અને આજ્ઞાવાળો ઉપાસનામાં કાચો હોય તો મોક્ષમાં રખડે. વળી, તેમની પ્રકૃતિ એકદમ હા પાડે તેવી હતી નહીં. અને મહારાજના ભાઈ તથા મારા ગુરુ તે બીજાનું તો શેનું માને! તેથી જે જે સ્થળે મહારાજે વાત કરેલી અને જે ભાઈસ્વામીએ સાંભળી હોય એવી વાતો કરી. તે કચ્છમાં સુંદરજીભાઈને ત્યાં મહારાજ છાના રહેતા; પણ જ્યારે જગજીવન આવ્યો ને કહે જે, 'સ્વામિનારાયણ અહીં છે.' ત્યારે સુંદરજીભાઈ કહે, 'અહીં નથી.' પણ બેસવાને ઢોલિયો ઢાળી આપ્યો, તે ઉપર જગજીવન બેઠો. ત્યાં મહારાજ બહાર આવી કહે, 'કોણ છે ?' ત્યારે સુંદરજીભાઈને કહ્યું જે, 'સ્વામિનારાયણ નથી એમ કહેતા હતા ને?' 'સુંદરજીભાઈ! હું તો આ રહ્યો,' એમ કહી જગજીવન પડખે મહારાજ બિરાજ્યા. ત્યારે જગજીવનને સુંદરજીભાઈ કહે, 'હું તો દરબારમાં હતો, હમણાં ચાલ્યો આવું છું. અને મહારાજની ખબર નહોતી જે, આવેલ છે.' મહારાજને પગે વાગ્યું હતું, તે હળદર ચોપડી હતી. જગજીવને મહારાજને પૂછ્યું જે, 'તમે ભગવાન છો?' ત્યારે મહારાજ કહે, 'હા, સદા દિવ્ય ને સનાતન એવું અક્ષરધામ તેનો ધામી પુરુષોત્તમ અને સર્વેનો કારણ હું સહજાનંદ છું!' એ સાંભળીને જગજીવન ધખીને ચાલ્યો ગયો ને કહે જે, 'ભગવાન હો તો બેઠો રહેજે!' પછી સુંદરજીભાઈ કહે, 'મહારાજ! તે દ્વેષી ને પાપી છે; તેને અવળું પડશે ને અમને દુઃખ દેશે.' ત્યારે મહારાજ કહે, 'તમને કોઈક પૂછે કે કોણ છો? તો તમો સુતાર કહો કે ઊતરતી જાતિના કહો? તેમ અમે જેવા અનંત નારાયણના નારાયણ છીએ તેવા કહ્યા. શા સારુ ખોટું બોલીએ?' આ વાત ભાઈસ્વામીએ સાંભળી ને સ્મૃતિ થઈ આવી. એટલે કહે, 'હા, એ વાત ખરી. મહારાજે એમ જ કહ્યું હતું.' પછી વળી બીજી વાત કરી જે, મહારાજ ગઢડામાં ગંગાજળિયે કૂવે નાહતા હતા, ત્યાં હરિજને મહારાજને કહ્યું જે, 'અમારા બહુ મોટાં ભાગ્ય જે, ગોપી-ગોવાળને જે ભગવાન મળ્યા હતા તે ભગવાનનાં આજ અમને સાક્ષાત્કાર દર્શન થાય છે.' પછી મહારાજે કહ્યું જે, 'ગોપી-ગોવાળને જે ભગવાન મળ્યા હતા તે ભગવાનને અમારાં હજુ દર્શન પણ નથી થયાં. માટે તમારે તો બહુ મોટાં ભાગ્ય છે!' એ સાંભળી ભાઈ-સ્વામી કહે, 'એ સાચી વાત! મહારાજે એમ જ કહ્યું હતું, તે તો

	મહારાજના મોઢામોઢ સાંભળ્યું હતું.' પછી વળી ત્રીજી વાત કરી જે, 'બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દશ દશ મૂર્તિઓ છે. એવા પ્રધાનપુરુષ અસંખ્યાત છે ને મહામાયારૂપ સમુદ્રમાં અનંત લીન થાય છે ને અનંત ઊપજે છે, જેમ પ્રલયકાળના મેઘમાં અસંખ્યાત પરપોટા થાય છે ને નાશ થાય છે, તેમ પ્રધાનપુરુષ અનંત ઊપજે છે ને લીન થાય છે.' એ સાંભળીને કહે, 'હા, સાચી વાત.' એમ કેટલીક સર્વોપરીપણાની વાત કહી દેખાડી. તેથી ભાઈસ્વામીને પુરુષોત્તમપણું સમજાણું ને બોલ્યા જે, 'મારો દેહ આટલો રહ્યો તે નિષ્ઠામાં ફેર હતો તે સમજવા રાખ્યો હશે – એમ આજે સમજાયું.' અને અમને કહ્યું જે, 'આવી સર્વોપરી વાત ન કહી હોત તો હું રહી જાત.' એમ મહારાજ જેવા છે તેવી નિષ્ઠાની સ્મૃતિ કરાવીને અણસમજણ મટાડી. પછી પોતાના શિષ્યને કહ્યું જે, 'ભારેમાં ભારે થાળ કરો ને આ મારા મોક્ષ કરનારા ગુણાતીતાનંદ સ્વામીને જમાડી રાજી કરો.' પછી સૌ સાથે અમે જમવા બેઠા અને ભાઈસ્વામીના પત્તરની પ્રસાદી માગી, ત્યારે તેમણે ન આપી ને અમને કહે, 'તમે આપો.' એટલે અમે કહ્યું કે 'કેમ અવળી ગંગા?' ત્યારે ભાઈસ્વામી કહે, 'આજ સુધી તમારા મહિમાની ખબર ન હતી કે આવા તમે મહારાજને સમજો છો ને મને સમજાવવા અહીં આવ્યા. ને તમારા વિના બીજો કોઈ મને યથાર્થ સ્વરૂપનિષ્ઠા સમજાવત નહીં. આવા તમને જાણ્યા વિના પ્રસાદી આપતો; પણ હવે તો તમે મારા ગુરુ થયા, કારણ જેમ છે તેમ સર્વોપરી નિષ્ઠા કરાવી; માટે આજ તો પ્રસાદી આપો.' પછી અમારા પત્તરની પ્રસાદી તેમણે લીધી. એ રીતે ભાઈસ્વામીને મહારાજની નિષ્ઠા સમજાવી. (૧૦/૯૮)
૯	મધ્ય પ્રકરણનું નવમું વચનામૃત વાંચવાની આજ્ઞા કરીને બોલ્યા જે, 'આ વચનામૃતમાં કહ્યું છે તેમ મહારાજને પુરુષોત્તમ જાણશે ને સત્સંગમાંથી નીકળી જાશે તોપણ અક્ષરધામમાં જાશે ને સત્સંગમાં રહેતો હશે ને ધર્મ પાળતો હશે ને ઊર્ધ્વરેતા હશે, પણ મહારાજને પુરુષોત્તમ નહીં જાણે તો બીજા લોકમાં જાશે.' (૫/૩૦૪)
૯,૧૧	ગૃહસ્થ છે તે તો આત્માનું જ્ઞાન જાણે નહીં. માટે જેને ભગવાનને વિષે તથા મોટા સાધુ સાથે હેત છે તેને કાંઈ કરવું રહ્યું નથી. તે ઉપર મધ્ય પ્રકરણનું નવમું તથા વરતાલનું અગિયારમું વચનામૃત વિચારવાં. એ

	બેનો એક ભાવ છે. (૫/૩૩૮)
૯,૧૧	બપોરે વાત કરી જે, 'પોતાને રાગ હોય તે કેમ કળાય? તો આપણને કોઈ કહેશે – ગમે તો પેટલાદમાં રહો ને ગમે તો સોઢીમાં રહો; ત્યારે ક્યાં રહેવાય? ત્યારે તો એમ જણાય છે જે, પેટલાદમાં રહેવાય. માટે એ રાગ કે'વાય. જેટલાં શહેર છે તે બધાં દેવલોક જેવાં છે ને બદરિકાશ્રમ છે તે સોઢી જેવું છે ને ત્યાં સૂક્ષ્મ દેહના રાગ ટળાવે છે. શ્વેતદ્વીપમાં કારણના રાગ ટળાવે છે ને આંહી નિયમ પળાવે છે. એકાંતિક હોય તે તો એક ભગવાનની મૂર્તિમાં જ જોડાય છે. ઉપાસનાની વાત સમજવી ઘણી કઠણ છે, તે ઓલ્યા દેશમાં કેટલાક બધું ભેળું સાંગડું હાંકે છે. તે કે' છે જે, નરનારાયણ છે તે જ સ્વામિનારાયણ છે. ને આપણી કોર પણ એ કજિયો હતો, તે હવે થોડોઘણો રહ્યો છે. ઓણ તો હવે કોઈને સંશય રહેવા દેવો નથી.' મધ્યનું ૯મું વંચાવ્યું ને પછી મધ્યનું અગિયારનું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'દેહ, લોક, ભોગ તેમાં રહીને કલ્યાણ કરવું, તે ભગવાન કરે. તે આજ્ઞાએ કરીને મરને કરોડ્યું બાયડી હોય, તો પણ કલ્યાણ કરે, કેમ જે, સમુદ્ર તરવો તે બાહુબળે ક્યાં તરાય એમ છે ? આપણને ત્રણ બળ છે : એક ભગવાનનું, બીજું તેની આજ્ઞાનું ને ત્રીજું આ સાધુનું. એ ત્રણ બળ છે, તે એ બળે કરીને ભગવાનના ધામમાં જવાશે, પણ તેને મૂકીને ધામમાં નહીં જવાય. (૧૩/૧૪૭)
૯	વળી કહ્યું જે, ''મધ્યના વચનામૃત નવમામાં કહ્યું છે જે, 'બીજા અવતાર જેવા જાણે તો દ્રોહ કર્યો કહેવાય.' ને બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ એ તો રાત્રિપ્રલયમાં નાશ થઈ જાય છે, ને ત્યાંના મુક્ત વૈકુંઠમાં જાય છે. તે બીજા પણ નાશ થાય છે. તે મહારાજે બીજા અવતારના જેટલાં તો હરિભક્ત તથા સાધુ દ્વારે કામ કરાવ્યાં છે ને હજી કરાવે છે. તે સમાધિ તથા કલ્યાણ ઇત્યાદિક મોટાં મોટાં કાર્ય ભક્તદ્વારે કર્યાં છે, તે માટે ભગવાન જેવા તો એ છે. અને બીજાએ તો રાસ કરાવ્યા ને આ તોડાવે છે, ને સ્ત્રીનો ને ધનનો ઘાટ પણ નથી થાતો એવાય કેટલાક છે.' તે ઉપર પાળાનાં તથા સાધુનાં નામ કહી દેખાડ્યાં. 'ત્યારે, ઓલ્યાથી એ સરસ થયા, ને બીજા ભગવાન તો કેવા છે ? તો તેનું દૃષ્ટાંત દીધું જે, દિલ્હીના પાદશાહનું નામ શેરખાં, તે બીજેથી નામ ન પડે. તે એક

	ગામનો સિપાઈ શેરખાં દિલ્હી ગયો. તેને પાદશાહે પૂછ્યું જે, 'કેમ તમારું નામ શેરખાં છે?' ત્યારે કહે જે, 'હું તો શેરખાં કેવો ? તો નામમાત્રે કરીને શેરખાં છું, તે જેવાં પગરખાં, ચબરખાં ને લબરખાં એવો છું.' એમ ભેદ છે; એવી રીતે સમજવું, તે સમજણ ઠીક. એવી સમજણ જો ન હોય તો બહુ કાચ્યપ રહે. તે માટે આ મહારાજ સર્વે અવતારના અવતારી છે. તેને જ સર્વોપરી ભગવાન જાણવા.'' એમ સભામાં બોલ્યા. પછી શણગાર આરતી થઈ તે દર્શને પધાર્યા. (૬/૨૧)
લો.૧૪, ગ.મ. ૯,૧૩, ગ.અં. ૩૮	મહારાજે પ્રથમ નિત્યાનંદ સ્વામીને પોતાનું પુરુષોત્તમપણું કહેલ. તે જ્યારે સત્સંગિજીવન કર્યો ત્યારે ઉપાસનાનો પ્રસંગ નાખ્યો. તેમાં શ્રીકૃષ્ણની ઉપમા દેવા માંડી. ત્યારે સ્વામી કહે જે, 'બાદશાહને કાંઈ ચાકરની ઉપમા દેવાય? ન દેવાય.' એવી રીતે સાત દિવસ લગણ કજિયો ચાલ્યો. ત્યારે મહારાજ કહે, 'એમ જ લખાય, તમે શું જાણો?' ને કેટલુંક ખીજ્યા તોપણ ન માન્યું ને કહ્યું જે, 'ચરિત્ર મેળવો, જે મહારાજે કીધાં છે તે તેણે કીધાં છે ?' એમ કેટલુંક થયું ને એકલા કાઢ્યા ને મહારાજ પણ બીજા સાધુ ભેળા ભળી ગયા, તોપણ ન માન્યું. પછી મહારાજે કહ્યું જે, 'અમારો રહસ્ય આ સાધુ જાણે છે.' એમ કહીને નિત્યાનંદ સ્વામીને હાર આપ્યો. ને સ્વપ્નમાં ગોપાળાનંદ સ્વામીને મહારાજે કહ્યું જે, 'જો અમારું પુરુષોત્તમપણું નહીં પ્રવર્તાવો, તો આ ને આ દેહમાં હજાર વર્ષ સુધી રાખશું.' પછી સ્વામી કહે, મુને પણ મહારાજે કહ્યું હતું. ને ખરડામાંથી પણ જાણ્યું. ને મોર્યથી પણ જાણતા હતા. તે મેં ઉઘાડી વાત સભામાં કરવા માંડી. ત્યારે સાધુ સૌ કહે, 'તુને કોણે કહ્યું છે જે, તું કહે છે.' ત્યારે મેં કહ્યું જે, 'સ્વામિનારાયણે કહ્યું છે. બીજો કોણ કહેશે?' ને મહારાજે મધ્યના નવમા વચનામૃતમાં, સાંખ્યાદિકનામાં, તેજનામાં ને લોયાના ચૌદનામાં એ આદિક ઘણાંકમાં કહ્યું છે. (૬/૩૨)
૧૦	મધ્યનું દસમું વચનામૃત વંચાવી વાત કરી જે, 'વચનામૃતના અર્થ સમજાય તેવા નથી, પણ બહુ અભ્યાસ રાખે તો પોતાની મેળે સમજાય એવો મહારાજનો વર છે. ને મહારાજને આ જ્ઞાન સર્વ સાધુ, સત્સંગીને આપવું છે. પ્રકૃતિનો પતિ તે કુટસ્થ પુરુષ કહેવાય ને ગૃહસ્થ પણ કુટસ્થ પુરુષ કહેવાય, તેમજ ગૃહસ્થની પેઠે જ

	શ્રીકૃષ્ણ પણ કુટસ્થ પુરુષ કહેવાય. ને સાંખ્ય જ્ઞાનને મતે કરીને નિર્લેપપણું કહેવાય. ને વૈરાટ પુરુષ તથા વાસુદેવ તથા મહાપુરુષ તથા અક્ષર એ સર્વેના નિયંતા મહારાજ પુરુષોત્તમ છે એમ સમજવું તે જ્ઞાન કહેવાય. ને દિવ્યભાવ-મનુષ્યભાવ કલ્યાણકારી સમજાય તે ભક્તિ કહેવાય. ને આપણા શરીરના તેજે કરીને ભગવાનનાં દર્શન થાય તોપણ તેનું આપેલ છે એમ સમજવું એ ભક્તિ કહેવાય. ને એવા ભક્તને કાંઈ વિઘ્ન નથી. ને સાંખ્ય જ્ઞાને કરીને સંકલ્પને ખોટા કરી નાખવા એ જ મૂર્તિમાં સ્થિતિ થઈ; તે મૂર્તિ સામું જોઈ રહ્યેથી સંકલ્પ બંધ થઈ જાય.' (૫/૨૨૦)
૧૧	મધ્યનું અગિયારમું વચનામૃત વંચાવીને વાત કરી જે, આ વચનામૃત બધાય ગૃહસ્થને સમજવાનું છે અને આ વાત ન સમજ્યા હોય ત્યાં સુધી જીવમાંથી સંશય મટે જ નહીં. (૪/૧૪)
૧૩	દેહ હોય તે દોષ તો હોય, પણ અનુવૃત્તિમાં રહે છે તેથી દોષનો શો ભાર છે, મર રહ્યા. ને કરવાનું તો થઈ રહ્યું છે પણ આ તો વિઘ્ન ટાળીએ છીએ. અને દોષ તો ઝાડી જેવા છે, તે ઝાડી હોય તે તરત ટળી જાય નહીં. વાતું સાંભળતાં મહિમા જણાશે તેમ ટળશે. મહિમાની કસર છે. મધ્યનું તેરમું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'આંખની વૃત્તિ, કાનની વૃત્તિ, બધી વૃત્તિયું હૃદયાકાશમાં રહે છે તેથી કોઈનો ભાર રહેતો નથી, એ મજકૂર છે.' (૪/૨૮)
૧૩	મધ્યનું તેરનું વચનામૃત વંચાતું હતું, તેમાં વડતાલવાળા ધર્મતનયદાસે પૂછ્યું જે, 'એવી સ્થિતિ થાય ત્યારે પ્રથમ કહ્યાં જે સાધન તે શીખવાં પડે કે નહીં ?' તો કહે, 'પર્વતભાઈ જેવી સ્થિતિ થાય તેમાં સાધનમાત્ર આવી જાય, પણ જ્ઞાન વિના એકલો પ્રેમ હોય તો તેમાં ન આવે.' (૧૩/૯૦)
૧૪, વર.૧	વરતાલનું પહેલું વચનામૃત ને મધ્યનું ચૌદમું વચનામૃત વંચાવીને વાત કરી જે, આ પ્રમાણે સમજે તો ગૃહસ્થ તથા ત્યાગીને બરોબર ગતિ છે, તે ત્યાગીનું બહુ શોભે ને પરવતભાઈ જેવા ગૃહસ્થને સાત છોકરાં હોય તેનું શોભે નહીં, પણ તે તો મહારાજને શિખામણ દેતા એવા હતા. (૫/૮૯)

ગ.મ. ૨૧, ગ.અં. ૨

છેલ્લા પ્રકરણનું બીજું વચનામૃત વંચાવ્યું. તેમાં વાત આવી જે, 'તપ, ત્યાગ, યોગ ને યજ્ઞે જેવો વશ નથી થાતો તેવો સત્સંગે કરીને થાઉં છું – એમ શ્રીકૃષ્ણે ઉદ્ધવ પ્રત્યે કહ્યું છે.' એ વાત આવી ત્યારે સ્વામી કહે : 'આ વાત સાંભળો, હવે જેટલું છે તેટલું આટલી વાતમાં આવે છે.' એ વંચાવીને કહ્યું કે 'તપ, ત્યાગ, યોગ, યજ્ઞે વશ નથી થતા તે સત્સંગે કરીને થાય છે. એ સત્સંગ આપણને મળ્યો છે પણ જણાતો નથી. સાધુ મળવા તો દુર્લભ છે ને આ સૌ સભા બેઠી છે તેમાં એ વાત તો જે જાણે તે જાણે છે, સૌને સમજાય નહીં. આવો જોગ મળ્યો છે ને પછી બીજાને વળગે છે તે કાંઈ સમજતા નથી. તે રઘુવીરજી મહારાજ આદિ મોટા મોટા સાધુ કોવૈયાને પાદર બેઠા હતા તેને મૂકીને ત્રણસેં માણસ દરિયો જોવા ધ્રોડ્યું. ત્યારે તો દરિયા જેવાયે રઘુવીરજી મહારાજ આદિ નહીં ને? પણ જ્ઞાન ક્યાં ? આને મૂકીને બીજાને વળગે તેમાં શું પાકશે? સાધુ મળે એમ ક્યાં છે ? તે કહ્યું છે જે,

પથ્થરકી જાતિ હીરા ચિંતામણિ પારસહુ;
મોતી પુખરાજ લાલ શાલ ફેર ડારીએ;
કામધેનુ કલ્પતરુ આદિ દે અનેક નિધિ;
સકલ વિનાશવંત અંતર વિચારીએ,
સબહિ જહાનમેંહિ દૂસરો ઉપાય નાંહીં;
ચરનુંમેં શીશ મેલી દીનતા ઉચ્ચારિયે;
કહત હે બ્રહ્માનંદ કાય મન બાનિ કરી;
કુન એસી ભેટ ગુરુરાજ આગે ધારિયે,
હે તો સો અનંત સબ કહત હે સંત પુનિ;
ભોમિ રજકન હુંકો હોત નિરધાર હે,
વનવૃક્ષ હુકે પાત કાહુસે તિ ના લિખાત;
સો પુનિ કહાત જુગ ભાર જ્યું અઢાર હે;
ઉદધિ અસંખ્ય નિર તાકું કહે જ્યું ધીર;
મેઘ બુંદ અગનિત કોઉ ગનિત કરિ ડાર હે,
કહત હે બ્રહ્માનંદ હમ ઉરમેં વિચાર દેખ્યો;
ઓર સબ હિ કો પાર ગુરુગુન અપાર હે.

એ તો મભમ સાધુ કહ્યા, પણ કેવા હોય કે –

તીન તાપકી ઝાળ જર્યો પ્રાની કોઈ આવે,
તાકુ શીતલ કરત તુરત દિલદાહ બુઝાવે,
કહિ કહિ સુંદર બેન રેન અજ્ઞાન નિકાસે,
પ્રગટ હોત પહિચાન જ્ઞાન ઉર ભાનુ પ્રકાશે,
વૈરાગ ત્યાગ રાજત વિમળ ભવ દુઃખ કાટત જંત કો,
કહે બ્રહ્મમુનિ આ જગતમેં સંગ અનોપમ સંત કો.

એવા છે, અહો ! જીવને સાધુ ક્યાં ઓળખતાં આવડે છે ? ભેળા રહે ને ઓળખે નહીં ને આ જો ખરેખરા ઓળખાય તો ગાંડા થઈ જાઓ; પણ એમ નથી ઓળખાતા એટલી જ કસર છે. જેમ જ્યાં વરસાદના ઢગલા થાય ત્યાં કાળનું ક્યાં દુઃખ છે ? એમ જૂનાગઢમાં સાધુના ઢગલા, તે વરસ્યા જ વરસ્યા, પણ વરસાદ નહીં હોય ત્યારે દુઃખ બહુ થાશે ને આંહીં તો છોંતેરાનો મેહ છે ને વરસાદ વરસ્યા વિના બીજે તો કાળ જેવું છે, તે માટે આંહીં માણસ હજાર ગાઉથી તણાઈને આ દર્શન સારુ આવે છે ને આંહીં જૂનાગઢના હરિભક્ત જાણે જે, મોડા મોડાથી જાશું, નહીં તો જાણે જે, નોકરી છૂટી જાશે તો શું કરશું ! ચાકરો તો પડ્યો રહેશે ને ચાલ્યું જવાશે અને કાંઈ આ સાધુ સદા રહેશે ? આ દર્શન તો બહુ દુર્લભ છે, પછી આંસુની ધારા પડશે. આ દર્શન ફરી મળે તેવું નથી. પછી '**ગુરુગુન અપાર હે.**' એ બોલીને કહે, આ આપણા ગુરુમાં અપાર ગુણ છે.

સાધુ ચંદન બાવના, શીતળ છાંય વિશાલ;
મુક્ત કહે તેહિ પરસસેં, નિરવિષ હોત વિષવ્યાલ.

એવા છે. '**રાજ મિલ્યો કહા કાજ સર્યો**' એ સવૈયો બોલીને કહે, એ સંગ તમને મળ્યો છે, તે કરવો હોય તે કરજો.

સાચે સંત મીલે કમી કાહુ રહી, સાચી શીખવે રામકી રીતકુંજી;
પરાપાર સોઈ પરબ્રહ્મ હે, તામેં ઠહરાવે જીવકે ચિત્તકુંજી.

એવા છે, તે કેટલુંક કહીએ ! આવા સાધુના સમાગમ વિના મોક્ષ નહીં થાય અને મધ્યના ૨૧ના વચનામૃતમાં કહ્યું છે, એટલી વાત કરવાની છે ને જાણવાની છે. ને આવા સાધુ મળ્યા એ તો એક મુદો આવ્યો છે ને જેને પૂર્વે સંસ્કાર થયા છે તે પણ આવા સાધુને જોગે; ને હમણાં પણ જેને થાય છે તે આ સાધુના જોગે, માટે જોગ કરી લેવો. બ્રહ્માંડમાં

	આવા સાધુ ખોળી લાવો, ક્યાં મળશે ? ને આમ બેસારી બેસારીને વાતું કોણ કરશે ! સાધુ વિના કોઈ કહે નહીં. (૬/૨૧૫)
૨૪	મધ્યનું ૨૪મું વચનામૃત વંચાવ્યું ને વાત કરી જે, ભટજી સાંખ્યવાળા, તે ક્યાંઈ પ્રીતિ જ ન થાય; ને પર્વતભાઈને સાંખ્ય સહિત જોગ, તે બીજામાં પ્રીતિ કરવા જાય તોય બીજે પ્રીતિ થાય નહીં. આ બેઠા છીએ તેમાં વરસ કેડે કોઈ દેહ હોય કે ન હોય. રામદાસજી કારખાનું ચલાવતાં જાય ને સાંખ્ય નિષેધ કરતાં જાય. જગતના જીવ છે તે કૂટી કૂટીને મરી જાશે. સૂર્ય ઊગ્યા વિના તો અંધારું હોય, તેમ સમાગમ કર્યા વિના અજ્ઞાનરૂપી અંધારું કેમ ટળે ? (૧૩/૮૦)
૨૪	મધ્યનું ૨૪મું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'મહારાજ, આ ધામ અને મુક્તોના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે જ શુદ્ધ ઉપાસના થઈ કહેવાય અને અક્ષરધામમાં મુક્તોને એ લક્ષણે ઓળખવા જે, તે એ ત્રણેયનાં સ્વરૂપનું પ્રતિપાદન કરે અને મુમુક્ષુના હૃદયમાંથી પ્રકૃતિપુરુષ સુધીનું કાર્યમાત્ર તુચ્છ સમજાવી કાઢી નાખે. (૧૩/૨૨૯)
૨૮	તમે કહો છો જે, 'કે'જો,' તે હું તો કહું જ. તે સભામાં કહું, નીકર છેલ્લી બાકી ઈતિહાસ કથા કહું, પણ જીવમાંથી ડંખ કાઢી નાખું. માટે સાધુને સેવવા ને એનું ઘસાતું ન બોલવું. તે ઉપર મધ્યના અઠ્યાવીસમા વચનામૃતની વાત વિસ્તારીને કરી. (૬/૧૩૪)
૨૮	મધ્યનું અઠ્ઠાવીસમું વચનામૃત વંચાવી વાત કરી જે, 'જીવમાં ભૂલ્ય આવે પણ અનેક જુક્તિથી તેને ભગવાનના માર્ગમાં રાખવો, પણ પાડી નાખવો નહીં, એ જ મોટાની મોટાઈ છે. ને આ વચનામૃતમાં મહારાજે પોતાનો સ્વભાવ કહ્યો છે તેનો ભાવ પણ આવે છે.' એવી ઘણી જ મહિમાની વાતું કરી. (૫/૩૪૩)
૨૯	મધ્યનું ઓગણત્રીસમું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'પૂર્વે કાંઈ થયું હશે તે સાધુ થકી થયું હશે. માટે જે જે વાત થાય છે તે આ સાધુ થકી થાય છે ને વચનામૃતમાં બધે ઠેકાણે સાધુ બતાવ્યા છે. માટે બધા ગુણ જોઈએ. અશ્વત્થામા જેવા સ્વભાવ રાખશું તો ગુણ આવશે ? નહીં જ આવે. વિદ્યા ભણવી હોય ત્યારે કેટલાક વિનય કરે છે ત્યારે વિદ્યા ભણાવે છે. ત્યારે આ તો બ્રહ્મવિદ્યા ભણવી, તે વિનય કર્યા વિના કે

	આવડશે ? (૧૨/૧૦૨)
૩૫	કેટલાક જન્મનાં પુણ્ય ભેળાં થયાં હશે ત્યારે આ જોગ મળ્યો છે. પછી મધ્યનું પાંત્રીસમું વચનામૃત વંચાવીને વાત કરી જે, મહારાજે પણ કહ્યું છે જે, આત્માનું દર્શન તો અનંત જન્મના સત્સંસ્કારવાળો કોઈ વીરલો હોય તેને જ થાય છે. તે દર્શન તો આજ આપણને પ્રત્યક્ષ થાય છે, પણ જેટલું બીજું સ્ફુરે છે તે મોરે ભૂંડા પાશ બેસાર્યા છે તે સ્ફુરે છે. ને જેમ છે તેમ મહારાજનું સ્વરૂપ સમજાતું નથી ને જીવનું ક્ષણ ક્ષણમાં પ્રકરણ ફરે છે. ને કામાદિક દોષ છે તે જીવની એક સ્થિતિ રહેવા દે તેવા નથી ને વિષય વિના તો દેવતા, ઋષિ, મનુષ્ય ને પશુ-પંખી એ કોઈ રહી શકતાં નથી. (૧૦/૨૮૧)
૪૮	ગરીબને કલપાવશે તે ભગવાન ખમી નહીં શકે. કેમ જે, ગર્વગંજન ભગવાન છે, તે ગમે તે દ્વારે પ્રગટ થઈને ગર્વને ટાળશે. એ વાત વિસ્તારે કરીને બોલ્યા જે, 'આપણે તો પ્રભુ ભજી લેવા, કાંઈ ચિંતા રાખવી નહીં. અને જે ધીરજવાન પુરુષ છે તેને દુર્જનઃ કિં કરિષ્યતિ ?' એમ કહીને વળી બોલ્યા જે, 'કોઈ દિવસ લંબકર્ણની જય થઈ નથી ને થાશે પણ નહીં; કેમ જે કામ-ક્રોધાદિકે મારી મૂક્યા છે. માટે, **જેનું કામે કાપી લીધું નાક, લોભે લઈ લાજ લીધી રે,** **જેને જીભે રોળી કર્યો રાંક, માને તો ફજેતી કીધી રે.** અને બીજા તો જેમ મોર કળા પૂરે ને પૂછડું ઉઘાડું થાય, એવા છે. ને એવાનો સંગ તો જેમ આંબેથી ઊઠીને બાવળિયે બેસવું એવો છે.' **'કાંઉં કણ ખૂટે વાંદરા બીડ ખાવો,'** એવા પુરુષ છે. માટે, **દેખી ઉપરનો આટાટોપ, રખે મને મોટા માનો રે;** **એ તો ફોકટ ફૂલ્યો છે ફોક, સમજો એ સંત શાનો રે.** એમ કહીને બોલ્યા જે, 'આજ તો આપણને અલભ્ય લાભ મળ્યો છે, એમ જાણવું; માટે જેને મરીને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે, પણ મરીને પામવું એમ નથી. તે મહારાજે કહ્યું છે જે, દેહ ધર્યાનું નિમિત્ત તો નથી પણ કોઈક કારણ ઉત્પન્ન કરીને આ સંતના મધ્યમાં જન્મ ધરવો એમ જ ઈચ્છીએ છીએ. (ગઢડા મધ્ય પ્રકરણ ૪૮) તે એ તો આપણને શીખવ્યું, પણ એવો દેહ તો આપણે જ ધર્યો છે. માટે સમાગમ કરી લેવો.' (૩/૬૯)

૪૯	મધ્યનું ઓગણપચાસનું વચનામૃત વંચાવીને વાત કરી જે, જેટલા પ્રકૃતિપુરુષની અંદરના લોક છે તે બધા માયિક છે. મહારાજ ને આ સાધુ એ અમાયિક છે. પ્રકૃતિના કાર્યમાંથી જીવ નીકળી જાય ત્યારે બ્રહ્મરૂપ થવાય. કોઈએ પૂછ્યું જે, 'નાહવું, ધોવું ને તુંબડું રંગવું એ બધું માયિક છે, તેનું કેમ?' ત્યારે કહે, 'નાહવું, ધોવું ને ક્રિયા કરવી તેમાં ઉપશમ જેવું રાખવું, ને ધર્મામૃતમાં કહ્યાં છે તેટલાં પદાર્થ રાખવાં. બાલમુકુંદાનંદ સ્વામીને સાંખ્યે સહિત જોગ કહેવાય ને મનોહરદાસને એકલો જોગ કહેવાય, ને સાંખ્યનો વાંધો, એટલે ક્રિયામાં વિપરીતપણું થાય. તે મહિનો ગરમાઈ કરે ને મહિનો ટાઢક કરે. (૧૪/૧૮૮)
૫૦	મધ્ય ૫૦મું વચનામૃત વંચાવી મહારાજનો રહસ્ય કહ્યો જે, નદી સમુદ્રમાં ભળે છે ત્યારે તેનું જળ સમુદ્રનાં જળ ભેળું ભળીને તદ્રૂપ થાય અને નદીનું જળ એવું નામ મટીને સમુદ્રનું જળ કહેવાય છે. તેમ પ્રગટ ભગવાનની ઉપાસનાના બળથી ભગવાનનો ભક્ત બ્રહ્મરૂપ થાય છે, ત્યારે નદી, સતી ને પતંગની પેઠે જીવસંજ્ઞાનો ત્યાગ કરીને બ્રહ્મસંજ્ઞાને પામે છે. તેમાં જીવની ઉપાધિ કાંઈ રહેતી જ નથી, કેવળ અક્ષરભાવને પામે છે. અને જેવા ભગવાનને સાકાર જાણ્યા છે તેવો તે ભક્ત ભગવાનના જેવો સાકાર થઈને સેવામાં રહે છે. તે મહારાજે કહ્યું છે કે અમે અમારા અંતર સામું જોઈને બીજા મોટા મોટા પરમહંસના અંતર સામું જોઈએ છીએ ત્યારે તેમનામાં કાંઈક જગતની કોરનો લોચો જણાય, પણ અમારા અંતરને વિષે તો ક્યારેય સ્વપ્નમાં પણ જગતની કોરનો ઘાટ થતો નથી. તે મહારાજે તો આ મૂળ અક્ષરના સાધર્મ્ય-પણાને પામેલા મુક્તોની એવી સ્થિતિ કહેલ છે અને મૂળ અક્ષરના સાધર્મ્યપણાને પામીને જેને પુરુષોત્તમની ઉપાસના નથી, તેને મહારાજે લોચાવાળા કહ્યા છે. (૧૦/૧૨૭)
૫૨	ગૃહસ્થનાં ભૂષણ તે ત્યાગીને દૂષણ અને ત્યાગીનાં ભૂષણ તે ગૃહસ્થને દૂષણ. તે ઉપર મધ્યનું બાવનમું વચનામૃત વંચાવીને વાત કરી. પછી માધવરાયની વાત કરી જે, દૂધ-સાકર પી ગયા ને પાન-બીડી ખાધી, તે તેને ભૂષણ; પણ ત્યાગીને દૂષણ. બધા વિષયના દાસ થઈ રહ્યા છે ને મતપંથિયા બળી ઊઠ્યા છે તે ખબરદાર રહેવું. આ બધી વાત સત્સંગે કરીને સમજાય છે. (૧૫/૧૩૫)

૫૨	મહારાજ સાથે મુક્તાનંદ સ્વામીને દસ વરસ સુધી જ્ઞાનનો ભેદ રહ્યો હતો. પછી મધ્યનું બાસઠમું – ત્રણ અંગનું – વચનામૃત સમજાવ્યું; ત્યારે **'મારો મત કહું તે સાંભળો,'** એ કીર્તન કર્યું. અક્ષરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવી, એ રીત તો મહારાજે જ પ્રવર્તાવી છે પણ પૂર્વે કોઈએ એવો ચોખ્ખો નિર્ણય કર્યો જ નથી. માટે મહારાજ અવતારમાત્રના અવતારી પુરુષોત્તમ નારાયણ છે અને આ તમને વાતો કરે છે તે જ મૂળ અક્ષરધામ છે. તે જૂના ખરડામાં પરમહંસોને નામ દીધાં છે, તેમાં ગોપાળાનંદ સ્વામીને શ્રીકૃષ્ણ, મુક્તાનંદ સ્વામીને નારદજી, નિત્યાનંદ સ્વામીને વ્યાસજી, શુકમુનિને શુકદેવજી, બ્રહ્માનંદ સ્વામીને બૃહસ્પતિ, દાદાખાચરને અર્જુન, મૂળજી બ્રહ્મચારીને હનુમાન, ચૈતન્યાનંદ સ્વામીને દત્તાત્રય, જીવુબા-લાડુબાને રાધા-લક્ષ્મી, એવાં જુદાં જુદાં નામો દીધાં છે, પણ તેમાં અમને એકને જ અક્ષર કહ્યા છે. મહારાજે પોતાના યોગમાં જે જે આવ્યા તે સર્વને પોતાના સંબંધે કરીને મુક્તપણાને પમાડ્યા. તે ગોપાળાનંદ સ્વામીએ આ વાતનો મર્મ જાણ્યો હતો; તેથી પોતાનામાં હેતવાળા બધાને આંહીં જૂનાગઢ મોકલ્યા છે. જીવને બ્રહ્મરૂપ - ગુણાતીત કરવા ઉપર જ મહારાજને બહુ આગ્રહ. માટે દિવસમાં એક વાર તો આ વાતનું મનન કરવું જ. આ વાતનું બીજ હશે તો બીજબળ કોઈક જન્મે ઊગી આવશે. અમારો દેહ નહીં હોય ત્યારે જો આ વાતનું મનન નહીં રાખે તો સૌ ક્રિયારૂપ થઈ જશે અને પોતાને બ્રહ્મરૂપ માનવું એ દિશ રહેશે નહીં. (૧૪/૧૯૯)
૬૩	ઝવેરચંદની 'ડોસી છું રે ભાઈ ! ડોસી છું' તે વાત તથા ચાર જણ થઈને સોનાની મૂર્તિ ઉપાડીને લઈ ગયા તે વાત કરી. તેમ હજારું કળા કરીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરે છે. બળ પામવાનું મધ્યનું ત્રેસઠનું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'આવી રીતનો વિચાર હૈયામાં ઠરે તો શેમાં માલ જણાય ? એવા વિચાર વિના એવા ઘાટ થાય છે જે, કેમ વેવાર ચાલશે ? ને કેમ થાશે ? તે જ્ઞાન નથી, સાધુ થકી ભગવાન ઓળખાણા, ને સાધુ ઓળખાણા તે પણ સાધુ થકી, ને દ્વાર પણ સાધુ છે, ને દ્વાર વિના પેસવું તે માથું કૂટે એવું છે. માટે સાધુ વિના તો બીજે માથું કૂટે એવું છે. કરોડ કરોડ જન્મ થયાં પાપ જ કર્યું છે, પણ આવો આદર કોઈ કાળે કર્યો નથી. આ માર્ગે તો હમણાં પગલાં ભર્યાં છે. મોર તો

	સત્સંગ કરે તેના કજિયા થાતા, સૌથી વધારે માન રાખે ને કજિયા કરે છે તે ક્ષુદ્ર. વિશ્વાસચૈતન્યાનંદે વેણ મારવા માંડ્યા, તે સત્સંગમાં ન રહ્યા ને અખંડાનંદ સ્વામી સાંખી રહેતા; માટે મોક્ષમાર્ગ સાધવો હોય તેને બધી ખબર રાખી જોઈએ ને મૂર્ખને તો કાંઈ ખબર નથી, તે જેનું તેનું અવળું કર્યા કરે.' (૧૩/૭૩)
૬૩	જ્યાં વિષયની વેંચાણ આવે ત્યાં માળા ફરે નહીં ને કથા કે વારતા થાય નહીં ને માળા, માનસી ઉહરડીને કરે. માટે વિષય છે તે ઉપાડીને ક્યાંઈના ક્યાંઈ લઈ જાય એવા છે. તે ઉપર વાત કરી જે, એક બ્રાહ્મણ પટેલ હતો. તે માળા ફેરવતો હતો ત્યારે એક જણે આવીને પૂછ્યું જે, 'પટેલ ઘેર છે ?' તો કે, 'પટેલ ચમારવાડે ગયા છે.' એમ વહુએ કહ્યું, ત્યારે પટેલ બોલ્યા જે, 'આહીં બેઠો છું ને એમ કેમ કહો છો?' ત્યારે કહ્યું જે, 'તમે માળા ફેરવતાં શું સંકલ્પ કરતા હતા?' તો કહે જે, 'કોસ સંધાવવા જાવું છે, એવો સંકલ્પ કરતો હતો.' તો કહે, 'ચમારવાડે ગયા તેમાં શું ખોટું કીધું?' તમે આહીં બેઠા હોય ને મન તો ક્યાંય ભમતું હોય! કર્મ-ઈન્દ્રિયોની ને જ્ઞાન-ઈન્દ્રિયોની ચપળતાએ રહિત રહેવું એ સાધુનો ધર્મ છે, પણ જો અહીં જનાવર આવે કે શેરડીનું કે તુંમડાંનું ગાડું આવે તો સહુ દોડે. અને આવી વાતું તો જ્યાં એકાંતિક હશે ત્યાં થાતી હશે પણ બીજે તો આવી વાતો થાય જ નહીં, ને દેશકાળમાં આવ્યા નથી તેને ખબર ન પડે. માટે સો જન્મ ધરીને પણ જ્ઞાની ભક્ત થાવું. સાધુ થાવું તેને અર્થે બધી વાતો છે. 'નાયમાત્મા બલહીનેન લભ્યો।' પછી બળ ને આગ્રહ ઉપર બ્રાહ્મણે સોનાની મૂર્તિ લીધી તેની વાત કરી. માટે જેને મૂર્તિ રાખવી હોય તે આટલો દાખડો કરે ત્યારે મૂર્તિ રહે. પછી બળ પામવાનું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'રાજા બળવાન હોય તેની આગળ ઉમરાવ કે કામદારનું ચાલતું નથી. તેમ જીવ આગળ ઈન્દ્રિયોનું ન ચાલે તો જીવ બળને પામ્યો કહેવાય.' તે ઉપર કૃપાનંદ સ્વામીની વાત કરી જે, 'ઉપવાસ પડે તો દેહ પડી જાય.' તેમ એવી રીતના હોય તે બળને પામ્યા કહેવાય. જેવી વાતો મહારાજે કરી હતી તેવી લખી છે. તે આપણા જીવને સુખ થાવા સારુ છે, પણ જીવને સુખી થવાનો સ્વભાવ નહીં.' (૧૧/૪૧૪)
૬૩	મધ્યનું ત્રેસઠનું વચનામૃત વંચાવીને વાત કરી જે, જીવને બળ પામવાનું

	સાધન આટલું જ છે, તે આવો વિચાર કરવા માંડે તો જીવ કેમ વૃદ્ધિ ન પામે ? પણ આવો વિચાર થાતો નથી તેણે કરીને દુર્બળપણું રહે છે. ને આવી રીતનો વિચાર હોય જે, આવા સંત મુને મળ્યા છે ! તે કોઈનો ભાર જ ન આવે. આવો વિચાર નથી થાતો એટલે એવા વિચાર થાય છે જે, કેમ થાશે? ને આપનો વેવાર કેમ ચાલશે ? તે દુર્બળતા છે. ભગવાનને મૂકીને બીજે શાંતિ નથી. પારાણ્યું કરે છે તેમાં શ્રોતાનો ને વક્તાનો શુદ્ધ ભાવ હોય તો સારું થાય. આ લોકમાં ગમે એવો હોય તે ચોંટી જાય. ગાફલ ન રહેવું, ને ગાફલ રહેશે તેને જરૂર સત્સંગ નહીં રહે. તે પંચ વર્તમાન છે તે સામી જ દૃષ્ટિ રાખશે તેનું ઠીક રહેશે. (૧૩/૧૬૭)
૬૭	આ જીવને માખીમાંથી સૂર્ય કરવો છે, તે કર્યા વિના થાય જ નહીં. ત્યારે પૂછ્યું જે, માખીમાંથી સૂર્ય કેમ થાય? પછી સ્વામી બોલ્યા જે, 'આ સૂર્ય કોઈક કાળે માખીમાંથી થયો છે, તે પુરુષોત્તમની ઉપાસનાને બળે કરીને થયો છે અને પુરુષોત્તમની ઉપાસનાએ કરીને તો ઈશ્વર કોટિમાં ને પુરુષ કોટિમાં ને બ્રહ્મ કોટિમાં ભળાય છે અને તે ઉપાસના ને મહિમા વતે તો પોતાને વિષે પરિપૂર્ણપણું ને કૃતાર્થપણું મનાય છે અને તે વિના તો પોતાને વિષે અપૂર્ણપણું ને કલ્પના એ બે રહે.' તે ઉપર ગંગાજળિયા કૂવાનું વચનામૃત (ગઢડા મધ્ય પ્રકરણ ૬૭) વંચાવીને બોલ્યા જે, 'જેવા મહારાજને જાણે તેવો પોતે થાય છે, ત્યારે તેને અપૂર્ણપણું ને કલ્પના કેમ રહે? ન જ રહે. ને આવું ભગવાનના સ્વરૂપ સંબંધી જે જ્ઞાન છે તે તો કોઈ દિવસ નાશ થાય તેવું નથી; ને તે જઠરાગ્નિએ કરીને કે વીજળીના અગ્નિએ કરીને કે વડવાનળ અગ્નિએ કરીને પણ આ જ્ઞાન નાશ થાય તેવું નથી અને તે જ્ઞાન તો અખંડ ને અવિનાશી છે. તે જેમ પુરુષોત્તમ, અક્ષર ને અક્ષરધામના મુક્તો સનાતન છે, તેમ આ જ્ઞાન પણ સનાતન છે.' એટલી વાત કરી ત્યાં 'વાસુદેવ હરે' થયા તે જમવા પધાર્યા. (૩/૬૬)

વરતાલ પ્રકરણનાં વચનામૃત

૧	વરતાલનું પહેલું વચનામૃત વંચાવીને નિશ્ચયની દૃઢતા ઉપર વાત કરી

	જે, આ કલ્યાણભાઈને કહીએ જે, તમે સાખે ઝાલાવડિયા નહીં, તે કેટલાક રૂપિયા દેતાં ટળે ? ને કદાપિ માર દેવા માંડ્યો હોય તો ઉપરથી તો કહો જે, ના, પણ અંદરથી હા પડે નહીં; તેમ મહારાજ સર્વોપરી પુરુષોત્તમ છે અને આ સાધુ અનાદિ મૂળ અક્ષર છે, એવું નક્કી થાય ત્યારે નિશ્ચય કહેવાય. અગત્રાઈમાં ધોળિયા આંબા હેઠે મહારાજે હરિજનના છોકરાને સો વાર આત્મા કહેવરાવ્યું પણ કહે, હરિજન છું. તેમ મહારાજને વિષે ભગવાનપણાની ગ્રંથિ પડી જાય ત્યારે નક્કી કહેવાય ને શુદ્ધપણે ઉપાસનાનું નક્કી તો થોડાકને છે. તે ઉપર વાત કરી જે, શ્રીવૈષ્ણવ તો કહેવાય પણ માતાની માનતા કરે તથા ભોંયવાછરાની અને આપા પાલણની વાત કરી. એમ આપણામાં પણ ઉપાસનાનું એવું છે જે, અવતારને લઈને મહારાજને કહે છે. (૧૦/૨૩૨)
૩	વરતાલનું ત્રીજું વચનામૃત વંચાવ્યું. તેમાં ચાર પ્રકારના ભક્તના ભેદ કહ્યા છે. તેમાં એક તો દીવા જેવા, બીજા મશાલ જેવા, ત્રીજા વીજળીના અગ્નિ જેવા ને ચોથા વડવાનળ અગ્નિ જેવા. એ વચનામૃત વંચાવીને બોલ્યા જે, 'આજ તો સત્સંગમાં બહુધા વડવાનળ જેવા છે.' (૧/૨૮૭)
વર.૫, ગ.અં. ૨	છેલ્લા પ્રકરણનું બીજું વચનામૃત તથા વરતાલનું પાંચમું વચનામૃત વંચાવીને વાત કરી જે, અષ્ટાંગ યોગ, વ્રત, દાન, તપ એ સર્વે કર્યાં પણ જીવમાં બડવાળ રહ્યો. પછી સાધુરૂપ ભગવાન થઈને જીવને શુદ્ધ કર્યા. ને પોતાને વિષે તો માયાનો સર્ગ હોય પણ ઉપાસ્ય મૂર્તિને વિષે માયા ન સમજે તો તેનો મોક્ષ થઈ રહ્યો છે. (૫/૧૩૧)
વર. ૧૧	ગૃહસ્થ છે તે તો આત્માનું જ્ઞાન જાણે નહીં. માટે જેને ભગવાનને વિષે તથા મોટા સાધુ સાથે હેત છે તેને કાંઈ કરવું રહ્યું નથી. તે ઉપર મધ્ય પ્રકરણનું નવમું તથા વરતાલનું અગિયારમું વચનામૃત વિચારવાં. એ બેનો એક ભાવ છે. (૫/૩૩૮)

અમદાવાદ પ્રકરણનાં વચનામૃત

૨	આત્મારૂપ થાવું, તેમાં ઉત્તમ ભોગને વિષે રાગ છે એ પણ વિઘ્ન છે.

	વૈરાગ્ય, ધર્મ, માહાત્મ્યે સહિત ભક્તિ ને આત્મનિષ્ઠા એ સમજ્યે જ છૂટકો છે અને મહારાજ કહે, 'નાહી-ધોઈને પૂજા કરવી પણ મળ-મૂત્ર ભર્યાં ન કરવી,' પણ આપણને એમ સમજાતું નથી. તે ઉપર અમદાવાદનું બીજું વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે, તે પ્રમાણે કરવું. ને બધા વચનામૃતમાં કહેતા તો ગયા છે જે, સાધુ, પુરુષોત્તમ ને આત્મનિષ્ઠા જેમ સોય વાંસે દોરો સોંસરો ચાલ્યો આવે તેમ રહસ્ય કહેતા આવ્યા છે, તે પ્રમાણે સમજવું. ને ઉપરથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવું, તે કંઠમાં કરવું, હૃદયમાં કરવું ને જીવમાં કરવું; જ્યાં થાય ત્યાં કરવું ને જોતે જોતે ભગવાન સામું જોઈ રહેવું, તે દેખાશે, જેમ ચકમક પાડે ત્યારે માંહી અગ્નિ છે તે ઓલ્યા સૂતરમાં આવે છે, એમ દૃષ્ટાંત દીધું. (૬/૯૭)

ગઢડા અંત્ય પ્રકરણનાં વચનામૃત

૧	ભગવાનમાં હેત ને મહિમા અંતરમાં હોય તો જે પદાર્થ આડું આવે તે કાપી નાખે. ઝીણાભાઈ ગઢડે આવ્યા હતા, ત્યાં ઘરે તેડાવ્યાના કાગળ આવે તે બધા પથારી હેઠે ઘાલી રાખે, પણ વાંચે નહીં; કારણ કે, વાંચે તો ખેદ થાય ને ઘરે જાવાના સંકલ્પ થાય. એટલે વાંચતા નહીં. મહારાજ ઉપર કાગળ આવ્યો જે, 'ઝીણાભાઈ ત્યાં છે કે નથી? અમે ઘણાયે કાગળ લખ્યા, પણ એકેનો જવાબ નથી? ક્યાં છે તે લખશો.' મહારાજે ઝીણાભાઈને પૂછ્યું જે, 'તમારો ઘરેથી કાગળ આવે છે?' તો કહે, 'હા, મહારાજ ! પણ મેં વાંચ્યાં નથી. મારી પથારી હેઠે રાખી મૂકું છું.' ત્યારે મહારાજે પૂછ્યું : 'કેમ વાંચ્યા નથી?' તો કહે, 'વાંચું તો ઉદ્વેગ થાય, ઘેર જાવાનો સંકલ્પ થાય ને સમાગમનું સુખ આવે નહીં. તે સારુ વાંચ્યા નથી.' એમ ઝીણાભાઈ મહારાજ પાસે રહ્યા, પણ વહેવાર સંભાળ્યો નહીં. **'લાડીલા! થાને ખમા!!'** એ હેતનાં કીર્તન ઝીણાભાઈના અંગનાં છે, એ મહારાજે કહ્યું હતું. (૧૨/૧૭૧) ભૂજવાળા દેવરામભાઈને તેમની સ્ત્રી ગુજરી ગયેલ તેનું નદીમાં સ્નાન કરાવ્યું. ત્યારે દેવરામભાઈએ કહ્યું જે, 'બીજું હોય તો કહો, એટલે ભેળાભેળું નાહી નાખીએ.' એવી આત્મનિષ્ઠાના જ્ઞાનવાળા હતા. માટે ભગવાનમાં જોડાય તો આત્મનિષ્ઠા સહેજે આવી જાય. (૧૨/૧૭૨)

	પીપળાવ્યના પ્રભાશંકર પરણવા જાતા હતા ને મહારાજનો કાગળ વરતાલ બોલાવ્યાનો આવ્યો; એટલે જાન જાતિ હતી તો પણ ગાડેથી ઊતરીને ચાલી નીકળ્યા ને માબાપને કહે જે, 'જાન તો ફરીથી જોડાશે, પણ મહારાજની આવી આજ્ઞા પાળવાનું ફરીથી ન મળે.' એમ એવા હેતવાળાને રાખ્યા વિનાની આત્મનિષ્ઠા રહે છે. તે જુઓને, તેને કાંઈ વળગ્યું જ નહીં! માટે છેલ્લા પ્રકરણના પહેલા વચનામૃતમાં ઝીણાભાઈ, દેવરામ ને પ્રભાશંકરને જ્ઞાનના અંગવાળા કહ્યા છે. (૧૨/૧૭૩)
૨	છેલ્લા પ્રકરણનું બીજું વચનામૃત વંચાવીને સ્વામીએ વાત કરી જે, મહારાજ વિના બીજામાં માલ માને છે ને બીજું જોવાને ઇચ્છે છે તે તો સૂર્યની આગળ દીવો કરે તેવો છે ને સત્સંગી જ ક્યાં છે ? તે ઉપર કુંભારના છોકરાએ મહિમા કહેલો તે વાત કરી. ને આ વાત સમજાશે ત્યારે ગાંડા થઈ જવાશે ને ગાંડા નથી થવાતું તે તો ભગવાનની ઇચ્છા છે. ને એકાંતિકનો સંગ મળવો દુર્લભ છે ને ભગવાનથી કામ થાય તેટલું એકાંતિકથી થાય છે, કારણ કે બધાને ભગવાનનો જોગ રહે નહીં તેથી એકાંતિકનાં લક્ષણ સમજવાં. તે ઉપર, **તીન તાપકી ઝાળ જર્યો પ્રાની કોઈ આવે,** **તાકું શીતલ કરત તુરત દિલદાહ મિટાવે,** **કહિ કહિ સુંદર બેન રેન અજ્ઞાન નિકાસે,** **પ્રગટ હોત પહિચાન જ્ઞાન ઉર ભાનુ પ્રકાશે,** **વૈરાગ ત્યાગ રાજત વિમળ ભવ દુઃખ કાટત જંત કો,** **કહે બ્રહ્મમુનિ આ જકતમેં સંગ અનોપમ સંત કો.** એ સવૈયો બોલ્યા ને કહ્યું જે, હમણાં તો જોગ છે ત્યાં સુધી જણાતું નથી, પણ જોગ નહીં હોય ત્યારે કાળ પડે ને દુઃખ થાય તેટલું જીવને દુઃખ થાશે ને આંખ્યમાંથી આંસુ પડશે. વસુદેવ-દેવકીનું દૃષ્ટાંત દીધું. ને આવો જોગ મળ્યો છે તે પૂર્વનાં પુણ્ય છે. પછી હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'વેદરસનો ગ્રંથ વાંચવાની મહારાજે શા સારુ ના પાડી છે?' ત્યારે સ્વામી બોલ્યા જે, વેદરસનો ગ્રંથ વાંચવાની મહારાજે ના પાડી નથી, એ તો કઠણ પડવાથી કોઈ વાંચતા નથી. ભગવત્પ્રસાદજી મહારાજના કાગળમાં લખાવ્યું જે, જે કામ કરો તેના ધણી થાશો નહીં,

	ભગવાનને માથે નાખજો ને ભગવાનનો વિશ્વાસ રાખજો. (૫/૧૧૨)
૯	સાધુતા તો વહેવારે કળાય. પછી પૂછ્યું જે, 'એક સ્થિતિ કેમ રહે ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'જ્ઞાન હોય તો એક સ્થિતિ રહે. ને બાળક હોય તેને કાંઈ નહીં, તેમ વેણે કરીને તપવું નહીં.' તે ઉપર છેલ્લાનું નવ - દરવાજાનું વચનામૃત વંચાવ્યું. જેટલા સંકલ્પ ઘટિત હોય તે કરવા, પણ અઘટિત ન કરવા ને થાય તો માનવા નહીં. (૧૧/૧૪૩)
૯	દરવાજાનું વચનામૃત વંચાવીને વાત કરી જે, પાણીઆરી તથા ઘોડાના અસવારની પેઠે દેહે ક્રિયા કરવી. બાકી તો પ્રભુ ભજવા ને ભગવાનમાં વૃત્તિ રાખવી ને જો બીજે વૃત્તિ જાય તો ભગવાન ભુલાય ને સાધુતા પણ જાય. (૧૧/૨૬૦)
૯	બપોરે દરવાજાનું વચનામૃત છેલ્લાનું નવમું વંચાવીને કહ્યું જે, જાણપણું ન રહે તો બીજું પેસે. પેઠું ક્યારે કહેવાય જે, ભરતજીને મૃગલી પેઠી ને પરમહંસાનંદને ગાયું પેઠી, તેમ મહારાજના સંબંધ વિનાનાં પુસ્તક કે બીજું કાંઈ રાખે તે પેઠું કહેવાય. માટે જેમ ત્રણ ગ્રંથમાં કહ્યું છે તેમ વરતાય તો ન પેઠું, ને તેથી જેટલું આઘું-પાછું ચલાય તેટલું પેઠું કહેવાય. પછી જેના સેવક થવા આવ્યા છીએ તેને ગરજુ કરાય. તે મોટા તો દયાળુ છે તે નભાવે છે; પણ તેમાં આપણે બહુ ખોટ જાશે. (૧૪/૪૧)
૧૩	છેલ્લા પ્રકરણનું તેરમું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'પોતાના સ્વરૂપને અક્ષર માનીને ઉપાસના કરે તેની પ્રીતિ દેશ, કાળ, કર્મ, ક્રિયા કોઈથી ટળે નહીં ને એ કોઈની મોટાઈમાં લેવાય નહીં. ગોલોકાદિક ધામ પણ કાળનું ભક્ષણ છે એમ જાણતો હોય. ને તેના દેહની વ્યવસ્થા બ્રાહ્મણ મટીને મુસલમાનની થાય પણ ભગવાનમાંથી પ્રીતિ ટળે નહીં.' ત્યાં દૃષ્ટાંત દીધું જે, 'બીજું સર્વે દ્રવ્ય જાતું રહે ને ચિંતામણિ રહે તો કાંઈ ગયું જ નથી ને ચિંતામણિ ગઈ તો કાંઈ રહ્યું જ નથી.' (૫/૨૧૫)
૨૪	છેલ્લા પ્રકરણનું ચોવીસમું વચનામૃત વંચાવીને કહ્યું જે, શ્રવણ વિના જ્ઞાન ન થાય ને જ્ઞાન થાય ત્યારે તો સર્વે સૂઝવા માંડે જે, આ કરવા યોગ્ય ને આ કરવા યોગ્ય નથી. પણ જેને જ્ઞાન નથી તેને કાંઈ ખબર

	નથી. જેમ આંધળો હોય તેને ચાલ્યાની ખબર નથી, પણ જે દેખતો હોય તેને પડે ખરી. માટે જ્ઞાન વિના તો આંધળા છે. (૧૦/૨૭૮)
૨૪	જ્ઞાનાંશનું વચનામૃત વંચાવીને વાત કરી જે, નિત્ય વંચાય એટલે જણાય નહીં, પણ કેટલીક વાત છે તે સો જન્મ ધરીએ પણ ન સમજાય, પણ તેના કીટ થાય તેને આ વાત સમજાય, આ સત્સંગ ઓળખાય; બીજાને તો વેર છે તેનાં પાપ નડે છે. તે સમજાય નહીં. (૧૧/૩૫૩)
૨૪, ૩૩	જન્મ્યા છીએ ત્યાંથી ખાવા માંડ્યું છે, પણ ખાધાનો પાર જ આવ્યો નહીં; તેમ જ જોયાનો ને બોલ્યાનો પણ પાર આવ્યો નહીં. છેલ્લા પ્રકરણનું ચોવીસનું અને તેત્રીસનું વચનામૃત વંચાવીને કહ્યું જે, આપણે પંચવિષય ન ભેટ્યે સારા છીએ, માટે એનો સંબંધ ન થાવા દેવો, તો કુશળ રહેવાય તેમ છે. મન-ઈંદ્રિયુંને ઘસારો લાગે ત્યારે રાજી થાવું ને જ્યારે એના વિષયનું પોષણ થાય ત્યારે મોત આવ્યા જેટલો ખટકો હોય ત્યારે એ માર્ગે ન ચલાય. ગાફલ હોય તેને તો વિચાર થાય ને વળી ભૂલી જાય. (૧૪/૯૦)
૨૯	છેલ્લા પ્રકરણનું ઓગણત્રીસનું વચનામૃત વંચાવીને વાત કરી જે, આધાર વિનાનો સત્સંગ ન રહે. તે અમારે આંબા હતા તે નમી ગયા, પછી આધાર મૂક્યા તે રહ્યા; તેમ કોઈ મોટામાં જીવ બાંધ્યો હોય તો સત્સંગ રહે. (૧૨/૧૨૩)
૨૯	છેલ્લાનું ૨૯નું વંચાવીને કહ્યું જે, મોટાનો પ્રસંગ કરે ને તેને જીવ દિયે ત્યારે તેના ગુણ માંહી આવે; પણ હેત વિના તો ગુણ આવે જ નહીં. માટે મોટાના સંગ બરોબર વૈરાગ્ય પણ ન થાય અને કોઈ સાધન પણ ઉત્તમ સંગ બરોબર ન થાય. નિષ્કુળાનંદ સ્વામીએ પૂછ્યું જે, આહ્નિકમાં પ્રાર્થના કહી છે તે કેમ કરવી? તો કહે, પાસે બેઠા છે એમ જાણીને દીન થઈને વિનય કરવો. તે ચૈતન્યાનંદ સ્વામી એમ કરતા. માટે આપણે એમ વારંવાર કરવું, ને મહારાજના ગુણ કહેવા અને સાંભળવા. પણ એવું દીન થવાતું નથી, ને પોતાનો ડોડ રહે છે. દેહધારી છીએ તે કોઈનો અવગુણ આવે કે કોઈ દુ:ખાઈ જાય તો પગે લાગવું; કેમ જે, આ દેહ છે તે જ અવગુણનો ભરેલ છે. અને

	અજ્ઞાની તો લેવા-દેવામાં મરી જાય છે. તે બે ભાઈ હતા તે પચીસ કોરીને વાંધે એક જણને કોશ મારી, તે મરી ગયો. બળરામદાસને ત્રિવિક્રમાનંદે એઠવાડની કૂંડી ધોવા ન દીધી, અને કહ્યું જે, સ્વામી આફુડા ધોવરાવશે. એ પણ સ્નેહ. એવો જીવનો વજ્રસાર સ્નેહ છે. (૧૩/૩)
૨૯	સાધુ છે તે બધી વાતું શીખવે છે. સાધુ વિના કોણ શીખવે ? સુરતનો વાણિયો તેરે ગયો હતો તેની વાત કરી. તે મહારાજે કળા શીખવી. ભગવાનના ભક્તમાં જીવ બંધાણા વિના જીવ સારો થાય જ નહીં ને સાધુ છે તે ભગવાનના સ્વરૂપને ઓળખાવે છે. મહારાજ પણ મુક્તાનંદ સ્વામી પાસે મોકલતા. પછી છેલ્લાનું ૨૯નું વચનામૃત વંચાવીને વાત કરી જે, અમને તો એમ જણાય છે જે, જેને અનેક જન્મનાં પુણ્ય ઉદય થયાં હશે તેને સારા સાધુનો જોગ મળ્યો હશે ને જેટલો વિષયનો જોગ છે તેટલું બંધન થયા વિના રહે નહીં, ને સત્સંગી હોય તે સત્સંગી કરે. (૧૩/૧૩૩)
૩૦	એક જણને બાયડીએ માર્યો. તે ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યો. ત્યારે સ્વામી કહે જે, હવે જાઈશ નહીં. તોય પણ ગયો, તે ખાડો ગાળીને રાખેલ, તેમાં જીવતો દાટી દીધો. પછી છેલ્લા પ્રકરણનું ત્રીસનું ‘વચનામૃત’ વંચાવ્યું. (૧૧/૧૭૬)
૩૩	છેલ્લા પ્રકરણનું તેત્રીસમું વચનામૃત વંચાવીને વાત કરી જે, એવા મોટા છે પણ વિષયના જોગમાં સારું રહેવાય છે તે મોટાની દૃષ્ટિ છે. (૫/૩૩૨)
૩૩	છેલ્લા પ્રકરણનું તેત્રીસનું વચનામૃત વંચાવીને વાત કરી જે, સ્વભાવ ટોકે ત્યારે તો ખપવાળો હોય તે નભે. મોરે ઊંઘ આવતી ત્યારે પાણી છાંટતા કાં દળતા ને કૃપાનંદ સ્વામી આસન વાળીને બેસતા ને આસન ખસે નહીં તે બેઠક જ એવી. એવા ખપવાળા હતા ને હવે તો માણસને રાખવાની ગરજ, તે ટોકાય નહીં. માટે ખપવાળા હશે તે સ્વભાવ ટાળશે. વર્તમાન દીવા જેવાં હોય પણ મંદિરના, આચાર્યના, કોઠારી, બ્રહ્મચારી, ભંડારી ને મોટેરા હોય તેના વાંકા બોલતા હોય. (૧૨/૧૫૬)


૩૫	છેલ્લા પ્રકરણનું પાંત્રીસમું વચનામૃત વંચાવીને વાત કરી જે, ભગવાનમાં મનુષ્યભાવ રહી જાય તો કલ્યાણ ન થાય. માટે મહારાજે વારંવાર દિવ્યભાવ ને મનુષ્યભાવ એક સમજવાની વાતો કરી છે ને હાલમાં રાતમાં ગઢડાવાળા નારણપ્રધાન વાંચે છે તેમાં બહુ સારી વાતું આવે છે; તે સાંભળશે તેને ઘણો સમાસ થાશે ને બીજાને ખોટ્ય રહેશે. (૫/૧૧૫)
૩૫	છેલ્લા પ્રકરણનું પાંત્રીસમું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'આ છ લક્ષણની મોટાઈ તો સર્વ હરિભક્ત તથા સાધુ તમામને છે.' (૫/૨૧૭)
૩૮	આપણે શું કરવું જે, છેલ્લાના આડત્રીસના વચનામૃતમાં કહ્યા એવા સંત સાથે જીવ જડી દેવો ને પૃથ્વી ચામડે મઢાય જ નહીં ને કજિયા કર્યે કેમ પાર આવે. માટે કોઈ કેમ કહેશે, કોઈ કેમ કહેશે, કોઈને કોઈનો સ્વભાવ ગમે, કોઈને ન ગમે. સર્વની એક રુચિ મળતી આવે નહીં. (૧૨/૧૩૭)
૩૯	આપણે એક દિવસ મરવું છે એમાં ફેર નથી; પણ સમજણ વિના જીવમાં ખોટ રહી જાશે. માટે આ સત્સંગ જીવમાં પેસવો એ બહુ દુર્લભ છે. સત્સંગ તે શું ? તો વિશલ્યકરણીના વચનામૃતમાં બતાવ્યું છે જે, આત્મા ને પરમાત્મા. આત્મા જે આ સાધુ ને પરમાત્મા જે મહારાજ, તેના સ્વરૂપનો જીવમાં યથાર્થ નિશ્ચય થાવો તે તો ઘણો દુર્લભ છે, તે ઉપરાંત બીજો લાભ પણ નથી. (૧૧/૩૫૪)
૩૯	છેલ્લાનું ઓગણચાલીસમું વચનામૃત વંચાવીને સિદ્ધાંત કર્યો જે, 'આત્મા-પરમાત્માનો વેગ લગાડી દેવો.' ત્યારે પ્રશ્ન પૂછ્યો જે, 'એ કહ્યો એવો વેગ કેમ લાગતો નથી?' ત્યારે ઉત્તર કર્યો જે, 'આ કરવાનો આદર કેને છે ? બીજા આદર છે, પણ આ કરવા નવરું કોણ છે ? તે તો જ્યારે બધા કોસનો પ્રવાહ એક થાય ને બધાં બારાં બંધ કરે.' તે ઉપર વાત કરી જે, 'સાલી તાણે એટલે બધાં બારાં બંધ થઈ જાય ત્યારે પાણી ધોરિયામાં ચાલે. તેમ જ્યારે બધી વૃત્તિયું ભગવાનમાં રહે ત્યારે એવો વેગ લાગે. તે જેટલા તમે સત્સંગમાં પ્રવર્ત્યા હશો તેટલું તમારે વધ્યું હશે. ને આ તો ગાંડાનો મારગ છે. તે ગાંડા હશે તે

	આ મારગે ચાલશે. મહારાજે બહુ જીવને ઝાલવા સારુ આ સંપ્રદાય ચલવ્યો છે, તે જેને જેવી રુચિ તે પ્રમાણે કરે છે.' (૧૨/૧૩૩)
૩૯	'વિશલ્યકરણીવાળા વચનામૃતમાં સત્સંગી કહ્યો તેને સાધુ કહેવાય કે નહીં?' ત્યારે સ્વામીએ ઉત્તર કર્યો જે, 'આત્મનિષ્ઠા આવી ને આત્મારૂપ થઈને ભગવાનમાં જોડાણો એ બે લક્ષણ આવ્યાં કહેવાય. પણ બોધને નિપુણા એવું કાંઈક બાકી રહી જાય ને બધાં સાધુતાનાં લક્ષણ આવે તેમાં કાંઈ બાકી રહે નહીં. આ બે વાતનો હમણાં વેગ નહીં લગાડીએ તો આગળ લગાડ્યો જોશે ને સાધુ થયા વિના ભગવાન ભેળું કેમ રહેવાશે? અગિયાર વાનાંએ સહિત થાય ત્યારે મહારાજ કહે, અમારે તેની જોડે સુવાણ થાય છે. આપણે આ ભક્તિ કરીએ છીએ, તે ભગવાન માની લે છે, તે પણ મોટેરાની રુચિ હોય તો થાય. તે સર્વને મોક્ષ પામવો છે તે સારુ કરે છે. તેમાં પણ એકાંતિક સાધુ, સાધારણ સાધુ ને સત્સંગી એટલા ભેદ છે. પર્વતભાઈને કહ્યું જે, 'દાદાખાચરના ગોલા થાશો?' તો કહે, 'હા.' એ એકાંતિક. બીજાઓએ ના પાડી, પણ ઘરના ગોલા કોણ નથી? ને આપણે દેહના ગોલા છીએ, પણ ભગવાનને વચને ગોલા થાવું તે કઠણ છે. (૧૨/૧૮૬)
૩૯	હવે અમારે દિવાળી સુધી કથા કરાવવી છે ને જેને રહેવું હોય તે રહેજો, એમ કહ્યું. મહારાજે પ્રિયવ્રતનો મારગ કાઢ્યો છે; તે ઉપર શીનોરના ગિરધર ભક્તની વાત કરી જે, ઘા લાગ્યો હતો, પછી શીરો ખાધો તે કામ ઉદય થયો. પછી અમને વાત કરી જે, 'આમાં રે'વાશે નહીં.' પછી અમે મહારાજને મુક્તાનંદ સ્વામી પાસે કેવરાવ્યું. પછી પ્રિયવ્રતનો મારગ કાઢ્યો. ગિરધર ભક્ત ૧૪ વરસના હતા ને ત્યાગી થયા. મહી નદીમાં મહારાજ ટીમણ કરવા બેઠા ત્યાં ગિરધરભાઈ ને બીજો સાધુ માથે ઓઢી રમત કરતા હતા, તે મહારાજે બોલાવ્યા ને એકને કાઢી મૂક્યો. બીજાને કહે, 'આ ગિરધર મુમુક્ષુ છે, તેને ભેળો લ્યો.' પછી તેનો ભાઈ જોરોભાઈ ૨૦ ગાઉ છેટે રહેતો તેને વડોદરે બોલાવ્યો ને કહ્યું જે, 'આને લઈ જા.' તો કહે, 'એને કન્યા ન મળે.' ત્યારે મહારાજે એક હરિજનને પૂછ્યું, 'તમારે દીકરી છે?' તો કહે, 'મહારાજ આઠ વરસની છે, પોર પરણાવવી છે.' પછી મહારાજ કહે, 'કરો સંબંધ.' પછી વે'વાઈના હાથ મહારાજે ભેળા કર્યા ને મહારાજ

	કહે, 'આજ પ્રિયવ્રતનો મારગ કાઢવો છે.' પછી કહે, 'એને ખાવાનું શું?' તો કહે, '૫૦નો પગાર થશે.' પછી વડોદરામાં નોકર રહ્યો ને હજારોને સત્સંગી કર્યા. કામ, લોભ, સ્વાદ, સ્નેહ ને માન તેને રોકવા, તે તો જેતપરનો ધરો રોકાય તો એ રોકાય. વાંઢાને બીજો રોગ વધે, તે શું જે, સારું સારું વઘારીને ખાય તે રસાસ્વાદ વધે, પછી તેના હૈયામાં ભગવાન રહે નહીં, તે ખાટાં-મીઠાં ચોપડ્યાં ખાય. માટે કાં તો કોરા તલ ભલા, પણ કચરિયું કર્યું તે શા કામમાં આવે ? માટે મહારાજે તેરેથી કાગળ લખ્યો હતો જે, મહિનો મહિનો વાતું સાંભળશો તો ઠા રહેશે, નહીં તો ઠા રહેશે નહીં; આ મારગ તો જુદો કાઢ્યો છે. જેમ કહ્યું છે તેમ રહીને પ્રભુ ભજવા. જેને ભગવાનનું આલંબન નહીં તેનો દિવસ શી રીતે જાય? માટે ભીડામાં રહેવું ને કથાવાર્તાના ઘસારામાં રહેવું, તો ઠીક રહેશે. પછી વિશલકરણીનું છેલ્લાનું ૩૯મું વચનામૃત વંચાવીને વાત કરી જે, આટલી આટલી વાતું મહારાજે કરી છે. જેમ કોઈ આંધળો ધ્રોડ કરે તેમ આપણે આંધળો ધ્રોડ ન કરવો, હવે ધોળા મોવાળા આવ્યા ને સંસારના વેગ લગાડવા તે આંધળો ધ્રોડ કહેવાય. માલ આથમણો ગયો ને ઉગમણો દોડ્યા તે માલ મળે નહીં. અંતસમે તો જેમાં સ્નેહ રહેશે તે આડું આવીને ઊભું રહેશે. તે જેમ ભરતજીનો મૃગાકાર જીવ થઈ ગયો તેમ. માટે જીવ તો એક ભગવાનમાં જ બાંધવો. ડુંગળી ખાય તેના હૈયામાંથી એલચીનો ઓડકાર ક્યાંથી આવશે? (૧૩/૨૦૩)

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...! જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ, ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામ તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતો મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના ના વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રત સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાર આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

200

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઉતારીએ...

Itihas ni Atariethi
1 5 8
B G 3
ISBN: 978-81-7

स्वामिनारायण
BAPS